વર્ષ ૪૭મું • અંક ૫મો • માહે મે • ઈ. સ. ૧૯૭૦ • તંત્રી બચુભાઈ રાવત

મેફિસ્ટોફીલિસ અને માર્ગારેટા • દક્ષિણ હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)ના સાલારજંગ મ્યુઝિયમમાંની કોઈ અજ્ઞાત ઈટાલિયન શિલ્પીની એક અનોખી કાષ્ઠપ્રતિમા



કુમાર

સળંગ અંક ૫૫૭

સંસ્થાપક
રવિશંકર
રાવળ



◁ **અસ્પસવાર મુઘલ શાહઝાદી**

૧૭મી સદીનું એક ચિત્રરત્ન

©Salar Jung Museum, Hyderabad.

અવગુંઠનમાં રાશેલ ▽

સર સાલારજંગ પહેલાએ યુરોપથી આણેલી કલાકાર બેન્ઝોનીની આ આરસપ્રતિમા 'સાલારજંગ કલા-સંગ્રહ'ની સર્વોત્કૃષ્ટ શિલ્પકૃતિ મનાય છે. દુકૂલના અવગુંઠનથી આંતરિત મૃદુમધુર સૌંદર્યરાશિને શિલ્પ-માં ઉઠાવ આપીને કલાકારે એના સર્જનમાં પોતાની સર્વ શિલ્પસિદ્ધિ દાખવી છે: અને તેમાં યે ચહેરા પર ઢાંકેલા પારદર્શક વસ્ત્રને તથા તેની પાર દેખાતા મુખસૌન્દર્યને સ્પષ્ટ કરીને તો એણે એ સિદ્ધિની ચરમ પરાકાષ્ઠા સિદ્ધ કરી બતાવી છે.



પૂઠા પરનું ચિત્ર: શુભ-અશુભના સંઘર્ષ અને પ્રલોભનો સામેની માનવઆત્માની કપરી લડત ઉપર રચાએલી જર્મન મહાકવિ ગટેની જગવિખ્યાત કૃતિ 'ફાઉસ્ટ'માં આવતાં બે પાત્રો—મેફિસ્ટોફિલિસ (શયતાન) અને તેનો બલિ બનેલી માર્ગારેટાને એક જ શિલ્પમાં (આગળ-પાછળ) કંડારવાનો અદ્ભુત કસબ દાખવતું પૂરા માનવ કદનું આ કાષ્ઠશિલ્પ હૈદરાબાદના 'સાલારજંગ મ્યૂઝિયમ'-(જુઓ આ અંકમાં લેખ)નું વિખ્યાત કલારત્ન છે. એક તરફ છાતી કાઢી ડોળ-દમામથી ઊભેલા મેફિસ્ટોફિલિસનું કઠોરતા અને ઘમંડભર્યું લક્ષણપાત્ર સ્પષ્ટ થાય છે, તો તેની જ પીઠે (પાછળ મૂકેલા અરીસામાં પ્રતિબિંબિત થતી) માર્ગારેટાની સરળતા, નિર્દોષતા અને ભોળપણ વ્યક્ત થાય છે. વાંકડી મૂછો, અણિયાળી દાઢી ને ખંધા સ્મિત સાથે લાંબી તલવાર, ઊંચા બૂટ ને લાપરવાહીથી લહેરાતા વસ્ત્ર દ્વારા મેફિસ્ટોફિલિસની ઉદ્દંડતા ચોટદાર બને છે તો પાછળ માર્ગારેટાના હાથમાંનાં પવિત્ર બાઈબલ ને જપમાળા તથા પુષ્પો તેની ધર્મપ્રિયતા અને પ્રેમ-સ્નિગ્ધતા દર્શાવે છે. બંને પાત્રોની દેહભંગિને યોગ્ય વળાંક આપી કલાકારે બંનેના વ્યક્તિત્વની લાક્ષણિક્તાને અદ્ભુત ચાતુરીથી સુંદર ઉઠાવ આપ્યો છે. દમામથી વાળેલા મેફિસ્ટોફિલિસના જ હાથને પાછળની માર્ગારેટાના હાથ તરીકે શિલ્પીએ અજબ નજાકત આપી છે. આ અનોખી કલાકૃતિનો કલાકાર કોણ છે અને તેણે ક્યારે આ પ્રતિમા કંડારી તેની કોઈને જાણ નથી. પણ 'ફાઉસ્ટ'ના પ્રકાશન બાદ અને તેની અસર વ્યાપક બન્યા બાદ તુરતમાં કંડારાઈ હોય તો એ કદાચ ૧૯મી સદીના અંતમાં બની હશે.

[પૂઠા પરનું ચિત્ર, આ પાના પરનાં બંને ચિત્રો તેમજ અંકમાંના લેખ સાથેનાં બધાં ચિત્રો સાલારજંગ મ્યૂઝિયમ હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)ના સૌજન્યથી]

કુમાર

મે ૧૯૭૦ • અંક ૫૫૭

તંત્રી: બચુભાઈ રાવત ~ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એના ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫.

વાચકો લખે છે

'કુમાર' અંક ૫૫૩ની પૂરવણી :

કાવ્યમાં સુકુમાર રસના સૌન્દર્યની રક્ષા અર્થે રસાનુસાર અને વર્ણનાનુગુણ અનેકવિધ વૃત્તોનો ઉપયોગ કરવા છતાં એકાદ વિશિષ્ટ વૃત્તના અત્યધિક આદરને લીધે એની અતિ ચમત્કૃતિપૂર્ણ ખીલવણી કરવાથી લબ્ધપ્રતિષ્ઠ થએલા થોડા અન્ય સંસ્કૃત કવિઓ : કાલિદાસ–મંદાક્રાન્તા છંદ માટે; ભવભૂતિ–શિખરિણી માટે; અભિનંદ–અનુષ્ટુપ માટે; ભારવિ–વંશસ્થ માટે; પાણિનિ–ઉપજાતિ માટે.

રાજશેખરની ચાર નાટ્ય કૃતિઓની સમગ્ર શ્લોકસંખ્યા ૧૧૮૨. એમાં શાર્દૂલવિક્રીડિત વૃત્તનું પ્રમાણ ૨૯૬ : ૨૫ ટકા જેટલું. એટલે શાર્દૂલવિક્રીડિતના સ્વામિ તરીકે એની પ્રતિષ્ઠા થાય એ સર્વથા યોગ્ય છે. ભારવિએ એના કિરાતાર્જુનીયમાં પ્રધાનતયા વંશસ્થનો ઉપયોગ કર્યો છે; એમ જ અભિનંદના 'કાદમ્બરી કથાસાર' કાવ્યમાં મુખ્ય વૃત્ત અનુષ્ટુપ છે એટલે એમની પ્રતિષ્ઠા પણ સર્વથા સ્થાને છે. પણ કાલિદાસ અને ભવભૂતિના વિષયમાં આવું જોવામાં આવતું નથી. મેઘદૂતના ૧૧૧ મંદાક્રાન્તા લક્ષમાં ન લઇએ તો કાલિદાસનું શ્લોકપૂર, એનાં ત્રણ નાટકો (માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય, અભિજ્ઞાન શાકુન્તલ : ૪૧૫) અને ત્રણ કાવ્યો (ઋતુસંહાર, કુમારસંભવ, રઘુવંશ : ૨૮૯૧)નું મળીને ૩૨૩૪ છે, જેમાં મંદાક્રાન્તા તો માત્ર ૧૯ : ૦।। ટકાથી યે ઓછા ! મેઘદૂત ગણતરીમાં લઇએ તો ય ૪ ટકાથી વધુ નહિ. એવું જ ભવભૂતિના વિષયમાં છે. એનાં ત્રણ નાટકો (મહાવીરચરિત, માલતી માધવ, ઉત્તર રામચરિત)ની અશેષ શ્લોકસંખ્યા ૮૭૩—જેમાં શિખરિણી વૃત્તરચનાઓ ૭૫ : ૯ ટકા જેટલી. પાણિનિના નામે ચડેલા છૂટાછવાયા શ્લોકો ઉપરાંત એ 'પાતાલવિજય' કાવ્યનો પ્રણેતા ગણાય છે. એ કાવ્ય આજે ઉપલબ્ધ નથી એટલે એમાં વપરાએલા વૃત્તોમાં ઉપજાતિનું સ્થાન કેવું છે એ જાણવાનું સાધન નથી. વસ્તુતયા પાણિનિએ આવી કોઈ કાવ્યરચના કરી નથી એવું પંડિતપ્રવર સદ્ગત ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ દૃઢપણે માનતા. પાણિનિ પ્રકાણ્ડપંડિત હતો એ નિઃશંક, પરંતુ એના સમગ્ર જીવનની અનન્ય આરાધના વ્યાકરણવિષયક હતી. 'અષ્ટાધ્યાયી' એની એકમાત્ર ચિરંજીવ રચના. એ 'કવિ' ન હતો.

ગુજરાતી સાહિત્યમાં અનેક કવિઓએ પોતાનાં કાવ્યોમાં વિવિધ વૃત્તોનો સફળ પ્રયોગ કર્યો છે, પણ એકાદ વિશિષ્ટ વૃત્ત ઉપરના અદ્‌ભુત પ્રભુત્વના લીધે લબ્ધપ્રતિષ્ઠ કોઈ હોય તો કેવળ એક કવિ સ્વ. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરઃ પૃથ્વીના સ્વામિ. છતાં એ પૃથ્વીના અંધ પુરસ્કર્તા ન હતા. એમણે જાતે વિવિધ વૃત્તોનો અતિ સફળ ઉપયોગ કર્યો છે, એટલું જ નહિ પણ જ્યાંજ્યાં પૃથ્વીથી ઈતર છંદોનું સૌન્દર્ય જોયું છે ત્યાંત્યાં મુક્ત કંઠે એની પ્રશંસા કરી છે. એક જાતઅનુભવ કહું. તે કાન્ત સ્મારક ગ્રન્થ (કાન્તમાળા) માટે સાહિત્ય એકઠું કરતા હતા એ અરસામાં મારું એક કાવ્ય (બનાવટી નામે) 'સમાલોચક'માં છપાએલું તે એમના જોવામાં આવ્યું. એમાં એક પણ પૃથ્વી ન હતો છતાં એની સમગ્ર રચના ઉપર મુગ્ધ થઇને એમણે ચાર પાનાં ભરીને એની પ્રશંસા કરતું પત્ર 'સમાલોચક'ના તંત્રી રમણીયરામ ઉપર લખ્યું અને મારો સંપર્ક સાધીને કાન્ત સ્મારક ગ્રન્થ માટે મારું એક કાવ્ય મોકલી આપવા–તૈયાર ન હોય તો નવું લખી આપવા પણ–આગ્રહ કરવા જણાવ્યું. કવિતારચના જેનો વ્યવસાય કે વ્યાસંગ નથી એવા મારા જેવા અલ્પમતિ માટે શ્રી ઠાકોરનું આ પત્ર અત્યંત પ્રોત્સાહક વણમાગ્યું પ્રમાણપત્ર હતું. મારા માટે એ ગૌરવભરી મધુર સ્મૃતિ રહી છે.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ꣲ

ફેબ્રુઆરી અંકમાં ૭૭મા પાના ઉપર 'સાઈકેડેલિક કલા'ની માહિતી વાંચી. તે એક મસ્ત કલા છે. તેનાં સ્વરૂપો અનેક છે. અનેક માધ્યમો પર તે થઈ શકે છે ને તે ઘણી પ્રસિદ્ધિ પામેલી કલા છે. ઘણા રસિકો તેમાં તણાઈ રહ્યા છે. પરંતુ આ કલાની પદ્ધતિ શું છે તે હું સમજી શક્યો નથી. તે ફોટોગ્રાફીથી, ઑપ આર્ટની રીતથી કે પૉપ આર્ટની રીતથી થાય છે તે સ્પષ્ટ નથી. મને મદદરૂપ થવા આપને પ્રાર્થના છે.

(રાનકૂવા–જિ. વલસાડ) –પી. એલ. ગામેતી

[* માનસિક ભ્રમ પેદા કરતા ઔષધ-પ્રયોગોનાં મૂળમાંથી ઊગી નીકળેલી સાઇકેડેલિક કળા (જેને જાણીતા અર્થમાં કળા કહેવી કે નહિ એ હજી ચર્ચાનો વિષય છે) વિષે આપ જે રીતે સમજવા માગો છો એવી કોઈ નિશ્ચિત રીતિનીતિ નથી. ફોટોગ્રાફી, ભૌમિતિક આકારો, રંગીન કાગળો વગેરે સાથે ચિત્રકળાનાં બધાં માધ્યમોનો તેમાં પ્રયોગ થાય છે. દા. ત. ફેબ્રુઆરી અંકમાં આપેલી પીટર મૅક્સની કૃતિમાં વચ્ચેના વર્તુલાકારમાં ફોટોગ્રાફીનો ઉપયોગ થયો

(અનુસંધાન પૃ. ૨૧૭)

લસી-કણો

(કાયા-કરામત : ૪૦)



શરીરમાં ક્યાં યે પરાયું દ્રવ્ય, મરેલા કણ કે રોગજીવાણુઓ એકઠા થાય તો ત્યાં પહોંચી જઇને (નીચેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે) લસીકણો 'લિમ્ફોસાઇટ્સ' એને ચારે તરફથી ઘેરી લઇને હજમ કરી જાય છે. આથી એમને જંતુભક્ષકો (ફેગોસાઇટ્સ) પણ કહે છે. અસ્થિમજ્જા, લસીગ્રંથિઓ, નાનાં આંતરડાં, ટૉન્સિલ્સ અને બરોળમાં એ પેદા થાય છે. લાંબા, ટૂંકા કે વિચિત્ર આકાર તે ધારણ કરે છે. લોહીના એક હજાર લાલ કણે એક લસીકણનું પ્રમાણ છે. શરીરની જરૂર પ્રમાણે તેની વિવિધ



અવસ્થામાં આ કણોનું પ્રમાણ પણ વધેઘટે છે. શરીરમાં એ સતત ઘૂમતા રહેતા હોઇ એને 'ઘૂમતા કણો' પણ કહે છે.

અતિવિપુલ કદમાં બતાવેલો એક લસીકણ

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૭ અંક ૫ · મે ૧૯૭૦ · સળંગ અંક ૫૫૭

મેણું / ઉશનસ્

· વસંતતિલકા-મૃદંગ: સૉનેટ ·

તું પંગુને ગિરિ હિમાલય લંઘવી શકે,
માનું; પરંતુ જણ એ અહીં આવી તો શકે
મારી કને ડગલું એક ભરી,—અશક્ય;
ના શૂન્ય આ તસુ કપાય ટૂંકાય તુંથી યે.
વાચાળ તો કરી શકે હજી મૂકને તું,
માનું; પરંતુ જણ એક તણા અબોલા
તૂટી શકે ન તુજથી; જણ બે વચાળનું
આ શૂન્ય-મેરુસમ-તુંજરી તો ચળાવી જો.
હા, તું કરી, અ-કરી, સર્વ શકે, પરંતુ
તું અન્યથા કરી શકે ન અભાગ્ય મારું આ.
સર્વત્ર તું નથી જ, બોલ, અમારી બે વચે
આ શૂન્યતા-તરડ: વ્યાપી શકાય તુંથી તે?

તું મારું આટલુંક મેણું ઉપાડી ના શકે,
'હાર્યો', કબૂલ કર, દસ્ખત મૂક અત્ર, લે!

હજુ / હેમન્ત દેસાઈ

· ગાન ·

અળતાળી પાનીએ ઝૂલતાં ઝમક તમારાં ઝાંઝર,
હજુ ચમકતાં નયણે, શ્રવણે સુણું હજુ એના સ્વર!
ચન્દ્રકિરણની રસઆભામાં
ભાત સમીરણ પૂરે.
હૃદય પોયણું સરતું જાણે
બંધ વિછોડી ઝૂરે—
તહીં શબ્દની ગહક, લહકતા અરવ સ્વપ્નના મર્મર!
અળતાળી પાનીએ ઝૂલતાં ઝમક તમારાં ઝાંઝર!
રૂપકુંવર ફેરંદો ફાગણ
વગડે થલ થલ ઝૂમે,
અમલ તમારાં ચખનો મારે
ભીતર પલ પલ ઘૂમે;
અને ઊછળતા અગમ ગંધ ને અલખ રંગના સાગર!
અળતાળી પાનીએ ઝૂલતાં ઝમક તમારાં ઝાંઝર!

ગઢ / હરિકૃષ્ણ પાઠક

· મિશ્ર ·

આ ગામનો ગઢ હવે અહીં જીર્ણશીર્ણ
ઊભો છ કો'ક અવશેષ સમો અજાણ્યા
એ કાળના...
ભીતરમાં ભર્યા હશે—
કૈં માઢ મેડી, કિનખાબ જડેલ સોણાં,
ઘૂંટી ઘૂંટી ગટગટાવલ કેફ, ભેળા
કૈં ખેલ રાજવટના—હળવા નિસાસા,
ને રંગરાગ કંઈ ફાગભર્યા, ભર્યા એ
વ્હેવાર ને વટ—બધું ગઢનાં પુરાણાં
તોતિંગ બાર પડછે...
પથરા પડી પડી.
થયું બધું પાધર...ક્યાંક ઊભી
અબોલ ને એકલ કો'ક ખાંભી,
સિંદૂરિયા રંગ ઊડી ગયા સૌ.
તોતિંગ બાર નહિ ક્યાંય કળાય;
ક્યાં યે ઝૂલે ન આજ પરદા...
અહીં સાવ ખુલ્લા રસ્તા-બજાર-વ્યવહાર
બધુંય...આજે સોદા-પતાવટ બધું
અહીં સાફ-સૂથરું ચાલ્યા કરે...
ગઢ હજી પણ જીર્ણશીર્ણ
ઊભો છ કો'ક અવશેષ ધરી અજાણ્યા.

કૈંક લીલુંચટાક / રમેશ પારેખ

· ગાન ·

કૈંક લીલુંચટાક તારી આંખમાં; કૈંક લીલુંચટાક મારી આંખમાં.
સુક્કો દુકાળ તારા દેશમાં છતાં ય
અરે, સુક્કો દુકાળ મારા દેશમાં છતાં ય
કૈંક લીલુંચટાક, કૈંક લીલુંચટાક, કૈંક લીલુંચટાક તારી આંખમાં:
કૈંક લીલુંચટાક મારી આંખમાં

કોઈને તો ઠીક, અહીં જંગલને યાદ નથી પોતાનાં પાંદડાંની વાત,
એવા દિવસોમાં જાય પાંગરતી આપણને દોમદોમ લીલી ઠકરાત,
એ તો છલકાય બની મોગરાની ગ્હેક
બની ચૈયાંની ગ્હેક, બની હરણાંની ઠેક,
એને રમતી મુકાય, કાંઈ બાંધી રખાય નહિ તોરણની જેમ બારસાખમાં,
કૈંક લીલુંચટાક, કૈંક લીલુંચટાક, કૈંક લીલુંચટાક તારી આંખમાં:
કૈંક લીલુંચટાક મારી આંખમાં.

ઉઘાડે છોગ વહે લીલુંછમ પૂર, એને ભોગળ નહિ કાંગરા કે દોઢી,
જંગલને જોઈ જોઈ લીલુંકુંજાર કરી દેવાનું આળ લઈ ઓઢી,
તોડીએ તડાક દઈ સુક્કો દુકાળ
પછી આપણી વચાળ,
નહિ તારી પરસાળ, નહિ મારી પરસાળ,
પછી વાતું મેદાન: પછી લીલોકુંજાર તપે સૂરજ આ ધુમ્મસતી ઝાંખમાં,
કૈંક લીલુંચટાક, કૈંક લીલુંચટાક, કૈંક લીલુંચટાક તારી આંખમાં:
કૈંક લીલુંચટાક મારી આંખમાં.

મેણું: સર્વશક્તિમાન, સર્વવ્યાપ્ત સરજનહારના સામર્થ્ય અને વ્યાપ્તિને પડકારતું એક વિરહદગ્ધના મિજાજનું કાવ્ય; ગઢના અતીતને પડછે સાંપ્રતના બયાન દ્વારા તેની ભૂતકાલીન જાહોજલાલીની સ્મરણ-મહેફિલનો વિષાદમય આનંદ; હજુ: અળતાળી પાનીનાં ઝમકતાં ઝાંઝરની સ્મૃતિમાત્રથી રગરગમાં વ્યાપેલા અમલનું ગાન: કૈંક લીલું ચટાક: મિલનની માધુરી સુક્કા જીવનરાગને હરિયાળું કરી મૂકે છે એ આનંદોત્કટ ક્ષણનું એવા જ લયમાં ગાન; (પાછળ) મૃત્યુ પછી: અભરખા તો હતા કોમળ જીવનના—પણ કાંટાળા આયખાની ખેપનો થાક, મૃત્યુ પછી નવા કોમળ જીવનની ઝંખનાના વિસામે જાણે ઊતરે છે એ વેદનાનું ગાન; ખંડેરનું ઉત્પ્રેક્ષાયુક્ત તાદૃશ ચિત્ર અંતે આવતી નાયકની ગૂઢ-ઉપસ્થિતિથી તેની ભયાનકતા સચોટ રીતે ઊપસાવે છે; 'તારા વિના'ના નાયકની વિહ્વળ દશાની ચોટદાર ગઝલ; સીમાડાને ચાક્ષુષ કરતી તાજપભરી વર્ણલીલાની મનોહર કૃતિ; જીવનઝંખાએ આણેલા કપરા કાળની નાજુક સંવેદના; કાગળ લખીએ: જુદાઈની ક્ષણમાં ઉત્કટ સ્વરૂપ ધારણ કરતી જીવનઝંખના.

મેણું / ઉશનસ્

• વસંતતિલકા-મૃદંગ : સૉનેટ •

તું પંગુને ગિરિ હિમાલય લંઘવી શકે,
માનું; પરંતુ જણ એ અહીં આવી તો શકે
મારી કને ડગલું એક ભરી,–અશકય;
ના શૂન્ય આ તસુ કપાય દૂંકાય તુંથી યે.
વાચાળ તો કરી શકે હજી મૂકને તું,
માનું; પરંતુ જણ એક તણા અબોલા
તૂટી શકે ન તુજથી; જણ બે વચાળનું
આશૂન્ય-મેરુસમ-તુંજરી તોચળાવીજો.
હા, તું કરી, અ-કરી, સર્વ શકે, પરંતુ
તું અન્યથા કરી શકે ન અભાગ્ય મારું આ.
સર્વત્ર તું નથી જ, બોલ, અમારી બે વચે
આ શૂન્યતા-તરડ: વ્યાપી શકાય તુંથી તે?

તું મારું આટલુંક મેણું ઉપાડી ના શકે,
'હાર્યો', કબૂલ કર, દસ્ખત મૂક અત્ર, લે!

હજુ / હેમન્ત દેસાઈ

• ગાન •

અળતાળી પાનીએ ઝૂલતાં ઝમક તમારાં ઝાંઝર,
હજુ ચમકતાં નયણે, શ્રવણે સુણું હજુ એના સ્વર!
ચન્દ્રકિરણની રસઆભામાં
ભાત સમીરણ પૂરે.
હૃદય પોયણું સરનું જાણે
બંધ વિછોડી ઝૂરે—
તહીં શબ્દની ગહક, લહકતા અરવ સ્વપ્નના મર્મર!
અળતાળી પાનીએ ઝૂલતાં ઝમક તમારાં ઝાંઝર!
રૂપકુંવર ફેરંદો ફાગણ
વગડે થલ થલ ઝૂમે,
અમલ તમારાં ચખનો મારે
ભીતર પલ પલ ઘૂમે;
અને ઊછળતા અગમ ગંધ ને અલખ રંગના સાગર!
અળતાળી પાનીએ ઝૂલતાં ઝમક તમારાં ઝાંઝર!

ગઢ / હરિકૃષ્ણ પાઠક

• મિશ્ર •

આ ગામનો ગઢ હવે અહીં જીર્ણશીર્ણ
ઊભો છ કો'ક અવશેષ સમો અજાણ્યા
એ કાળના...
ભીતરમાં ભર્યા હશે—
કૈં માઢ મેડી, કિનખાબ જડેલ સોણાં,
ઘૂંટી ઘૂંટી ગટગટાવલ કેફ, ભેળા
કૈં ખેલ રાજવટના-હળવા નિસાસા,
ને રંગરાગ કંઈ ફાગભર્યા, ભર્યા એ
વ્હેવાર ને વટ—બધું ગઢનાં પુરાણાં
તોતિંગ બાર પડછે...
પથરા પડી પડી.
થયું બધું પાધર...ક્યાંક ઊભી
અબોલ ને એકલ કો'ક ખાંભી,
સિંદૂરિયા રંગ ઊડી ગયા સૌ.
તોતિંગ બાર નહિ ક્યાંય કળાય;
ક્યાં યે ઝૂલે ન આજ પરદા...
અહીં સાવ ખુલ્લા રસ્તા-બજાર-વ્યવહાર
બધુંય...આજે સોદા-પતાવટ બધું
અહીં સાફ-સૂથરું ચાલ્યા કરે...
ગઢ હજી પણ જીર્ણશીર્ણ
ઊભો છ કો'ક અવશેષ ધરી અજાણ્યા.

કૈંક લીલુંચટ્ટાક / રમેશ પારેખ

• ગાન •

કૈંક લીલુંચટ્ટાક તારી આંખમાં; કૈંક લીલુંચટ્ટાક મારી આંખમાં.
સુક્કો દુકાળ તારા દેશમાં છતાં ય
અરે, સુક્કો દુકાળ મારા દેશમાં છતાં ય
કૈંક લીલુંચટ્ટાક, કૈંક લીલુંચટ્ટાક, કૈંક લીલુંચટ્ટાક તારી આંખમાં:
કૈંક લીલુંચટ્ટાક મારી આંખમાં
કોઇને તો ઠીક, અહીં જંગલને યાદ નથી પોતાનાં પાંદડાંની વાત,
એવા દિવસોમાં જાય પાંગરતી આપણને દોમદોમ લીલી ઠકરાત,
એ તો છલકાય બની મોગરાની ગ્હેક
બની વૈયાંની ગ્હેક, બની હરણાંની ઠેક,
એને રમતી મુકાય, કાંઈ બાંધી રખાય નહિ તોરણની જેમ બારસાખમાં,
કૈંક લીલુંચટ્ટાક, કૈંક લીલુંચટ્ટાક, કૈંક લીલુંચટ્ટાક તારી આંખમાં:
કૈંક લીલુંચટ્ટાક મારી આંખમાં.
ઉઘાડે છોગ વહે લીલુંછમ પૂર, એને ભોગળ નહિ કાંગરા કે દોઢી,
જંગલને જોઈ જોઈ લીલુંકુંજાર કરી દેવાનું આળ લઈ ઓઢી,
તોડીએ તડાક દઈ સુક્કો દુકાળ
પછી આપણી વચાળ,
નહિ તારી પરસાળ, નહિ મારી પરસાળ,
પછી વાતું મેદાન: પછી લીલોકુંજાર તપે સૂરજ આ ધુમ્મસતી ઝાંખમાં,
કૈંક લીલુંચટ્ટાક, કૈંક લીલુંચટ્ટાક, કૈંક લીલુંચટ્ટાક તારી આંખમાં:
કૈંક લીલુંચટ્ટાક મારી આંખમાં.

મેણું: સર્વશક્તિમાન, સર્વવ્યાપ્ત સરજનહારના સામર્થ્ય અને વ્યાપ્તિને પડકારતું એક વિરહદગ્ધના મિજાજનું કાવ્ય; ગઢના અતીતને પડછે સાંપ્રતના બયાન દ્વારા તેની ભૂતકાલીન જાહોજલાલીની સ્મરણ-મહેફિલનો વિષાદમય આનંદ; હજુ: અળતાળી પાનીનાં ઝમકતાં ઝાંઝરની સ્મૃતિમાત્રથી રગરગમાં વ્યાપેલા અમલનું ગાન; કૈંક લીલું ચટ્ટાક: મિલનની માધુરી સુક્કા જીવનરણને હરિયાળું કરી મૂકે છે એ આનંદોત્કટ ક્ષણનું એવા જ લયમાં ગાન; (પાછળ) મૃત્યુ પછી: અભરખા તો હતા કોમળ જીવનના—પણ કાંટાળા આયખાની ખેપનો થાક, મૃત્યુ પછી નવા કોમળ જીવનની ઝંખનાના વિસામે જાણે ઊતરે છે એ વેદનાનું ગાન; ખંડેરનું ઉત્પ્રેક્ષાયુક્ત તાદૃશ ચિત્ર અંતે આવતી નાયકની ગૂઢ-ઉપસ્થિતિથી તેની ભયાનકતા સચોટ રીતે ઊપસાવે છે; 'તારા વિના'ના નાયકની વિહ્વળ દશાની ચોટદાર ગઝલ; સીમાડાને ચાક્ષુષ કરતી તાજપભરી વર્ણલીલાની મનોહર કૃતિ; જીવનઝેરાએ આણેલા કપરા કાળની નાજુક સંવેદના; કાગળ લખીએ: જુદાઈની ક્ષણમાં ઉત્કટ સ્વરૂપ ધારણ કરતી જીવનઝંખના.

મૃત્યુ પછી / માધવ રામાનુજ

· ગાન ·

અમને હળવા તે હાથે ઉપાડજો રે અમે કોમળ કોમળ,
સાથરે ફૂલડાં ઢાળજો રે અમે, કોમળ કોમળ...
આયખાની આ કાંટ્યમાં રે અમે અડવાણે પગ,
 રુંવે રુંવે કાંટા ઊગિયા રે અમને રુંધ્યાં રગેરગ;
ઊના તે પાણીડે ઝારજો રે અંગ કોમળ કોમળ,
 એપનો થાક ઉતારજો રે અમે કોમળ કોમળ.
પે'યાંઓઢયાંના ઓરતા રે છોગે છેલ ગુલાબી,
 આંખ્યમાં રાત્યું આંજતા રે અમે ઘેન ગુલાબી;
કેડિયે કોયલ ગૂંથજો રે અમે કોમળ કોમળ,
 ફૂમતે મોર ગે'કાવજો રે અમે કોમળ કોમળ.
હાથ મૂકી મારે કાળજે રે પછી થોડુંક લળજો,
 —ભવ ભવ આવાં આકરાં રે અમને જીવતર ફળજો!
 —ભવ ભવ આવાં આકરાં રે અમને જોબન મળજો!
કેવા જીંવ્યાના અભરખા રે હતા કોમળ કોમળ!
 ફૂલના પોઢણ-સાથરા રે કેવા કોમળ કોમળ!

કપરો કાળ / મૌન બલોલી

· ગાન ·

એક પા ઝાલ્યો હાથ દાદાનો,
દૂજી પા મારી આંગળીએ તો વળગ્યું વ્હાલું બાળ;
ચડવો જાણે દોહ્યલો રહ્યો
ઊતરવો યે કેમ કરીને ઢાળ?

ઝંઝાવાતે વચમાં પડયું ઝાડવું આડું,
સાંકડી નેળે ભાર ભરેલું ખેંચતો ગાડું;
ધરાળને ધકેલતો ત્યાં તો ઊછળતો ઊલાળ,
ને વળી ઘોંચા-પરોણા કપરો કરે કાળ.

જાય રે એને 'આવજો' કહે આવનારાને 'આવ',
બારણા વચ્ચે હીંચકો બાંધી હીંચતો આદરભાવ;
તજાય ઘડીભર શેં એવા ઘરની આ પરસાળ
ને વળી જાય ના જોયું માવડીનું કપાળ!

તારા વિના / 'નૂર' પોરબંદરી

· ગઝલ ·

જીવન જીવી જવાના પ્રસંગો ઘણા હતા;
કિંતુ જે કૈં હતા, બધા તારા વિના હતા.
લાંબા જીવનમાં અમને કશો રસ હતો નહિ;
મૃત્યુની વાટ જોવામાં ખોટી થયા હતા.
ક્યાં જઈ ભૂલા પડ્યા એ કોઈ ના કહી શક્યું;
કે અમને શોધવામાં અમે એકલા હતા.
જીવનની પ્યાસ ત્યાં સુધી ખેંચી ગઇ હતી,
મૃગજળને ભેટવા અમે દોડી ગયા હતા.
નિશ્ચિત જગા જીવનમાં મળી જ્યારે અમને નૂર,
બેસી શક્યા ના એટલા થાકી ગયા હતા.

૧૬૫ ('કુમાર' અંક ૫૫૭)

સીમાડે / ભાનુપ્રસાદ પંડ્યા

· મન્દાક્રાન્તા-સૉનેટ ·

ભૂરા ભૂરા ઉદધિ સમ આ ઝાકળે નાહી ભોર
ઊઠે, બાડાં ગલી ગજવતાં ઊપડે ઝૂલ-ઓઢયાં
સીમામાંથી નજરની સરે કયાંય નાની તરી શાં
સીમે, મોઢાં બીડીની સટ લૈ જાય બુકાની-બાંધ્યાં!
છાંયા છોડી દઈ તડકીને આશરે જૈ બુઢાપો
નાખે ધામા, ઘઉં તલ ચણા સૂંઘી ઝૂલી કપાસે
તેડાં આવ્યાં અતિ સૂસવતા વાયરાનાં નિહાળી
પાંદે ચાચી અવ અલવિદા ડાળખીની ધ્રૂજીને!
આવ્યા એવા તરત સરકી જાય ઝાંખા બપોર!
ઊભી વાટે બધી ખટમીઠી બોરડી ચાખી છોરાં
ચાલ્યાં, વ્હેલાં ખગ પણ નીડે, ઘોરી ઉતાવળા થૈ
પાછા! વાંસે ચૂપ થઈ ઊભો ચાડિયો સાવ થીજી!

સીમાડે તો ભડ ભડ બળે રાત સૌ તાપણામાં!
વ્હેલું આવે નહિ ભળકડું આભના આંગણામાં!

ખંડેરમાં / ગોપાલ સોલંકી

· શિખરિણી સૉનેટ ·

અટૂલું ઊભેલું શરીર નિજ સંકોચી ભીડમાં,
ભર્યાં આ સંસારે ભભૂતિ નિજ ડીલે ઘસીઘસી,
સ્મશાની શક્તિને ભીતર નિજને સંગ્રહી કરી,
ઊભો ખાખી જાણે અવધૂત, તમા ના જગતની!
કશાં જાળાં બઝાયાં શરીર ફરતાં! રેત ધૂળનાં
પડો જામ્યાં, ચારે તરફ ભીંસતાં વેલતરુનાં
ઘણાં જૂથો, ધીમે પવન પણ વ્હેતો ડરી ડરી—
રખે એનો એકે ધૂળકણ ખરે એવી બીકથી!
પ્રવેશું ધીમેથી : પણ પરણ ઊડતાં આવી મુખને
રહ્યાં છાઈ, વેલી કદીક વીંટળાતી ચરણને;
થએલા સંચારે તરુ પરથી ઊડે કબૂતર,
સૂતેલાં પર્ણોની ધૂળ ખરી પડે, રંગ ઊઘડે!
અહો, આ ખંડેર કૃશ અહીં બગાસું લઈ રહ્યું!
ખૂલેલા મોઢામાં અવ અહીં ઊભો ગ્રાસસમ હું!

તમને કાગળ લખીએ / મનહર તળપદા

 વ્હાલમ, તમને કાગળ લખીએ.
જુદાઇની આ ક્ષણના એકલ આભમહીં કો' વીજ બની વલવલીએ.
 અમને રે તરમારાં સોનલ શમણાં કેરાં ફૂલ થવાના કોડ,
 લીલા વનના ટહુક-ટહુકતા મોર તણાં કૈં ગીત થવાના કોડ;
 વ્હાલમ, અમે તમારા મનની માઝમ રાત બની મઘમઘીએ
 વ્હાલમ, તમને કાગળ લખીએ.
 તરમે તો અરમારા હેવાતણના કોઇ વણમૂલ્યા શણગાર,
 આષાઢી અમ જોબન કેરી શરમ-શરમની પાંપણનો પલકાર;
વ્હાલમ, અમે તમારાં રુંવે રુંવાંનો શ્વાસ બનીને તમને તરસી મરીએ,
 વ્હાલમ, તમને કાગળ લખીએ.

શણગાર

ફાધર વાલેસ

ધર્મ એ આજ્ઞાઓ-નિયમોનો સંગ્રહ નથી. વિધિ-નિષેધોનો કર્મકાંડ નથી. ધર્મ એ કોઈ અવરોધક, બાધક, નિષેધાત્મક તત્ત્વ નથી. ધર્મમાં સ્ફૂર્તિ છે, શક્તિ છે, ઉલ્લાસ છે. એ તપ કરાવે છે તે સ્વાસ્થ્ય લાવવા માટે, સંયમ માગે છે તે તાકાત બાંધવા માટે, મર્યાદા દોરે છે તે મુક્તિ અપાવવા માટે. દમનની ખાતર દમન કે નિરોધની ખાતર નિરોધ એ ખાલી ફકીરી હશે, ધર્મ નહિ. ધર્મ તો જે જે ફરમાવે છે તે આનંદની ખાતર, દિલના સાચા શાશ્વત આનંદની ખાતર જ ફરમાવે છે.

ઘેર સાફસૂફી થાય—મહેમાન આવવાના છે એટલા માટે જ. જૂના ડાઘ ધોવાય, મહિનાનો કચરો વળાય, આખા વર્ષનાં બાવાં કઢાય; દૂરથી મોંઘા મહેમાનો આવે છે એટલા માટે. ખાલી સફાઈની ખાતર સફાઈ તો ન જ થાય. આટલી નિષ્કામ ભાવના ગૃહિણીમાં નથી. પણ મહેમાન આવવાના છે, આવીને ઘર જોવાના છે ને ઘેર જ થોડા દિવસ રહેવાના છે એટલે ઘરની સાફસૂફી થાય.

ધર્મ પણ દિલની સાફસૂફી કરાવે. દિલમાં સારો એવો કચરો ભરાયો છે. ડાઘ પડ્યા છે, બાવાં બાઝી ગયાં છે: આળસ, વાસના, હિંસા. પણ સફાઈનું કામ તો અપ્રિય છે. દિવસો જાય પણ સફાઈ ન થાય. ને કચરો જોવાથી આંખ ટેવાઈ જાય. ને આટલા દિવસ આમ ગયા તો બીજા જવા દો એ રોજની દલીલથી દિવસો ને દિવસો જાય. સફાઈની ખાતર સફાઈ તો થાય નહિ. ફરજની ખાતર ફરજ ન બજાવાય. પણ ધર્મનો ઉપદેશ જુદો છે. ખાલી સફાઈનો નહિ, ફરજનો નહિ. ધર્મને કામ છે દૂરથી આવનાર એ મોંઘા મહેમાનની સાથે. એના આગમનની તૈયારી કરાવવી છે. એની પરોણાચાકરી એને શોભે એ રીતે કરાવવી છે. એટલા માટે જ એ દિલની પાસે સફાઈ કરાવવા માગે છે. અને દિલ એ કરશે. ખાલી તપ કરવા માટે કે ત્યાગ કરવા માટે એ કામ દિલ તો ન કરે. નીતિ ને ધર્મ ને સત્યની સાધના કેવળ કરવા માટે જ ન કરે. કરવા જાય તો સફળતા ન મળે, પણ આ તો બીજી વાત છે આતિથ્યધર્મનો સવાલ છે, મહેમાનનું સ્વાગત કરવાનો પ્રસંગ છે. એટલે દિલ એ કામ કરશે. હોંશથી કરશે. ઘરના ખૂણેખૂણા વાળશે, કચરો કાઢશે, પોતું ફેરવશે, આંગણે રંગોળી પૂરશે. વરસની આળસ ખંખેરીને એ બધું કરશે, આપોઆપ કરશે, ઢીલ કર્યા વગર કરશે. કારણ કે મહેમાન આવે છે. એમાંથી દિલને એ કામ કરવાની પ્રેરણા મળે છે.

ઘર સાફ કરીએ તે ખાલી રાખવા માટે નહિ પણ મહેમાનને નોતરવા માટે. સિંહાસન સ્થાપીએ તે ખાલી રાખવા માટે નહિ પણ એના પર રાજાનો અભિષેક કરવા માટે. મંદિર બાંધીએ તે ખાલી રાખવા માટે નહિ પણ એના ગર્ભદ્વારમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવા માટે.

અને હૃદય સાફ કરીએ, શુદ્ધ બનાવીએ, શણગારીએ તે પણ એ ખાલી રાખવા માટે નહિ, કેવળ સફાઇનો સંતોષ મેળવવા માટે નહિ, કે શૂન્યતાનું પ્રદર્શન કરવા માટે નહિ, પણ એ દિવ્ય મહેમાનને એમાં નોતરવા, એ રાજાને ત્યાં બેસાડવા, એ ભગવાનની મંગળ મૂર્તિ ત્યાં સ્થાપવા પછી એ સફાઈ ને શણગારનું કામ કરવા આપોઆપ પ્રેરણા મળશે ને!

ભક્ત મંદિરે જવા ઊપડે છે. પણ રસ્તામાં વિચાર આવે છે: આજે મનમાં મેલ છે, હૃદયમાં વિકાર છે. આજે દર્શને કેમ જવાય? એની આંખ સામે હું આજે આંખ કેવી રીતે માંડી શકું? એની આગળ આજે દિલ કેવી રીતે ખુલ્લું મૂકી શકું—દિલમાં ગંદકી છે ત્યારે? ને ભક્ત પાછો ઘેર જાય છે. ત્યાં માફી માગે છે, સમાધાન કરે છે, પ્રાયશ્ચિત્ત કરે છે. પછી હળવુંફૂલ જેવું હૃદય લઇને મંદિરમાં આવે છે, દર્શન કરે છે, આત્મીયતાનો આનંદ અનુભવે છે. દિલમાં મેલ હતો ત્યાં સુધી પાસે આવવા હિંમત ન ચાલી. પણ પાસે આવવાની આતુરતાથી જ એ મેલ કાઢવા પ્રેરણા ને શક્તિ મળ્યાં. હૃદયનાથને મળવાની ઉત્કંઠાથી કન્યા સોળે શણગાર સજીને શું તૈયાર ન થાય?

ધર્મ પણ શુદ્ધિ કરાવે છે તે એ પ્રિયતમ સાથેનું મિલન શુભ ને આનંદમય બનાવવા માટે જ. ને એ ઉપરથી જ એ શુદ્ધિ કરવાની જરૂર દિલને સમજાય છે. એ મિલન રોજ થાય, વારે ઘડીએ થાય. એ મહેમાન દૂરથી આવે છે, પણ રોજ એનું આગમન થાય. એ નિત્ય આગમનની આગાહી દિલને જાગ્રત ને શુદ્ધ રાખે છે.

કવિવર ટાગોરની કાવ્યમય અનુભૂતિ હતી: 'તમે તેનાં શાંત નીરવ પગલાં સાંભળ્યાં નથી? એ પગલાં આવે છે, આવે છે, હમેશાં આવે છે. દરેક પળે, દરેક યુગે, દરેક દિવસે અને દરરોજ રાત્રે એ આવે છે. આવે છે, હમેશાં આવે છે. મારા મનની અનેક મનોદશાની લહરીઓમાં મેં એનાં અનેક ગીતો ગાયાં છે. જુદી જુદી વખતે અને જુદીજુદી ઊર્મિઓમાં પણ એમાંથી એક સ્થાયી સ્વર હમેશાં ઊભો થયો છે. એ આવે છે, એ આવે છે, હમેશાં આવે છે. ગ્રીષ્મના સુગંધભર્યા સૂરજપ્રકાશિત દિવસોમાં એ આવે છે—જંગલને માર્ગે થઇને, પણ એ આવે છે, આવે છે, હમેશાં આવે છે. વર્ષાની ઘનઘોર રાત્રિના અંધકારમાં એ વાદળાંઓના ગર્જના કરતા રથ ઉપર આવે છે. પણ એ આવે છે, આવે છે, હમેશાં આવે છે. શોક ઉપર શોકના જ્યારે ઘા પડે છે ત્યારે મારા હૃદય ઉપર એનાં એ પગલાં અંકિત થતાં હોય છે. અને એની જ એ સોનેરી પાદરજથી મારા અંતઃકરણની કરમાઈ ગયેલી આનંદવાટિકા ફરી ફુલ્લપ્રફુલ્લ બની જાય છે...'


એ આવે છે. રોજ આવે છે. અને એના આગમનથી હૃદય ખીલી ઊઠે છે. એનાં પગલાં, એ 'શાંત નીરવ પગલાં' રોજ સંભળાય છે, અને એ સાંભળતાં જ દિલ નાચી ઊઠે છે, નિદ્રામાંથી જાગે છે ને મહેમાનનો આદરસત્કાર કરવા તૈયાર થાય છે.

એ આવે છે. ને એ શુભ સમાચારથી માણસ ઊભો થાય, કમર કસે, જીવનશોધન કરે. સફાઈ, સંયમ, પવિત્રતા–બધુ હવે; થશે કારણ કે એ આવે છે. મહેમાન આવે છે, પ્રિયતમ આવે છે, ભગવાન આવે છે. એની ખુશાલીમાં આપણે શું કરવા તૈયાર ન થઈશું?

ને એમાં ધર્મનો ખરો અર્થ છે. એ આવે છે એટલે એનો રસ્તો તૈયાર કરવા સત્ય ને પ્રેમ, નીતિ ને સદાચાર, પ્રામાણિકતા અને પવિત્રતા જોઇશે. ખાલી ત્યાગ નહિ, શુષ્ક વૈરાગ્ય નહિ, જડ ઇંદ્રિયદમન નહિ. એ સાધનો છે, શરતો છે, પણ લક્ષ જુદું છે. લક્ષ પ્રેમનું છે, ભક્તિનું છે, સાક્ષાત્કારનું છે. એની તૈયારી કરવા ને એની લાયકાત મેળવવા સાધના થાય ને નિયમો પળાય. પણ આખો વખત નજર એ પ્રાણનાથ ઉપર છે, કાન એનાં એ પગલાં સાંભળવા મંડાએલા છે. અને એ દર્શનથી ને એ પગરવથી હૃદયમાં અલૌકિક ધર્મોત્સાહનો સંચાર થાય છે.

એ આવે છે. અને એની તૈયારી ને સ્વાગત ને સાન્નિધ્ય એ જ ધર્મ છે.

અગાધ જ્ઞાનરાશિ ધરાવનાર આજના અક્ષરસાધક પ્રાજ્ઞપુરુષ અને



'સર્વતંત્ર સાર્વભૌમ' 'મહામહોપાધ્યાય' 'પદ્મવિભૂષણ'

પં. ગોપીનાથ કવિરાજ

એમ. એ., ડી. લિટ. (કાશી, અલ્લાહાબાદ અને કલકત્તા યુનિવર્સિટી)
ફેલો: રૉયલ એશિયાટિક સોસાએટી કલકત્તા અને બર્દવાન યુનિવર્સિટી

લેખક: પ્રો. મહેન્દ્ર દવે

'મારી જીવનકથા?
અચિન્ત્ય મહાશક્તિની એક લીલા!'

એમ કહેનાર, સર્વતંત્ર સાર્વભૌમ, સાહિત્ય-વાચસ્પતિ, મહામહોપાધ્યાય ડૉ. ગોપીનાથ કવિરાજનું જીવન એક ચમત્કાર છે, કેમ કે તેઓ કોઈ અચિન્ત્ય મહાશક્તિને પોતાના સમગ્ર અસ્તિત્વમાં અનુભવે છે.

આજના પ્રાચ્યવિદ્યા વિશારદોમાં અગ્રણી એવા કવિરાજની વિભૂતિ અનેકધા અદકેરી છે. તેઓ મૌલિક ચિંતક, મનીષી, ત્યાગી, તપસ્વી અને સાધક છે. જોકે બીજી બાજુથી જોઇએ તો એમનું જીવન પણ સાંસારિક આધિ-વ્યાધિ-ઉપાધિઓથી ભરપૂર વીત્યું છે; પરંતુ આદિથી આજ સુધી સતત સાધનાના પરિણામે એમના સમગ્ર આંતરિક જીવનમાં આનંદનો એક નિર્મળ નિશ્ચલ પ્રવાહ અજસ્ર વહ્યા કર્યો છે.

સદીઓ પહેલાં, ઉત્તર ગુપ્તકાલમાં બંગાળમાં ધર્મનો જ્યારે પૂર્ણ હ્રાસ થયો હતો ત્યારે એના પુનરુત્થાન દ્વારા પ્રજાજીવનની પુનર્જાગ્રતિ કરવા ત્યાંના મહારાજાએ કાન્યકુબ્જથી જે પાંચ કુલીન બ્રાહ્મણોને નિમંત્ર્યા તેમાં મુખ્ય હતા શાંડિલ્ય ગોત્રીય ભટ્ટનારાયણ. એ જ આ ગોપીનાથ કવિરાજના વડવા. એમની ને કવિરાજની વચ્ચે અસાધારણ વિદ્વાનોની સોળ પેઢી થઈ ગઈ છે. નવાબી શાસન દરમિયાન એ કુટુંબે વૈદ્યવિદ્યાનો વ્યવસાય સ્વીકાર્યો, જેને પરિણામે 'કવિરાજ'ની પદવી પ્રાપ્ત થઈ.*

ગોપીનાથના પ્રપિતામહ કમલાકાન્ત કવિરાજે આ વૈદકના વ્યવસાય દ્વારા જ કુટુંબમાં સમૃદ્ધિ આણી. પણ એ સમૃદ્ધિ આવી એમ જ ચાલી ગઈ. કમલાકાન્તના મૃત્યુ પછી તરત જ એમના યુવાન પુત્ર ચંદ્રનાથનું ભરજુવાનીમાં અવસાન થયું ત્યારે ગોપીનાથના પિતાજી વૈકુંઠનાથની ઉમર ભાગ્યે જ છ વર્ષની હતી. એ બાળક વૈકુંઠનાથનો તેના નિઃસંતાન પણ સમૃદ્ધ મામા પં. કાલાચંદ સન્યાલને ત્યાં કાંઠલિયા ગામમાં પુત્રવત્ ઉછેર થયો, ને મામાએ એમનું લગ્ન પણ ધામરાઇના હરિશ્ચન્દ્રરાય મૌલિકની પુત્રી સુખદાસુંદરી સાથે કરાવી આપ્યું. આ સુખદાસુંદરીનાં માતા બાળપણમાં જ ગુજરી ગયાં હોવાથી ગામની એક ભલી વૃદ્ધા વામાસુંદરીએ તેને ઉછેરી હતી. વિવાહ પણ એણે જ કર્યો.

નાનપણમાં ગૃહસ્થી બન્યા છતાં વૈકુંઠનાથે પિતૃકુળની પરંપરાનુસાર વિદ્યાભ્યાસ અવિરત ચાલુ રાખ્યો અને કલકત્તામાં પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થયા. ત્યાં એમના સહાધ્યાયીઓમાં નરેન્દ્રનાથ દત્ત (સ્વામી વિવેકાનંદ), સર બ્રજેન્દ્રનાથ શીલ, સતીશચન્દ્ર મુખરજી જેવી ઓગણીસમી સદીના ઉત્તરાર્ધની બંગાળની વિભૂતિઓ હતી. પણ તે એમ. એ. સુધી પહોંચ્યા ત્યાં જ એમનું પણ અકાળ અવસાન થયું.

* બંગાળામાં વૈદ્યને કવિરાજ કહેવામાં આવે છે.

ગોપીનાથનો જન્મ પિતાના અવસાન પછી ચાર માસે ૧૮૮૭ની ૭મી સપ્ટેમ્બરે ધામરાઇમાં સુખદાસુંદરીની ધર્મ-માતા વામાસુન્દરીને ઘેર થયો. આમ જન્મ પૂર્વે જ એ અનાથ થઈ ગયા હતા. એની માતા માટે એ સમયે બે જ આશ્રયસ્થાન હતાં: એક તો ધામરાઇનું ધર્મમાતા વામાસુન્દરીનું ઘર અને બીજું મામાજી કાલાચન્દ સન્યાલનું ઘર. થોડો સમય એ બીજે ઘેર રહીને માતાએ બાળકને મોટો કરવા માંડયો.

નાનપણમાં આ બાળકનાં અનેક નામ હતાં. વામાસુન્દરી એને 'નિવારણ' કહેતાં; એની પુત્રી સ્વર્ણમયી (માસી) એને 'અખ્ખય' (અક્ષય) કહેતી; જ્યોતિષીઓએ 'અશ્વિન' નામ આપ્યું. પણ મામા કાલાચન્દે પોતાના ઘરમાં રાધા-માધવની પૂજા હતી તેથી એને 'ગોપીનાથ' કહ્યો. એમણે વૈકુંઠનાથની જેમ જ ભાણેજપુત્રને પણ ઉછેરવા માંડયો.

ગોપીનાથ પણ પિતાની જેમ જ અભ્યાસમાં તેજસ્વી નીકળ્યા.






◁ ડાબી બાજુ: માતા સુખદાસુંદરી
◁ જમણી બાજુ: ગોપીનાથજી વિદ્યાર્થીઅવસ્થામાં

બાળપણ વીતાવતાંવેંત જ સ્વ. પિતાની આખી લાયબ્રેરી એ ખૂંદી વળ્યા; હાઈસ્કૂલકાળમાં જ 'આર્યશાસ્ત્ર પ્રદીપ'નો અધ્યાત્મવિદ્યાના વિશ્વકોશ જેવો ગ્રંથ વાંચી નાખ્યો; કૉલેજકાળમાં પાઠ્યપુસ્તકો ઉપરાંત ભારતીય ધર્મ, દર્શનશાસ્ત્ર, પુરાતત્ત્વ તેમજ સમગ્ર યુરોપના પ્રાચીન તથા અર્વાચીન સાહિત્યનું અનુશીલન કરી નાખ્યું.

ભારતીય મનીષીઓની પરંપરાની જીવંત કડી સમા તપસ્વી સાધક



ગોપીનાથજીના ગુરુ સ્વામી વિશુદ્ધાનંદ પરમહંસ: સૂર્યવિજ્ઞાન ને ક્ષણવિજ્ઞાનના પ્રબલ સમર્થક-જેમનો પરિચય હવે પછી.



ગોપીનાથ કવિરાજ પોતાના અધ્યયનકક્ષમાં ▷

જીવનમાં આવે એવાં બધાં દુઃખ એમના પર પડયાં છે: અનાથ શૈશવ, ઘોર ગરીબી, અસાધ્ય રોગ, પદેપદે મૃત્યુનું દર્શન; અને એ સર્વ સંસાર-વિષ અક્ષરની અવિરત ઉપાસના, ગૂઢ વિદ્યાના પારગામી અધ્યયન તથા તપઃપૂત સાધનાના બળે પચાવી તે શિવત્વ પામ્યા છે. વર્તમાન યુગના એ મહાન તત્ત્વચિંતક છે; એમના જ્ઞાનકોશથી માનવીને નિરંતર પ્રકાશપથ પર જવાની પ્રેરણા મળે છે.

દરમિયાનમાં ધામરાઇમાં અંગ્રેજી શાળા ખૂલી અને ૧૮૯૮થી એ ભણવાનું શરૂ થયું. આ શાળામાંના સંસ્કૃતના બે મહાન પંડિતો હારાણચંદ્ર ચક્રવર્તી તથા પ્રસન્નકુમાર ચક્રવર્તીએ ગોપીનાથના અધ્યયનમાં ઊંડો રસ લીધો. પરિણામે ખૂબ નાની વયથી જ ગોપીનાથમાં સંસ્કૃત પ્રત્યે અભિરુચિ થઈ. બે વર્ષ બાદ ૧૯૦૦માં મામાએ હાલલિયા-નિવાસી પં. વ્રજશંકરની પુત્રી કુસુમકામિનીદેવી સાથે તેનું લગ્ન પણ કરી દીધું.

આમ ગોપીનાથનું જીવન કંઈક સરાણે ચડયું ત્યાં જ મામા કાલાચંદ સન્યાલનું ઈ. ૧૯૦૧માં અવસાન થયું અને મા-દીકરો ફરીથી નિરાધાર બન્યાં. ગોપીનાથે હવે ધામરાઇમાં વામાસુન્દરીને ઘેર રહી અભ્યાસ જારી રાખ્યો. પરંતુ ત્યાં તો આજના સાતમા ધોરણ સુધીની જ વ્યવસ્થા હતી. એ અભ્યાસ તો પૂરો કરી નાખ્યો. હવે શું કરવું?

પણ ગોપીનાથને હવે પાંખો ફૂટી હતી. બધી જગ્યાએથી નિરાધાર થતા એ બાળકમાં હવે નિજી ચેતના જાગૃત થઈ. ઢાકામાં ભણતા પોતાના ગામના બે વિદ્યાર્થીઓનો સંપર્ક સાધીને એ ઢાકા ગયા. આમાંના એક વિદ્યાર્થી અવિનાશચંદ્ર સરકારે ગોપીનાથની રહેવા-જમવાની વ્યવસ્થા માથે લીધી તથા એની જ ભલામણથી ત્યાંના અનાથબન્ધુ મૌલિકે ઢાકાની જ્યુબિલી સ્કૂલમાં માફી સાથે દાખલ કરાવી આપ્યા. આ જ અરસામાં ગોપીનાથના કાકાજી પં. કાર્તિકશંકરે ઢાકાના પ્રતિષ્ઠિત વેપારી શાહ ભૈરવનાથને મળી માસિક રૂ. ૧૦ની છાત્રવૃત્તિ ગોપીનાથને આપવા વાત કરી. ભૈરવનાથે એ હર્ષથી સ્વીકારતાં કહ્યું: 'વસ્તુતઃ એના પૈસા મારે ત્યાં પડેલા જ છે. આ બાળકને ભવિષ્યમાં ઉપયોગી થાય તે માટે પં. કાલાચન્દ મારે ત્યાં છ હજાર રૂપિયા મૂકી ગયા હતા, પરંતુ કોઈ પણ પ્રકારનું લખાણ થાય તે પહેલાં પંડિતજીનું અવસાન થઈ ગયું'. કાર્તિકશંકર અને ગોપીનાથ આ વાણિયાની ઈમાનદારી ઉપર મુગ્ધ થઈ ગયા.

આમ બધી ચિંતા દૂર થતાં ગોપીનાથે હવે અભ્યાસમાં ચિત્ત પરોવ્યું. સંસ્કૃતના ધુરંધર પંડિતો વામચરણ વિદ્યાલંકાર તથા રજનીકાન્ત અમીન નીચે એમણે સંસ્કૃત વ્યાકરણનો પાયો દૃઢ કર્યો, અસાધારણ વિદ્વાન નવકાન્ત ચટ્ટોપાધ્યાયે પોતાના વિશાળ પુસ્તકાલયનો ઉપયોગ કરવાની સુવિધા કરી આપી અને ગોપીનાથે વિદ્યાના સાગરમાં ઝંપલાવ્યું.

આ જ સમયે એમનામાં સાહિત્યસર્જનની ઝરણીઓ ફૂટવા લાગી. એમની પહેલી સાહિત્યિક વાણી કવિતા દ્વારા ફૂટી. એમણે લખ્યું:

'સોનાર સંસાર, વિપુલ ધરણી, અનન્ત તારકા પ્રહરી ચય;
કેઓ કિ તોમાર હૃદયેર જ્વાલા, બુઝિતે પારે ના વિષાદમય?

સાથોસાથ એમના જીવનમાં જાગનાર વિશિષ્ટ અનુભૂતિએ પણ મૂળિયાં નાખવા માંડયાં. શાળાના પ્રધાનાચાર્ય પં. વિશ્વનાથ બૅનરજી તથા તેમના પ્રથમ સહાયક મથુરામોહન ચક્રવર્તીની ધાર્મિક પ્રવૃત્તિ તથા વ્યાખ્યાનોએ ગોપીનાથનો એ ભીતરનો બાંધો બાંધવામાં ઠીકઠીક સહાય કરી. વળી, ઢાકાના બ્રાહ્મોસમાજના મંદિરમાં એમને કાલીપ્રસન્ન ઘોષનો પરિચય થયો. એમણે પોતાના 'બાન્ધવ' પત્રમાં ગોપીનાથનાં કાવ્યો પ્રગટ કર્યાં એટલું જ નહિ પણ પોતાના ઘરનું અસાધારણ પુસ્તકાલય પણ એમને માટે ખુલ્લું મૂક્યું. ઢાકા કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પં. વિદ્યાભૂષણ ગોસ્વામીએ એમને પાણિનીય વ્યાકરણ શીખવ્યું. એ ગોસ્વામીની જ કૃપાથી જગન્નાથ કૉલેજના અંગ્રેજીના અધ્યાપક હેરમ્બચંદ્ર મિત્રે એમને વર્ડ્ઝવર્થ, બાયરન, મિલ્ટન, શેક્સપીઅર, એમર્સન વગેરે આંગ્લ સર્જકોનો અભ્યાસ કરાવ્યો. અને આટલી સજ્જતા સાથે એમણે એન્ટ્રન્સ (મૅટ્રિક)ની પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરી.

પણ પરીક્ષા દરમિયાન જ એમને અણકતાર મૅલેરિયા લાગુ પડેલો, એટલે એક વર્ષ ભણવાનું છોડી હવાફેર માટે દેવઘર જઈ રહ્યા અને ખર્ચ માટે એક ટયૂશન કરવા માંડયું. અહીં એમનું શરીર તો વળ્યું જ; સાથોસાથ મનની ભૂખ પણ ભાંગવા માંડી. એ સમયે ત્યાં 'અમૃતબજાર પત્રિકા'ના સ્થાપક બાબુ શિશિરકુમાર ઘોષ પણ હવાફેર માટે આવેલા તેમનો એમને પરિચય થયો; અને એમની સાથેની આધ્યાત્મિક ચર્ચાઓએ ગોપીનાથના જીવનને એક નવો જ વળાંક આપ્યો.

દરમિયાનમાં ફરી અભ્યાસ શરૂ કરવાના જૂન-જુલાઈના દિવસો આવી પહોંચ્યા. પણ કલકત્તામાં ભણવા જેવી આર્થિક સ્થિતિ ન હતી અને વળી ત્યાં રહેવામાં મૅલેરિયાનો ભય હતો. આ જ સમય ઈ. ૧૯૦૫-૦૬

શ્રી હરિઃૐ આશ્રમ તરફના રૂ. ૫૦ના પારિતોષિકને પાત્ર ગયા અંકમાંનું ચરિત્ર

કર્મઠ પત્રકાર કપિલરાય મહેતા

લેખકઃ શ્રી બળવંતરાય શાહ

ઠરે છે. લેખકને આશ્રમ તરફથી તથા અમારા તરફથી અભિનંદન આપીએ છીએ અને પારિતોષિકની રકમ તેમને મોકલી આપીએ છીએ.

નો લગભગનો હતો, અને દેશપ્રેમની જ્વાળાઓ બંગાળના સીમાડા વટાવીને ભારતભરમાં ફરી વળી હતી. રાજસ્થાન અને મહારાષ્ટ્ર તેમાં મોખરે હતા. એ જ સમયે 'બાંધવ' પત્રમાં 'જયપુર' પરના એક લેખમાં એ ગુલાબી નગરીના નિયોજક વિદ્યાધર ચક્રવર્તી તથા ત્યાંના રાજ્યના મુખ્ય મંત્રી સંસારચંદ્ર સેનનાં નામો ગોપીનાથે વાંચ્યાં, અને કોઈ બંગાળી તો ત્યાં છે જ એવી હૈયાધારણથી એમણે ૧૯૦૬ની ૧૬મી જુલાઇએ જયપુર પ્રતિ પ્રયાણ કર્યું. રસ્તે ફરુખાબાદ સ્ટેશનેથી એક લશ્કરી અમલદારે પ્રવેશ કર્યો. એ પોતાના નાના ભાઇને જયપુર કૉલેજમાં દાખલ કરાવવા જતા હતા. થોડી જ વારમાં સહપ્રવાસીઓ વચ્ચે મનમેળ થઈ ગયો. ત્રણે જયપુર ઊતર્યા ને રાત ધર્મશાળામાં ગુજારી.

બીજે દિવસે મહારાજા કૉલેજમાં ગયા ત્યાં આચાર્ય સંજીવન ગાંગુલીએ ખૂબ દૂરથી આમ આવી પડેલા આ કિશોરને જોઈ કહી દીધું: 'અહીં છાત્રાલય નથી; વ્યવસ્થા જાતે કરી લેવી પડશે.' પણ પછી જે થોડી પ્રશ્નોત્તરી થઈ તેમાં પાસે જ બેઠેલા ઉપાચાર્ય મેઘનાદ ભટ્ટાચાર્ય તેની બુદ્ધિપ્રતિભાથી પ્રભાવિત થઈ ગયા. એ તેને પોતાને ઘેર લઈ ગયા અને બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી જમવાનું પોતાને ત્યાં રાખવા કહ્યું.

હવે રહેઠાણની વ્યવસ્થા માટે તે દીવાન સંસારચંદ્રને ત્યાં ગયા અને પોતાની હકીકત કહી. આચાર્ય ગાંગુલી પણ ત્યાં જ બેઠા હતા. એમણે કહ્યું: 'આ છોકરાએ આ સ્થિતિમાં આટલે દૂર આવીને મોટી ભૂલ કરી છે. સવારે મેં—' પણ ત્યાં તો સંસારબાબુ એમને અટકાવીને બોલ્યા: 'ના, કાંઈ જ ભૂલ નથી કરી. હું પણ આમ જ નીકળી પડયો હતો.' અને એમણે પોતાના પુત્રને ત્યાં રહેવાનું ગોઠવી આપ્યું.

મહારાજા કૉલેજમાં પ્રારંભમાં જ એક બનાવ બન્યો. વર્ડ્ઝવર્થની કવિતા 'ધ વર્લ્ડ ઇઝ ટૂ મચ વિથ અસ' ઉપર અંગ્રેજીના પ્રોફેસર નવકૃષ્ણ રૉયે લખી લાવવા કહ્યું. એમાં ગોપીનાથનું લખાણ જોઈ પ્રોફેસર ખુશ થઇને બોલી ઊઠયા કે 'હું પણ આથી વધારે સારું ન લખી શક્યો હોત.' અને એમણે કૉલેજમાંથી જ માસિક પંદર રૂપિયાની શિષ્યવૃત્તિ ગોપીનાથને અપાવી. આ બાજુ વતનમાં મા તથા પત્ની બંને ગોપીનાથને સાસરે રહેતાં હતાં, જે શોભાસ્પદ ન હતું, એટલે કાર્તિકશંકરે શાહ ભૈરવનાથને મળીને તેમને ત્યાંની ગોપીનાથની થાપણમાંથી એક નાનું મકાન તૈયાર કરાવી આપ્યું અને બાકીના પૈસાના વ્યાજમાંથી મા તથા વહુનું પોષણ ચાલવા માંડયું.

આમ બધી રીતે નિશ્ચિંત થતાં ગોપીનાથે અભ્યાસમાં બરોબર મન લગાડયું. પાઠયપુસ્તકો ઉપરાંત ભારતીય ધર્મ, દર્શન, પુરાતત્ત્વ તેમજ યુરોપના ભિન્નભિન્ન દેશોનાં પ્રાચીન તથા મધ્યકાલીન સાહિત્ય વગેરેનું અધ્યયન કર્યું. આ ઉપરાંત આધુનિક ફ્રેન્ચ, સ્પૅનિશ, ઇટાલિયન, જર્મન તથા રશિયન સાહિત્યનું પણ સાથોસાથ અનુવાદો દ્વારા અનુશીલન કર્યું.

આ દરમ્યાન બંગભંગ આંદોલને ખૂબ જોર પકડયું હતું. શ્રી અરવિંદ ઘોષ કલકત્તા આવી 'વંદેમાતરમ્' પત્રમાં અગ્નિની કલમે લખતા હતા અને તરુણ પેઢીને દેશભક્તિથી ભભૂકાવી રહ્યા હતા. એવામાં કલકત્તામાં ભરાએલી યાદગાર કૉંગ્રેસમાં ગોપીનાથ રાજસ્થાનના પ્રતિનિધિ તરીકે જઈ આવ્યા અને તેમના ચિત્તમાં રાષ્ટ્રભક્તિ ચિરકાળને માટે સ્થાપિત થઈ ગઈ. બીજી બાજુ આધ્યાત્મિક વિકાસની ઉત્કંઠા પણ એટલી જ પ્રબળ હતી. આ સંઘર્ષમાં જ્યારે એઓ ખૂબ વ્યાકુળ થઈ જતા ત્યારે જયપુર પાસે આવેલા 'આંબેર'ના પ્રાચીન કિલ્લામાં અથવા 'ગલતા'માં એકાન્તવાસ માટે ચાલ્યા જતા, પણ કંઈ જ સમાધાન ન થતું. છતાં અભ્યાસ તો સતત ચાલુ જ રહ્યો અને ૧૯૧૦ સુધી ત્યાં જ રહી એમણે બી. એ.ની ઉપાધિ મેળવી. એ સાથે જયપુરનું જીવન પૂરું થયું.

પ્રો. નવકૃષ્ણ રૉયે હવે પોતાના ગુરુ સર બ્રજેન્દ્રનાથ શીલ પર એક પત્ર લખી આપ્યો એ લઇને ગોપીનાથ કલકત્તા ગયા અને સર શીલને મળ્યા. પૂછપરછમાં સર બ્રજેન્દ્રનાથે જાણ્યું કે આ તો પોતાના સહાધ્યાયી મિત્ર વૈકુંઠનાથનો પુત્ર! એઓ તો આનંદથી ગદ્‌ગદ્ થઈ ગયા, પછી ચાલેલી વાતોમાં જે અધ્યાત્મ ચર્ચા થઈ તે પરથી એ વૃદ્ધજન ગોપીનાથની પ્રતિભાથી અત્યંત પ્રભાવિત થઈ ગયા અને તેને પાલી સાથે એમ. એ. કરવાની સલાહ આપી તથા છૂટા પડતી વખતે થોડાં પુસ્તકો ભેટ આપ્યાં. આનાથી ગોપીનાથની આધ્યાત્મિક તૃષા કંઈક અંશે છીપી.

એમ.એ. કરવા કયાં જવું તેનો વિચાર કરતા હતા ત્યાં જ ખબર મળી કે દાદાજી કમલકાંત કવિરાજના એક પંચ્યાશી વર્ષના વૃદ્ધ ભત્રીજા દીનબંધુ કવિરાજ કાશીમાં રહે છે. પત્ર દ્વારા એમની સંમતિ મેળવી તે પોતાના સમગ્ર જીવનની સાધનાસ્થલી કાશી પહોંચ્યા ને ક્વીન્સ કૉલેજના આચાર્ય ડૉ. વેનિસને મળ્યા. એ વાતચીત દરમ્યાન ડૉ. વેનિસે જાણી લીધું કે આ કિશોરનું સંસ્કૃત પર પ્રભુત્વ તો છે જ, પણ સાથેસાથે પુરાતત્ત્વ વિષેની એની જાણકારી ઉચ્ચ કોટિની છે. એ વખતે અસાધારણ કસોટી પછી જ એમ.એ.માં પ્રવેશ મળતો, પણ ગોપીનાથને ડૉ. વેનિસે વિનાકસોટીએ સહર્ષ પ્રવેશ આપ્યો. ખૂબ ખંતથી અભ્યાસ કરી એમ.એ.ના પ્રથમ વર્ષની પરીક્ષા આપવા તે ૧૯૧૧ના માર્ચમાં અલ્લાહાબાદ ગયા અને તે પસાર કરી એમ.એ.ના બીજા વર્ષમાં પ્રવેશ મેળવ્યો.

ત્યાં તો એમને હૃદયરોગ લાગુ પડયો, એટલે ડૉ. વેનિસે એક વર્ષ અભ્યાસ છોડી કલકત્તા જઈ દવા કરાવવાનું કહ્યું. એઓ ગોપીનાથની આર્થિક સ્થિતિ જાણતા હતા તેથી તે અભ્યાસ ન કરે તો પણ એક વર્ષ સુધી શિષ્યવૃત્તિ મળે એવી વ્યવસ્થા કરી આપી. વર્ષભરના પૂરા આરામ પછી એમણે એમ.એ.ના બીજા વર્ષનો અભ્યાસ શરૂ કર્યો, તેમાં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ, પુરાલેખ શાસ્ત્ર, મુદ્રાવિજ્ઞાન (સિક્કા શાસ્ત્ર), તથા પુરાલિપિ વિદ્યા ઉપરાંત ડૉ. વેનિસની ઇચ્છા મુજબ પ્રાચીન પરિપાટી પ્રમાણેના અભ્યાસમાં 'તર્કભાષા' તથા 'ભામતી' ભણવી પણ શરૂ કરી. વળી આંતરે દિવસે પ્રો. નૉર્મન પાસે પાલી ને પ્રાકૃત ઉપરાંત ફ્રેંચ અને જર્મન પણ શીખવા લાગ્યા. અંતે જ્વલંત સફળતાપૂર્વક એમણે એમ.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પ્રથમ આવી પસાર કરી.

પરિણામની જાહેરાત થઈ કે તરત જ લાહોર કૉલેજના પ્રિન્સિપલ એ.સી. બૂલનરનો એમને સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે નિયુક્ત કરતો તાર મળ્યો. એવો જ બીજો તાર પ્રિન્સિપાલ સંજીવન ગાંગુલીનો, અજમેરમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકેની નિયુક્તિ કરતો હતો! શું કરવું તેનો નિર્ણય એમણે પોતાના ગુરુ ડૉ. વેનિસ પર છોડયો. અને, આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં, એમની સલાહ અનુસાર કોઈ પદ ન સ્વીકારતાં એમણે સ્નાતકોત્તર છાત્રવૃત્તિ લઈ સંશોધનકાર્ય શરૂ કર્યું. આ પ્રસંગથી એમની જ્ઞાનોપાસનાની તીવ્રતા પરખાઈ આવે છે. અને આ નિર્ણય ઉપકારક પણ નીવડયો, કેમ કે અહીંથી જ જીવનનું વહેણ બદલાવું શરૂ થયું.

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૭)



દારાનું મસ્તક તપાસતો ઔરંગઝેબ

કલાકાર અવનીન્દ્રનાથ ઠાકુર

દારાનું દુર્દૈવ

(ગતાંકથી પૂરું)

શિવપ્રસાદ જોષી

શાહજહાંએ નરમગરમ તબિયત વચ્ચે આગ્રા ને દિલ્હી વચ્ચે મોટે ભાગે રહેવાનું રાખ્યું હતું. જસવંતસિંહના પરાજયના સમાચારે તેને બેચેન બનાવી દીધો હતો, તે હવે દારાને પ્રોત્સાહન આપવા આગ્રામાં જ રહ્યો. સમુગઢ પાસે દારાએ સાઠ હજારનું લશ્કર એકઠું કર્યું હતું, પણ તે કદમાં વિશાળ પરંતુ યુદ્ધમાં બિનઅનુભવી હતું. પોતાના પુત્ર સુલેમાનને તેણે શ્રેષ્ઠ સેનાપતિઓ સાથે સુજા સામે લડવા મોકલ્યો હતો તે ખોટ હવે વરતાવા લાગી. આ દારાની એક એવી ભૂલ હતી જેનું પરિણામ તેના પરાજયમાં આવ્યું. ૨૮મી તારીખે ઔરંગઝેબ લાવલશ્કર સાથે આવી પહોંચે ત્યારે તેનો સામનો કરવાનો તેણે નિશ્ચય કર્યો. આ એવી તક હતી જ્યારે દક્ષિણમાં સતત દોડધામ ને લડાઈઓમાં ખોખરા થઈ ચૂકેલા ઔરંગઝેબના સૈન્યને આરામ મળે તે પહેલાં, પહેલો પ્રહાર મારીને બાજીને હાથમાં લઈ શકાઈ હોત. તેને બદલે તેણે આખો દિવસ ગ્રીષ્મના પ્રખર તાપમાં લશ્કરને ખડે પગે તૈયારીમાં રાખ્યું. આ બીજી ભૂલ હતી. ભૂખ અને તરસથી તેના સૈનિકો ધાંધા થઈ ગયા; અશ્વદળનાં પશુઓ ને હાથીઓ બેચેન બની ગયાં. આમ આખા દિવસની તપશ્ચર્યા, છતાં દારાએ હુકમ છોડયો નહિ, ત્યારે તેના સૈન્યમાં નિરાશા વ્યાપી. ચતુર ઔરંગઝેબ પામી ગયો કે પહેલો ઘા કરવાની દારાની હિંમત નથી. વિશેષ તો તેના સૈન્યને આરામની જરૂર હતી તે મળી જતાં, તેમજ રાત્રિનો ગાળો મળી જતાં, હવે બીજા દિવસની સવાર તેની હતી.

૨૯મી મેની ઉષા યુદ્ધની રક્ત લાલિમા સાથે ઊગી. બન્ને પક્ષે જોરદાર તૈયારીઓ ચાલી રહી. દારાના અરધા લાખના સૈન્યમાં બહાદુર સિસોદિયા અને રાઠોડો ઉપરાંત બુંદીના છત્રસાલ સેનાપતિઓમાંના એક હતા. તે વખતના રુસ્તમ ગણાતા દક્ષિણના કાબેલ સેનાની ફીરોઝ જંગે લશ્કરની ડાબી પાંખ સંભાળવા દારાના પુત્ર સિપિર શિકોહનું નેતૃત્વ સ્વીકાર્યું હતું. બારાહ સૈયદોની અતિવફાદાર પલટન પણ તેના લશ્કરમાં હતી. ભાતભાતના પોશાકમાં સજ્જ જુદીજુદી ટુકડીઓ અને રંગબેરંગી ઝૂલો વડે શોભતા ઊંટો, અશ્વો ને હાથીઓ પર ભિન્નરંગી પોશાકમાં આરૂઢ સેનાએ યુદ્ધના મેદાનને કલાકારની પીંછીએ રંગોની અજબ મેહફિલ કરી હોય તેવું આકર્ષક બનાવી દીધું હતું. બન્ને બાજુએ સૈન્યની ટુકડીઓ વ્યૂહમાં ગોઠવાઈ ગઈ, તોપખાનાં એકમેકને તાકતાં લાંબાં ડાચાં વકાસી રહ્યાં, બરકંદાજો, તીરંદાજો ને તોપચીઓ પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા અને દારૂગોળાના વિપુલ જથ્થા હાથવગા રખાઈ ગયા.

સૂર્યોદય પછીનાં બે ચોઘડિયાં બાદ, ઔરંગઝેબની ટુકડીઓ સમુદ્રનાં સર્વભક્ષી મોજાંની પેઠે આગળ વધી ત્યારે પિતૃભક્ત દારાએ દૂરથી આવી રહેલી આ આફતને પિતાના શબ્દોમાં તોળી જોઈ! પોતે આક્રમણ કર્યું જ હતું પણ તે સ્વરક્ષણ કરી રહ્યો હતો! તોપખાનામાંથી દારૂગોળો છોડવા તેણે હુકમ કર્યો. સિંહલદ્વિપના એક વિરાટકાય ગજરાજની કાંધ ઉપર ગોઠવેલા હોદ્દામાં બિરાજમાન દારા શિકોહે પોતાની આજુબાજુ જાનફેસાની કરી દેનારા ત્રણ હજાર અશ્વારોહી અને બાર હજારના બખ્તરિયા દળને નિહાળી ગર્વ અનુભવ્યો, તદુપરાંત ડાબી અને જમણી પાંખ વીસ-વીસ હજાર સૈનિકોએ સંભાળી લીધી હતી. તેણે બીજી ભૂલ એ કરી હતી કે પાછળની હરોળ ખાલી રાખી હતી અને વધારાનું સૈન્યભંડોળ રાખ્યું જ ન હતું. ઉપરાંત તોપખાનું એક જ સ્થળે એકઠું કર્યું હતું. વળી જમણી બાજુનો સેનાની ખલીલ પાછળથી દગો રમ્યો હતો. સેનાના અશ્વો અને હાથીઓ ખાઈખાઈને તગડા થયા હતા ને યુદ્ધક્ષેત્રમાં પ્રથમ વાર આવતા હતા. સામે પક્ષે ઔરંગઝેબનું લશ્કર લડીલડીને રીઢું થઈ ગયું હતું, ફ્રેન્ચ ને ફિરંગી તોપચીઓએ તેના સૈન્યને તાલીમ આપી હતી.

દારાના તોપખાનાની ધાણી ફૂટતી જોઈ, ઔરંગઝેબ ચેતી ગયો. તેણે વળતો જવાબ ન આપતાં દારૂગોળો બચાવ્યો. એક કલાકની રમઝટ પછી દારાને લાગ્યું કે હવે આગળ વધવામાં જોખમ નથી, એટલે તેણે લશ્કરને આગેકૂચ કરવા સંકેત કર્યો. યુદ્ધની રણભેરી ને નગારાંના અવાજો વચ્ચે, બન્ને લશ્કરો સામસામાં આવી ગયાં. દારાની ડાબી પાંખેથી રુસ્તમખાને, ફૂટતાં તોપખાનાંથી ફેંકાતા દારૂગોળાના વાદળ વચ્ચે, હવામાં ચમકતી

હજારો તલવાર સાથે દુશ્મન દળ તરફ દોટ મૂકી. ઔરંગઝેબની કાબેલિયત હવે કામ લાગી. દુશ્મનને બહુ નિકટ જોઈ તેનું તોપખાનું ગર્જી ઊઠયું. દારૂગોળા સામે શૌર્ય નકામું હતું. રુસ્તમને એક ગોળી વાગતાં જ મૃત્યુનો ઓળો તે દેખી ગયો. હાથી પરથી ઊતરી, એક ઘોડા ઉપર સવાર થઈ, તે થોડાક બહાદુર સૈનિકો સાથે દુશ્મનની હરોળમાં ધૂસી ગયો અને અનેકને ઢાળીને પોતે ધરાશાયી થયો. આ બાજુ દારાની જમણી-પાંખ સાચવી રહેલા ખલીલખાને ઔરંગઝેબની ડાબી પાંખ, જે મુરાદ સાચવી રહ્યો હતો ત્યાં આક્રમણ કર્યું એટલું જ. પછી તેનો પત્તો જ લાગ્યો નહિ! દરમ્યાન, મધ્યભાગમાં છત્રસાલ હાડાની સરદારી નીચેના રજપૂતો મધ્ય કેન્દ્ર સાચવી રહેલા ઔરંગઝેબ પર ધસ્યા અને ખૂનખાર જંગ જામી પડયો. ઔરંગઝેબના ચુનંદા સૈનિકો તેને રક્ષી રહ્યા હતા. રજપૂતોનો કચ્ચરઘાણ નીકળી ગયો. રાજા રૂપસિંહ રાઠોડે ઘોડા ઉપરથી ઊતરી, નાગી તલવાર સાથે ઔરંગઝેબના હાથી પાસે પહોંચ્યો અને એક ઘા કર્યો, પણ ત્યાં તો ઔરંગઝેબના અંગરક્ષકોએ રાઠોડના રાઈ રાઈ જેવડા ટુકડા કરી નાખ્યા.

યુદ્ધનો તાલ નીરખી રહેલા દારાએ પોતાનું સ્થાન છોડી, રુસ્તમ જે દિશામાં હલ્લો લઈ ગએલો તે તરફ હાથીને વાળ્યો અને હરોળ તરફ આગળ નીકળી ગયો. આથી તેના તોપચીઓ મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ ગયા, કેમ કે દારા પોતે જ લક્ષ્યાંકમાં આવી જતો હતો. દરમ્યાન ઔરંગઝેબના ઝનૂની વિદેશી તોપચીઓએ મારો ચાલુ જ રાખ્યો. દારાને પોતાની ભૂલ સમજાતાં, હવે લશ્કરના એક છેડેથી, પાછળ વળાંક લઈ તે બીજે છેડે જવા લાગ્યો. પરિણામે તેના પોતાના સૈન્યમાં નાસભાગ થવા લાગી. ઢંગધડા વગરની તેની આવી ચાલથી દુશ્મનો જોરમાં આવી ગયા અને તેમણે હવે દારાને જ હલ્લાનું કેન્દ્ર બનાવ્યો. વીસ-વીસ રતલી તોપના ગોળા તેની તરફ ફેંકાવા લાગ્યા, અને જે કોઈ વચ્ચે તેના બચાવમાં આવે તેના ચૂરેચૂરા બોલાવા લાગ્યા. દારા ઉપર જોખમ વધી રહ્યું હતું. બીજી બાજુ તેણે જોયું કે પોતાનું લશ્કર અસ્તવ્યસ્ત થઈ ગયું છે. બંને બાજુની પાંખો તો ક્યારની અદૃશ્ય થઈ ગઈ હતી. દિલ્હીની ગાદી આમ હાથમાંથી સરી જતી જોઈ તેનો ઉશ્કેરાટ વધી ગયો. તેણે સૈન્યને ઉદ્દેશી ઝનૂની સામનો કરવાના હુકમો આપવા માંડયા. હાથીની અંબાડી ઉપરથી પોતે અસરકારક ઉત્તેજના આપી શકતો નથી એમ લાગતાં હતાશ સૈનિકોમાં પ્રાણ પૂરવા તે હાથી ઉપરથી નીચે ઊતર્યો,—અને પરાજયને નોતર્યો!

ઇતિહાસની એક પળ, પણ કમનસીબ પળ! હાથીની અંબાડી ખાલી જોઈ, દારાના સૈનિકોની હતાશા ઊલટી વધુ ઘેરી બની. તે હણાયો હતો? નાસી ગયો હતો? કે કેદ પકડાયો હતો? લડાઈનું સ્થાન પ્રશ્નોએ લીધું. અને લશ્કરમાં વ્યાપક નાસભાગ શરૂ થઈ. પરિણામે, અંગરક્ષકો દારા તથા સિપિર શિકોહને ઘોડા પર બેસાડી, ગુપચુપ આગ્રા તરફ લઈ ગયા. દસ હજાર સૈનિકોની લાશ રણમેદાનમાં ઢળી હતી અને રજપૂતોમાં સર્વશ્રેષ્ઠ અને બાવન યુદ્ધોના વિજેતા છત્રસાલ હાડા લાંબી સોડ તાણીને સૂતા હતા. સમુગઢથી આગ્રા સુધીનો દસ માઈલનો રસ્તો શબથી છવાઈ ગયો હતો. જે લડાઈમાં ન મર્યા તે થાકથી, ભૂખથી અને તરસથી અધવચ્ચે મૂઆ. રસ્તાની બંને બાજુઓએ મરેલાં અને તરફડતાં પશુઓની ફાટી આંખો આસ્માનને વીંધી રહી હતી.

આગ્રા શહેરમાં સન્નાટો વ્યાપી ગયો હતો. લોકો ઘરનાં દ્વાર બંધ કરી લપાઈ બેઠાં હતાં. આખો દિવસ તોપના ગોળાના અવાજો સંભળાતા રહ્યા હતા અને નાસી આવેલા સૈનિકો માઠા સમાચાર આપ્યે જતા હતા. સૂર્યાસ્ત પછી દૂરના રણમેદાનની શૂન્યતા વધુ ઘેરી અને દર્દમય બની રહી હતી. રાત્રિની બે ઘટિકા વીતી ચૂકી હતી અને આગ્રા જાણે મોતની સોડ તાણીને સૂતું હોય તેવી નીરવતા વ્યાપી ગઈ હતી. વાતાવરણમાંથી જ જાણે અમંગળ શંકાઓ ઊઠતી હતી. આવે સમયે લથડિયાં ખાતા બે ઘોડા ઉપર બે નિરાશ માનવીઓને લઈ, થાકીને લોથ થએલા બેપાંચ સૈનિકોએ પ્રવેશ કર્યો. કૌવત વિનાની તેમની ચાલ અને નૂર વિનાની શકલ તેમના પરાજયની છડી પોકારતાં હતાં. એક આવાસ પાસે બન્ને ઘોડેસવારો ઊતરી ગયા અને અંદર દાખલ થઈ દ્વાર બંધ કરી દીધાં. કારમા પરાજયની જાણકારીએ મહેલના ઓરડે ઓરડે નારીવૃંદનાં રુદન અને વિલાપ રેલી રહ્યાં. બીજા મહેલમાં શાહજહાં અને જહાંઆરા માથે આવી પડેલી આપત્તિથી દિઙ્‌મૂઢ બની કપાળ કૂટતાં હતાં.

ઔરંગઝેબ હવે પીછો છોડે તે અશક્ય હતું. દારાએ આગળ ભાગવું જ રહ્યું. પત્ની નાદિરા, પુત્રો, પ્રપૌત્રો, દાસીઓ અને લઈ શકાય તેટલા ઝવેરાત સાથે, બાર માણસોના કાફલા સાથે તેણે દિલ્હીની વાટ પકડી. જીવન હારી બેઠેલા પુત્રને દ્રવ્ય અને સૈનિકોની શક્ય મદદ વૃદ્ધ પિતાએ કરી. દિલ્હીમાં પહોંચી દારાએ પાંચ હજારનું લશ્કર એકઠું કર્યું.

આ ગ્રામાં લશ્કરી વિજય સાથે ઔરંગઝેબે કૂચ કરી ત્યારે પલ્લું તેની તરફેણમાં નમી રહ્યું હતું અને સૌકોઈ એ ઊગતા સૂરજને પૂજવાની રમત માંડી દીધી હતી. વૃદ્ધ બાદશાહ પુત્રના ઉન્માદને વશ કરે તેવી શક્યતા નહિવત્ હતી. બીજા પુત્રોને અવગણી શાહજહાંએ દારા તરફ પક્ષપાત દર્શાવ્યો હતો એ ઔરંગઝેબ કેમ ભૂલે? પિતાને રૂબરૂ ન મળતાં, તેણે પત્ર લખ્યો. શાહજહાંએ હીરા, માણેક, મોતી અને કીમતી તલવાર ભેટમાં મોકલી મળવા બોલાવ્યો, પણ છટકું ગોઠવ્યાની શંકા પરથી ઔરંગઝેબે મુલાકાત ટાળી. આમ શાહજહાંએ કરેલી ત્રણત્રણ વીનવણી તેણે નકારી કાઢી. મુરાદની લશ્કરી ટુકડીઓએ શહેરમાં દાખલ થઈ લૂટફાટ ચલાવી. જે મહેલમાં શાહજહાંનો મુકામ હતો તેને ફરતો ગઢ હતો. ઔરંગઝેબે તેને ઘેરો ઘાલ્યો. ગઢનો એક દરવાજો યમુના નદી તરફ પડતો હતો અને પાણીનો પૂરવઠો ત્યાંથી અંદર આવતો. આ જીવાદોરી ઔરંગઝેબે કાપી નાખી. અંતે કિલ્લો શરણે આવ્યો. જહાંઆરાએ પિતા વતી નાના ભાઈને કાકલૂદી કરી જોઈ. પણ વ્યર્થ. શાહજહાંની સ્થિતિ નજરકેદી જેવી થઈ, કેમ કે તેને માટે મહેલમાં સંચારબંધી ફરમાવાઈ હતી.

મુરાદ અને ઔરંગઝેબ બન્ને એકસાથે એક મ્યાનમાં હવે ભેગા થઈ ગયા. ઔરંગઝેબે જે લશ્કરી વિજયો હાંસલ કર્યા અને પિતાને કેદ કર્યા તેનાથી મુરાદ ચોંકી ગયો. પોતે ઔરંગઝેબથી મોટો હતો છતાં વાહ-વાહ તો નાના ભાઈની બોલાતી હતી. પોતાની મહત્ત્વાકાંક્ષાને ધૂળમાં રગદોળાતી જોઈ તેણે પરિસ્થિતિનો સામનો કરવા કમર કસી. પોતાની અને ઔરંગઝેબની વચ્ચે થએલી સમજૂતી મુજબ આ બધો પ્રદેશ તેની માલિકીનો હતો અને દક્ષિણ હિંદનો ભાગ નાના ભાઈને ફાળે જતો હતો. દારા છટકી ગયો હતો તેને પકડવાને બહાને ઔરંગઝેબની લશ્કરી તૈયારી વધતી ચાલી. આથી મુરાદની શંકા દૃઢ થઈ. તેણે હિસાબ સમજી લેવા લશ્કરી સરંજામ એકઠો કરવા માંડયો. પણ ઔરંગઝેબની ગરુડ-દૃષ્ટિએ તેની ચાલ પારખી લીધી અને એક મિજલસમાં તેને આમંત્રી કેદ કરી લીધો. ગ્વાલિયરના કિલ્લામાં બે ત્રણ વર્ષ કેદ રાખી પાછળથી બનાવટી આરોપ મૂકી તેને મૃત્યુદંડ ફરમાવવામાં આવ્યો હતો.

કેદ દ્વારા મુરાદનું કાસળ કાઢી ઔરંગઝેબ હવે દારાની પૂંઠે પડયો. તે દિલ્હીમાં લશ્કર એકઠું કરી રહ્યો હતો ને બંગાળામાં શુજા સામે મોકલેલા પોતાના પુત્ર સુલેમાનને તાત્કાલિક આવી પહોંચવા ધા નાખી હતી. પણ જૂન માસ પૂરો થવા આવતો હતો ને ચોમાસું માથે હતું. આમે ય દિલ્હીમાં રહેવામાં જોખમ હતું. તો પછી પોતે જ પૂર્વ તરફ જઈ સુલેમાનને મળે તો બાવીસ હજારના તેના લશ્કર સાથે અલ્લાહાબાદ ખાતે પડાવ નાખી ઔરંગઝેબનો સામનો કરી શકે અને શુજાને પોતે કદાચ ફેરવી શકે તો શુજાની મદદ પણ મેળવી શકે! પણ વાસ્તવમાં તો સુલેમાનને હાથે એક વાર શુજાએ હાર ખાધી હતી તેનો ડંખ તેના મનમાં

હતો. વળી ઔરંગઝેબ અને મુરાદે અગાઉથી તેને સાધી લીધો હતો.

આને બદલે પોતે જો પંજાબ તરફ જાય તો ત્યાંના ખડતલ લડવૈયા મદદરૂપ બને. ૧૬૪૭માં તેણે પંજાબની સુબાગીરી કરી હતી. આમ વિચારીને દારાએ દસ હજારના લશ્કર સાથે લાહોર ભણી કૂચ કરી. સતલજ ઓળંગી ત્રીજી જુલાઈ (૧૬૫૮)એ તે લાહોર પહોંચ્યો અને સુલેમાનને ફેરમાં થઈને લાહોર ખાતે આવી મળવા જણાવ્યું. અહીં દોઢ માસ સુધી તેણે તડામાર લશ્કરી તૈયારીઓ કરી. પેશાવરથી અફઘાન સૈનિકોને આકર્ષ્યા, જમીનદારોને હાથમાં લીધા, તોપો એકઠી કરવા માંડી. તેની ગણતરી એવી હતી કે વર્ષાઋતુના આગમન સાથે, ઔરંગઝેબ કોઈ લશ્કરી સાહસ હાથ ધરી શકશે નહિ, કેમ કે પંજાબમાં તો નદીઓ ઓળંગવાનું કઠિન હતું.

પણ ઔરંગઝેબને હિસાબ માંડતાં સરસ આવડતો હતો. દારાના મનમાં જે રમતું હતું તે તેના દિમાગમાં ક્યારનું ઊગી ગયું હતું. તેના જેવો ઠંડો ગણત્રીબાજ અને દક્ષ વ્યૂહરચયિતા દારાને નિરાંતે શાનો ઊંઘવા દે? પાંચમી ઑગસ્ટે તો ઔરંગઝેબની ટુકડીઓ સતલજને કાંઠે આવી પહોંચી. તે અગાઉ સુલેમાનની ફોજને રોકી રાખવા તેણે લશ્કર મોકલી જ દીધું હતું અને નજૂમીઓએ ભાખેલા શુભ દિવસે – ૨૧મી જુલાઈએ પોતાની જાતને મુઘલ સલ્તનતના 'આલમગીર' તરીકે જાહેર કરી હતી. પંજાબમાં નૌકાયુદ્ધ લડવા તેણે સેંકડોની સંખ્યામાં હોડીઓ તૈયાર કરાવી હતી. તેમાં તેના લશ્કરે નાનીનાની ટુકડીઓમાં સતલજ જુદે જુદે સ્થળેથી ઓળંગી અને દારા બિયાસ નદી પર પાછો હટ્યો. આ ઉપરાંત પણ ઔરંગઝેબે ઘણી તરકીબો અજમાવી. જેના ઉપર દારાને વિશ્વાસ હતો તેવા માણસોને ફોડવા શઠતા આચરી, તેમ જ મોટી સંખ્યામાં કુશળ સેનાપતિઓ એકઠા કર્યા. છેવટે લાહોર પણ દારાને છોડવું પડ્યું, અને તેણે મુલતાનાની દિશા પકડી. ઔરંગઝેબ ત્યાંથી દિલ્હી પાછો ફર્યો, કેમ કે શુજાના તોફાનને પણ કાબૂમાં લેવાનું હતું.

દારાએ તેરમી સપ્ટેમ્બરે મુલતાન પણ છોડ્યું અને દક્ષિણમાં ભાખર તરફ કૂચ કરી. ૧૩મી ઑક્ટોબરે તે સિંધુ નદીની પશ્ચિમે સક્કર ખાતે પહોંચ્યો અને નદીના પ્રવાહ સાથે દક્ષિણ દિશા પકડી લારખાના પહોંચ્યો. ચૌદ હજારના લાહોર ખાતેના લશ્કરમાંથી માત્ર એક હજાર સૈનિકો હવે રહ્યા હતા અને ઔરંગઝેબે મોકલેલા સરદારો તેનું દરેક પગલું દબાવતા મોટી સંખ્યામાં આવી પહોંચતા હતા. ઈ. ૧૬૫૮ની ૧૮મી નવેમ્બરે સિંધના દક્ષિણ છેડેથી પૂર્વમાં ૫૦ માઈલ દૂર બદીન ખાતે દારા પહોંચ્યો અને ત્યાંથી રણનો પંથ લીધો. અહીં ૮૦ માઈલનો કપરો પટ કાપવાનો હતો. તેના મોટા ભાગના સૈનિકો તથા ઊંટ અને ઘોડા તેમાં નાશ પામ્યા. કચ્છના લૂણા ગામે તે પહોંચ્યો ત્યાં રાવે તેનું સ્વાગત કર્યું. શાહજહાંનો જ્યેષ્ઠ પુત્ર પોતાને આંગણે ક્યાંથી? વધુમાં પોતાની પુત્રી સિપિર શિકોહ વેરે આપી કચ્છના રાવે સંબંધ દૃઢ કર્યો. કચ્છમાં થઇને સૌરાષ્ટ્રમાં આવી દારાએ લાગવગ જમાવવી શરૂ કરી અને ત્યાંથી ગુજરાતમાં અમદાવાદ પહોંચ્યો ત્યારે શાહ નવાઝખાને તેને ઘણી મદદ કરી. જાન્યુઆરી ૧૬૫૯માં દારાએ પાંચ અઠવાડિયાં ગુજરાતમાં ગાળ્યાં અને સ્થાનિક તિજોરીમાંથી દ્રવ્ય મળી જતાં જોતજોતાંમાં વીસ હજારનું લશ્કર ઊભું કરી દીધું.

ગુજરાતમાં વિસામો મળી જતાં ભાગ્યચક્રે દારાના નસીબમાં અણધાર્યો પલટો આણ્યો. આખા પ્રદેશની મહેસૂલી આવક તેને મળી. ફરીથી તેણે લશ્કરને આક્રમક બનાવવા તોપખાનું ઊભું કર્યું. અમદાવાદના પોતાના મહેલના ઝરૂખામાંથી લોકોને દર્શન આપી તે સલામી ઝીલવા લાગ્યો. દક્ષિણમાં ઔરંગઝેબના ઘણા શત્રુઓ હતા, એટલે જો તે દક્ષિણમાં જાય તો વિરાટ લશ્કરી દળ ઊભું કરી શકે તેમ હતો. બિજાપુર અને ગોલકોંડા તો મદદ કરવા તૈયાર જ હતાં. પરંતુ એક બીજો વધુ આકર્ષક વિકલ્પ તેને લલચાવી રહ્યો. ઔરંગઝેબે શાહજહાંને આગ્રામાં કેદ કર્યો હતો અને અત્યારે તે શુજા સામે લડવા પૂર્વમાં ગયો હતો. પોતે જો આગ્રા તરફ કૂચ કરી જાય અને બાપને છોડાવે તો? આ ગણતરીથી ચૌદમી ફેબ્રુઆરીએ દારાએ અજમેરનો રસ્તો લીધો. દરમિયાન જસવંતસિંહે પોતાના વિશ્વાસુ માણસ સાથે તેને કહેણ મોકલ્યું કે બધા જ રજપૂતો તેને માટે મરી ફીટવા તૈયાર છે. અને આ સત્ય હોય તો એક મોટું રજપૂત સૈન્ય તૈયાર થતાં કેટલી વાર?

પણ વિચક્ષણ ઔરંગઝેબ તે પહેલાં જસવંતસિંહના સાથમાં શુજા સાથે યુદ્ધનો હિસાબ સમજીને વીજળીની ઝડપે આ બાજુ ધસ્યે આવતો હતો. જસવંતસિંહે જોકે શુજા સામે તેને દગો દીધો હતો. હવે તે દારાની સાથે મળી જાય તો પાછી તકલીફ ઊભી થાય; એટલે વેર લેવાનું માંડી વાળી, ઔરંગઝેબે મીઠી મધ જેવી ભાષામાં, તેને સાથ નહિ છોડવા આજીજી કરી; કેમ કે તેને ખબર હતી કે રજપૂતોના દેશમાં વિજેતાની ભાષા કામ નહિ કરે. હવે જસવંતસિંહે પણ ફેરવી તોળવામાં સલામતી જોઈ. આ બાજુ દારા અજમેર પહોંચીને જસવંતસિંહની રાહ જોવા લાગ્યો. પણ જ્યારે તેને ખબર મળ્યા કે ઔરંગઝેબ પણ પૂર્વમાંથી આવી પહોંચ્યો છે ત્યારે તેનાં ગાત્ર ઢીલાં થઈ ગયાં. તેને પોતાના પુત્ર સિપિરને જસવંતસિંહ પાસે મદદની આજીજી કરવા મોકલ્યો પણ વ્યર્થ. રજપૂતે વચનભંગ કર્યો.

હવે યુદ્ધ અનિવાર્ય હતું. અજમેરની દક્ષિણે ચાર માઈલ દૂર દેવરાઈના સાંકડા ઘાટમાં દારાએ વ્યૂહ ગોઠવ્યો. ટેકરીના બે છેડાનું તેને રક્ષણ મળતું હતું. ૧૧મી માર્ચે ઔરંગઝેબ આવી પહોંચ્યો. બંને પક્ષે તોપખાનાં અને આકરી વ્યૂહરચના હતી. દારાને ટેકરીની ઊંચાઈનો લાભ મળ્યો હતો. તા. ૧૨ અને ૧૩ બંને પક્ષે સતત તોપમારો ચાલુ રહ્યો. ત્રીજે દિવસે ઔરંગઝેબે વ્યૂહ બદલ્યો. પોતાના સમગ્ર લશ્કરની તાકાત તેણે દારાની નબળી જણાતી રક્ષણહરોળમાં કેન્દ્રિત કરીને ગાબડું પાડવાની પેરવી કરી અને તેમાં તે સફળ થયો. જોકે એ ખૂનખાર અને લોહિયાળ યુદ્ધમાં બન્ને પક્ષે ભારે ખુવારી સહન કરી. હરોળમાં ભંગાણ પડ્યા પછી દારાના લશ્કરનું નૈતિક બળ તૂટી પડ્યું અને એક વધુ પરાજય દારાને લલાટે ચોંટ્યો. તૈયાર રાખેલા હાથી ઘોડા ઉપર દારા, સિપિર, નાદિરા અને અંગત રસાલો ગુજરાતના રસ્તે રવાના થયાં. આ યુદ્ધમાં ઔરંગઝેબનો પ્રખ્યાત સેનાની શેખ મીર અને દારાનો એટલો જ ખ્યાતનામ શાહનવાઝખાન બંને મોતને ભેટ્યા અને અજમેરની દરગાહમાં બંનેની કબરો બાજુબાજુમાં રચાઈ.

ચૌદમી અને પંદરમી માર્ચે બંને દિવસ દારાએ પાછું વળીને જોયું નહિ. રોજના ત્રીસ માઈલના હિસાબે દોડ ચાલુ રહી. રસ્તે તેને લૂંટનારા પણ મળ્યા. બીજી વારની આ પીછેહઠમાં દારાને બધેથી જાકારો મળ્યો કેમ કે ઔરંગઝેબનું સર્વોપરિપણું હવે સાબિત થઈ ચૂક્યું હતું. રજપૂતોએ આંખ આડા કાન કર્યા. કોઈ તેને આશ્રય ન આપે તેની તકેદારી રાખવામાં આવી. અમદાવાદમાં ઔરંગઝેબ તરફી સૂબો નીમાઈ ચૂક્યો હતો એટલે તેણે શહેરમાં પ્રવેશવાની તેને મનાઈ ફરમાવી દીધી. કચ્છ સિવાય હવે બીજો કોઈ રસ્તો ખુલ્લો રહ્યો નહિ. હવે તેને ક્યાંયથી કોઈ હાથી, ઘોડો કે ઊંટ આપે તેમ ન હતું. તેની પાસે છેલ્લી મૂડી તરીકે બેચાર હાથી, અને ત્રણસો-ચારસો ઘોડેસવારો બચ્યા હતા. તેમને લઇને ૨૯મી માર્ચે દારાએ કચ્છ ભણી પ્રયાણ કર્યું. વીરમગામ આગળ હાથીને પણ છોડી દેવા પડ્યા. કાફલો માત્ર એક ઘોડો, ચાર ઊંટ, એક ગાડું અને ગણ્યાગાંઠ્યા સૈનિકોનો બની રહ્યો. જીવનની છેલ્લી આશા નષ્ટ થઈ ચૂકી હતી. પત્ની નાદિરા માંદી રહ્યા કરતી હતી. આ વખતે કચ્છમાં પણ રાવે તેને ઠંડો આવકાર આપ્યો. અહીં તેણે કંદહાર થઇને હિંદુસ્તાનની બહાર નાસી છૂટવા તૈયારી કરી. રાવે તેને

મોટા રણમાંથી સિંધની સરહદે જવાની સગવડ કરી આપી. સિંધમાં પણ તેનો પીછો પકડવા ઔરંગઝેબના સૈનિકો તૈયાર બેઠા હતા અને જયસિંહને તે કામગીરી સોંપવામાં આવી હતી. પણ તેનું પગેરું દબાવતો જયસિંહ કચ્છના રણમાં દારાની પેઠે જ ખુવાર થઈ ગયો.

બલુચિસ્તાનમાં થઈ કંદહાર પહોંચતાં સુધીમાં દારા માનસિક ને શારીરિક રીતે ખલાસ થઈ ચૂક્યો હતો. અઢી માસની રણની તેમજ બીજી રઝળપાટથી નાદિરાની હાલત છેક કરુણ થઈ હતી. બલુચો ઔરંગઝેબના દ્વેષી હતા અને ભાખરના કિલ્લામાં તેની સામે ટક્કર લઈ રહ્યા હતા. અહીં કોઈ આશ્રય આપે તો મથક સ્થાપીને કાંઈક પ્રવૃત્તિ કરી શકાય. ત્યાં અફઘાન નેતા મલિક જીવણ તેને ભેટી ગયો. ભૂતકાળમાં રાજદ્રોહ માટે શાહજહાંએ તેને હાથીના પગ નીચે કચડી નાખવાની સજા ફરમાવી હતી અને દારાએ દરમ્યાનગીરી કરી તેમાંથી તેને છોડાવ્યો હતો. અત્યારે તે દાદરનો જાગીરદાર બન્યો હતો. છઠ્ઠી જૂને દારા તેની જાગીરમાં આવ્યો ત્યારે તેણે માનપાનથી તેને આવકાર્યો. પણ ત્યાંથી નીકળી કંદહાર જતાં રસ્તામાં કરુણ ઘટના બની ગઈ.

પતિના ઘોર સંકટમાં તેનો સાથ નહિ છોડનાર અને છાયાની માફક તેની સાથે રહેનાર તેની વહાલી બેગમ નાદિરા, આઘાત થાક અને સારવારના અભાવે મરણ પામી. તેની છેલ્લી ઇચ્છા એવી હતી કે તેને હિંદુસ્તાનની ભૂમિમાં દફનાવવામાં આવે. પોતાના અત્યંત વિશ્વાસુ સેનાની ગુલ મહમ્મદ અને બાકી રહેલા પચાસ-સાઠ સૈનિકોને દારાએ મૃતદેહના જનાજા સાથે લાહોર ભણી રવાના કર્યા અને પોતાની સાથેમાં દરેક જણને હવે જ્યાં જવું હોય ત્યાં પાછા ફરવા છૂટ આપી. વાસ્તવમાં નાદિરાના મૃત્યુ પછી, દારાનું હૃદય ભાંગીને ભુક્કો થઈ ગયું હતું. તે હવે તદ્દન એકલો, એકાકી, મિત્ર અને સાથી વિહોણો બની ગયો હતો. બોલનના પહાડી ઘુંગદામાંથી ચીંથરેહાલ કપડામાં બાપદીકરો આગળ વધ્યા ત્યારે મલેક જીવણના માણસોએ જ તેને ઘેરી લીધો. સામનો કરવાની તાકાત દારામાં રહી ન હતી. સિપિરે થોડીક ઝપાઝપી કરી પણ અંતે શરણું સ્વીકારવું પડ્યું. ૯મી જૂન ૧૬૫૯ના દિવસે દારાની આઝાદીનો અંત આવ્યો. પુત્ર અને બે પુત્રીઓ સાથે તે કેદ થયો.

મલિક જીવણે, ઔરંગઝેબ તરફથી મોટા બદલાની આશામાં આ 'ગુનેગારો'ને સેનાપતિ બહાદુરખાનને સોંપી દીધા. ઇતિહાસને દફતરે વિશ્વાસઘાતના જે સેંકડો દાખલા નોંધાયા છે તેમાં સૌથી વધુ ઘૃણાપાત્ર મલેક જીવણે કરેલો આ વિશ્વાસભંગ હતો.

શક્ય તેટલી ઝડપે દારાને દિલ્હી લઈ જવામાં આવ્યો અને છેવટે ૨૩મી ઑગસ્ટે તેને રાજધાનીમાં પહોંચાડવામાં આવ્યો. ઔરંગઝેબે નઝરબેગ નામના ગુલામને તેની સોંપણી કરી. સૌપ્રથમ તો દુનિયાને જાણ કરવાની હતી કે દારાને કેદ કરવામાં આવ્યો છે. એટલે બંદીવાન તરીકે તેને હાથી ઉપર બેસાડી, માનભંગ સ્થિતિમાં રાજધાનીની શેરીઓમાં તેને ફેરવવા ૨૯મી ઑગસ્ટ નક્કી કરવામાં આવી. શાહજહાંની ગાદીના વારસદાર અને સુખસમૃદ્ધિમાં અને શાહી વૈભવમાં આળોટતા એક વખતના લગભગ જાહેર થઈ ચૂકેલા દિલ્હીપતિની આવી કરુણ, અસહાય અને અકિંચન હાલતે નગરજનોની આંખમાં આંસુ લાવી દીધાં. લોકોની સહાનુભૂતિ તેના તરફ ઢળવા લાગી. આ નવી પરિસ્થિતિનો અંત આણવા ઔરંગઝેબે ધર્મગુરુઓની સભા ભરી તાત્કાલિક તોડ કાઢ્યો. ઈસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધ વર્તવા માટે તેને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી! દારાએ પોતાના નાના ભાઈ પાસે દયાની યાચના કરી, પણ ઔરંગઝેબે તે નકારી કાઢી. ૧૬૫૯ના ઑગસ્ટની ૩૦મી તારીખે દારા તથા સિપિરને જે કોટડીમાં પૂર્યા હતા ત્યાં જલ્લાદ નઝરબેગ દાખલ થયો. સિપિર બાપને વળગી પડ્યો પણ નઝરબેગે બોચડું ઝાલી તેને દૂર કર્યો. દારાએ અંતિમ ક્ષણે સામનો કરવા વ્યર્થ પ્રયત્ન કર્યો, પણ તેનું કાળ ચોઘડિયું દૈવે નક્કી કરી રાખ્યું હતું. માથું ધડથી જુદું કરી, જલ્લાદ ઔરંગઝેબ પાસે ખાતરી માટે લઈ ગયો.

માથા વિનાના તેના ધડને ફરીથી હાથી માથે મૂકીને શહેરમાં ફેરવવામાં આવ્યું જેથી સૌકોઈ જાણી શકે કે ઔરંગઝેબનો વિદ્રોહ કેવું પરિણામ લાવી શકે છે. પોતાને પડકારનાર હવે કોઈ નથી તેના આત્મસંતોષથી ઔરંગઝેબે પોતાની જાત ઉપર આનંદનો અભિષેક કર્યો.*

[*આ કથાનકમાં જદુનાથ સરકારનો આધાર છૂટથી લીધો છે.]

લઘુકથા

રોજની જેમ

રામજી કડિયા

સાડા નવ થવા આવ્યા છે. સામેના ઘરમાં ખૂબ શાંતિ છે. દીવા બળે છે. રોજની જેમ પત્ની બારીએ ઊભી પતિની રાહ જુએ છે. વહેલી સવારે ગાડી પકડી એ નોકરીએ ગયો છે. છોકરાં ઊંઘી ગયાં છે. એની વૃદ્ધ માં નીચે બેઠી છે: 'આજે તો દીકરો આવે એ ઘડીએ જ કહી દઉં.' પડોશીઓને પણ કંઈક નવાજૂની થશે એવું લાગે છે. આમ તો એ ઘરમાં ઘણી વાર ઝઘડો થાય છે.

પત્ની બારીએથી બારણે આવી. પતિ આવી ગયો. પત્નીએ રોજની જેમ પાણી આપ્યું. એ કશું બોલ્યા વિના કપડાં ઉતારવા લાગ્યો. પત્ની રસોડામાં ગઈ. પતિ જમવા ઊઠ્યો. ડોશી પણ ઊભી થઈ. બધાં ઊંચાંનીચાં થઈ રહ્યાં ત્યાં તો ધડમ ધડમ વાસણ ખખડવાનો અવાજ આવ્યો. ડોશી ઉતાવળી ઉપર ગઈ. વાસણ નહિ, બે માણસ બાઝતાં હતાં.

ડોશી હળવેથી નીચે ઊતરી ગઈ. બધાંએ ધાર્યું હતું તેવું કંઈ થયું નહિ. ઘણી વાર થાય છે તેવું જ થયું. ડૂસકાં ભરતી પત્ની પતિને પીરસતી ગઈ. રોજની જેમ એ આરોગીને ઊઠ્યો, બીજા ખંડમાં બેસી બીડીનો ધુમાડો કાઢવા માંડ્યો. પત્ની વાસણકૂસણ લઈ આંગણામાં આવી. ગાલ ઉપર વહેતાં આંસુ ખભા વડે લૂછતી એ વાસણને માંજી ચોખ્ખાં કરતી રહી.

રોજની જેમ પતિ ફાઇલો અને ચોપડા લઈ લખવા બેઠો. મોડેથી એ પતિને ચાનો પ્યાલો આપી ગઈ. પતિ લખીને ઊઠ્યો ત્યારે રોજની જેમ એ ઊંઘી ગઈ હતી, પણ ફડપ કરતી બેઠી થઈ ગઈ અને બારીબારણાં બંધ કરી બત્તી બુઝાવી નાખી.

સવારે રોજની જેમ એ પાણી ભરવા નળે આવી. શીલા ત્યાં દેગડી ભરતી ઊભી હતી. એ બોલી: 'કાલ તો, સુમી બેન, તમારે...'

'હા બેન, કાલ તો મચી ગઈ. બધું, બે આખા દહાડાના થાકીપાકીને આવે છે. રાતે પણ કામ લાવે છે! ઘડી યે નવરા રે'તા નથી. આદમીને આગો દાડો કંટાળો ન આવે? એટલે રઘવાયા થઈ જાય છે. પછી બધું એમને ભાન નથી રહેતું. એમનો સભાવ જ એવો છે. બધું, શું કરું?' કહી દેગડી ભરતી સુમીએ સહેજ હસી લીધું, અને લજવાતાં લજવાતાં સાડીની કોર ગઈ કાલના કમાળના ઝામા ઉપર ઢાંકી દીધી.

રોજની જેમ એ દેગડી ઉપાડી ચાલતી થઈ.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક રવિશંકર રાવળ



◁ શ્રી વિશ્વાસ કલકત્તાના 'રેફ્યુજ હોમ'ના સ્થાપક (સ્કેચ: ર. મ. રા.)

૪૮૦ કલકત્તાની સંસ્થાઓ

કલકત્તા પહોંચતાં જ રામજીભાઈએ કૅનિંગ સ્ટ્રીટમાં આવેલા જીવનલાલ કંપનીના ઉપરના ભાગમાં ઉતારો તૈયાર રખાવ્યો હતો તેમાં અમને ગોઠવી દીધા. એ જ માળ પર ખૂણામાં બે ઓરડામાં જીવનલાલભાઈ તેમનાં નવાં પત્ની ચંદ્રાબહેન સાથે રહેતા. એક મારવાડી રસોઈયો રસોડું સંભાળતો. મકાન બેઠા ઘાટનું, જૂની બાંધણીનું અને સામાન્ય વસ્તીની બજાર વચ્ચે હતું. નીચેના સમગ્ર વિસ્તારમાં કંપનીનો વેચાણનો માલ ગોઠવાએલો હતો. રામજીભાઈએ કંપનીની શરૂઆત અહીં જ કરી હતી. આરંભમાં તો દુકાનમાલિક સાંજે દુકાન વધાવી ઘેર જાય એટલે રાત્રે ત્યાં પોતાનાં વાસણોની માંડ તે કરતા અને વેચાણ કરતા. દિવસે ઘણે ભાગે ફેરી પણ કરતા. એમની ઉદ્યમી ચીવટથી ઘરાકી જામતી ગઈ અને અંતે એવો વખત આવ્યો કે એ જ આખી દુકાન તેમણે ખંડીલીધી અને ત્યાં હિંદ-મશહૂર 'જીવનલાલ (ઍલ્યુમિનિયમ) કંપની'નું પાટિયું લાગ્યું. હવે તો આ કંપની ઍલ્યુમિનિયમનાં પતરાં પરદેશથી મંગાવી પોતાના કારખાનામાં હિંદી વપરાશના ઘાટવાળાં વાસણો બનાવી વેચતી. એ વખતે ઍલ્યુમિનિયમના વપરાશનો હજી પ્રારંભ થયો હતો. તેમના કારખાનાના ઉપરી તરીકે શ્રી ઝવેરચંદ મેઘાણી હતા, જે સરસ હલકે કાઠિયાવાડી તથા બંગાળી ગીતો ગાતા એવી વાતો રામજીભાઈએ કરી હતી. પણ અમે ગયા તે સમયે—એ વતનમાં ગએલા કે છોડી ગએલા તે યાદ નથી પણ—તેમની મુલાકાત થઈ નહિ.

મોતીભાઈની રઢ ચાલી કે 'રામજીભાઈ, કાલ સવારથી આપણો કાર્યક્રમ ઘડી કાઢો.' રામજીભાઈ કહે: 'ગુજરાતને બંગાળમાંથી ઘણું જોવા-શીખવાનું છે. તમે કેટલા દિવસ આપશો?' મોતીભાઈએ આઠ દિવસમાં જેટલું જોવાય તેટલું જોઈ વળવાની વાત કરી. મોતીભાઈ ખાવા-પીવા-નાહવા-ધોવાની બહુ ચીવટ કે ઉતાવળ કરતા નહિ; જ્યારે જે સગવડ મળે તે વડે નિભાવી લેતા. તેમના અંગત કોઈ શૉખ જ નહોતા. કોઈ વિદ્વાન પ્રોફેસર કે શિક્ષક સાથેની વાતચીત કે પુસ્તકોની માહિતીમાં અને શિક્ષણસંસ્થાઓની મુલાકાતમાં તેમની સંસ્કાર-વૃત્તિ તૃપ્તિ લઈ લેતી. પણ રામજીભાઈએ તો બીજે દિવસે સવારમાં સૌને નજીકના સ્ક્વેરમાં એક તળાવ હતું ત્યાં નાહવા લઈ જવા સાબદા કર્યા.

કલકત્તામાં ઠામોઠામ મોટાં સ્ક્વેર (ચોરસ લત્તાઓ) વચ્ચે જાહેર બાગમાં તળાવ આવેલાં છે, જ્યાં લત્તાના લોકોની ક્લબોનાં સ્નાનાગાર છે. જીવનલાલ કંપની આ સ્ક્વેરના તળાવની પેટ્રન હોઈ અમને સૌને ત્યાં પ્રવેશ મળ્યો. અમે જોયું કે એ તો કલકત્તાના આરોગ્ય અને વ્યાયામનું મથક હતું. બંગાળીઓ ઘેરથી તેલની શીશીઓ લઈ ત્યાં આવે, શરીરે ખૂબ માલિશ કરે અને પછી તળાવમાં ઊંચા મંચ ઉપરથી ભૂસકા મારે, તરે, અને જુવાનિયાઓ તો પાણીમાં તરતા ફૂટબૉલની રમત, (વૉટરપોલો) પણ ચગાવે. એમાં ડૂબકીઓ તથા ધક્કા-મુક્કી કરી તરતા રહેવાનું અને મોટા ફૂટબૉલ હાથમાં લઈ ગોલ પર ચડવાનું. બધો હિંમત, સાહસ અને બહાદુરીનો જ મામલો.

૪૮૧ રેફ્યુજ હોમ

આમ, રામજીભાઈએ બંગાળનું સામાજિક દર્શન કરાવવું શરૂ કર્યું. પણ અમારામાં બધાની સંસ્કારક્ષેત્રે એક નેમ નહોતી. હું દેશની ચિત્રમયતા અને વૈચિત્ર્યોમાં રસ લેતો; વેપારીભાઇઓ બજાર કેવું છે તે જોવા તલસતા; આર્ય સુધારક પ્રેસવાળા મણિભાઈ દરેકમાં ભળી જતા અને મોતીભાઈની ચોપડીઓ પર જ નજર રહેતી તેની ટીકા પણ કરતા. મોતીભાઈએ ક્યાંક વાંચેલું કે સૅડલર કમિશને હિંદની શિક્ષણસંસ્થાઓ જોઈને તેમાં શાંતિનિકેતન અને કલકત્તાના 'રેફ્યુજ હોમ' નામની સંસ્થાની ભારે પ્રશંસા કરેલી, એટલે અહીં તે જોવાનો આગ્રહ હતો.

રેફ્યુજ Refugeનો અર્થ 'આશ્રયસ્થાન' પણ થાય અને 'કચરો' કે 'ઘરમાં વધેલો કચરાપટ્ટી સામાન' પણ થાય. આ બંને અર્થ આ સંસ્થાના કાર્યમાં અમને સાર્થ લાગ્યા. શ્રી વિશ્વાસ નામના એક હિંદી ખ્રિસ્તી સમાજસેવકે એની સ્થાપના અને વિસ્તાર કરેલાં. એક વખત તેણે કલકત્તાના રાજમાર્ગ પર કોઈ કંગાલનું નધણિયાતું મુર્દું પડી રહેલું જોયું અને તેની અનુકંપા ઊભરાઈ. સેવાવ્રતધારી એ ભાઈએ નગરના કોઈ સૂના અગોચર ખૂણે એક વિશાળ વંડા જેટલી જમીન મેળવી, અને પછી આશ્રય વિનાનાં રખડતાં છોકરાં એકઠાં કરી, ત્યાં તેમને રાખી, ખવડાવી પહેરાવી, રોજ કામ કરાવી ત્યાં પતરાંનાં છાપરાં બાંધ્યાં. આ સાધન-સામગ્રી માટે એ પોતાની આશ્રિત ટોળીને લઈ નગર આખામાં ઘૂમતા. કોઈને પણ ઘરમાંથી ફૂટેલું-તૂટેલું વાસણ-પેટી કે ફર્નિચર સહેજે કાઢી નાખવું હોય તે સ્વીકારી લઈ આવતા. ટ્રંકો બનાવનાર અને ફર્નિચર બનાવનાર એક-બે કારીગરોને તેમના ધંધા માટે પોતાની જમીન પર છાપરાં બાંધી કામ ચાલુ કરવા દીધાં અને બદલામાં તેમાં પોતાના આશ્રિત છોકરાઓને તાલીમ અપાવી, ધંધાના કારીગરો બનાવી ઠેકાણે પાડવા માંડયા. એક નિઃસ્વાર્થ કાર્ય કરનાર, પ્રજાને બોજો કર્યા વિનાશી રીતે સંસ્થા ઊભી કરીને અનાથો પર ઉપકાર કરી શકે તેનો અજબ દાખલો શ્રી વિશ્વાસે પ્રત્યક્ષ કરી આપ્યો હતો. અમે ગયા ત્યારે એ કારખાનાનાં વિદ્યાર્થીગૃહ ને નિર્વાહક્ષેત્રમાં આશ્રિતોની કોઈ કમીના નહોતી.

અન્ય સંસ્થાઓ

રામજીભાઈને તો ખૂબ જ હોંશ હતી કે મોતીભાઈ વધુ સંસ્થાઓ જુએ; પણ બંગાળી ભાષાના અજ્ઞાન તેમજ સંગીત, નાટ્ય આદિ ઇતર કલા માટેની તેમની નિરપેક્ષતાથી અમારે ઘણું જવા દેવું પડયું. છતાં સૅનેટની એક જાહેર સભા જોઈ. તેમાં કોઈ પણ બંગાળી બૂટ-સૂટમાં નહોતો. સ્વદેશીના આંદોલન પછી પ્રત્યેક બંગાળીએ સામાજિક પ્રસંગોમાં લહેરાતા પોશાક—પિછોડી, ખમીસ, પાટલીદાર ધોતી તથા ચમકતા બૂટ—અને સુંદર કેશ-સજાવટનો ભારે આગ્રહ રાખ્યો હતો.

તરાવટનાં મંડળોની એક વાર્ષિક હરીફાઈનો જંગી મેળાવડો એક મોટા બગાન (બગીચા)માં આવેલા લાંબા પટના સરોવરમાં થયો. ત્યાં જાતજાતની તરાવટો—મંચ ઉપરથી છલાંગ, હવામાં ગુલાંટો, વૉટરપોલોની હરીફાઈ અને છેવટ બગીચામાં ઉપાહારની મોજ રામજીભાઇએ કરાવી. હજારો માણસો માટે માટીના રામપાત્રમાં ઊંચી માલદાર ઘીની



પ્રવાસ વેળા કલકત્તામાં લીધેલી સમૂહ-છબિ. દાદર પર છેક ઉપર પાઘડીવાળા રામજીભાઈ, ખેસ-વાળા મોતીભાઈ અમીન; એમની નીચેની હારમાં દાઢીવાળા મણિભાઈ, વચ્ચે રૂમાલ બાંધેલા રવિશંકર રાવળ અને બૅંગ્લોરી ટોપીમાં છોટુભાઈ; હાથમાં કૅમેરા સાથે હૅટવાળા મહેન્દ્રભાઈ, ને નીચે અદબ ભીડેલા તે નારણભાઈ. ઉપર બારીમાં જીવનલાલભાઈનાં પત્ની ચંદાબહેન.

મીઠાઈ અને દૂધના કટોરાની સોઈ હતી. મોટા જાગીરદારો પણ તે હાથ-માં લઈને ફરતા જોયા ત્યારે ચીની વાસણોના વૈભવ પાછળ ખુવાર થતી આપણી અમીરી મિજબાનીઓ પર અમને એ કટાક્ષ જણાયો.

Y.M.C.A. (યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસીએશન) તો એક વિશ્વ-વ્યાપી સંસ્થા છે. કલકત્તામાં તેની ઘણી શાખાઓ છે; પણ પર્સેલ સ્ટ્રીટ પરની શાખા લોકશિક્ષણનું કાર્ય કરે છે તે જાણી અમે ત્યાં ગયા. તેઓ પાસે તે કાળે ૫૦,૦૦૦ લૅન્ટર્ન સ્લાઈડો (દીપચિત્રોના કાચ) છાપેલા લિસ્ટ સાથે તૈયાર હતી, જેમાં જ્ઞાનના અનેક વિષયોનું વિભાગ વાર નિરૂપણ હતું. સાથે ટાઈપ કરેલાં પરિચય-વ્યાખ્યાનો પણ હતાં, અને ગામડામાં પણ ગ્યાસતેલથી ચલાવી શકાય એવાં મૅજિક લૅન્ટર્ન (દીપકયંત્રો) મોટી સંખ્યામાં સંઘરેલાં હતાં. રોજના માત્ર બે રૂપિયાના ભાડાથી એ યંત્ર ને એક વ્યાખ્યાન લોકશિક્ષણ માટે ભાડે આપવાની વ્યવસ્થા હતી. આવી સગવડ બીજાં શહેરોમાં હોય તો આખા પ્રદેશને ઉપયોગી થાય.

રામજીભાઇને મેં કહ્યું કે હું તો કલકત્તાનાં કલાક્ષેત્રો અને કલાનાયકોને નજરે જોવા ઇન્તેજાર છું. અનેક વર્ષોથી 'મૉડર્ન રિવ્યુ'માં પ્રખ્યાત ચિત્રોની પૂર્ણરંગી છાપ આવે છે. તેના બ્લૉકો બનાવનાર ઉપેન્દ્રકિશોર રૅાયનું કારખાનું પણ જોવું છે. રામજીભાઇ સમજી ગયા. એક સવારે મોતીભાઈ અને બીજી મંડળીને કોઈ બીજી મુલાકાતે મોકલી તે મારી સાથે નીકળી પડ્યા. મેં કહ્યું: 'આ પણે જે જોઈશું તેનાં વર્ણનો કરતાં ચિત્રો હોય તો સારું. કોઈ કૅમેરાવાળા મિત્રને સાથે લઈએ.' રામજીભાઈ કહે: 'તમે કૅમેરા વાપરી જાણો છો ને? અત્યારે જ ચાલો કોડાક કંપની-માં, તમને ઠીક લાગે તેવો કૅમેરા મારી વતી ખરીદી લ્યો. તમારું કામ થઈ જાય એટલે ભલે પાછો મને આપી દેજો.' એમ કહી મને નિ-ર્ભ્રાન્ત કર્યો અને કોડાક કંપનીમાં જઈ કાર્ડ સાઈઝનો કૅમેરા, થોડી પ્લેટો વગેરે જરૂરી સામગ્રી લઈ, તરત ત્યાં જ પ્લેટો ભરાવી, બધું સાથે લઈ ચાલ્યા.

૪૮૨ અવનીન્દ્રનાથ ઠાકુર

અમે સીધા પહોંચ્યા દ્વારકાનાથ ટાગોર લે-ઈન (ગલી)માં. બહારથી તો ગલી, પણ અંદર જતાં મોટો ચોક અને ચારે કોર આલીશાં મકાનો! જમણા હાથે પહેલા જ મકાનનો દાદર અમે ચડ્યા. એ દાદરના પ્રથમ જ ટેકે હાથ જો-ડેલી સુંદર ભારતીય પ્રતિમા લગાડી હતી. ઉપર ગયા એટલે વિશાળ લાંબા ખંડમાં ઉપર-નીચે સર્વત્ર ભારતીય કળાની વાડી ઊભરાતી જોઈ.

ખંડમાં બે-ચાર કલાકારોને કામ કરતા જોતા અમે પાછળની ઓતરાદી વિશાળ પરસાળમાં ગયા. ત્યાં આરામ-ખુરશી પર હાથમાં નાના પાટિયા પર કાગળમાં કંઈક ચિત્ર કરતા અવની-બાબુ (કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુર)ને વંદન કરીને પરિચય કર્યો. તેમની પાસે એક મેજ પર પાણીનું કુંડું, રંગની રકાબીઓ અને પીછીઓ પથરાયાં હતાં. ભીંતને અડીને ખાનાંવાળું એક નીચું કબાટ સાધન ને કાગળોથી ભરેલું હતું.

તેમણે મને કહ્યું 'તમે આપણા ઇન્ડિયન આર્ટિસ્ટોને સંદેશો આપજો કે તેઓ રેખાંકનમાં બહુ જ કાચા રહે છે.' તેમની રજા લઈ મેં નવા કૅમેરા પર તેમનો ફોટો લીધો ત્યારે તેમણે જ નજીકમાં કામ કરતા ગગનબાબુ (તેમના ભાઈ ગગનેન્દ્રનાથ ઠાકુર) તરફ આંગળી કરી કહ્યું કે તેમનો પણ ફોટો લ્યો. ગગનબાબુ મૂગામૂગા એક દશ્ય ચીતરતા હતા. એ સાંભળી તેમણે ઊંચું જોઈ અમારી તરફ હાસ્ય કર્યું અને 'વેલકમ' કહ્યું. અમે તેમની પણ એક છબિ લીધી. એ સમયના કૅમેરામાં ઝડપથી ફિલ્મ બદલવાની તરકીબ દાખલ થઈ નહોતી, નહિ તો હું એમના ખંડનાં ઘણાં ચિત્રો લેત. નીકળતાં એમણે સૂચવ્યું કે નંદબાબુ નજીકમાં જ રહે છે તેમને મળજો. તેમની સૂચના પ્રમાણે નંદબાબુની ઓરડી શોધી કાઢી. તે જમીને હાથ-મોં ધોતા હતા. તેઓ કામ તો ઓરીએન્ટલ આર્ટ સોસાએટીમાં જ કરતા હતા, એટલે થોડો પરિચય કરી વિદાય લીધી.

૪૮૩ કૉલેજોનું સંગમકેન્દ્ર

એક દિવસ સાંજે રામજીભાઈની ગોઠવણ પ્રમાણે કલકત્તાની સર્વ કૉલેજોના વિદ્યાર્થીઓની સામાજિક અને સાંસ્કૃતિક એકતા સાધતા 'કૉલેજ ઇન્સ્ટિટ્યૂટ'ના વાર્ષિક સમારંભમાં જવાનું થયું. આ ઇન્સ્ટિ-

ટયૂટ યુનિવર્સિટી વિસ્તારમાં આવેલું એક વિશાળ રંગભવન કે વ્યાખ્યાનગૃહ હતું અને કોઈ પણ કૉલેજના વિદ્યાર્થીઓ તેના સદસ્ય બની રોજ સાંજ-સવાર ત્યાં એક ક્લબની માફક મળતા-હળતા. તેમના માટે આમોદ-પ્રમોદની સર્વ વ્યવસ્થા ત્યાં હતી. ઘરગથ્થુ રમતો—જેવી કે શતરંજ, બ્રિજ, ટેબલ-ટેનિસ વગેરે—ઉપરાંત મેદાની રમતોમાં ટેનિસ કોર્ટ, ક્રિકેટ અને ફૂટબૉલનાં મેદાન ઉપરાંત તરવાનો મોટો હોજ પણ હતો. વિવિધ સામયિક પત્રો ધરાવતા સમૃદ્ધ પુસ્તકાલયનો એક ખંડ પણ હતો. આ બધું તો અમે પૂછપાછથી જાણ્યું. આવા હેતુઓ અને સગવડોવાળી સંસ્થા તે કાળે ગુજરાતમાં અસંભવિત હતી.

આજની સાંજે તેના વાર્ષિક સમારંભ નિમિત્તે વિદ્યાર્થી અભિનેતાઓ એક નાટક રજૂ કરવાના હતા. ઘણે ભાગે તેનું નામ 'રઘુબીર' હતું અને તેના મુખ્ય નાયક તરીકે કૉલેજના એક યુવાન પ્રોફેસર શિશિર ભાદુરી પાઠમાં ઊતરવાના હતા. વિદ્યાર્થીઓ તેના નાટક પરત્વેના અજબ નાદ અને પ્રતિભાપૂર્ણ અભિનયછટા પર મુગ્ધ હતા. બંગાળી પોશાકમાં વાળની, ધોતીની, કફની કે બૂટ-મોજાંની તે કાળે જેટલી ફૅશનો હતી તે બધી ત્યાં નજરે પડતી હતી. ચિક્કાર પ્રેક્ષકભવનમાં અમારી જગ્યાઓ રિઝર્વ થએલી હતી. અમને કોઈને બંગાળી ભાષામાં જરા યે સમજ નહિ પડતી છતાં પણ અમે પ્રો. ભાદુરીનો અભિનય જોઈ વિસ્મિત થઈ ગયા. એ કાળે મને પણ નાટકો માટે કોઈ ખાસ આકર્ષણ નહોતું, પણ ભવિષ્યમાં વર્ષો બાદ બીજી વખતે કલકત્તામાં રોકાઈને સર ચીનુભાઈના કુટુંબમંડળ સાથે શિશિર ભાદુરીને 'સીતા' નાટકમાં રામનું પાત્ર ભજવતા જોયા. ત્યારે એ પ્રોફેસરી છોડી નાટક કંપનીના માલિક બન્યા હતા અને સીતાના એક જ નાટક પર તેમણે કલકત્તાના પ્રેક્ષકોને મહિનાઓ સુધી જે અશ્રુસ્રાવ કરાવ્યો હતો તેના સહૃદય સાક્ષી બન્યા. આ કૉલેજ-કેન્દ્ર કલકત્તાના ભદ્ર સમાજમાં જે એકવાક્યતા અને સંસ્કાર-સમાનતા જમાવી શક્યું હતું તે પણ એક અનુભવ હતો.

૪૮૪ નાનીમોટી સંસ્થાઓ

મુંબાઈ અને કલકત્તામાં મને મોટો ફેર એ લાગ્યો કે મુંબાઈમાં કાયદાબાજો અને ડૉક્ટરોની વાહવાહ હતી, જ્યારે કલકત્તામાં વિદ્યાધામો અને રસાયનશાળાઓ ઉપરાંત ઠેરઠેર સંગીત, રમતો અને કલામહોત્સવો દ્વારા કલાની અભિવ્યક્તિ જણાતી. અમારી યાદીમાં જગદીશચન્દ્ર બોઝનું વિજ્ઞાનભવન જોવાનું ખાસ રાખ્યું હતું. તે કાળે તેઓ વનસ્પતિજગતમાં જીવન છે તેની ખાતરી વિશ્વને કરી આપીને ખૂબ વિખ્યાત થયા હતા. તેઓ પોતે તો ભવનમાં નહોતા પણ એ મહાન પ્રયોગ માટે એમણે જાતે સર્જેલાં યંત્રો તેમના સહાયકોએ બતાવ્યાં. વનસ્પતિને થતી લાગણીઓ યંત્રના દૃશ્યપટ પર કેવા આકાર લે છે તે અમે પ્રત્યક્ષ જોયું. એ બીજાઓને કદાચ બહુ મહત્ત્વનું નહિ લાગ્યું હોય. વળી ત્યાંનું અમારું એક વધુ આકર્ષણ તો વિજ્ઞાનગૃહમાં નંદબાબુએ કરેલું એક મોટું ભીંતચિત્ર હતું, જેમાં શ્રી બોઝ વનસ્પતિઓ સાથે વાર્તાલાપ કરી રહ્યા છે એવી કલ્પના હતી. બંગાળની એ કાળની ઊગતી ચિત્રકળાની પ્રતિષ્ઠા આ વૈજ્ઞાનિકે પોતાને ત્યાં કરી હતી, કારણ કે કળાના સાધકો ત્યારે દેશના મહાન તત્ત્વચિંતકો અને વિદ્વાનોનો સમાગમ પામતા હતા.

આવી ટૂંકી મુલાકાતોમાં 'મૉડર્ન રિવ્યુ'ની ઑફિસ પણ હતી. શ્રી રામાનંદ ચૅટરજીને ત્યાં પ્રત્યક્ષ જોયા. એમના 'મૉડર્ન રિવ્યુ' દ્વારા ભારતના પ્રાંતેપ્રાંતનો યુનિવર્સિટી-શિક્ષિત યુવાન પરિચિત હતો. તેમના પત્રકારત્વમાં સાહિત્ય ઉપરાંત વિશેષત: રાજકારણ, ઇતિહાસ, પુરાતત્ત્વ અને કલા પર દેશના અગ્રણી વિદ્વાનોના લેખો આવતા તેમજ બંગાળની નવી ચિત્રકળાનું દર માસે એકએક ભાવનાપૂર્ણ રંગીન ચિત્ર નિષ્ણાતોની નાની નોંધ સાથે આવતું, આથી એ ચિત્રો ભારતના સંસ્કારી વર્ગમાં ખૂબ પ્રિય થયાં હતાં. ઉપરાંત વિશ્વની મહત્ત્વની બાબતો પર રામાનંદબાબુ પોતે ઘણી નોંધ આપતા. ઘણા તો એ નોંધ ખાતર જ મૉડર્ન રિવ્યુ જોતા. મૉડર્ન રિવ્યુનું જ જોડિયું માસિક 'પ્રવાસી' બંગાળી ભાષામાં નીકળતું એટલે સાધારણ સુજ્ઞ બંગાળી વધારે જ્ઞાન-સંપન્ન લાગતો.

એમની જ પ્રેરણાથી ઉપેન્દ્રકિશોર રૉય (આજના જાણીતા સત્યજિત રાયના પ્રપિતામહ) બી.એ. થયા પછી જર્મની જઈ પુસ્તકો તથા સામયિકોમાં છાપવાના રંગીન તથા સાદા બ્લૉક બનાવવાનું શીખી આવેલા. એમના બનાવેલા પૂર્ણરંગી બ્લૉકોમાં રંગની સુરમ્ય મિલાવટથી તેના સ્ક્રીન (છાપકણો) ગોળાકાર બની જતા. આ કસબ માટે ખુદ જર્મનીથી તેમની પ્રશંસા થઈ હતી. રાષ્ટ્રીય સંસ્કાર-વિકાસ માટે મુદ્રણકળામાં બ્લૉક-કામનું કેટલું મહત્ત્વ છે તે રામાનંદ બાબુ અને ઉપેન્દ્ર બાબુ બરોબર સમજ્યા હતા. એમણે તો બંગાળનાં બાળકો માટે આરંભથી જ 'શિશુ' નામનું સચિત્ર માસિક પોતાના તંત્રીપણા નીચે પોતાના પ્રેસમાંથી પ્રકટ કરવા માંડયું હતું અને તેમાં પણ રંગીન ચિત્રો ભરચક રહેતાં.

આ મુલાકાત પછી મોતીભાઈનો અભિપ્રાય દૃઢ થયો કે પ્રજાની ચોપડીઓ માટે ચિત્રોનું મહત્ત્વ ઘણું છે અને 'શિશુ' જેવું સુંદર બાલ-માસિક ગુજરાતમાં હોવું જોઈએ. રામજીભાઈ તો એ સાંભળી ખૂબ રાજી થયા અને કહ્યું: 'આ રવિભાઈ તમારી સાથે છે. એમને જ આ કામ ભળાવોને.' એ વખતે મોતીભાઈને મારાં જ્ઞાન અને શક્તિ વિષે ઝાઝો ખયાલ નહોતો. કદાચ 'વીસમી સદી' માસિક પણ તેમની ભાવના-સૃષ્ટિમાં વૈભવી અને રાગી લાગ્યું હશે તેથી એ જોતા પણ નહિ હોય! પણ આ કામ ચરોતર કેળવણી મંડળ દ્વારા કરાવવું એવો તેમણે નિર્ણય લીધો અને બંગાળી માસિક 'શિશુ'ની શરૂઆતથી બધી જ બાંધેલી ફાઇલોનો ઑર્ડર આપી દીધો, એટલું જ નહિ પણ તેમાં છપાએલાં રંગીન ચિત્રો તેમને ત્યાં જ છપાવી મંગાવવાની વાત પણ કરી લીધી. ઉપેન્દ્રબાબુએ મુક્ત ભાવે તેમાં સહકાર આપવા વચન આપ્યું. વાચકોને યાદ આપવું જોઈએ કે ઉપેન્દ્ર બાબુ પણ રામાનંદ ચૅટરજી અને ટાગોર કુટુંબના સંસ્કારમંડળના સમાગમમાં હતા અને બંગાળની ઊછરતી પ્રજાના ઘડવૈયા તરીકે એક મહાન પ્રજાસેવક લેખે પ્રસિદ્ધ હતા.

૪૮૫ ઓરીએન્ટલ આર્ટ સોસાએટી

વચ્ચેવચ્ચે સમય મળતાં અમારા મંડળના વેપારી ભાઈઓ કલકત્તાનું બજાર જોઈ આવતા હતા, ત્યારે હું એક વાર રામજીભાઈ સાથે સમવાય મૅન્શનમાં 'ઇન્ડિયન સોસાએટી ઑવ ઓરીએન્ટલઆર્ટ' જોવા ગયો. એક મોટા મકાનના વિશાળ ફ્લૅટમાં કલકત્તાના અગ્રગણ્ય કલાભક્તોએ આ કલાસંસદ સ્થાપી હતી. જસ્ટિસ વૂડરૉફ તેના પેટ્રન અને સદા મુલાકાતી હતા. ત્યાં નવી ચિત્રકળાનાં પ્રદર્શનો થતાં ને નવા વિદ્યાર્થીઓને શિક્ષણ પણ મળતું. ત્યાંની સજાવટ તેમજ મુલાયમ રંગછટાવાળાં ચિત્રો અને જમીન પર બેસી ભારતીય ઢબે ચીતરતા જુવાન ચિત્રકારોને જોઈ મને આવી કોઈ સંસ્થા ગુજરાતમાં હોય તો સ્વર્ગ મળ્યું માનું એવા વિચારો આવ્યા. તેમને પ્રેરણા આપતા જુવાન સેક્રેટરી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી ત્યાં બેઠા હતા, તેમની સાથેની વાતોમાં પશ્ચિમની ચિત્ર-પ્રણાલી તરફ તેમણે ખૂબ જ અરુચિ બતાવી. દેવીપ્રસાદ રાયચૌધરી નામના એક જુવાન ચિત્રકારે ચોમાસામાં ગામડાના ચીલા પર ગાડું ધકેલતા ખેડૂતોનું કરેલું ચિત્ર મને બતાવી તેમણે ટીકા કરી કે આ એક કલ્પનાબાજ ચિત્રકાર છે, પણ તેણે આકારોને યુરોપી રીતે વાસ્તવતા આપવા પ્રયત્ન કર્યો છે. પાછળથી મેં એ ચિત્ર મૉડર્ન રિવ્યુમાં છપાએલું જોયું હતું. આ દિવસોમાં કલકત્તામાં શ્રી અવનીન્દ્રનાથ ટાગોર જ મુખ્ય કલાનાયક હતા અને નંદબાબુ તેમના આદેશ પ્રમાણે ઓરીએન્ટલ આર્ટ સોસાએટીમાં શિક્ષણ આપતા હતા. (ચાલુ)



ચન્દ્રવદન મહેતા અમેરિકામાં

અભ્યાસક્રમનો અંતભાગ

અંતરગઠરી-૨૮

ચન્દ્રવદન મહેતા

અભ્યાસક્રમના ત્રીજા વિભાગમાં સંસ્કૃત યુગ, મધ્યકાલીન, અને ત્યાર પછીના સમયમાં ધારવા કરતાં મારાં લેક્ચર્સ વધી ગયાં, અને દોઢ પોણા બે કલાક ચાલવા ઉપરાંત એકબે વધારવાં પણ પડયાં. અંગ્રેજી ડિપાર્ટમેન્ટનાં વડાં મિસ રીસે મને કહેવડાવ્યું કે વધારે કરવાની જરૂર નથી: જેટલું થયું છે. તે બસ છે. પણ અભ્યાસક્રમ મારો ઘડેલો, એટલે મમત્વ, અને આ કામમાં જશ મેળવવાની આકાંક્ષા પણ ખરી. હું કયાં નિઃસ્વાર્થી, સેવાભાવી, ઈશાવાસ્ય ઉપનિષદના 'તેન ત્યક્તેન ભુંજીથા' સૂત્રનો આચરનારો, કોઈ મહેશ યોગી જેવો હતો? એટલે ત્રીજા વિભાગમાં અશોક, હર્ષ, બાબર, અકબર આદિની સાહિત્ય ઉપર શી અસર થઈ તેની તારવણી કરી.

ફ્રાંસમાં મેં સાંભળેલું કે નેપોલિયન ઉપર જેટલાં પુસ્તકો લખાયાં એટલાં બીજા કોઈ ફ્રેન્ચ બાદશાહ ઉપર નથી લખાયાં. આપણે ત્યાં અશોક ઉપર બહુ નહિ: એના શિલાલેખો-ધર્મસૂત્રોની સાહિત્યમાં અસર ગણીએ તે. અકબર ઉપર, નેપોલિયનના પ્રમાણમાં, ભાષા-દેશ-કાળની સરખામણીએ, ઓછાં ન ગણાય. નાનાલાલ કવિના નાટક 'અકબરશાહ'ની પ્રસ્તાવના વાંચી જજો. અકબરના સમયમાં સાહિત્યના ઘાટ ઘડાવા માંડયા. અને બાબર-ચા બાબૂર—જેવો પરાક્રમી એવો જ કવિ સમ્રાટ. કાબુલના બાગોમાં શાયરોને એકઠા કરી શાયરી લલકારતો! નેપોલિયનની માફક 'ફ્રૉમ સ્ક્રૅચ'—શૂન્યમાંથી શાહાનશાહી સરજનારો. બાબર ઉપર જે એક બે સુંદર પુસ્તકો મળી શકે છે તે વાંચી જતાં, એની મહત્તા સમજાશે. જો બાબર યુરોપમાં જન્મ્યો હોત તો ત્યાંના લેખકો ગ્રંથો ભરીભરીને એનાં વખાણ કરત.

કયાં તાશ્કંદ! ત્યાંથી કાકાએ ભાગ માટે દાવો કરતાં કાઢી મૂકેલો. લડયો, ઝૂઝયો, પછડાયો, ભૂખમરો ભોગવતાં છતાં વફાદાર સૈનિકોની નિષ્ઠાને સાચવી રાખતી નેતાગીરી કેળવી; આ બાજુ આવી કાબુલનું રાજ્ય સ્થાપ્યું, દિલ્હીનું તખ્ત સર કર્યું. શાયરીમાં મસ્ત અને સાથે ખુદાનો ધર્મનિષ્ઠ બંદો. એણે પોતાનાં સંસ્મરણો લખ્યાં-લખાવ્યાં છે. આજથી પાંચસો વર્ષો પહેલાં તાપે ધગધગતા અને બરફે ઢંકાએલા પહાડી પ્રદેશોમાં ઘૂમ્યો. રેડિયો નહિ, એરોપ્લેન નહિ, ફ્રિજીડેર નહિ, થરમૉસ નહિ, ટેલિફોન નહિ, કૉમ્પ્યુટરો નહિ, નોટોના થોકડા નહિ, હાથમાં મોટી ટંકશાળ નહિ, છતાં એની કામગીરી નાણો. (અલબત્ત, કનિષ્કે તાશ્કંદથી જાવા-સુમાત્રા નહિ તો બ્રહ્મદેશ સુધી રાજ્ય કર્યું એમ કહેવાય છે, પણ મારે વર્ગમાં બોલવા માવો-મસાલો લાવવો કયાંથી?) નેપોલિયન અને બાબરની સરખામણી કરવા જેવી છે. પેલો પારી(સ)થી મૉસ્કો જવા ઊપડયો, હાર્યો. બાબર તાશ્કંદથી દિલ્હી આવ્યો, જીત્યો. અને સાહેબ, નકશામાં પારી(સ)થી મૉસ્કો અને તાશ્કંદથી દિલ્હીનાં અંતર સરખાવો, છક થઈ જશો. 'એમ્પરર બાબર ઍન્ડ વાસ્કો ડા ગામા' નામનું મૅક્ફાલેનનું પુસ્તક અને હૅરૉલ્ડ લૅમ્બનું 'બાબર ધ ટાઈગર' એ બે પુસ્તકો જુઓ. હજી વધુ રસિક વર્ણનો વાંચવાં હોય તો 'બિલ્ડર્સ ઑવ મુઘલ એમ્પાયર'ની માળામાં માઈકલ પ્રોડીનનું 'બાબર' (ઍલન અનવિનનું પ્રકાશન) જુઓ: વિગતોથી ભરપૂર, સચોટ શૈલીમાં.

બાબર જેવો દાદો હતો, એવો એનો પૌત્ર 'અકબર ધ ગ્રેટ' પાકયો. (જોકે આજે તો દિલ્હીમાં અકબરને પણ ગાળો દેતી ચોપડીઓ પ્રકટ થવા માંડી છે!) કૅનૅડામાં મને અકબર અને જેસ્યુઈટ્સ (સી. એચ. પેઈન) એ મૂળ પોર્ચુગીઝ ઉપરથી લખાએલું પુસ્તક જોવા મળેલું; મારા એક વિદ્યાર્થી જૅાન ડ્રુ ત્યાં પ્રોફેસર, એણે મને બતાવ્યું. એમાં લાહોરમાં અકબર બાદશાહની સમક્ષ સને ૧૬૦૦માં પહેલું યુરોપિયન નાટક-'એ મોરાલિટી પ્લે' ભજવેલું એનું વર્ણન છે. સંશોધનની દૃષ્ટિએ આ કામનું પુસ્તક છે. પછી તો જૉન ડ્રુએ આપણી દિલ્હીની સંગીત-નાટક અકાદમીના આશ્રયે પ્રગટ થતા ત્રૈમાસિકમાં એ સંબંધી લેખ પણ લખ્યો છે. (જુઓ સંગીત નાટક અકાદમી જર્નલ જાન્યુ.-માર્ચ ૧૯૬૮.)

આ બાદશાહો પછીનું વ્યાખ્યાન 'ગઝલ' પર કર્યું. એમાં ગઝલનો અર્થ, હાફેઝ તથા ઓમરની અંગ્રેજીમાં મળતી ગઝલો ને રૂબાઇઓ એમાં વણાતા વિષય, ગઝલના બંધ, એ પ્રકારની લખાવટ છેક માડ્રિડ સુધી સ્પેનમાં મળે છે તે, સર્વાન્ટિસમાં એના ઈશારા—ત્યાંથી માંડીને ભારતમાં ખાસ કરી ઉર્દૂમાં ને ગુજરાતીમાં, તથા અંગ્રેજીમાં થએલા ઢગલાબંધ અનુવાદો, થકી માતબર થએલું સાહિત્ય અને એ થકી સમૃદ્ધ થએલી ફિલસૂફી.

અસ્પાનિયામાં ગઝલ મળે છે, તો સોરઠનો અને દક્ષિણ રાજસ્થાનનો યા ઉત્તર ગુજરાતનો દૂહો પણ છે. એ જ મરોડ, હલક, વળાક અને ચોટ. હવે તો જાણીતી વાત છે કે અહીંથી હિજરતે ગએલા વણઝારા તે જ જિપ્સી. એમના ઘરસંસારમાં 'આંખ, કાન, નાક, જીભ' એ જ મૂળ સોબસો શબ્દો. અને એમાંના જે અસ્પાનિયા સુધી પહોંચ્યા તેમના નૃત્ય તાલમાં હિંદના સંગીતને મળતા જ તાલ. ને નૃત્યની નાયિકા, કૅસ્ટેનાટ (એટલે કે લાકડાની પતાકડી) વગાડતી નાચવા નીકળે તે પહેલાં નાયક ત્યાં જે દુહો લલકારે, કદીક સામે ઉપનાયક હોય તો તે એ જ હલકથી એ જ સૂરથી સામે ફટકારે, એ બધું દુહાનું જ બંધારણ.

પછી એક ભાષણ 'હિન્દુઈઝમ' ઉપર આપ્યું. એ માટે તો અસંખ્ય પુસ્તકો છે જ; એમ ઝોરૉએસ્ટ્રિયન ધર્મ ઉપર; અને એમ લ્હેકતાં, પાછા સાહિત્યના બંધ ઉપર આવતાં, ડ્રાઈડનનું અતિ સુંદર નાટક 'ઔરંગઝેબ' હાથમાં લીધું. આપણે ત્યાં પરદેશી નાટકો ભજવવા તૂટી પડીએ છીએ, પણ હિન્દના વિષયનું કાબેલ હાથે લખાએલું આ નાટક કેમ કોઈ હાથમાં નહિ લેતું હોય? ડ્રાઈડનનું અને દ્વિજેન્દ્રલાલ રૉયનું એમ આ વિષય ઉપરનાં બંને નાટકો સરખાવવા જેવાં છે; જોજો.

અઢારમી સદીમાં રૉજરે-ડચમૅને-ભર્તૃહરીનો પહેલો અનુવાદ યુરોપને આપ્યો. ઔરંગઝેબના મોટા ભાઈ દારા શિકોહે લખેલા ઉપનિષદનો મુસાફર બર્નિયરે ત્યાં પરિચય કરાવ્યો. ઈ. ૧૭૮૫માં ચેરી વિલ્કિન્સે ભગવદ્‌ગીતાનો પાઠ ત્યાં ભણાવ્યો. ઈ. ૧૭૮૯માં સર વિલિયમ જોન્સે કાલિદાસનું શાકુન્તલ યુરોપને આપ્યું. 'લીગસી ઑવ ઇન્ડિયા' નામે જી. ટી. ગૅરેટનું પુસ્તક (ઑક્સફર્ડનું પ્રકાશન) મળે તો વાંચજો. એમાં ઘણી રસિક વાતો છે. ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો એક કર્મચારી ઍલેક્ઝાન્ડર હૅમિલ્ટન રજા ઉપર ઇંગ્લંડ ગએલો, ત્યાંથી પાછા ફરતાં નેપોલિયનના યુદ્ધના સમયમાં એને ફ્રાન્સમાં નજરકેદ રાખવામાં આવ્યો. આ બન્દાને

સંસ્કૃત આવડે, એટલે ત્યાં એને એક વિદ્યાર્થીનો ભેટો થયો. તે યુરોપનો મોટો વિવેચક અને ફિલસૂફ સ્લીગલ. આમ સંસ્કૃત અકસ્માત જર્મનીમાં પુનર્જીવન પામ્યું, અને ત્યાં ગટે (ગ્યેટે, ગોઈટે, ગથે—જે કહેવું હોય તે કહો)ની આંખે ચડયું. ઈ. ૧૭૯૧માં જર્મન ભાષામાં ફૉસ્ટરનો શાકુન્તલનો અનુવાદ ગટેના વાંચવામાં આવ્યો. અને અસર? એણે જે વિખ્યાત 'ફાઉસ્ટ' નાટક લખ્યું એમાં સૂત્રધાર, વિદૂષક ને લેખક લાવી પ્રસ્તાવનાનું દશ્ય આલેખ્યું. એ જ વિવેચક લખે છે કે શકુન્તલાના વસ્તુ ઉપરથી એ જ રીતે ગટેએ એક બીજું નાટક લખવા વડુ બાંધેલું. (વડુ બાંધવું એટલે નાટકનો વસ્તુ-વિકાસ ગોઠવવો.) અસર પૂછો છો? કૅન્ટે ઉપનિષદ વાંચ્યાં, કવિ શિલરે મેઘદૂત વાંચ્યું, પોતાના 'મેરિયા સ્ટૂઅર્ટ'ની કૃતિમાં મેઘદૂતમાંથી સારું ઉતાર્યું. જર્મનીના ત્યારના પ્રખ્યાત કવિ હાઈનનાં કાવ્યોમાં સંસ્કૃત ઊર્મિકાવ્યોની સારી અસર પ્રમાણી શકાય છે. પણ એ પહેલાં મહમદ ગઝની સોમનાથનું મંદિર લૂટવા આવ્યો ત્યારે એની સાથે અલ બરૂની આવ્યો હતો. અને હિન્દમાં આવી એણે સંસ્કૃત પુરાણો અને ગીતાનો અભ્યાસ કર્યો. ભૂગોળ-ખગોળ-ગણિત પઢયો—અને એમાંથી ઘણાંના ફારસીમાં તરજૂમો કર્યો.

પરસ્પરની અસરોમાં શેક્સપીઅરની આપણે ત્યાં આપણી ચૌદે ભાષાઓ પર અસર એ મુદ્દો છેલ્લાં પાંચ-છ વર્ષમાં પૂરો ચર્ચાઈ ગયો છે. શેક્સપીઅરે પોતાનાં નાટકોમાં, જ્યાં જ્યાં જાહોજલાલીની, મોતીના દાગીના-ઘરેણાંની વાત આવે ત્યાં હિન્દુસ્તાનના જીવનમાંથી ઉલ્લેખો કર્યા છે, એવો એક લેખકનો લેખ પણ હાથ લાગ્યો. શેક્સપીઅર એના નાટકોમાં હિન્દુસ્તાનના વીસ વાર એવા ઉલ્લેખ કરે છે. એક-બે વાનગી: 'કિંગ લીઅર'ના શાહી તાજમાં હિન્દના હીરા છે; 'મિડ સમર નાઈટ્સ ડ્રીમ'માં પણ એક પાત્ર 'હિન્દુસ્તાનની મોતી-ગૂંથી પથારી'માં પોઢે છે. એ પછી અરબીમાં પણ શેક્સપીઅર કેવો પથરાયો છે, એની વાત કરી.

આમ નાટકના વિષયને વિગત વાર પતાવ્યા બાદ પૂર્વમાં બ્રિટિશ રાજ્યની અસર હેઠળ કર્નલ મેડોઝ ટેલરની અંગ્રેજી નવલકથા 'સીતા'થી લઈ ઈ. ૧૯૬૦ સુધીનો નવલકથાનો નકશો દોરી આપ્યો. કિપ્લિંગે 'કિમ' નવલકથામાં હિન્દના વિષયને પકડયો, એમ નીલા ઍલેક્ઝાન્ડરે મુઘલ રાજ્યના વિષયો પકડયા. હિંદી લેખકોએ યુરોપના વિષયો પણ આલેખ્યા. એ બધું પતાવી, જેમ ગઝલ-દુહાના બંધ ત્યાં વિસ્તર્યા તેમ આપણે ત્યાં કવિતામાં ઓડ, સૉનેટ, એલેજી, બૅલડ લિરિક, તેમજ એકાંકી, લલિત નિબંધ, ટૂંકી વાર્તાઓ વિશે બે-એક ભાષણોમાં કહાણી તારવી બતાવી. હિન્દુસ્તાનની પણ કથાવાર્તાઓ યુરોપનાં નાટક, ઑપેરા, બાલે અને કથાસાહિત્યમાં પાંગરી છે એના પણ દાખલા ટાંકી બતાવ્યા.

ઈ. ૧૮૩૦માં પારી(સ)માં 'દેવ અને દેવદાસી' નામે ભારતીય વિષય ઉપર યોજાએલું બાલેનૃત્ય રજૂ થએલું: 'લ દ્યુ એત લા બાયાદેર' બાયાદેર એટલે ડાન્સિંગ ગર્લ, દેવદાસી. ઈ. ૧૫૯૮માં વાસ્કો ડા ગામા કાલીકટના બંદર ઉપર ઊતર્યો ત્યારે એ ફિરંગી આ શબ્દ પહેલો શીખેલો! ઈ. ૧૮૭૭માં એ જ બાલે રશિયામાં રજૂ થયું. આના પાવલોવાએ પણ એ બાલેમાં નર્તકી તરીકે પાઠ ભજવેલો. આપણે ત્યાંના જીવનમાંથી લાલા રૂખ નામે એક ગ્રંથ લખાયો, એ ઉપરથી પણ બાલેનૃત્ય રચાયું અને ૧૮૪૬માં લંડનમાં એ રજૂ થયું. ઈ. ૧૮૫૮માં કાલિદાસના શાકુન્તલ ઉપરથી બાલે યોજાયું ને તે પારી(સ) ભજવાયું. કાલિદાસનું શાકુન્તલ, ગટેને શિલર, બાલેનો બંધ,—ક્યાંક્યાં સંબંધો બંધાય છે! યુનાઈટેડ સ્ટેટ્સની એક નૃત્યમંડળી 'ડેનિશૉન ડાન્સર્સ' ૧૯૨૦-૩૦ની વચ્ચે મુંબાઈમાં એક્સેલસીઅર થીએટરમાં પોતાના કાર્યક્રમ રજૂ કરવા આવેલી, તે અમે જોએલા. એમાંનાં રૂથ બાઈ—રૂથ સેન્ટ ડેનિસ—નો ભારતીય નૃત્ય પ્રત્યે સારો ભાવ, અને એ વિષે શીખી જાણી એક આખી હારમાળા એણે રજૂ કરેલી. એમાં ન્યૂ યૉર્કના એક બાગમાં એણે 'દિલ્હીની ગલીઓ' નામે એક કાર્યક્રમ રજૂ કર્યો હતો. (એને વિષે 'કુમાર'માં સુનીલ કોઠારીના લેખમાં ૫૩૨-૫૩૪ના અંકમાં વિગતવાર મળશે).

ફોઈશ્વૅંગલર—જર્મન નવલકથાકાર અને નાટકકારે લૉર્ડ હેસ્ટિંગ્સની કથામાં ઠીક પ્રમાણમાં હિંદુસ્તાનનો ઇતિહાસ રજૂ કર્યો છે. આપણે ત્યાં 'હેસ્ટિંગ્સની સોટી' નામે નવલકથા, અસલના પ્રખ્યાત 'ગુજરાતી' સાપ્તાહિકની ભેટ તરીકે બહાર પડેલી. એનો નાયક લૉર્ડ હેસ્ટિંગ્સ ભારતનો ગવર્નર જનરલ એક જર્મન ચિત્રકારની વહુને પરણેલો. એ વહુ જર્મનીમાંના હૅનોવર પ્રાંતની. એમાંથી એ વાર્તા વણી કાઢેલી. સમરસેટ મૉમની 'રેઝર્સ એજ્જ'ની જાણીતી નવલકથાનો વિષય યુરોપીય ગણશો કે ભારતીય આમ સારા પ્રમાણમાં અરસપરસની આપ-લે જોવા મળશે.

'ક્વાએટ ફ્લોઝ ધ ડૉન' એ શોલોખોવની એક સુંદર અને એક વખત ઘણી લોકપ્રિય નવલકથા. અમારા વર્ગમાં કેટલાક વિદ્યાર્થીઓ વળી નિબંધ લખી અમુક પ્રકારના માર્ક મેળવી લેનારા. એમાં એકને મેં ટાગોરની 'ગોરા' અને 'ક્વાએટ ફ્લોઝ ધ ડૉન'ના ઘડતરમાં ગંગા ને ડાન્યુબ એ બે નદીઓએ કેટલો મહત્ત્વનો ફાળો આપ્યો છે એનો અભ્યાસ કરી નિબંધ તૈયાર કરાવ્યો હતો. તે એટલો સારો હતો કે એ ખાતાના મુખપત્રમાં એ છપાયો પણ હતો. હવે છેવટનાં લેક્ચરોમાં ગાંધી, ટાગોર, એમર્સન અને ટૉલ્સ્ટૉયની વિચારધારાઓમાં સામ્ય શોધવાનું હતું. ટાગોર ને એની કૃતિઓ ઉપર એક સ્વતંત્ર વર્ગ લઈ આગળ ચાલ્યા હતા.

બીજો એક વિષય અમેરિકન કવિ વૉલ્ટ વ્હિટમૅન ઉપરનો હતો. હિન્દુ ધર્મ, વેદાંત, ઉપનિષદ ને ભારતીય સાહિત્યની વાતો પણ ઠીકઠીક થએલી, એટલે વ્હિટમૅનના વિચારોમાંનાં તત્ત્વો ઉપર ચર્ચા કરવાની મજા આવી. થૉરો અને શાપીરો એ બે મહાશયોએ વ્હિટમૅનના લખાણમાં ઓરીએન્ટલ તત્ત્વ પ્રમાણી સ્વતંત્ર પુસ્તકો લખ્યાં છે. એક વિવેચક એને શક્તિ, શંકર અને બ્રહ્માના ખયાલની ઘણી નિકટ પહોંચતી વ્યક્તિ તરીકે ગણાવે છે, તો બીજા એની આખી વિચારધારાને એક છિન્નભિન્ન, અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થએલી જોઈ વખોડે પણ છે. એકે એને વેદાંતી પણ કહ્યો છે ને એ માટે એની કવિતાઓ પણ ટાંકી બતાવી છે. વ્હિટમૅન આમ ચર્ચાસ્પદ વ્યક્તિ હોઈ, મારે બે લેક્ચરમાં ન પત્યું. એક દિવસ તો ચર્ચાસભા જ રાખવામાં આવી. વ્હિટમૅન પોતાની જાતને સંબોધે છે. એ પોતે 'આઈ' 'આઈ' કહીને પોતાના હુંપદને જે ઘણી વાર આગળ કરે છે, એ 'અહં બ્રહ્માસ્મિ'ના અર્થમાં એમ પણ ઘટાવવામાં આવે છે. એક વિદ્યાર્થી તો વ્હિટમૅનની તરફેણમાં મિ. ચારીનું 'વ્હિટમૅન ઈન ધ લાઈટ ઑવ વેદાન્ત'નું પુસ્તક લઈ, એમાંથી સૂત્રો લલકારવા મચી પડયા હતા. છાંદોગ્ય ઉપનિષદમાંનાં રહસ્યો તારવી વ્હિટમૅનનાં લખાણોમાંથી તારવનારા પણ હતા. એની શરૂઆતના કાળની કેટલીક કવિતામાં વ્હિટમૅનીઆ ખીચડો—ગોટાળો છે તેની પણ ત્યાં રજૂઆત થઈ હતી. એક શૂરા વિદ્યાર્થીએ તો આડા ફાટી 'ફ્રૉસ્ટ જ અમેરિકાનો સાચો કવિ, વ્હિટમૅન વળી કોણ થાય છે?' એવો પણ પડકાર કર્યો. મુદ્દાસર નહિ બોલવું, એ કંઈ કોઈના બાપનો ઈજારો તો નથી જ, એટલે એવે પ્રસંગે સભાસંચાલન કરવું કેટલું કપરું થઈ પડે છે એનો પણ સારો અનુભવ થયો: પેલાને ડામવા જતાં ફ્રૉસ્ટને ક્યાંક ડામ લાગી જાય તો આપણા બાર વાગી જાય! ફ્રૉસ્ટને માટે અમને સૌને માન છે, એટલે એને માટે ભવિષ્યમાં બીજો અવસર' નક્કી કરવાનું ઠરાવી હાલનું શૂળીનું વિઘ્ન કાંટા થકી ટાળ્યું. છેવટે ઉપસંહારમાં એનું 'સૉંગ ઑવ માઇસેલ્ફ' ટાંકી, 'મારા થકી કશું જ અદકું નથી,—પ્રભુ પણ નહિ—કારણ જે પૂર્ણ છે, તે હું જ છું, હું તે જ તત્ત્વ છે, તે છે, અને તે પૂર્ણમાંથી પ્રગટયું છે, એટલે જ તે પૂર્ણ છે, એટલે હું તે જ તત્ત્વ છું, સનાતન છું, સત્ય છું.' આમ એની તત્ત્વમસિની ભાવના રજૂ કરી આખી હારમાળા પૂરી કરી.

આમ આ ભાષણોમાં, વર્ગ લેવામાં બહુ મઝા આવી, ઘણી અવનવી

વસ્તુઓ જાણવા મળી. જ્ઞાનને કશી સીમા જ નથી. હવે આ અભ્યાસ દરમ્યાન આ લેખમાં નહિ ટાંકેલા કેટલાક લેખો, અને કેટલીક જાણવા જેવી એકાદ બે વિગતોના ઈશારા કરીશું. એક ઠેકાણે એવી નોંધ મળી કે કેટલાંક પંખીઓ વિષ-વ્યાપારને પારખી શકે છે, એમનામાં એ શક્તિ હોય છે. જે કાર્પેન્ટિયરના કૌટિલ્યના અર્થશાસ્ત્રના પહેલા પ્રકરણમાં આવો ઉલ્લેખ છે. મેનાપોપટ જો ઝેરી નાગ કે ઝેરી સાપ જુએ તો તરત ચીસાચીસ કરી મૂકે છે. ચકોર વિષ ભાળતાં પોતાનો રંગ બદલી શકે છે. કોયલ મૃત્યુ પામે છે. (બુલેટિન ઑાવ ધ સ્કૂલ ઑાવ ઓરીએન્ટલ સ્ટડીઝ ૧૯૨૮–૩૦) વળી કહે છે એ જ મતલબનાં લખાણ શુશ્રૂતમાં અને મનુસ્મૃતિ ઉપરની મેધાતિથિની ટીકાઓમાં પણ છે. અંતઃપુરમાં પત્નીઓની સલામતી માટે આ પ્રકારનાં પક્ષીઓને પાળીને રાખવામાં આવતાં હશે?

રૉલિન્સન કૃત 'ઇન્ડિયા ઍન્ડ વેસ્ટર્ન વર્લ્ડ'માં ઈ.સ. પૂર્વે ૧૪–૧૫ના સમયના હિટ્ટાઈટ રાજાઓના કોતરેલા જે લેખોના ઉલ્લેખો છે તે પૈકીના એકમાં હિન્દના વ્યાપારીઓ બૅબિલોન વ્યાપાર કરવા જતા ત્યારે કાગડો, મોર વગેરે પક્ષીઓ ત્યાં ભેટ આપવા લઈ જતા એમ જણાવ્યું છે. તક્ષશિલામાં ઍલેક્ઝાંડરે તો 'લગ્નનું બજાર' પણ જોયું–જાણ્યું હતું!

આ તો અંગ્રેજી ડિપાર્ટમેન્ટમાં; પણ આ અરસપરસની સાહિત્યની અસરો પેઠે સામાજિકશાસ્ત્રના વિષયમાં પણ આવો અભ્યાસક્રમ ઉપયોગી અને રસિક નીવડે. 'ઇન્ડિયન લિટરેચર'માં (ઈ. ૧૯૬૫ પૃ. ૯૦–૧૦૭) 'ફ્રેન્ચ ઈન્ફ્લુએન્સીઝ ઈન કૉન્ટેમ્પરરી બંગાળી પોએટ્રી' લેખ વાંચવા જેવો છે. સામાન્ય રીતે બંગાળીજન, અને તેમાંયે પોતાને કંઈક વધારે બુદ્ધિશાળી માનતો બંગાળી, બંગાળમાં કદી કોઈ બહિર્ અસર થાય યા થઈ શકે એમ ન માને, તે બંગાળી કવિતા ઉપર ફિરાંસી અસરને કબૂલ કરે એ જ નવાઈની વાત! હા, તરુદત્ત ત્યાં ગઈ, ફ્રેન્ચ શીખી, ફ્રેન્ચમાં લખ્યું, બંગાળીમાં પણ લખ્યું, એમ બન્યું છે, પણ તે ઉપરાંતની અસરો પણ આમાં નોંધવામાં આવી છે. સામે પક્ષે એ લોકો કંઈ ચૂકે એવા નથી તો! જાન્યુ. ૧૯૬૫ના 'કલકત્તા રિવ્યુ'ના ૧૭૪મા પાને 'અર્લી ઈન્ફ્લુએન્સીઝ ઑાવ ઇન્ડિયન લિટરેચર ઈન ફ્રાન્સ'નો લેખ ફટકારવામાં આવ્યો છે. ફ્રાન્સ તો હમણાંનું, એની ઉપર હિન્દી સાહિત્યની અસર થએલી; એ પણ વાંચવા જેવો લેખ છે. 'જર્નલ ઑાવ એસ્થેટિક ઍન્ડ આર્ટ ક્રિટિસિઝમ' (ફૉલ–૧૯૬૫)ના ખાસ અંકમાં કવિ કોલરિજ અને પં. અભિનવગુપ્ત એ બેની કલ્પનાશક્તિની સરખામણી કરનારો એક સુંદર લેખ છે. ૧૯૬૬ના 'ઇન્ડિયન સ્ટડીઝ (વૉ. ૭)'માં 'બાઈબલ અને પુરાણ' ઉપર વૉલ્ટર રૂબેનનો પણ મહત્ત્વનો લેખ છે. પહેલા લેખમાં ખ્રિસ્તી અને શૈવ સિદ્ધાંતો વચ્ચે સરખામણી કરી સારું પૃથક્કરણ કરવામાં આવ્યું છે. આપણે ત્યાંના પી. ઈ. એન. ૧૯૬૪ના ડિસેમ્બરના અંકમાં 'મુસ્લિમ લેખકોનો સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ' અગત્યનો લેખ ગણાય.

હવે વિદ્વાનોની એક બીજી યાદી જોઈ આ અભ્યાસક્રમની વાત પર પડદો પાડીએ. ચાર્લ્સ વિલ્કિન્સનું નામ આપણે આગળ ઉપર જોઈ ગયા છીએ. એણે ઈ. ૧૭૮૫માં ભગવદ્‌ગીતાનો અનુવાદ તો કર્યો, પણ સાથે હિતોપદેશનો પણ અંગ્રેજીમાં અનુવાદ કર્યો. એને સંસ્કૃત આવડે. કલકત્તામાં કંપની સરકારની નોકરી કરતાં એ કોઈ શાસ્ત્રી પાસે શીખી ગયો. હૉરેસ વિલ્સનના સંસ્કૃત અનુવાદો તો જાણીતા છે એટલે એનાં પુસ્તકોની યાદીમાં નહિ પડીએ. વિલ્સનના સંશોધનને લઈ જર્મનીમાં ડૉ. રૉથે વેદના સંશોધનમાં ભારે રસ લીધો. યાસ્કનું નિરુક્ત પણ એણે જર્મનમાં પ્રગટ કર્યું; અવેસ્તાનો જર્મન તરજુમો કર્યો; ૧૮૫૨ થી ૧૮૭૫ સુધી સેન્ટ પીટર્સબર્ગ (આજના લેનિનગ્રાડ)માં રહી વેદના સંસ્કૃત શબ્દના અર્થ ઘટાવવાનું ને એનો શબ્દકોષ રચવાનું મહાભારત કામ પાર પાડ્યું. એની પછી મૅક્સ મ્યુલરના કામની આપણને જાણ છે. ગેલ્ડનર અને વેબર એ બે વિદ્વાનોએ વેદના અભ્યાસમાં મતિ લગાડી. સંસ્કૃત-પ્રાકૃત ઓચરિયાંની યાદી બનાવવાનું મોટું કામ પાર પાડ્યું. માર્ટિન હાઉગ તો સંસ્કૃત સાથે પહેલ્વી પણ જાણે. એણે તો હિન્દ આવીને વૈદિક કર્મકાંડનો પણ અભ્યાસ શરૂ કર્યો. વળી બે અમેરિકન વિદ્વાનોનો પણ વેદના અભ્યાસમાં મોટો ફાળો છે. એક ડૉ. વ્હીટની ને બીજા બ્રુમફીલ્ડ. એણે વેદના મંત્રોની સૂચિ બનાવી. એમાં અર્થ ને સંબંધ પણ બેસાડવામાં આવ્યા ને વર્ષોની એ મહેનતનો હાર્વર્ડ યુનિવર્સિટીએ ૧૯૦૬માં મહાગ્રન્થ પ્રગટ કર્યો. જર્મન ડૉ. ઓલ્ડનબર્ગનો વેદનો અભ્યાસ પણ વિશાળ અને મહત્ત્વનો નીવડ્યો છે. ૧૯૩૦ સુધીમાં તો જર્મન વિદ્વાનોએ વેદ ને એની પછીના સમયના સંસ્કૃત ગ્રન્થોને ખંખોળવામાં કંઈ બાકી નથી રાખ્યું.

પછી પુરાણો ઉપર સંશોધન શરૂ કરવાવાળામાં જેમ્સ પ્રિન્સેપનો ફાળો મશહૂર છે. ઈ. ૧૮૩૭માં ૭ વર્ષની મહેનત બાદ બ્રાહ્મી લિપિ ઉપર એણે સારો પ્રકાશ પાડ્યો. તે પછી ખરોષ્ઠિ લિપિ પણ એણે તપાસવા માંડી. આપણા પંડિત ભગવાનલાલ ઈન્દ્રજી ઉપરાંત જૉન હૉપકુલ અને ફ્લીટ તથા ફ્રાન્ઝ કિલહૉર્નનો એ દિશામાં ફાળો પણ નોંધપાત્ર છે. કિલહૉર્ને પાણિનિના વ્યાકરણ ઉપર કામ કર્યું. પિશેલે હેમચન્દ્રનું પ્રાકૃત વ્યાકરણ સંશોધ્યું. વેબર અને સિલ્વૅં લેવીએ નાટ્યસાહિત્યમાં સંશોધનનો ફાળો આપ્યો. લેવી તો શાન્તિનિકેતનમાં (ટાગોરની વિદ્યાપીઠ વિશ્વભારતીમાં) પ્રોફેસર તરીકે પણ સારું કામ કરી ગયા. નૉર્વેના સ્ટેન કોનોવનો પણ સંસ્કૃત નાટ્ય-સાહિત્યના સંશોધનમાં સારો ફાળો છે. સર જ્યૉર્જ ગ્રીઅર્સનનું ભાષાઓ પરત્વેનું કામ તો હિન્દમાં પ્રકીર્તિત છે જ. એવું જ આપણા ડૉ. સુનીતિકુમાર ચૅટરજીનું. રામાયણ-મહાભારતના ક્ષેત્રમાં પણ ઘણા પંડિતોએ કામ કર્યું છે. એમાં હોલ્ઝમાન, ડાહલમાન, હાર્ડમાન, જૅકોબી, હૉપકિન્સ ઓલ્ડનબર્ગ અને વિન્ટરનિત્ઝ જાણીતા છે.

હેન્રી લ્યુડર્સ વિષે તો, એણે ઈ. ૧૯૧૩માં મધ્ય એશિયામાંથી હાથ ધરેલાં સેંકડો બૌદ્ધ સાહિત્યને લગતાં પાનીઆંના ઉલ્લેખ વખતે જાણી ગયા છીએ, એટલે અશ્વઘોષ વિષે વિગતવાર નહિ જોઇએ. પણ એક વાત કરું: હું ૧૯૬૬માં જર્મનીમાં હતો. ત્યાં ડહાલેમ મ્યૂઝિયમમાં અશ્વઘોષના સારિપુત્ર પ્રકરણનાં પાનીઆં જોવા માગ્યાં ત્યારે એમણે બાર વૉલ્યુમ મને બઝાડ્યાં! અને હજી એટલાં બીજાં તો પ્રસિદ્ધ થવાનાં બાકી હતાં! પ્રોફેસર લ્યુડર્સે હાથ કરેલી સામગ્રી એ લોકોએ ઝીણવટથી વિગતવાર છાપી નાખી છે–ટીકા-ખુલાસા સાથે, અને એ બધો ભંડાર મિશિગન યુનિવર્સિટીમાં હું સાથે લઈ ગયો હતો (સાથે એટલે જુદાં પારસલોથી એમણે જ ત્યાં પહોંચાડવા પ્રબંધ કર્યો હતો.) ત્યાર બાદ પ્રો. લ્યુડર્સનું વેદના એક ભગવાન વરુણ ઉપરનું સંશોધન ઘણું વખણાયું છે.

બીજા એક બ્યુલર, એણે પણ લિપિશાસ્ત્રમાં બહુ મહત્ત્વનાં સંશોધન કર્યાં છે, ધર્મસૂત્રના અનુવાદ કર્યા છે અને મનુસ્મૃતિ તથા જૈન ગ્રન્થો પર ઘણું કામ કર્યું છે. જુલિયસ જૉલીએ હિન્દુ ધર્મસૂત્રો, સ્મૃતિ અને રીતરિવાજ પર સંશોધન કર્યું છે. ફિલ્સૂફીના ક્ષેત્રમાં પણ કોલબ્રુકની માફક રીચાર્ડ ગાર્બે અને ડ્યુસનનો બહુ મોટો ફાળો છે. ડ્યુસને જર્મનમાં ૬૦ ઉપનિષદોનો અનુવાદ કર્યો. ઉપરાંત વેદાંત સૂત્રો શંકરાચાર્યની ટીકા સાથે પ્રસિદ્ધ કર્યાં. ઇન્ડિયન ફિલૉસૉફીની એન્સાઇક્લોપીડિયા તાજેતરમાં અમેરિકાની મિનેસોટા યુનિવર્સિટીમાં તૈયાર થઈ ગઈ છે.

કંટાળો આવ્યો નહિ? આવે જ. આ યાદી–આથી પણ મોટી–મારા વિદ્યાર્થીઓ માટે બેસીને બનાવી હતી. એમને આવી યાદી આપો, એટલે એમાંના ઘણા બીજે જ દિવસે લાયબ્રેરીમાં જઇને અડ્ડો નાખે. જેમને ભણવું જ છે તે ભણવાના, જાતમહેનત થકી બધું સંશોધવાના, શનિ-રવિએ તો શોધ્યા નહિ જડવાના: ક્યાંને ક્યાં રખડવા ઊપડવાના. જાણવા જેવું તો એ છે કે ત્રીસ ચાળીસ વિદ્યાર્થીઓને એક યાદી આપી, તો બીજે દિવસે એની એટલી જ નકલો ટાઈપ કે સાઇક્લોસ્ટાઇલ થઈ જવાની; બીજા કોઇ વિદ્યાર્થીને ક્યાંક બીજા સંદર્ભે મળે તો (અનુસંધાન પૃ. ૨૧૪)

હૈદરાબાદ: ૩૮૧ વર્ષ જૂનું આધુનિક શહેર



◁ હૈદરાબાદના સ્થાપક સુલતાન મહમદ કુલી.

ગોલકોંડાના સૂબા કુત્બ ઉલ મુલ્ક સુલતાન અલી નામના એક તુર્ક ઉમરાવે ઈ. ૧૫૧૨માં સ્થાપેલી કુત્બશાહીનો એ મહમદ કુલી પાંચમો સુલતાન હતો.

મૂસી નદીમાં એક વાર પૂર આવ્યું ત્યારે પાણી ભરવા આવેલી ભાગ્યમતી નામની એક ગરીબ પણ અતિસુંદર કન્યા પાણીમાં લપસી પડી ને તણાવા લાગી. પૂરની તાણ જોઈ કિનારા પરથી કોઈ તેને બચાવવા હિંમત કરી શક્યું નહિ અને બૂમાબૂમ મચી રહી. ગોલકોંડાનો પાટવી શાહજાદો મહમદ કુલી ત્યારે એ તરફ ઘોડેસવારી કરી જતો હતો, તે આ બૂમો સાંભળી દોડી આવ્યો અને ધસમસતા પાણીમાં કૂદી પડી તણાતી ભાગ્યમતીને બચાવી લીધી. એ ગરીબ કન્યા અને શાહજાદાના પ્રણયનો ત્યાંથી આરંભ થયો.

ધીરે ધીરે વાત સુલતાનને કાને પહોંચી. એક સાધારણ છોકરીને શાહજાદો ચાહવા લાગે તે એને રુચ્યું નહિ, એટલે તેણે વજીરની નિગેહમાનીમાં શાહજાદાના હરવાફરવા પર પ્રતિબંધો મૂકી દીધા. આજ્ઞાંકિત [illegible]એ પિતાનો હુકમ શાંતિથી સ્વીકારી લીધો, પણ દિલમાં પેટા[illegible]ને બુઝાવા દીધો નહિ. બીજી બાજુ ભાગ્યમતી પણ પોતાના પ્રેમને જીવતો રાખી મૂગી રહી અને બંને ફરી મળવાની શ્રદ્ધા સાથે વિરહને જીરવી રહ્યાં. અંતે એ દિવસ આવ્યો. ગોલકોંડાના કિલ્લાની રાંગે કુત્બશાહીના પાંચમા સુલતાન મહમદ કુલીની તખ્તનશીનીની ભૂંગળો વાગી અને શાહજાદાએ ભાગ્યમતીને માનભેર પોતાના મહેલમાં બોલાવી બેગમ બનાવી લીધી.

ભાગ્યનગર – હૈદરાબાદ

જ્યાં પોતાનો પ્રણય પાંગરેલો એ મૂસીના સુંદર કિનારાથી આકર્ષાઈને, કે ગોલકોંડાની પાણીની તંગીને કારણે, ઈ. ૧૫૮૯માં મહમદ કુલીએ મૂસીના કાંઠે એક સુંદર નગર વસાવ્યું અને તેને પોતાની પ્રિયતમાના નામ પરથી ભાગ્યનગર નામ આપ્યું. આગળ જતાં ભાગ્યમતીને હૈદર મહાલ નામ અપાયું ને તેના પરથી ભાગ્યનગર હૈદરાબાદ બન્યું.

આ જ હૈદરાબાદ હિંદુસ્તાનના એક વિશાળ અને સમૃદ્ધ નિઝામ રાજ્યની રાજધાની અને આજના આંધ્રપ્રદેશનું પાટનગર. કલા, સંગીત સાહિત્ય તથા સ્થાપત્યના શોખીન અને કવિ સુલતાન મહમદ કુલીએ પોતાની સુંદર પ્રિયતમાના નામને બરાબર જેબ આપે એવી જ એ નગરની સુંદર રચના કરી હતી. આધુનિકતાનો ઓપ ચડ્યા પહેલાં તો 'અરેબિયન નાઈટ્સ'ની વાર્તાઓમાં આવતાં શહેરો જેવી એની રોનક હતી અને આજે ય તે ભારતનું પાંચમા નંબરનું અગ્રગણ્ય શહેર ગણાય છે. જયપુર, વડોદરા, મ્હૈસૂર, ઈંદોર વગેરે ઐતિહાસિક શહેરોમાં હિંદુ સંસ્કૃતિની ઝલક દેખાતી તેમ અહીં મુસ્લિમ સંસ્કૃતિનો પ્રભાવ વરતાતો.

ઇરાનના પ્રવાસી ફરિસ્તાએ નોંધેલું કે 'હિંદુસ્તાનમાં હૈદરાબાદની સુંદરતા અને ભવ્યતાની તોલે આવે એવું કોઈ શહેર નથી...પાંચ કોસ જેટલા વિસ્તારમાં એ ફેલાએલું છે. એની પહોળી સમાંતર સડકો પર બંને બાજુએ ચોખ્ખા પાણીની નીકો અને વૃક્ષોની હાર છે.' ફ્રેંચ પ્રવાસી ટૅવર્નિયરે પણ 'મૂસીના કિનારા પરના, કલામય રચના અને બાંધણીવાળા જૂના દમામદાર શહેર' તરીકે એને વર્ણવ્યું છે.

પણ હૈદરાબાદની એ ઐતિહાસિક રોનક તો, એની બાજુમાં જ આવેલા ગોલકોંડાના કિલ્લાના મહત્ત્વ તેમજ ત્યાં મળી આવતા હીરાને કારણે ત્યાં થએલી અનેક ચડાઈઓમાં રોળાઈ ગઈ. આજના હૈદરાબાદમાં એની ઇતિહાસપ્રસિદ્ધ ઈમારતોમાંથી તો માત્ર બે જ રત્ન રહ્યાં છે: ચારમિનાર અને મક્કા-મસ્જિદ. વર્ષો સુધી કારી ન ફાવતાં આખરે કપટથી ઈ. ૧૬૬૫માં જ્યારે ઔરંગઝેબે ગોલકોંડાનો કિલ્લો જીત્યો ત્યારે આ શહેરને એણે આગ લગાડેલી. પણ એની ભાંગફોડમાંથી યે બચી ગએલા 'ચાર મિનાર' તો હૈદરાબાદના પ્રતીક તરીકે આજે દુનિયાભરમાં જાણીતા બની રહ્યા છે.

ચાર મિનાર

રાજ્યની ઘણી મોટી પ્રજાને ભરખી જનાર રોગચાળા પછી કંઈક સુખચેન પ્રસર્યાની ખુશીમાં મહમદ કુલી કુત્બશાહે ઈ. ૧૫૯૧માં પોતાના અંગત ખર્ચમાંથી એ બંધાવ્યા હતા. સો સો ફૂટની બાજુઓવાળા વિશાળ ચોરસમાં ચાર દિશાને અભિમુખ ચાર કમાનો, અને તેના ખૂણા પર લગભગ ૨૦૦ ફૂટ ઊંચા આ મિનારા ગ્રેનાઈટ પથ્થરના બનેલા છે. એ ચોરસની અગાસીમાં એક તરફ હિંદુ મંદિર અને એક તરફ મુસ્લિમ મસ્જિદ છે. વચ્ચે જ્યારે મુઘલોનું અહીં રાજ્ય હતું ત્યારે, ઇ. ૧૬૮૭માં, વીજળી પડવાથી તેનો એક મિનાર તૂટી પડેલો જે ૬૦,૦૦૦ રૂપિયાના ખર્ચે મુઘલોએ ફરી બંધાવ્યો હતો. ઈ. ૧૭૬૫માં ફ્રેંચ જનરલ મૉશ્યો બુસેએ તે કબજે કરી ત્યાં પોતાના લશ્કરનો પડાવ રાખેલો. શહેરની મધ્યમાં આવેલી આ ઈમારતનું આ શહેરમાં એટલું તો મહત્ત્વ રહ્યું છે કે નિઝામના જમાનામાં દરબારી મહેમાનોનું જાહેર સમ્માન આ સ્થળે કરાતું. છેલ્લે છેલ્લે ભારતના ગવર્નર જનરલ રાજગોપાલાચારીજીનું છેલ્લા નિઝામે અહીં આ મિનારા તળે જ ભારે દબદબાથી સમ્માન કરેલું. આ મિનારા ખરેખર શા માટે બંધાએલા એનું સાચું કારણ તો અસ્પષ્ટ છે, પણ શહેરની મધ્યમાંના એના સ્થાનને કારણે અને એની ચારે દિશામાં લંબાતા શહેરના મુખ્ય ચાર માર્ગોને કારણે એનું એક આગવું ગૌરવ તો છે જ. એની બાંધણી અને તેમાંનાં ભીંતચિત્રો એમાં વધારો કરે છે.

લંગર-ઉત્સવ

ચાર મિનાર સાથે એક ઉત્સવ પણ સંકળાએલો છે, જે છેક હમણાં સુધી ઊજવાતો રહેલો અને ભારતના બીજા કોઈ શહેરમાં જોવા મળતો નહિ. એ ઉત્સવ તે લંગર-ઉત્સવ. એના આરંભની કથા એવી છે કે સુલતાન કુલી કુત્બશાહનો શાહજાદો અબ્દુલા ઈ. ૧૫૬૪માં એક વાર ગોલકોંડાથી ઉમરાવો ને નોકરોના રસાલા સાથે હાથી પર બેસી ફરવા નીકળેલો. થોડે દૂર પહોંચ્યા પછી એનો હાથી એકાએક કાબૂ બહાર જઈ જંગલ તરફ નાઠો અને ઘણી શોધ કરવા છતાં હાથી કે શાહજાદાની ભાળ મળી નહિ. એની માતાને આની જાણ થતાં એણે હતાશામાં બાધા રાખી કે જો હાથી અને શાહજાદો મળી આવે તો પોતે હાથીને ગળે એની સાંકળના વજનના સોનાની સાંકળી નાખી, વાજતે-

ગાજતે વરઘોડો કાઢી, ત્યાંના એક સંત હુસેને આલમની કબરની જાત્રા કરશે. ત્રણેક દિવસ પછી હાથી આપમેળે શાહજાદા સાથે હેમખેમ પાછો આવ્યો. માએ ૨૨૨૦ તોલાની સોનાની સાંકળી કરાવી હાથીને પહેરાવી અને આ ચાર મિનાર પાસેથી વરઘોડો કાઢીને હુસેને આલમની જાત્રા કરી અને ત્યાં પેલી સાંકળી (લંગર) તોડી તેના ટુકડા ગરીબોમાં વહેંચી દીધા. આ પછી દર વર્ષે ચાર મિનારથી દરબારી સૈનિકો ને તેની પાછળ રાજ્યના લોકોનો એક મોટો વરઘોડો નીકળતો. અને ચાર મિનારની ઉત્તરે એક જળાશય પાસે શમિયાણામાં બેસી રાજા તે જોતા.


મક્કા-મસ્જિદ

ચાર મિનારની નૈર્ઋત્યે મક્કા-મસ્જિદ છે. હજારો માણસો એકી-સાથે નમાઝ પઢી શકે એવડી આ વિશાળ મસ્જિદ મહમદ કુત્બ શાહે બંધાવવા માંડેલી. અબુલ હસને એનું કામ જારી રાખેલું ને ઔરંગઝેબે એ પૂરી કરાવી હતી. એના પ્રભાવી સ્તંભો સળંગ એક પથ્થરમાંથી ઘડેલા છે. વર્ષો સુધી સેંકડો કારીગરો અહીં રોકાએલા રહ્યા હતા અને સાતસો જેટલી બળદ-જોડ તેના પથ્થરો લાવવા માટે રોકવામાં આવી હતી. એની દીવાલો પરનું ચળકતું પ્લાસ્ટર અને તેના પરનાં ચિત્રો તથા સુંદર નકસીકામ અહીંના સમૃદ્ધ ભૂતકાળની યાદ આપે છે. એક એવી માન્યતા છે કે અહીંની એક કાળા સંગેમરમરની બેઠક પર જે કોઈ બેસે તેને ફરી એક વાર અહીં આવવું જ પડે.

પરાં

મૂળ હૈદરાબાદને ફરતો, તેર દરવાજા ને બાર બારી (ખડકી) વાળો, છ માઈલ લાંબો, લંબચોરસ ઘાટે, પથ્થરનો એક કોટ હતો; પણ પછી શહેર વધતું જઇને મૂસી નદીને સામે પાર પણ એનાં પરાં વિકસ્યાં, ને શહેર મુખ્ય બે વિસ્તારમાં પ્રસરી ગયું. એની વચ્ચે સંપર્ક જાળવવા મૂસી નદી પર ચાર પુલ (પુરાના પુલ, ઑલિફન્ટા પુલ ને એ બે વચ્ચે અફઝલ ને ચંપાગેઈટ પુલ) બાંધેલા છે. બેગમ બાઝાર, કારવાન, અફઝલ-ગંજ, મુશીરાબાદ, ખૈરાતાબાદ, સૈફાબાદ અને ચાદર ઘાટ વગેરે નદી-આપારનાં મુખ્ય પરાં છે. યાકૂતપરા, મલકપેઠ, જહાંનુમા વગેરે શહેરની અડોઅડના મુખ્ય વિસ્તારો છે. આ ઉપરાંત બ્રિટિશ રેસિડેન્સીનો વિસ્તાર પણ ઘણો મોટો હતો. મદ્રાસના ઇજનેર મિ૦ રસેલની દેખરેખમાં ઈ. ૧૮૦૦ થી ૧૮૦૭ દરમિયાન તે બંધાયો. ત્યાં બ્રિટિશ અફસરોના આવાસ, એક ટાવર, દફતરો, દેવળ, વિશાળ દરબાર હૉલ તથા એમનું આગવું કબ્રસ્તાન છે. આસપાસ સુંદર બાગબગીચા પણ બનેલા આ બધાંનો વહીવટ અંગ્રેજ રેસિડેન્સી સ્વતંત્રપણે કરતી.

મુઆઝમ જાહી: હૈદરાબાદનું એક મુખ્ય બજાર



હુસેનસાગર

આ વિસ્તાર અને શહેરની ઉત્તર તરફનાં પરાંને, લગભગ આઠ ચોરસ માઈલના વિસ્તૃત હુસેનસાગર તળાવમાંથી પાણી મળે છે. ગોલકોંડાના ત્રીજા રાજા મોહમ્મદ ઈબ્રાહીમે ઈ. ૧૫૬૦માં એ બંધાવેલું અને મુહમ્મદ પયગંબર સાહેબના પૌત્ર ઈમામ હુસેનના નામ પરથી એને હુસેનસાગર નામ આપેલું. એક એવી પણ લોકવાયકા છે કે કોઈ એક સાધુએ અહીં તળાવ બંધાવવા લોકો પાસેથી પુષ્કળ પૈસા એકઠા કરેલા, પણ પછી એણે એ કામ પૂરું કરવા માટે અખાડા કરવા માંડ્યા. લોકો વિફર્યા અને સાધુ પર હુમલો લઈ ગયા. સાધુએ બીજે દિવસે તળાવ બનાવી આપવાનું અને નહિતર પૈસા પાછા આપવાનું કબૂલ્યું. બીજે દિવસે સવારે લોકોએ જોયું તો ત્યાં વિશાળ જળરાશિ લહેરાતો હતો અને પેલા સાધુનો પત્તો જ નહોતો.

સિકંદરાબાદ


હુસેનસાગર હૈદરાબાદ અને સિકંદરાબાદની વચ્ચે છે. આ સિકંદરાબાદની છાવણીમાં જ ઈંગ્લંડના જગવિખ્યાત વડા પ્રધાન સર વિન્સ્ટન ચર્ચિલે પોતાની યુવાનીના આરંભના સૈનિક જીવનના દિવસો ગાળેલા. અહીંની લશ્કરી હૉસ્પિટલમાં જ સર રોનાલ્ડ રૉસે મૅલેરિયાના મચ્છરની શોધ કરેલી. બ્રિટિશ અમલમાં તેમનું એક અગ્રગણ્ય લશ્કરી થાણું આ સિકંદરાબાદમાં હતું. હૈદરાબાદ અને સિકંદરાબાદ જાણે કે જોડિયાં શહેર છે અને હુસેનસાગર પરના ૨૫૦૦ વાર લાંબા એક બંધ વડે જોડાએલાં છે. સુલતાન ઇબ્રાહિમે ૧૫૭૫માં અઢી લાખ રૂપિયાના ખર્ચે એ બંધ બંધાવ્યો હતો.


હૈદરાબાદની નૈર્ઋત્યે પણ મીર આલમ નામે એક વિશાળ તળાવ છે. એકવીસ અર્ધગોળાકાર બુરજોવાળો, ૧૧૨૦ વાર લાંબો એક બંધ બાંધીને મીર આલમે એ બનાવડાવેલું. આ મીર આલમે ટિપૂ સુલતાન સામે અંગ્રેજોને ઘણી સહાય કરેલી ને તેના બદલા રૂપે શ્રીરંગપટ્ટમ્ જીત્યા પછી અંગ્રેજોએ તેને જે ભાગ આપેલો તેમાંથી આઠ લાખ રૂપિયાના ખર્ચે એણે નિઝામના એક ફ્રૅંચ ઇજનેર પાસે આ બંધ બનાવડાવેલો. આમ, આ બે વિશાળ જળાશયોથી હૈદરાબાદને પાણીની છત તો વધી જ, ઉપરાંત શહેરની સ્વચ્છતા પણ વધી ને પરિણામે વારંવાર ફેલાતાં કૉલેરાની મુશ્કેલી પણ ટળી.

મહાલયો


સામાન્યતઃ સમૃદ્ધિ અને જગ્યાની છતને કારણે અહીંના જૂના ધનિક વર્ગના આવાસો ઈંટ-પથ્થરના પાકા ને આસપાસ સુંદર બગીચા-

જમણી બાજુ: મક્કા મસ્જિદ





ઓસ્માનિયા યુનિવર્સિટી. ઉર્દૂ શિક્ષણનું એ એક અગ્રગણ્ય વિદ્યાધામ છે. (જમણી બાજુ) ચાર મિનાર



વાળા છે. પરા વિસ્તારનાં મકાનો પશ્ચિમી બંગલા જેવાં અને આસપાસ ખુલ્લી જમીન કે બાગવાળાં છે. સર સાલારજંગ પહેલાના વખતમાં હૈદરાબાદનો આવો ઘણો વિકાસ થએલો. આ સાલારજંગનો મહેલ અફઝલ નજીક બહુ મોટા વિસ્તારમાં છે. આ મહેલની એક તરફ 'પુરાની હવેલી' નામે પહેલા નિઝામનો મહેલ છે. આ ઉપરાંત ચૌ મહાલ ત્રણ મોટા ચોક ને વચ્ચે જળાશયને કારણે સુંદર ને પ્રભાવશાળી લાગે છે. ત્યાં પુષ્કળ ને અત્યંત સુંદર રાચરચીલું છે. વળી ગોલકોંડા સુફરનગર, મૌલાઅલી, આસફનગર, લિંગમલ્લી ને મલકપેઠમાં નિઝામની મહેલાતો છે.

શહેરની અન્ય જાણીતી ઈમારતોમાં શમ્સ ઉલ ઉમરાની બારાદરી અને વિકર ઉલ ઉમરાનો ફલકનુમા મહેલ ઘણા વિખ્યાત છે. ફલકનુમા તો શહેરની સૌથી સુંદર ઇમારત છે. એક ઊંચી ટેકરી પર એનું સ્થાન હોઈ ને ત્યાંથી સમગ્ર હૈદરાબાદનું સુંદર દૃશ્ય દેખાતું હોઈ એ ખરેખર સાર્થનામ છે. એના ભવ્ય વિશાળ ખંડોની સજાવટમાં વિવિધ ઢબનું વૈશિષ્ટ્ય છે. જેમ કે એક ખંડ સમગ્રપણે હિંદુ શૈલીમાં જ, તો બીજો બધી રીતે મુસ્લિમ ઢબે, યા ત્રીજો પૂર્ણતઃ યુરોપીઅન રીતે સજાવેલો જોવા મળે. શિયાળામાં એના બગીચાની રોનક ઓર ખીલે છે. રૂપિયા ૩૫ લાખના ખર્ચે એ બંધાયો હતો ને ઈ. ૧૮૯૭માં નિઝામે તે ખરીદી લીધેલો.

આ ઉપરાંત સર અસ્માન જહાંનો જહાંનુમા મહેલ પણ તેના સુંદર બગીચા સાથે શહેરનું એક મોટું આકર્ષણ છે. ત્યાં અનેકવિધ કરામતોવાળાં યાંત્રિક રમકડાંનો મોટો સંગ્રહ છે.

વસતિ

મૂળ મુસ્લિમ રાજ્ય હોઈ અહીંની પચરંગી પ્રજામાં હિંદુ, ખ્રિસ્તી, થોડા પારસી અને અન્ય લોકોમાં મુખ્યત્વે મુસલમાનોની વસતિ મોટી છે અને તેમાં યે આ રાજમાં કંઈ ને કંઈ સ્થાન મેળવવા માટે દૂર દેશાવરથી આવી વસેલા અરબ, તુર્ક, ઈરાની, આફ્રિકન વગેરે મુસલમાનોની અનેક જાતો જોવા મળે છે. આથી અહીં 'મીર મોમિનના ડાયેરા' નામે એક વિશાળ કબ્રસ્તાન પણ જાણીતું છે. અબદુલ્લા કુત્બશાહના સમયમાં છેક કરબલાથી અહીં આવી રહેલા મીર મોમિને શિયાપંથી મુસલમાનો માટે તે બનાવેલું. આજે તો શિયા સુન્ની બંને પંથના મુસ્લિમો ત્યાં દફનાવાય છે. એની દક્ષિણે સાલારજંગ કબીલાનું પોતાનું કબ્રસ્તાન છે.

હૈદરાબાદના એક વિશાળ જાહેર બાગમાં બંધાએલા ટાઉન હૉલ, મ્યૂઝિયમ અને જ્યુબિલી હૉલ તથા તે બાગનો વનસ્પતિ (બૉટનિકલ) ઉદ્યાન અને પ્રાણીસંગ્રહ પણ શહેરનું એક ખાસ આકર્ષણ છે. આ બાગની મુઘલ ઢબની સુંદર રચના તથા વિસ્તારને કારણે ભારતભરના મોટા જાહેર બાગોમાં તેની ગણના થાય છે. આ ઉપરાંત પણ અન્ય ઘણા બાગબગીચા અહીં છે, જેમાં નૌબત પહાડની તળેટીમાંનો જાહેર બાગ રોનકદાર છે. અજંતાનાં ભીંતચિત્રોની પૂરા કદની નકલોવાળો 'અજંતા પૅવેલિયન' પણ જોવા જેવો છે અને અહીંનું 'હેલ્થ મ્યૂઝિયમ' તો એશિયાભરમાં એ પ્રકારનું પ્રથમ સ્થાન ધરાવે છે.

હિંદુ-મુસ્લિમ ઢબના મિશ્ર સ્થાપત્યવાળી અહીંની મુખ્ય અદાલત, ઓસ્માનિયા યુનિવર્સિટીનાં સુંદર ભવ્ય મકાનો, ઓસ્માનિયા હૉસ્પિટલ, સિટી કૉલેજ વગેરે પણ જોવાલાયક છે. આમાં યે ઓસ્માનિયા યુનિવર્સિટી ત્યાંના ઉર્દૂ ગ્રંથસંગ્રહ માટે વિખ્યાત છે. આરંભમાં શિક્ષણના માધ્યમ તરીકે ત્યાં ઉર્દૂનો સ્વીકાર થએલો અને એ માટે લાખોના ખર્ચે અને ૩૫ વર્ષની જહેમતે પરદેશી ભાષાનાં વિવિધ વિષયનાં આધુનિક ગ્રંથોનું ઉર્દૂમાં ભાષાંતર થએલું. પણ અંતે તે અહીં પણ અંગ્રેજી માધ્યમ સ્વીકારવું પડયું. તે પછી યે આ વિદ્યાપીઠે સારી પ્રતિષ્ઠા મેળવી છે.

જળાગાર

ગામની વચ્ચેથી જ વહેતી મૂસી નદીમાં અવારનવાર પૂર આવતાં થતી ભારે હાનિને ટાળવા અહીંથી દસેક માઈલ દૂર એક બંધ બાંધી ઓસ્માનસાગર નામે એક મોટું તળાવ બનાવાયું છે. ત્યાંથી બએક માઈલ છેટે એથી યે મોટું, ૩૩ ચોરસ માઈલનું હિમાયતસાગર છે, જ્યાં ખેતીવાડી ને દૂધ-ઉદ્યોગને લગતા પ્રયોગો ચાલે છે. સોએક માઈલ દૂર નિઝામસાગર નામે દેશનું બીજા નંબરનું વિશાળ જળાશય છે, જે ૨,૭૦,૦૦૦ એકર જમીનને સિંચાઈ દ્વારા પાણી પૂરું પાડે છે.

શહેરથી ચાર માઈલ દૂર ગોલકોંડાના વિખ્યાત કિલ્લાના ભગ્નાવશેષો છે. દરિયાની સપાટીથી ૨૦૦૦ ફૂટ ઊંચા આ કિલ્લામાં કુત્બશાહી રાજવંશ ફૂલ્યોફાલ્યો હતો. દસદસ વર્ષ સુધી ઔરંગઝેબને એ દુર્ગમ કિલ્લો હાથ કરવા મથવું પડેલું. ને અંતે યે તે દગાથી જ જીતી શકાયો હતો. ત્યાં એક સુંદર બગીચામાં ગોલકોંડાના રાજવીઓની કબરો છે.

એક કાળે હૈદરાબાદનાં મશરૂ કે સફી (મુસલમાનો શુદ્ધ રેશમ નથી પહેરતા એટલે સૂતરાઉ તાર સાથે વણેલું રેશમ) ને મખમલ વખણાતાં. સફી પોશાકમાં, અને મખમલ હાથીઘોડાના શણગાર તથા શાહી શમિયાણા વગેરેમાં વપરાતું. આ ઉપરાંત અહીંનું સોનેરી રેખાવાળું 'નિર્મલ' ચિત્રકામ તો આજે પણ એક આગવી હસ્તકલા ગણાય છે.

આમ, પાટનગર હોવાને કારણે બધી આધુનિક રસમો સાથે ૩૫૦ વર્ષના ઇતિહાસમાં ક્યારે યે સીધા અંગ્રેજ અમલ તળે નહિ આવેલું, અને કદાચ ભારતભરમાં વધુમાં વધુ સાઈકલોવાળું હૈદરાબાદ ભારતનું એક અનોખું શહેર બની રહ્યું છે.

એક જ વ્યક્તિના વિશાળ કલાસંગ્રહમાંથી સર્જાએલું


સાલારજંગ મ્યૂઝિયમ

લેખક
આર. ટી. પરીખ
ડિપાર્ટમેન્ટ ઑાવ મ્યૂઝિયૉલૉજી, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.

ભારતનાં વિખ્યાત સંગ્રહસ્થાનોમાં દક્ષિણ હૈદરાબાદનું 'સાલારજંગ મ્યૂઝિયમ' એક રીતે કહીએ તો બધાંથી અનોખું છે. દુનિયાના લગભગ સર્વ દેશોની વિવિધ કલાકૃતિઓ અને કારીગરીના નમૂનાઓ રજૂ કરતું આ સંગ્રહસ્થાન માત્ર એક જ વ્યક્તિએ એકઠા કરેલા કલાસંગ્રહ પરથી રચાયું હોઈ અદ્વિતીય છે.

ભારતમાં સર રતન તાતા, સર કાવસજી જહાંગીર આદિ જેવા અનેક કલાસંગ્રાહકો જાણીતા છે, પણ એ સૌમાં હૈદરાબાદના સાલારજંગ મોખરે છે. સર નવાબ મીર યુસુફ અલીખાન એ એમનું મૂળ નામ, પણ એ વિખ્યાત થયા નવાબ સાલારજંગ ત્રીજા તરીકે. હૈદરાબાદની નિઝામ સરકારની દીવાનગીરી ત્રણ પેઢીથી એમને ત્યાં જ હતી. એમના દાદા મીર તુરાબ અલી એક પ્રતિભાવાન પુરુષ હતા. આજના હૈદરાબાદનું ઘડતર એમને હાથે થએલું. અંગ્રેજ સરકારમાં પણ એમનું ઘણું માન હતું. તેઓ કલા-કારીગરીના શૉખીન હોઈ દેશપરદેશમાંથી અનેક સુંદર ચીજો એકઠી કરી હતી. એમના પુત્ર મીર લાયક અલીખાંએ પણ નિઝામની દીવાનગીરી કરેલી ને તેમના પછી એમના પુત્ર મીર યુસુફ અલીખાં–સાલારજંગ ત્રીજાએ ૨૩ વર્ષની વયે દીવાનગીરી સંભાળી, પરંતુ અઢી વર્ષ બાદ એ પદ છોડી દીધું. વારસાગત વૈભવ પુષ્કળ હતો અને એની આવક પણ ઘણી મોટી હતી એટલે એમણે દેશવિદેશની કલાકારીગરીની ચીજોનો પોતાનો છંદ વધારવા માંડ્યો અને એની સાથે એમનો સંગ્રહ પણ વધીને દુનિયાભરમાં અદ્વિતીય ગણાય તેવી ચરમ સીમાએ પહોંચ્યો. પોતાના એ સંગ્રહ સાથે તેઓ એટલા તો ઓતપ્રોત હતા કે પોતાની એ પંચાવન હજાર જેટલી ચીજમાંથી કઈ ચીજ ક્યારે ક્યાંથી ખરીદેલી અને ક્યાં મૂકેલી છે તેનો તેમને પૂરેપૂરો ખયાલ રહેતો. પોતાના અવિવાહિત જીવનમાં જાણે આ સંગ્રહ જ એમનું સર્વસ્વ હતું. એમાંથી એમની ઇચ્છા એક સમૃદ્ધ ને કાયમી કલાગાર સ્થાપવાની હતી પણ એ બર આવે તે પહેલાં ઈ. ૧૯૪૯ના માર્ચમાં એમનું અવસાન થયું.

દેશી રાજ્યોના વિલીનીકરણ બાદ હૈદરાબાદનો ભારત સરકારે કબજો લીધો તે પછી સાલારજંગની વિશાળ જાગીરના વહીવટ માટે રાજ્યખાતાએ એક સમિતિ નીમી. તેના અનુસંધાનમાં ત્યારના મુખ્ય પ્રધાન શ્રી એમ. કે. વેલોડીએ હૈદરાબાદથી છએક માઈલ દૂર સુફરનગરમાં આવેલી સાલારજંગની જાગીરની જ્યારે મુલાકાત લીધી ત્યારે ત્યાંનો વિશાળ કલાસંગ્રહ જોઈ એ આશ્ચર્યચકિત થઈ ગયા. એ કાળે એ સંગ્રહની ઘણી ચીજો સાચવીને અભરાઈઓ પર ચડાવી રાખેલી હતી. એ તમામ નમૂનાઓને વ્યવસ્થિત કરી યોગ્ય રીતે ગોઠવવા એમણે વિખ્યાત કલાવિવેચક જેમ્સ કઝિન્સને વિનતિ કરી, પણ તેઓ અન્ય કામોમાં રોકાએલા હોઈ તેમણે હૈદરાબાદના પ્રખ્યાત કલાવિવેચક શ્રી વ્યંકટ અચલમનું નામ સૂચવ્યું. વ્યંકટઅચલમે સાલારજંગના બે મિત્રો શ્રી દેઉરકર અને શ્રી આર્નોલ્ડ બૅરોનની સાથે દોઢેક વર્ષની સતત મહેનત પછી એ કાર્ય યશસ્વી રીતે પાર પાડ્યું અને હૈદરાબાદમાં સાલારજંગના મહેલ 'દીવાન દેવડી'માં એને વિભાગવાર ગોઠવી એને 'સાલારજંગ મ્યૂઝિયમ'નું નામ આપ્યું. ઈ. ૧૯૫૧ની ૧૫મી ડિસેમ્બરે વડા પ્રધાન પં. નેહરુએ એનું ઉદ્‌ઘાટન કર્યું ને વહીવટ સાલારજંગ એસ્ટેટ કમિટીને સોંપાયો. આ પછી એ કમિટીના એક અગ્રગણ્ય સભ્ય અને ગુજરાત રાજ્યના માજી ગવર્નર નવાબ મેહદી નવાઝજંગના સૂચનથી એ સમગ્ર સંગ્રહ રાષ્ટ્રને સોંપી દેવાનો નિર્ણય લેવાયો. તદનુસાર ઈ. ૧૯૬૦ની ૩૦મી જૂને ભારત સરકારે તે સ્વીકાર્યો અને ૧૯૬૧ની ૧૯મી મેએ પાર્લમેન્ટમાં એક ખાસ ઠરાવ કરી આ સંગ્રહસ્થાન અને પુસ્તકાલયને 'રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી એક ખાસ સંસ્થા' તરીકે જાહેર કરી આંધ્ર પ્રદેશના રાજ્યપાલના પ્રમુખપદ નીચે 'સાલારજંગ મ્યૂઝિયમ બોર્ડ'ને તેનો વહીવટ સોંપ્યો.



દીવાન દેવડી - સર સાલારજંગનો એક મહેલ





△ સાલારજંગ સંગ્રહની કેટલીક કૃતિઓ અગાઉ દીવાન દેવડીમાં આમ ખુલ્લામાં રખાતી હતી. (ડાબી બાજુ) મ્યૂઝિયમનું નવું મકાન

સર સાલારજંગ • હૈદરાબાદ રાજ્યના ત્રણ વઝીરે આઝમ

દક્ષિણ ભારતમાં હૈદરાબાદ રાજ્યની વિકાસોન્નતિમાં સાલારજંગ કુટુંબનો ઘણો મોટો હિસ્સો છે. આ વંશના મૂળ પુરુષ શેખ ઉવાઈસ સાપી ઈરાન છોડી બિજાપુરમાં અલી આદિલશાહના દરબારમાં આવી રહેલા. એના પુત્ર મીર આલમે નિઝામના પ્રતિનિધિ તરીકે ટીપુ સુલતાન સામે અંગ્રેજોને ઘણી સહાય કરેલી. એના અવસાન પછી હૈદર યારખાન મુનીર-ઉલ-મુલ્કે સહકારી ચંદુલાલ સાથે નિઝામનો રાજવહીવટ સંભાળેલો. તે પછી થોડો સમય એમના ભાઈ સિરાજુલ મુલ્કે એ ભાર લીધો ને પછી મુનીર-ઉલ-મુલ્કના પુત્ર નવાબ મીર તુરાબ અલી ૨૦ વર્ષની વયે હૈદરાબાદના પહેલા દીવાન બન્યા.

એમણે રાજ્યમાં અનેક સુધારા કરી રાજ્યની આવક વધારી, માથાભારે અરબોનું વર્ચસ્વ ઘટાડયું, ૧૮૫૭ના બળવા વખતે રાજ્યમાં શાંતિનો બંદોબસ્ત રાખ્યો; વળી રેલવે અને ટપાલવ્યવહાર પણ દાખલ કર્યાં અને ઘણા કાયદા સુધારીને રાજ્યમાં સુખશાંતિ ફેલાવ્યાં. એમના કુશળ વહીવટને લીધે ૧૮૬૦માં નિઝામની જપ્ત કરેલી જાગીરો પણ અંગ્રેજોએ પાછી આપી અને મીર તુરાબ અલીને કે. સી. એસ. આઈ. તથા જી. સી. એલ.ના ખિતાબો આપ્યા. સાલારજંગ એ પણ એમનો એક ખિતાબ જ હતો ને તેઓ સાલારજંગ પહેલા તરીકે ઓળખાતા. ૧૮૬૯માં એમણે ઈંગ્લંડની સફર કરી, જ્યાં મહારાણી વિક્ટોરિયાએ એમનું સ્વાગત કરેલું ને ઑક્સફર્ડ યુનિવર્સિટીએ ડી.એસ.એલ.ની ઉપાધિ આપી હતી. રાજ્યમાં અદાલતો, શાળા-કૉલેજો, ઇસ્પિતાલો, ધર્મશાળાઓ અને અનેક જાહેર ઈમારતો તથા નવા માર્ગો એમના અમલમાં જ બન્યા હતા. વ્યાપારના અનેક પ્રતિબંધો ઘટાડી એમણે એને ઉત્તેજન આપી વિકસાવ્યો હતો. મોટા અમલદારો ને ખુદ પોતાના પગાર ઘટાડીને રાજ્યનો ફિઝુલ ખર્ચ બચાવેલો. ઈ. ૧૮૮૩માં કૉલેરામાં એમનું અવસાન થયું, જેને અંગ્રેજ સરકારે પણ એક ખાસ ગૅઝેટમાં નોંધીને એમનું માન વધારેલું.

એમના બે પુત્રો અને ચાર પુત્રીઓમાંથી ૨૧ વર્ષના નવાબ મીર લાયકઅલી એમના પછી દીવાનપદે આવ્યા. આ સાલારજંગ બીજા પોતાની તબિયતને કારણે પાંચ જ વર્ષ પછી દીવાનપદેથી મુક્ત થઈ ગયા. એમણે રાજ્યની વહીવટી ભાષા ફારસીને બદલે ઉર્દૂ બનાવી હતી.

એમના પુત્ર નવાબ મીર યુસુફ અલીખાં એ સાલારજંગ ત્રીજા. બાવીસ વર્ષની ઉંમરે એમણે નિઝામ રાજ્યનું દીવાનપદ લીધું હતું. ઈ. ૧૮૮૯ની ૧૩મી જૂને એમનો જન્મ થએલો. ફારસી, ઉર્દૂ અને અંગ્રેજીના તેઓ અચ્છા જ્ઞાતા હતા. કુટુંબમાં મબલખ પૈસો હતો, ને પિતામહે એકઠી કરેલી શ્રેષ્ઠ કલાકારીગરીની ચીજોએ એમને એમાં ઊંડો રસ જગાડયો હતો. અસલ નવાબી ઠાઠથી તેઓ રહેતા. એમના પોતાના ઘોડેસવાર સૈનિકો અને અન્ય નોકરોનો મોટો કાફલો હતો. અનેક ઘોડાગાડીઓ, ને એક રૉલ્સ રૉઈસ તથા એક ડેમ્લરસાથે છ મોટરો હતી.ચારમિત્રો વગેરેના સ્વાગત માટે વિશાળ રસોડું ચાલતું ને રવિવારની એમને ત્યાંની મુઘલાઈ તથા ફ્રેન્ચ વાનગીઓ ખ્યાત હતી.

માત્ર અઢી જ વર્ષ દીવાનપદું કરી એ નિવૃત્ત થઈ ગએલા અને પોતાનું લગભગ બધું ધ્યાન દેશવિદેશની કલા-કારીગરીની અવનવી ચીજો સંઘરવા પાછળ કેન્દ્રિત કરી રહેલા. વાર્ષિક ૨૧ લાખ જેટલી કરમુક્ત આવકમાંથી સહેજે દસેક લાખ રૂપિયા તે પોતાના આ શૉખ પાછળ વાપરતા. આમ, એમણે કરોડો રૂપિયા ખર્ચીને દુનિયાભરમાંથી કલા-કારીગરીના હજારો નમૂના એકઠા કર્યા હતા. આજે કદાચ કોઈ પણ એક વ્યક્તિએ આટલો મોટો સંગ્રહ એકઠો કર્યો નહિ હોય. જીવનભર અપરિણીત રહી ઈ. ૧૯૪૯માં એમનું અવસાન થયું.એમણે એકઠી કરેલી મબલખ કલા-સામગ્રીમાંથી જ હૈદરાબાદનું વિખ્યાત સાલારજંગ મ્યૂઝિયમ રચાયું છે.



નવાબ સર સાલારજંગ ત્રીજા

'દીવાન દેવડી' મૂળ તો નિવાસસ્થાન હોઈ સંગ્રહસ્થાનને યોગ્ય ની રચના ન હોય એ સ્વાભાવિક છે, વળી સલામતીની દૃષ્ટિએ પણ ાં આ હજારો કિંમતી નમૂનાઓ રાખવા એ ઉચિત નહોતું, તેમજ ીચોખીચ ખડકાએલા એ નમૂનાઓ એની ખૂબીઓ બરાબર દર્શાવી કે તેવી રીતે ગોઠવવા શક્ય નહોતા. આ બધા મુદ્દા ધ્યાનમાં લઈ ાલારજંગ મ્યૂઝિયમ' માટે એક અદ્યતન મકાન બાંધી ત્યાં એ સંગ્રહને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું નક્કી થયું, અને સંગ્રહની રજૂઆતની ી આવશ્યકતાઓને ખયાલમાં લઇને હૈદરાબાદ શહેરમાં જ મૂસી ીના ડાબા કાંઠે એક કરોડ રૂપિયાના ખર્ચે ત્રણ તબક્કે એક વિશાળ ાન તૈયાર કરવાનો નિર્ણય લેવાયો. ૧૯૬૩ના જુલાઈની ૨૩મીએ પં. નેહરુએ એ નવા મકાનનો પાયો નાખ્યો ને ઈ. ૧૯૬૮માં રાષ્ટ્રપ્રમુખ ડૉ. ઝાકિરહુસેને તેનું ઉદ્‌ઘાટન કર્યું. આજે હવે ત્યાં દીવાન દેવડીમાંથી બહુ જ કાળજીપૂર્વક ધીરેધીરે બધા નમૂના લાવીને વિભાગવાર ને વ્યવસ્થિત ગોઠવ્યા તો છે, પણ સાલારજંગે પોતાના ટૂંકા જીવનકાળમાં પણ એ સંગ્રહ એટલો તો વિશાળ કર્યો છે કે હજી પણ એને સુવ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરવાનું કામ પૂરું થયું નથી.

નવાબ સાલારજંગે આ બધી ચીજો એકઠી કરવા પાછળ કોઈ એક નિશ્ચિત કલાદૃષ્ટિ રાખી નહોતી. કલાકારીગરીનું જે કંઈ એમને ગમી જતું તે એ ખર્ચની બિલકુલ પરવા કર્યા વિના ખરીદી જ લેતા. દેશપરદેશના કલાવિક્રેતાઓના એ એક નિયમિત ગ્રાહક હતા. એમના શૉખને પારખી

ગએલા એ કલાવિક્રેતાઓ એમને યોગ્ય ચીજવસ્તુ એમને પહોંચાડયે રાખતા. આમાં કેટલીક ખરેખર ઉત્કૃષ્ટ ન કહેવાય એવી ચીજો પણ આવી ગઈ છે, પરંતુ એક સંગ્રહની દૃષ્ટિએ એ, જે તે પ્રદેશ તથા સમયની કલા-કારીગરીનો ખયાલ આપી રહે છે. આમ, નવાબના સંગ્રહમાં ભારત ઉપ-રાંત ચીન, જાપાન, ઈન્ડોનેશિયા, બર્મા, નેપાળ, તિબેટ, મધ્યપૂર્વના દેશો, યુરોપના દેશો, ઑસ્ટ્રેલિયા, અમેરિકા એમ દુનિયાભરમાંથી કંઈ ને કંઈ આવીને સંઘરાયું છે. એમાં ભારતીય કલાકારીગરીની અનેક પ્રકારની ચીજો—આભૂષણો, ચિત્રો, વસ્ત્રો, હથિયારો ઇત્યાદિ સાથે ચીની માટીનાં વાસણો, ઝવેરાત, ગાલીચા, ચશબનાં પાત્રો, હાથીદાંતની ચીજો, કાચની વસ્તુઓ, કિંમતી ધાતુની કારીગરી, વિવિધ પ્રકારનાં ઘડિયાળો, ધાતુ-પથ્થર-કાષ્ઠની મૂર્તિઓ વગેરે સેંકડોની સંખ્યામાં છે, જે બધી તે હવે પૂર્વ અને પશ્ચિમની કલાકૃતિઓના બે મુખ્ય વિભાગમાં વહેંચી નાખી છે.

સુંદર ચિત્રાલેખનોવાળા અનેક ફારસી હસ્તલિખિત ગ્રંથો, સુવર્ણા-ક્ષરે લખાએલાં કુરાન વગેરેનો સંગ્રહ પણ મોટો છે. આમાં મીર અલી અલ કાતિબે લખેલું 'શેઝત ઉલ મુહબ્બીન', ઈમદની લેખનકળા દર્શાવતું 'લવા-ઈહ-જામી', સુલ્તાન અલી અલ મેરાદીના હસ્તાક્ષરોમાં 'શિફ્ઇ ખુશરૂ' ને નાસ્ખ શૈલીમાં 'યાકુત અમ મુસ્નાસ્મલી'નું કુરાન વગેરે છે.

ઈ. ૧૦૦૦ થી ૧૫૦૦ દરમિયાનના સુંગ અને મિંગ યુગનાં તથા તે પછીનાં કાંગ હે યુગનાં ચીની માટીનાં પાત્રોનો સંગ્રહ વિશાળ છે. ધાર્મિક પ્રતીકો, કલાત્મક ભાત ને આછા રંગની ચમકવાળી લીલી માટીની વેરોના-ની બનાવટની ઇટાલિયન વસ્તુઓનો સંગ્રહ પણ એવો જ મોટો છે.

શસ્ત્રસંગ્રહમાં મુઘલ રાજવીઓનાં ઘણાં હથિયારો છે, જેમાં જહાં-ગીરનું હીરા-માણેક જડેલું ખંજર, નૂરજહાંની નીલમ માણેક જડિત ક-ટારી, તાનાશાહની ઝવેરાત જડેલી તલવાર વગેરે મુખ્ય છે. મુઘલ કાળનાં ચશબનાં પાત્રો અને અન્ય ચીજોનો સંગ્રહ પણ બહોળો છે. ગાલીચા-ઓનો પણ એક મોટો સંગ્રહ છે જેમાં સાચા સોનાના તારકસબવાળા કલામય મખમલી ગાલીચા સાથે કિરમાન, તબ્રિઝ, શીરાઝ, ઈસ્ફહાન, હેરાત વગેરે જેવાં જગવિખ્યાત ઈરાની મથકોની કારીગરી બતાવતા ન-મૂનાઓ છે. એમાં જયપુરનો તારકસબવાળો ને મ્હૈસૂરનો હાથીદાંતની કારીગરી સાથેનો ગાલીચો ભારતીય કારીગરીની એક અનોખી છાપ પાડે છે.

ચિત્રોમાં ભારતીય પ્રાચીન કલાશૈલીનાં લઘુચિત્રો ઉપરાંત ટાગોર બંધુઓ, મનિષી દે, શારદાચરણ ઉકિલ, દેવીપ્રસાદ રાય ચૌધરી, અબ્દુ-ર્રહમાઈ ચુઘતાઈ વગેરે અર્વાચીન ચિત્રકારોની કૃતિઓ પણ છે. પશ્ચિમી દેશોની ચિત્રવિધિમાં અનેક નામી કલાકારોનાં અસલ ચિત્રો ઉપરાંત રફાએલ, રૂબેન્સ, ટીશ્યાં આદિ કલાકારોની સુંદર અનુકૃતિઓ પણ છે.

સાથોસાથ અહીંનો શિલ્પસંગ્રહ પણ વૈવિધ્યભર્યો અને વિશાળ છે, જેમાં સાલારજંગ પહેલાએ યુરોપથી પાછા ફરતાં ખરીદેલી ઇટાલિયન શિલ્પી બેન્ઝાનીની એક આરસ પ્રતિમા 'વેઇલ્ડ રાશેલ' તો આ સમગ્ર સંગ્રહના ઉત્કૃષ્ટ રત્ન સમી છે. એવી જ એક ઇટાલીની વિશિષ્ટ કાષ્ઠપ્રતિમા પણ છે જેમાં આગળ 'મેફિસ્ટોફિલિસ' અને પાછળ 'માર્ગારેટા'ની પ્ર-તિમા છે. એક જ પ્રતિમામાં એકબાજુથી તદ્દન વિરોધી એવાં આ પાત્રોનું શિલ્પ કદાચ દુનિયાભરમાં અદ્વિતીય છે. આ ઉપરાંત, સોમ-સ્કંદ, નટરાજ અને તમીળ સંતોની કાંસ્ય પ્રતિમાઓ, મદુરા, કોચીન અને કાલિકટની કાષ્ઠમૂર્તિઓ વગેરે પણ સુંદર છે.

આવો જ સુંદર સંગ્રહ છે દેશવિદેશનાં રાચરચીલાંનો. કાશ્મીર અને દક્ષિણ ભારતનાં સુંદર કોતરણીવાળાં રાચરચીલાં સાથે યુરોપના જુદાજુદા દેશની અલગઅલગ શૈલીના નમૂનાઓનો પણ મોટો સંગ્રહ અહીં છે. ફ્રાંસના મારી આંત્વાનેત અને લૂઈના જમાનાના ફર્નિચર સાથે ટિપૂ સુ-લ્તાનની હાથીદાંતની ખુરશીઓ પણ આ સંગ્રહનું ખાસ આકર્ષણ છે.

મ્યૂઝિયમના નવા મકાનમાં હાલ પાંત્રીસ વિભાગમાં આ વૈવિધ્ય-સમૃદ્ધ કલારાશિનો હજી તો માત્ર અરધો સંગ્રહ જ ગોઠવાયો છે. સંગ્રહનો કેટલોક ભાગ 'અભ્યાસ-સંગ્રહ' તરીકે અલગ રાખેલો છે. આમ, માત્ર એક જ વ્યક્તિએ એકઠો કરેલો આ જગવિખ્યાત અને વિશાળ સંગ્રહ આજે રાષ્ટ્રીય સંપત્તિ રૂપે ભારતને એક આગવું ગૌરવ અપાવે છે.




'દીવાન દેવડી' મહેલમાં ચીની કલાકૃતિઓનો ખંડ. ચીનાઈ માટીનાં શોભનમંડિત પાત્રો ઉપરાંત હાથીદાંત અને કાષ્ઠ ઉપરની કોતરણી, અનેકવિધ આકાર-પ્રકારનું મિંગકાળનું વિશિષ્ટ રાચરચીલું વગેરેનો પણ મોટો સંગ્રહ તેમાં છે. ચિત્રમાં મધ્યમાં દેખાતી પ્રતિમા 'ક્વાનયીન'ની છે. સમૃદ્ધિના આ દેવતાની ફાંદ પર હાથ ફેરવવા મળે તો માણસ ન્યાલ થઈ જાય એવી એક માન્યતા અગાઉ ચીનમાં પ્રચલિત હતી.




સોમસ્કંદ : દક્ષિણ ભારતનું ૧૮મી સદીનું એક સુંદર કાંસ્યશિલ્પ. સાલારજંગ મ્યૂઝિયમમાં ભારતીય શિલ્પના આવા તો અનેક નમૂના છે, જેમાં નટરાજ શિવ, શિવપાર્વતી, નૃત્યરત ગણેશ, બાલકૃષ્ણ મુખ્ય છે.

સંપાદકીય

સાલારજંગ સંગ્રહના જે કંઈ થોડા નમૂના આ આઠ પાનાંમાં તથા અન્યત્ર આપ્યા છે તે એ સંગ્રહની વિપુલતા કે વૈવિધ્યનો પૂરતો ખયાલ આપવા માટે અપર્યાપ્ત છે. આ એક નિજી સંગ્રહ હોઈ એમાંની કેટલીક ચીજો જાહેર સંગ્રહમાં પ્રદર્શિત કરવા જેટલું મહત્ત્વ ન પણ ધરાવતી હોય. છતાં, એવી ચીજો તારવી લીધા પછી યે, વિભાગ વાર અને યોગ્ય રજૂઆત કરવા માટે એક કરોડને ખર્ચે ખાસ તૈયાર કરેલું એવું અદ્યતન મકાન પણ બાકીના બધા નમૂના પ્રદર્શિત કરી શકે તેમ નથી એટલો વિપુલ એ સંગ્રહ છે. દુનિયાભરમાંથી જ્યાંથી મળી ત્યાંથી 'સંઘરવા યોગ્ય કોઈ પણ ચીજ' સાલારજંગે એકલે પંડે સંઘરી છે. છતાં તેમાં કલાકૌશલની દૃષ્ટિએ ઇતિહાસપ્રસિદ્ધ સમયનાં ચીન-જાપાન અને યુરોપનાં ચીની માટીનાં કલામંડિત પાત્રો, મુઘલ કાળનાં હિંદનાં અને પુરાતન ચીનનાં સંગે યશબનાં પાત્રો તેમજ અન્ય ચીજો, લૂઈ ૧૪મા અને ૧૫માના સમયનું ફ્રાંસનું રાચરચીલું, સોનાના તારનું વણેલું ૨૪ ફૂટ જેટલું લાંબું કાપડ, હાથીદાંતનો ગાલીચો, 'મેફિસ્ટોફિલિસ' કે 'રાશેલ' જેવી પ્રતિમાઓ વગેરે તો આ સંગ્રહના ખાસ મહત્ત્વના નમૂના પણ સંખ્યાબંધ છે.



આતશબાજી : શહેનશાહ શાહજહાંના અંગત કલાસંગ્રહમાંનું એક ચિત્ર



ટિપૂ સુલતાનની પાઘ, તલવાર અને હાથીદાંતની બે ખુરશીઓ

નીચે : આડશ-પર્દા (સ્ક્રીન) પર 'નિર્મલ'ની સુંદર ભાત. 'નિર્મલ' એ સોનેરી ઓપવાળી, હૈદરાબાદ તરફની એક સુંદર ને ગાપિત કલા છે.





બિદરીના સુંદર શોભનવાળી હોકાની એક બૂરજૂરી. બિ-દરી એટલે ધાતુના પાત્ર પર સોના-ચાંદીના કલામય જરદરી કારીગરી.




યૌવનની વસંત : એક અતિસુંદર ઇટાલિયન આરસ-પ્રતિમા




માતા : સાલારજંગ સંગ્રહમાં પરદેશથી આણેલી આ તો એક સુંદર પ્રતિમા છે




જમણી બાજુ : ચીનનાં મિંગકાલીન ફૂલદાનો. ચીન ઉપરાંત જાપાન અને યુરોપના પૉર્સેલિનના સેંકડો સુંદર નમૂના સાલારજંગ સંગ્રહમાં છે.




દેશવિદેશનાં વિવિધ જલયાન






સાલારજંગ શમશેર-સંગ્રહમાંથી
ડાબી બાજુથી અનુક્રમે તાનાશાહ (છેલ્લા કુત્બવંશી સુલતાન), બહાદુરશાહ, ટિપૂ સુલતાન, ઔરંગઝેબ ને આસફજાહની તલવારો.




ાળે: જહાંગીરની રત્નજડિત કટાર તથા મ્યાન; અને નૂરજહાંની મીના-માણેક જડિત
રી. નીચેના ચિત્રમાં શાહજહાંની કટાર અને યશબના હાથાવાળું ઔરંગઝેબનું ખંજર.

લારજંગ સંગ્રહમાં વિવિધ પ્રકારનાં ાબંધ હથિયારો છે, જેમાં ઉપર દર્શા- તેવાં ઐતિહાસિક મુલ્યવાળાં હથિયારો રાંત અનેકવિધ ખંજરોનો સમૂહ મોટો આવો જ બીજો ઉમદા સંગ્રહ છે સંગે બ (જેઈડ)ની વિવિધ વસ્તુઓની. મણી બાજુ) એમાંની યે ઘણી ચીજ કૌશલ ઉપરાંત ઐતિહાસિક મહત્ત્વ પણ વે છે. આ ઉપરાંત રત્નજડિત આભૂ- નો અહીંનો સંગ્રહ પણ કલાકૌશલ કિંમતની દૃષ્ટિએ ઘણો મૂલ્યવાન છે.




યશબનાં ચીની અને ।હદી પાત્રો



ફૂલપાનની મનોહર ભાતવાળા હિમરૂનો એક નમૂનો


સાલારજંગ સંગ્રહમાં લગભગ ૫૪૦૦૦ જેટલા તો માત્ર ગ્રંથો જ છે, જેમાં ૭૬૦૦ ઉપરાંત ગ્રંથો હસ્તલિખિત છે. આમાં યે કેટલાક તો ૬૦૦–૭૦૦ વર્ષ જૂના છે. ૩૦૦ જેટલાં તો કુરાન છે, જેમાંનું એક યાકુતનું કુરાન મુઘલ બાદશાહોના અંગત વપરાશનું હતું. તેના પાના પર જહાંગીર અને શાહજહાંના હસ્તાક્ષરો પણ છે (જુઓ જમણી બાજુ) ઉર્દૂ, ફારસી, તુર્ક ને અંગ્રેજીમાં લગભગ બધા વિષય પરનાં પુસ્તકો ત્યાં સંઘરાએલાં છે.






સર સાલારજંગ પહેલા માટે ખાસ બનાવેલો શોભનખચિત ઈરાની વાડકો

'દીવાન દેવડી' મહેલમાં પ્રાચીન મિસર (ઇજિપ્ત)ના અનેકવિધ નમૂનાથી એક આખો ખંડ ભરચક હતો. કલાકારીગરીની અનેક સુંદર ચીજો સાથે તેમાં તુતનખામનની કબરમાંથી નીકળેલી ઘણી બહુમૂલી ચીજોની હૂબહૂ નકલો પણ હતી.અહીં ડાબી બાજુ તુતનખામનની ખુરશી દેખાય છે.





ફ્રાંસના લૂઈ ૧૪માનું ડ્રેસિંગ ટેબલ અને રાઇટિંગ ટેબલ. આ આખા ખંડમાં ફ્રાંસનું એ કાળનું રાચરચીલું જ છે. આ પ્રકારનો આટલો મોટો સંગ્રહ બીજે ક્દાચ ક્યાંય નથી.

કલાવાર્તા

વરાહમૂર્તિ


ગુજરાતનો ખૂણેખૂણો ખૂંદીને આપણા ગૌરવવંતા ભૂતકાળની સાક્ષીરૂપ કલાવશેષો શોધવાનો નાદ ધરાવતા અમદાવાદના જાણીતા ડૉ. હરિલાલ ગૌદાનીને દહેગામ (ભરૂચ)માંથી કાળા પથ્થરની લગભગ ૨૮-૩૦ મણ વજનની આ એક વરાહમૂર્તિ મળી આવી છે. વરાહ એ વિષ્ણુના દશાવતારમાંનો એક અવતાર છે અને ઈ. ૬૦૦થી વિષ્ણુ અવતારનાં મંદિરો પણ બનતાં રહ્યાંની માહિતી મળે છે. અગાઉ ઉત્તર ગુજરાતમાં વિજાપુર નજીક વિહાર ગામની







સીમમાંથી પણ એક અખંડ વરાહમૂર્તિ મળી આવી હતી. (જુઓ 'કુમાર' અંક ૪૭૦). આ મૂર્તિનું પણ લગભગ એ જ ઢબે ઘડતર થયું છે, પણ ખંડિત હોઈ તેમાંની કેટલીક વિગતો અસ્પષ્ટ રહે છે. છતાં જે કંઈ જણાય છે તે પ્રમાણે મૂર્તિનું આસન કૂર્મ (કાચબા)નું છે, પીઠ પરના ચાર પટ્ટામાં મથાળે કોઈ દેવીની પ્રતિમાઓ, તેની નીચે આઠ ગણેશ, પછી બાર આદિત્યો અને છેલ્લે ગાંધર્વગણ કોતર્યા છે. આંખની ભ્રમર ઉપર વીરાસને બેઠેલા સૂર્ય અને કાનમાં વાયુ દેવતા લાગે છે. પુચ્છ પાસે કુંભ છે અને પેટ પાસે શંખનિધિ પાર્ષદ બેઠો છે. ખંડિત છતાં એ પાર્ષદનું શિલ્પાંકન કેટલું પ્રસન્નકર છે તે ડાબી બાજુના નાના ચિત્રમાં જોઈ શકાશે.

નીચે: કુંભાર: ગાંધી જન્મ-શતાબ્દી પ્રદર્શન માટે થએલું એક ચિત્ર (વધુ વિગત પાછળ)






ગાંધી જન્મ-શતાબ્દી નિમિત્તે નવી દિલ્હીમાં યોજાએલા પ્રદર્શનમાં લોકજીવનની રોજિંદી વિવિધ પ્રવૃત્તિઓ દર્શાવતાં જે સરળ સુગમ ચિત્રો રજૂ થએલાં તેમાંનાં ત્રણ (અને બીજાં ત્રણ સામેના પાને) ચિત્રોનાં શ્રી ખોડીદાસ પરમારે કરેલાં આરંભનાં રેખાંકનો : (ઉપરથી અનુક્રમે) કુંભાર, ગામનું પાદર તથા ટીપણી-નૃત્ય અને ભજનિકો. સંપૂર્ણ રંગાવટ પછીની આમાંની મથાળાની કૃતિ 'કુંભાર' પૂર્ણ સ્વરૂપે પાછળના પાના ઉપર આપી છે.



શ્રી ખોડીદાસનાં ત્રણ વધુ રેખાંકનો. ઉપરથી અનુક્રમે : ગોપજીવન, લોકવરણનાં ગૃહઉદ્યોગ અને ખેડૂતનું જીવન. બધાં ચિત્રવસ્તુનાં ચાર-પાંચ કે તેથી વધુ પાસાં રજૂ કરતાં આ આલેખનોનાં સંયોજનમાં વૃક્ષો, પાળિયા ને ઘર-ખોરડાંને કારણે એ પાસાં એકબીજાં સાથે સુંદરતાથી સંકળાય તો છે જ, પણ એ ઉપરાંત ગ્રામજીવનની તાદૃશતા રજૂ કરવામાં પણ પૂરક બની રહે છે.

ગાંધી પ્રદર્શન

ગાંધી જન્મ-શતાબ્દી નિમિત્તે દિલ્હીમાં યોજાએલા વિશાળ પ્રદર્શનમાં એમના સમગ્ર જીવનને આવરી લેતાં મોટા કદનાં ફોટાચિત્રો પ્રદર્શિત કરતો આરંભમાં જ એક ખાસ વિભાગ હતો. આ બધાં એકરંગી ચિત્રોની વચ્ચે વચ્ચે આંખને આરામ આપવા લોકજીવનનાં વિવિધ-પાસાં રજૂ કરતાં રંગીન ચિત્રો પણ મુકાએલાં. એમાંનાં ત્રીસેક ચિત્રોનાં આરંભનાં રેખાંકનો શ્રી ખોડીદાસ પરમારે, શ્રી સોમાલાલ શાહના માર્ગદર્શન સાથે તૈયાર કરેલાં. લોકો સરળતાથી સમજી શકે એવી એમની આગવી ઢબનાં એ ચિત્રોમાંથીછનાં રેખાંકનો, અને રંગપૂરણી પછી એનો કેવો ઉઠાવ આવેલો તે દર્શાવતું એક પૂરું ચિત્ર આ સાથે આપેલ છે. આ બધાં ચિત્રો સર્વશ્રી સોમાલાલ શાહ, ખોડીદાસ પરમાર અને વનરાજ માળી તથા ભરત માળીએ સાથે મળી પૂરાં કરેલાં. આ જ રેખાંકનોના આધારે જયપુરના સલાટોએ પથ્થર પર એમાંના કેટલાક ભાગનું ભાસ્કર્ય કોરેલું જે એ મંડપની બહાર શોભન તરીકે મૂકેલું હતું.



એલ. એમ. પટેલ

આ સાથે જે ચિત્રો આપ્યાં છે તેના કલાકાર **શ્રી** એલ. એમ. પટેલ દારેસ્સલામના 'ગઅટે ઇન્સ્ટિટ્યૂટ'માં ચિત્રકલાના વર્ગો ચલાવે છે.

ગજેરામાં એમનો જન્મ. મુંબાઈની જાણીતી જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં કલાનો અભ્યાસ કરી ૧૯૫૧માં ડિપ્લોમા અને ૧૯૫૬માં આર્ટ માસ્ટરની ઉપાધિ મેળવી આફ્રિકા ગયા. આ પહેલાં ૧૯૫૦ અને '૫૫માં એમણે બે વૈયક્તિક પ્રદર્શનો યોજેલાં અને '૫૧માં બૉમ્બે આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં ઈનામ પણ મેળવેલું. ૧૯૬૨માં દારેસ્સલામમાં પણ પોતાનાં ચિત્રો પ્રદર્શિત કરેલાં, ને પછી '૬૮માં નૈરોબીમાં. ટાન્ઝાનિયા આર્ટ સોસાએટીના સભ્ય હોઇ તેનાં વાર્ષિક પ્રદર્શનોમાં પણ નિયમિત ભાગ લે છે. 'એસ્સો કૅલેન્ડર સ્પર્ધા'માં પણ વર્ષોથી નિયમિત ઇનામો લેતા રહ્યા છે. આફ્રિકન લોકજીવન અને પ્રાકૃતિક સૌંદર્યને રજૂ કરતાં સુંદર રંગાવટવાળાં એમનાં ચિત્રો સારી ખ્યાતિ પામ્યાં હોઈ ભારત ઉપરાંત, ઇઝરાએલ, બ્રિટન ને અમેરિકાના ખાનગી સંગ્રહોમાં સંઘરાયાં છે. વાસ્તવદર્શી આલેખનમાં કલાતત્ત્વ ઢંકાઈ જાય છે એમ તેઓ માનતા હોઇ કલાસર્જનમાં એમનો અભિગમ મોટે ભાગે 'મૉડર્ન' શૈલી તરફ ઢળતો રહ્યો છે.



દારેસ્સલામના નાઝી મોજા નામના જાહેર ઉદ્યાનના એક ફુવારામાં 'ન્ગોમા'નામની સાત ફૂટ ઊંચી એમની એક શિલ્પાકૃતિ પણ મુકાએલી છે. ઉપર એમની છબિ સાથે મથાળે 'જાગૃતિ' ને નીચે 'બે આફ્રિકન' તથા 'સર્જન' ચિત્રો આપ્યાં છે.





ટિકિટ-સંગ્રહ



ઇઝરાએલના જુદા જુદા વિસ્તારના વિવિધ સૃષ્ટિ સૌંદર્યને રજૂ કરતી પાંચ નવી ટપાલટિકિટો. અનુક્રમે તેના પર હા આરવાના દ્રુમતાડ, હામસરકની જ્યુડીઅન ટેકરીઓ, નાહલ આયોનનો તહાના ધોધ, નેગેવન નકાલ બરાક કૅન્યૉન અને જ્યુડીઅન ટેકરીઓમાંની સોરેક ગુફાઓનાં ચિત્રો છે. એ નાના દેશમાં પણ પ્રકૃતિનું જે વિભિન્ન સૌંદર્ય ભર્યું છે તેનાં એ દ્યોતક છે. (પ્રેષક: કિરણચંદ્ર જોષી, અમદાવાદ)

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'આધુનીકરણ' 'ઉદ્યોગીકરણ'

અખબારોમાં અંગ્રેજી શબ્દ modernizationના ગુજરાતી અનુવાદ લેખે 'આધુનીકરણ' વપરાએલો હમણાં અનેક વાર નજરે ચડ્યો અને ખટક્યો. Modern એટલે 'આધુનિક'; modernize એટલે 'આધુનિક કરવું'; modernization એટલે તો 'આધુનિકીકરણ'.

સંસ્કૃત વ્યાકરણમાં આ રીતે સધાએલા રૂપને ચ્વિરૂપ કહે છે. તેમાં મૂળ શબ્દને (એટલે કે અંગને) અંતે રહેલા સ્વરનો 'ઈ' કરીને પછી 'કૃ' (=કરવું) કે 'ભૂ' (=થવું) એ ધાતુ પરથી સધાએલાં રૂપો લગાડવામાં આવે છે. જેમ કે 'એક'-'એકીકરણ' (=એક કરવું તે); 'સરલ'-'સરલીકરણ' (=સરળ કરવું તે); 'દીર્ઘ-'દીર્ઘીકૃત' (=દીર્ઘ કરેલું); 'વક્ર'-'વક્રીભવન' (=વક્ર થવું તે); 'બાષ્પ'-'બાષ્પીભવન' (=વરાળ થવું તે); એ જ રીતે 'આધુનિક-'આધુનિકીકરણ'.

'અધુના' એટલે 'હમણાં', 'હાલ'. તેના ઉપરથી જો શબ્દ ઘડવાનો હોય તો 'અધુનીકરણ' થાય. અને અર્થ પણ 'પહેલાંના સમયને અત્યારનો સમય બનાવવો' એના જેવો કાંઈક થાય. પણ એથી modernization એ શબ્દનો અર્થ વ્યક્ત નહિ થાય.

સંભવ છે કે 'આધુનિકીકરણ' એવા રૂપમાં લગોલગ આવતા બે કકારમાંથી, શબ્દ યોજનાર એક કકારનો જાણ્યેઅજાણ્યે લોપ કરીને 'આધુનીકરણ' એવું ઉચ્ચારણ કરતા હોય.

'ઉદ્યોગીકરણ'નું પણ આવું જ છે. Industrial = 'ઔદ્યોગિક', industrialization = 'ઔદ્યોગિકીકરણ'. પણ છાપાંઓમાં તેમ જ અન્યત્ર 'ઉદ્યોગીકરણ' વપરાતો નજરે પડે છે. ખરી રીતે તો 'ઉદ્યોગીકરણ' એટલે તો 'જે ઉદ્યોગ નથી તેને ઉદ્યોગ બનાવવો' જ્યારે industrializationનો અર્થ છે, 'જે (દેશ કે સમાજ) ઔદ્યોગિક નથી તેને ઔદ્યોગિક કરવો'.

આવા એક ત્રીજા આધુનિક પ્રયોગમાં વળી જુદી જ અશુદ્ધિ જોવામાં આવી. અંગ્રેજી Sterile એટલે 'વંધ્ય'. Sterilization એટલે નિયમ પ્રમાણે 'વંધ્યીકરણ' થાય. પણ 'ધ્યી' એવું ઉચ્ચારણ કદાચ અગવડવાળું લાગતાં 'ય' કાર પહેલા અક્ષર પરથી ખસેડીને અખબારો ઘણુંખરું 'વ્યંધીકરણ' જ છાપે છે!

પણ અખબારી ભાષામાં આવી શિથિલતાઓ રોજબરોજ એટલી વધતી જાય છે કે તેનું જુદું જ વ્યાકરણ કરવું પડશે કે શું એવો ભય વધતો જાય છે! **હરિવલ્લભ ભાયાણી**

ગાંધીજીનો અક્ષરદેહ

ગાંધીજી સમજણા અને લખતા થયા ત્યારથી તે અંત સુધીના એમના સતત કાર્યરત અને વિચારરત, જાહેર તેમજ બિન-જાહેર જીવનનું દસ્તાવેજી પ્રતિબિંબ પાડતાં, નાની ચિઠ્ઠીથી માંડીને સમર્થ બ્રિટિશ સલ્તનતને પડકારતા અગ્રલેખ સુધીનાં લખાણો (જેમાં પત્રો, વ્યાખ્યાનો આદિનો પણ સમાવેશ થાય છે તે સર્વે)નો નિઃશેષ મૂલ્યવાન સંગ્રહ, ગ્રંથશ્રેણી રૂપે, અંગ્રેજીમાં 'કલેક્ટેડ વર્ક્સ ઑવ મહાત્મા ગાંધી'-ના નામથી પ્રકટ કરવાની જે યોજના ભારત સરકારે હાથ ધરી છે તેનું ગુજરાતી ગ્રંથમાળા-સ્વરૂપ 'ગાંધીજીનો અક્ષરદેહ' નામથી નવજીવન પ્રકાશન મંદિર પ્રકટ કરતું રહ્યું છે. શરૂના પાંચ ભાગનો પરિચય અગાઉ 'કુમાર'માં આવી ગયો છે. તેના અનુસંધાને આપેલી નીચેની નોંધ પરથી પ્રતીતિ થશે કે તેનો વ્યાપ તથા તેનું દસ્તાવેજી—તેમજ સાહિત્યિક મૂલ્ય તેના 'અક્ષરદેહ' નામને સર્વથા સાર્થ કરે છે.

ગાંધીજીના અમર વારસા—અને સ્મારક—જેવી આ ગ્રંથશ્રેણી ગામ-ગામડાં અને શાળા-કૉલેજોની લાયબ્રેરીઓ તો વસાવશે જ પણ પરવડી શકે તે સૌ ગૃહસ્થો તેમજ વિદ્યાર્થીઓએ પણ આખી ગ્રંથમાળા અવશ્ય વસાવવી ઘટે.

ગ્રંથ ૬ની શરૂઆત, ગાંધીજી દ. આફ્રિકાના હિંદીઓનો કેસ બ્રિટિશ સરકાર સમક્ષ રજૂ કરવા માટે ઇંગ્લંડ જાય છે ત્યાંથી થાય છે. ત્યાંનાં ભારે પ્રવૃત્તિવાળાં છ અઠવાડિયાં દરમ્યાન એમણે બધી દિશાએથી સહાયતા મેળવી. અને ઇંગ્લંડથી પાછા ફરતાંની સાથે જ એમણે પોતાના દેશબંધુઓને પરિસ્થિતિની ગંભીરતાનો ખયાલ આપવાનું શરૂ કરી દીધું. આ દરમિયાનનાં એમનાં ઘણાંખરાં લખાણોનો હેતુ પ્રતિકારની ભાવનાને તથા બલિદાન માટેના ઉત્સાહને ટકાવી રાખવાનો, તથા પોતે જે લડત ઉપાડવાની તૈયારીમાં હતા તેના નૈતિક ધોરણ ઉપર ભાર મૂકવાનો હતો. એ ઉપરાંત, હવે સારી પેઠે સ્થિર બનેલા પોતાના જીવન પ્રત્યેનું એમનું દૃષ્ટિબિંદુ એમના મોટા ભાઈ લક્ષ્મીદાસ ગાંધીને લખેલા એક પત્રમાંથી આપણને મળે છે, જેમાં એ કહે છે કે 'હવે મારા કુટુંબમાં 'સઘળાં જીવંત પ્રાણીઓનો' સમાવેશ થાય છે. પૃ. ૬૧૨, કિ. રૂ. ૧૬-૫૦.

ગ્રંથ ૭માં સમાએલા સાત માસના ગાળામાં દ૦ આફ્રિકામાંના હિંદીઓના વિચારો તથા કાર્યોમાં વધતા જતા વેગનાં દર્શન થાય છે. ગાંધીજીએ સ્પષ્ટ કર્યું કે 'રજિસ્ટ્રેશન કાયદાથી આખું ટ્રાન્સવાલ એક ભયંકર કેદખાનું બની જશે' એ કાનૂન સામેનો વિરોધ માત્ર આંગળાંની છાપ આપવા સામે નહોતો ઊભો થયો; પણ તે બળજબરીના તત્ત્વમાંથી તથા હિંદીઓને હેતુપૂર્વક ગુનેગારો તરીકે અંકિત કરવાના અપમાનકારક ઈરાદામાંથી ઊભો થયો હતો, તેથી હિંદીઓ માટે એના કરતાં યે વધારે ઉમદા કાનૂનને તાબે થયા વિના બીજો કોઈ માર્ગ રહ્યો નહિ. એ ઉમદા કાનૂન 'મનુષ્યમાં રહેલી સ્વમાનની ભાવનાને તથા તેણે હૃદયપૂર્વક લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવાની ભાવનાને જગાડે છે.' આ માટે તેમણે ભાષણો, છાપાં ઉપરના પત્રો તથા સત્તાધીશો પરની અરજીઓ દ્વારા પ્રશ્ન વિષે સમજ કેળવવા તથા તે માટે ટેકો મેળવવાનો પ્રયાસ કર્યો. (પૃ. ૫૯૨, રૂ. ૧૬-૫૦.)

ગ્રંથ ૮ ઈ. ૧૯૦૮ના શરૂના આઠ માસને આવરી લે છે, જેમાં ગાંધીજીના પ્રથમ સત્યાગ્રહનો અહેવાલ છે. ૧૦મી જાન્યુઆરીએ ગાંધીજી જેલમાં ગયા, ૨૮મીએ સમાધાનપત્ર પર સહીઓ થઈ પણ થોડા જ વખતમાં સમાધાનની શરતોનો અર્થ ઘટાવવા અંગે મત પેદા ઊભા થયા. આ પુસ્તકનાં મુખ્ય ત્રણ લક્ષણોમાં ૧) રાજકારણના ક્ષેત્રમાં સમજાવટની કળાનો આદર્શ નમૂનો કહી શકાય તેવો લેખ 'સમાધાન વિષેના સવાલ-જવાબ.' ૨) પાછળથી 'સર્વોદય' નામે ફરી પ્રકટ થએલા રસ્કિનના 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તકનું લેખમાળા રૂપે રૂપાંતર અને ૩) સત્યાગ્રહના સિદ્ધાંત અને તેના અમલ વિષેનાં હેતુલક્ષી છતાં રુચિપૂર્ણ લખાણો. (પૃ. ૫૬૮, રૂ. ૧૬-૫૦.)

ગ્રંથ ૯નો ગાળો ટ્રાન્સવાલમાં સત્યાગ્રહની લડત તીવ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યાંથી શરૂ થાય છે અને એ પ્રશ્ન વાટાઘાટથી ઉકેલવા માટે લંડનમાં ચાર માસના એકધારા છતાં નિષ્ફળ પ્રયાસો કરી ગાંધીજી પાછા ફર્યા ત્યાં પૂરો થાય છે. લડતમાં હજારો લોકોની ગિરફતારી, જેલવાસ, હદપારી અને અનેક પ્રકારનાં સંકટો લાદવામાં આવ્યાં. આ પુસ્તકમાંના લેખો તથા ભાષણો ગાંધીજીની વાટાઘાટની કુનેહની અને સાથીઓ જોડે ઊંડા બનતા જતા પ્રેમસંબંધની ઝાંખી કરાવે છે, જ્યારે એમના પત્રો એમનું આધુનિક સંસ્કૃતિ વિષેનું વલણ સ્પષ્ટ કરે છે અને એમનું બીજરૂપ પુસ્તક 'હિંદ સ્વરાજ' વાંચવા માટે વાચક વર્ગને તૈયાર કરે છે. (પૃ. ૭૫૦, રૂ. ૧૬-૫૦.)

ગ્રંથ ૧૦ નવેમ્બર ૧૯૦૯થી માર્ચ ૧૯૧૧ સુધીના ગાળાને આવરી લેતા આ ગ્રંથમાં ગાંધીજીનો આંતરિક વિકાસ અને તેમના વિચારોની પરિપક્વતા નિર્ણાયક તબક્કે પહોંચે છે. આ જ સમય દરમિયાન તેમણે અદમ્ય નૈતિક આકાંક્ષાઓને સંતોષે તેવા આદર્શોને ચોક્કસ શબ્દો દ્વારા વ્યક્ત કરવાનો અને તેને વ્યવહારુ સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો. ઇંગ્લંડથી પાછા ફરતાં જહાજની મુસાફરી દરમિયાન નાનકડું ઉત્તમ કોટિનું 'હિંદ સ્વરાજ' પુસ્તક તેમણે લખ્યું અને તેના વ્યવહારુ પ્રયોગ તરીકે ઈ. ૧૯૧૦ના જૂન માસથી ટૉલ્સ્ટૉય ફાર્મ પર શિસ્તબદ્ધ સમૂહજીવનનો પ્રારંભ કર્યો. પૃ. ૭૪૬, રૂ. ૧૬-૫૦

ગ્રંથ ૧૧માનું ધ્યાન ખેંચે તેવું અંગ તે ગાંધીજીએ લખેલી ડાયરી. એ લખાઈ ત્યારે પોતાની વકાલાતનો ધંધો મિ. રિચને સોંપીને તેઓ ટૉલ્સ્ટૉય ફાર્મમાં રહેતા હતા. ત્યાં શરીરશ્રમના સિદ્ધાંતોનું પાલન, સ્વભાવમાં સાચી નીતિની ભાવનાને પ્રેરે એવા સ્વાસ્થ્યપ્રદ આહારનું સેવન, સ્વભાષા મારફતે શિક્ષણ વગેરે એમના વ્યવસાય બની રહ્યા હતા. ઇ. ૧૯૧૨ના ડિસેમ્બરની પહેલી તારીખની ડાયરીમાં પોતે હિંદી પોશાક ધારણ કર્યાની નોંધ કરી છે. પૃ. ૬૬૬, રૂ. ૧૬-૫૦

ગ્રંથ ૧૨: ગાંધીજીનું દક્ષિણ આફ્રિકાનું જીવન ને કાર્ય દર્શાવતા ગ્રંથોની હારમાળાનો આ છેલ્લો ગ્રંથ માત્ર ગાંધીજીના આંતરિક વિકાસનો જ દ્રષ્ટા નહિ, પણ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહે છેલ્લે તબક્કે લીધેલા અતિ વ્યાપક સ્વરૂપનો અને તેના આધ્યાત્મિક લક્ષણનો પણ દ્રષ્ટા રહ્યો છે. લડતના એ પ્રભાવથી સરકારને નમતું જોખવાની ફરજ પડી, ગાંધીજી અને તેમના સાથીઓનો છુટકારો થયો, હિંદી રાહત બિલનું કાનૂનીકરણ થયું અને પોતાનું શ્રમકાર્ય પાર પડ્યાના ભાવ સાથે ગાંધીજી દેશ તરફ પાછા ફર્યા. આ ગ્રંથ એ છેલ્લાં દશ્યોનો ચિતાર આપવા સાથે સમાપ્ત થતા એક મહત્ત્વના યુગનું નિરૂપણ કરે છે. પૃ. ૭૧૨, રૂ. ૧૬-૫૦.

ગ્રંથ ૧૩: ઈ. ૧૯૧૫ની ૯મી જાન્યુઆરીએ ગાંધીજી મુંબાઈ બંદરે ઊતર્યા ત્યારથી શરૂ થઈને ચંપારણની લડત સાથે પૂરા થતા આ ગ્રંથમાં અમદાવાદમાં આશ્રમની સ્થાપના, આશ્રમમાં પાળવાની શિસ્ત નિરૂપતું બંધારણ, સત્યાગ્રહની ફિલસૂફી વિષે ભારતની જનતાને કેળવવાની શરૂઆત, ખૂબ ચર્ચાએલું બનારસ હિંદુ યુનિવર્સિટીનું પ્રવચન, સ્વદેશી ઉપરનું એટલું જ અગત્યનું મદ્રાસનું ભાષણ અને ચંપારણની ભારતમાંની પ્રથમ લડતમાં સાંપડેલી સફળતાનો સમાવેશ થાય છે. આ જ ગ્રંથમાં તેઓ ટિળક, શ્રીમતી બેસંટ, લાલા લજપતરાય, પંડિત માલવીયજી જેવી પ્રસિદ્ધ વ્યક્તિઓનો અને પૂનાની સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટીના સભ્યોનો પરિચય કેળવતા જોવામાં આવે છે; અને વિનોબા, મશરૂવાળા, મહાદેવ દેસાઈ, રાજેન્દ્રપ્રસાદ, કૃપલાની, કાલેલકર, જમનાલાલજી બજાજ, ઍન્ડ્રુઝ ને બીજા સાથીઓને પોતાની આજુબાજુ ભેગા કરતા જણાય છે. એ બધાને લખેલા પત્રો એ આ ગ્રંથની અમૂલ્ય સામગ્રી છે. પૃ. ૬૩૬, રૂ. ૧૬-૫૦.

ગ્રંથ ૧૪: ગાંધીજીના રાષ્ટ્રીય નેતૃત્વનો પાયો નાખતા ઑક્ટોબર ૧૯૧૭ થી જુલાઈ ૧૯૧૮ સુધીના નિર્ણાયક ગાળાને આવરી લેતા આ ગ્રંથમાં અમદાવાદની મજૂર-હડતાલ અને ખેડાના સત્યાગ્રહ દરમ્યાન અમલમાં મૂકેલી 'મુશ્કેલીમાં આવેલા શત્રુ પ્રત્યે સદ્ભાવ અને તેને સહાય કરવાની તત્પરતા'ની, સત્યાગ્રહની વીરતાભરી બાજુ આલેખાઈ છે. આ ગ્રંથમાંના પત્રો તેમના ચારિત્ર્યનાં અનેક માનવોચિત્ ને હેતાળ પાસાં, રાષ્ટ્રસેવા માટેની તેમની વધતી જતી ધગશ, જાહેર જીવનને ધાર્મિક તેમજ સામાજિક ફરજ ગણીને કરેલાં સમર્પણ આદિ વ્યક્ત કરે છે. પૃ. ૫૪૮, રૂ. ૧૬-૫૦

ગ્રંથ ૧૫મો આખો, ઑગસ્ટ ૧૯૧૮થી જુલાઈ ૧૯૧૯ સુધીનો એક વર્ષનો ગાળો આવરે છે, જેમાંનું અરધું વર્ષ ગાંધીજી એક ગંભીર માંદગીમાંથી પસાર થયા. ને બાકીના અરધામાં પોતે અશક્ત હોવા છતાં દેશની લાંબી યાત્રા હાથ ધરી, એમાં દેશભરમાં ૬ઠ્ઠી એપ્રિલને પ્રાર્થના તથા ઉપવાસ કરીને 'સત્યાગ્રહ દિન' તરીકે ઊજવવાની હાકલ કરી. એમને માટે દેશની આગેવાની ધારણ કરવા પાછળ રૉલેટ કાયદો અને જલિયાંવાલા બાગની કરુણ ઘટના એ બે મુખ્ય કારણો હતાં. આ ગ્રંથ તેમના ભગીરથ પ્રયાસોનું પ્રારંભિક નિરૂપણ કરે છે અને ભારતના ઇતિહાસમાં ગાંધી-યુગના શ્રી ગણેશ માંડે છે. પૃ. ૫૯૦, રૂ. ૧૬-૫૦.

ગ્રંથ ૧૬: ઑગસ્ટ ૧૯૧૯થી જાન્યુઆરી ૧૯૨૦ સુધીના માત્ર છ જ માસનો પણ 'નિરાશાના ઘનઘોર વાદળથી ઘેરાએલો' સમય ગાળો આવરતા આ ગ્રંથમાં, પંજાબનાં રમખાણોની તપાસ માટેની હંટર કમિટીની કારવાઈ તથા હિંદુ-મુસ્લિમ એકતા માટેનું ખિલાફતનું આંદોલન, દેશની રાજકીય આપત્તિઓના ઇલાજ તરીકે સત્યાગ્રહની લડતની ઘોષણા અને દેશની આર્થિક સ્વાધીનતાની દિશામાં નિર્ણાયક પગલા તરીકે સ્વદેશીની ઝુંબેશનું નિરૂપણ છે. લોકોની રાજનૈતિક કેળવણી માટેના પ્રચંડ માધ્યમ રૂપ યંગ 'ઇંડિયા' અને 'નવજીવન' એ બે સાપ્તાહિકો એમણે શરૂ કર્યાં એ આ ગાળાનું મોટું સીમાચિહ્ન છે. પૃ. ૫૦૮ રૂ. ૧૬-૫૦

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૧૪

સરદાર વલ્લભભાઈ પટેલના લેખો: ગાંધીજીના શિસ્તબદ્ધ ને શાણા સૈનિક તરીકે ભારતના ઐતિહાસિક ઝંઝાવાત સામે અદ્ભુત શક્તિ અને કુનેહ દાખવનાર સરદાર વલ્લભભાઈનું જીવન કર્મયોગીની અખંડ સાધના જેવું હતું. તેથી જ આ લોખંડી પુરુષે હૃદયની ઊર્મિઓ સંતોષવા ખાતર કશું કર્યું નથી, લખ્યું પણ નથી. પરંતુ લોકજાગૃતિ અંગેની સચિંતતા ક્યારેક એમને કલમ પણ પકડાવતી. સ્વરાજની ચળવળ, સ્થાનિક સ્વરાજનો વહીવટ, દેશી રાજ્યમાં પ્રજાકીય શાસન માટે લડત, રાષ્ટ્રીય શિક્ષણ, ખાદી, અસ્પૃશ્યોદ્ધાર આદિ જે વિવિધ કાર્યક્રમો સ્વરાજની મણિમાળામાં ગૂંથાએલા હતા, તે અંગે સરદારશ્રીએ પોતાની માર્મિક, સ્પષ્ટ, ઓજસ્વી અને ભાવપૂર્ણ લેખનશૈલીમાં સમય સમય પર 'નવજીવન' અને 'હરિજનબંધુ'માં લખેલા લેખોનો સંગ્રહ. પૃ. ૧૧૫, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

ટૉલ્સ્ટૉયની ત્રેવીસ વાર્તાઓ (ભા. ૧ થી ૪): મૂળ રશિયનમાંથી અંગ્રેજીમાં ઊતરેલી સંત ટૉલ્સ્ટૉયની ત્રેવીસ વાર્તાઓના જિતેન્દ્ર દેસાઈએ કરેલા સરળ, હૃદ્ય ને સ્વાભાવિક અનુવાદનો પરિચય 'લોકજીવન' પાક્ષિકના વાચકોને કદાચ યાદ હશે. કુમારો ને નવશિક્ષિત પ્રૌઢો કે ગ્રામજનોને જ માત્ર નહિ, પરંતુ કોઈ પણ વાચકને ટૉલ્સ્ટૉયની વિચારણા હસ્તગત કરાવી આપે એવી આ વાર્તાઓ થોડી સચિત્ર પણ છે. ચાર ભાગનાં પૃષ્ઠ અનુક્રમે ૧૩૧, ૧૨૫, ૧૪૭ અને ૧૧૨, અને કિંમત ભા. ૧-૨ના દરેકના રૂ. ૨; ભા. ૩-૪ના દરેકના રૂ. ૨-૫૦, દરેકનું કાચું પૂઠું.

સમૂળી ક્રાન્તિ ને બીજા લેખો: ભારતની સર્વ ભગિની-ભાષાઓમાં અનુવાદ કરાવવા માટે પસંદ કરાએલાં દસ ઉત્તમ ગુજરાતી પુસ્તકોમાંના એક તરીકે જેનું નગીનદાસ પારેખે સંપાદન કરેલું એ. સ્વ. કિશોરલાલ મશરૂવાળાની વિચારણાનો સમગ્રતયા પરિચય આપતો મનનીય સંચય; પૃ. ૩૦૭, કાચું પૂઠું, રૂ. ૬.

જીવનનું પરોઢ: એ નામના, ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાંના જીવનનો વિગતે પરિચય કરાવતા, પ્રભુદાસ છગનલાલ ગાંધીના એ પ્રખ્યાત મોટા ગ્રંથનો લેખકે પોતે જ કરેલો સંક્ષેપ; પૃ. ૩૪૦. કાચું પૂઠું, રૂ. ૬.

નવજીવન વિકાસવાર્તા: ઈ. ૧૯૧૯ની ૭મી સપ્ટેમ્બરે જેનો પહેલો અંક પ્રસિદ્ધ થયો હતો એ ગાંધીજીના વિખ્યાત સાપ્તાહિક 'નવજીવન'ની તથા તેને સંલગ્ન સંસ્થાઓની

વિગતવાર વિકાસકથા આલેખતું, માહિતીસભર અને સંગ્રહયોગ્ય પુસ્તક; લેખક મણિભાઈ ભ. દેસાઈ, પૃ. ૨૯૦, કાચું પૂઠું રૂ. ૩.

એક સાધિકાની જીવનયાત્રા : સમગ્ર જીવન નિઃસ્વાર્થ આદર્શોની ખોજ અને સેવાભાવને સમર્પિત કરી ઈ. ૧૯૨૫થી છેક ૧૯૪૮માં ગાંધીજીની અંતિમ વિદાય સુધી એમનાં ચુસ્ત અનુયાયી અને વિશ્વાસુ સૈનિક બની રહેલાં મીરાંબહેન—મિસ મેડલીન સ્લેડ (એક બ્રિટિશ નૌકાધિકારીનાં પુત્રી)ની આત્મકથાના, વનમાલા દેસાઇએ કરેલા આ અનુવાદમાં ગાંધીજીના જીવનનો તાદૃશ ચિતાર રજૂ થવા સાથે એક આત્માની ઊર્ધ્વગામી જીવનયાત્રાની પ્રેરણાદાયી ને અવિસ્મરણીય તપસીલ પણ રજૂ થઈ છે. પૃ. ૨૯૬, પાકું. રૂ. ૧૨.

ગાંધીજીની અપેક્ષા : ગાંધીજીએ ભારતના રાજવહીવટની જવાબદારી વહન કરનારા લેખકો પાસેથી **શી** અપેક્ષા રાખી છે અને આ ગરીબ દેશની પ્રજા પ્રત્યે તેમની **શી** ફરજ છે છે તે દર્શાવતા એમના વિચારોનું હરિપ્રસાદ વ્યાસે કરેલું સંકલન. પૃ. ૧૮૮, કાચું પૂઠું રૂ. ૪.

વૈષ્ણવજન તો તેને કહીએ : નરસિંહ મહેતાએ પોતાના એ વિખ્યાત ભજનમાં વર્ણવેલાં વૈષ્ણવજનનાં લક્ષણોને એક પછી એક લઇને ગાંધીજીએ પોતાના જીવનમાં કેવાં ઉતાર્યાં હતાં તે નિરૂપતા એમના જીવન-પ્રસંગો વર્ણવતા છગનલાલ જોશીના પુસ્તકની બીજી સુધારેલી-વધારેલી આવૃત્તિ; કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂા. ૧-૫૦.

સત્યાગ્રહ આશ્રમનાં સંભારણાં : ગાંધીજીની અત્યંત નિકટ રહેવાની તક પામનાર છગનલાલ જોશીએ આશ્રમજીવન દ્વારા તાલીમ આપવાની એમની ખૂબીઓને બહુ અધિકૃત રીતે આ પુસ્તકમાં રજૂ કરી છે. પૃ. ૧૬૮, કાચું પૂઠું, રૂા. ૩.

ગાંધીદીક્ષા : આશ્રમમાં ને જેલમાં : એ જ લેખકને નિકટ પરિચયથી મળેલી માનસદીક્ષા વર્ણવતા ગાંધીજીના જીવનમાંથી ચૂંટેલા અનેકવિધ પ્રેરક પ્રસંગો. પૃ. ૧૦૪, કાચું પૂઠું, રૂા. ૨.

ગાંધીજીનું પહેલુંચરિત્ર : જગવિખ્યાત 'મહાત્મા' થયા પહેલાંના ગાંધીજીનું, એમની પાસેથી જ મેળવેલી વિગતોના આધારે, આજથી ૬૧ વર્ષ પહેલાં દક્ષિણ આફ્રિકાના એક સમભાવશીલ અંગ્રેજ પાદરી મિત્ર રેવ. જોસેફ જે. ડોકે લખેલા ગાંધીજીના સૌપ્રથમ જીવન-ચરિત્રનો અનુવાદ : કરનાર-બાલુભાઈ પારેખ, પૃ. ૨૦૧, કાચું પૂઠું, રૂ. ૪.


બાળપોથી : આશ્રમનાં નાનાં બાળકો અર્થે ખુદ ગાંધીજીએ જ લખેલી બાળપોથીની સચિત્ર બનાવેલી નવી આવૃત્તિ. પૃ. ૩૧, કાચું પૂઠું, ૫૦ પૈસા.

કસ્તૂરબા-વાણી ને વિચાર : કસ્તૂરબાનાં પ્રવચનો, વિશિષ્ટ પત્રો આદિને આવરી લેતું, મણિબહેન વલ્લભભાઈ પટેલે કરેલું સંકલન. પૃ. ૪૭, કાચું પૂઠું, રૂ. ૧-૪૦.

સરદારશ્રીને શ્રદ્ધાંજલિઓ : દેશના સમકાલીન રાજનીતિજ્ઞો અને પીઢ રચનાત્મક કાર્યકરોએ સરદાર વલ્લભભાઈ પટેલને આપેલી અંજલિઓમાંથી ઊપસતા એમના વ્યક્તિત્વનું દર્શન કરાવતું મણિબહેન પટેલે કરેલું સંકલન–પૃ. ૧૨૪, કાચું પૂઠું. રૂા. ૩.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



યોગેન્દ્ર દેસાઈ

જન્મ : અમદાવાદમાં, ૧૬ ડિસેમ્બર ૧૯૧૫. બી.એ. થવા ઉપરાંત કથકલી, ભરત નાટયમ્, મણિપુરી ને પ્રાંતપ્રાંતનાં લોકનૃત્યોના અભ્યાસી. રામશબરી, ચૌલાદેવી, પરિવર્તન. રૂપકોષા, ચિત્રલેખા, ચૈતન્ય મહાપ્રભુ, ગીતગોવિંદ વગેરે જેવી ચાલીસ ઉપરાંત નૃત્યનાટિકાના સર્જક, જેમાંની ઘણીના તો પચાસ-પોણોસો પ્રયોગો થયા છે. વર્ષે સોથી યે વધુ નૃત્ય-કાર્યક્રમો રજૂ કરે છે. ભારત ઉપરાંત 'એડિનબરા ફેસ્ટિવલ', આફ્રિકા, ઈંગ્લંડ સ્કૉટલૅન્ડ, ઇટાલી વગેરેમાં પણ નૃત્ય-કાર્યક્રમો આપ્યા છે. નૃત્યકાર હોવા ઉપરાંત, નૃત્યગુરુ, નૃત્યદિગ્દર્શક અને નિર્માતા તરીકે ઘણી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

૧ અચ્છા નૃત્યકાર થવા માટે શું શું આવશ્યક ગણાય?

ઉ. નૃત્યકારના બે પ્રકાર : એક રજૂ કરનાર, બીજો કલાનો પ્રચાર કરનાર—શિક્ષક. પહેલામાં દેહલાલિત્ય, અંગમરોડ ને છટા ચિત્તાકર્ષક હોવા ઉપરાંત તાલ, અભિનય ને સંગીતનું પૂરતું જ્ઞાન તથા રજૂઆતની નૈસર્ગિક દૃષ્ટિ ને આવડત હોવાં જોઈએ. લોકનૃત્ય રજૂ કરવામાં જોમ અને અંદરનો આનંદોલ્લાસ જોઈએ. એમાં દેહસૌંદર્ય ગૌણ બની શકે.

૨ આટલું હોય તો નૃત્યકળામાં પારંગત થવાય ખરું?

ઉ. હા અને ના. દરેકે પોતાની આગવી રીતે એમાં નિપુણ થવાનું છે. એ માટે આવડત, ઊંડો અભ્યાસ અને કળા માટેની નિષ્ઠા ને તમન્ના ઉપરાંત કુદરતી બક્ષિશ પણ જોઈએ. નૃત્યકળા એ એક પ્રકારનું તપ છે. એને માટે 'ફકીરી' જોઇએ.

૩ નૃત્ય-દિગ્દર્શકને કલાકારોના 'મિજાજ' સાચવવા પડતા હશે?


ઉ. સિતાર બજાવવા જેવું એ છે. એના બધા તારને સૂરમાં લાવવા પડે. ક્યારેક અમારે પણ મિજાજ ગુમાવવો પડે કે એવો ડોળ કરવો પડે. પણ અંતે સહકારથી બધું પાર ઊતરે.

૪ કયાં લોકગીતોની આપના પર સવિશેષ છાપ પડી છે?

ઉ. બધા પ્રાન્તોનાં લોકગીતો સરસ છે, પણ શ્રી મેઘાણીના સાહિત્ય પ્રત્યેના આકર્ષણને કારણે ગુજરાતનાં લોકગીતો (ને લોકનૃત્યો) જીવનમાં વધુ ઘુંટાયાં છે. સૌરાષ્ટ્રના રાસ, ગરબા, ગરબીઓ, લગ્નગીતો, નૃત્યગીતો, દુહા-છંદ વગેરે વધુ ગમે છે.

૫ નૃત્યકળાને ચિરસ્થાયી બનાવવા શું કરવા ધારો છો?

ઉ. એના નવાનવા પ્રદેશો ખેડવાની ઝંખના છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં નૃત્યકળાની એક અનોખી સંસ્થા સ્થાપવાની ધગશ છે, જેમાં સરકારી અંકુશો કે કોઈની યે શેહ ન હોય, કે જાત-વાદના ભેદભાવ પણ ન હોય; નૃત્ય ઉપરાંત અન્ય લલિતકળાઓનો સહકાર જેમાં મળે અને જ્યાં સ્વયં જીવન કલાનું એક અવિભાજ્ય અંગ બની રહે એ પ્રકારની સર્વ સુગમતા હોય. આ માટે પુરુષાર્થ કરી રહ્યો છું.



વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ લિ.
કાલબાદેવી રોડ, મુંબાઈ-૨

પરમ સખા મૃત્યુ : માણસો માને છે એમ તમામ મૃત્યુ અનિષ્ટ નથી, ઊલટાનું મૃત્યુ એ ઇશ્વરની પ્રાણીઓ માટેની ઉત્તમમાં ઉત્તમ ભેટ છે, એ સત્ય સરળ રીતે સમજાવતું કાકાસાહેબ કાલેલકરનું પ્રેરણાત્મક પુસ્તક; પૃ. ૧૬૦, કાચું પૂઠું, રૂ. ૩-૫૦.

સ્વગત : યુવાન કવિ યોસેફ મૅકવાનનો પ્રથમ કાવ્યસંગ્રહ, કવિના સ્વગત—એકાંતની પળોમાં પોતાની જ સાથે કરેલી અંગત વાતો–

દ્વારા વ્યક્ત થતી એક ઋજુ હૃદયની સંવેદન-કૃતિ; પૃ. ૧૨૪, પાકું પૂઠું, રૂ. ૩.

હેન્રી જેમ્સની વાર્તાઓ: ક્વેન્ટિન ઍન્ડર્સનની પ્રસ્તાવના સાથે પ્રકટ થએલી જાણીતા કથાકાર હેન્રી જેમ્સની નવલિકાઓ 'સિલેક્ટેડ શૉર્ટ સ્ટોરીઝ'નો મધુસૂદન પારેખે કરેલો અનુવાદ. શેક્સપીઅરનાં નાટકોના ગુજરાતી વાર્તાંતર દ્વારા 'કુમાર'ના વાચકોને પોતાનો કસબ દેખાડી ચૂકેલા ડૉ. પારેખે, હેન્રી જેમ્સની આઠ ઉત્તમ વાર્તાઓનો આમાં સફળ અનુવાદ કરીને માનવીનાં મન, સ્વભાવ ને સમાજ વિષેની મૂળ કર્તાની ઊંડી સૂઝ આપણને યથાતથ સુલભ કરી આપી છે. પૃ. ૪૬૬, પાકું, રૂ. ૬.

આપણો સાંસ્કૃતિક વારસો: 'રક્ષાબંધન', 'કમળ', 'ગાય', 'ૐ' આદિ હિન્દુ ધર્મના ૫૧ જેટલા તહેવારો, ઉત્સવો, રિવાજો ને પ્રતીકોનું ઉપયોગી માહિતી સાથે કરેલું નિરસન, જેમાં લેખક પરમાનંદ ગાંધીએ આપણી સંસ્કૃતિના વિવિધ અંગો તથા લાક્ષણિકતાઓને આધુનિક દૃષ્ટિકોણથી તપાસવાનો પ્રયત્ન કર્યો છે. પૃ. ૩૨૪, પાકું પૂઠું, રૂ. ૫-૫૦.

કેટલીક અમેરિકી વાર્તાઓ: છેક એડગર ઍલન પો થી માંડીને ટ્રુમન કેપોટ જેવા આધુનિકો સુધીના નામાંકિત અમેરિકન વાર્તાકારોના વિપુલ વાર્તાસાહિત્યમાંથી ચૂંટેલી પંદર વાર્તાઓનો શ્રી ચન્દ્રકાન્ત બક્ષીએ કરેલો આ અનુવાદ, અમેરિકી વાર્તાસાહિત્યના ઇતિહાસને અને પ્રગતિને સમજવામાં જે મદદ કરશે તેમાં, અજાણ્યા અને ઉર્દૂ શબ્દો વાપરવાનો તેમજ પોતાની 'આગવી' શૈલી વાચકને બઝાડવાનો સભાન પ્રયત્ન બાધારૂપ નીવડશે. પૃ. ૨૪૦, પાકું પૂઠું, રૂ. ૬.

અમેરિકાની આર્થિક લોકશાહી: અમેરિકાનું અર્થતંત્ર ખરેખર કેવું છે એનું વર્ણન કરતા એ. એ. બર્લેના The American Economic Republicનો શ્રી બદરીપ્રસાદ માણેકલાલ ભટ્ટે કરેલો અનુવાદ; પૃ. ૩૨૨, કાચું પૂઠું, રૂ. ૩.

નિક્સન (એક રાજકીય રેખાચિત્ર): અમેરિકાના પ્રમુખપદ માટેના પ્રયત્નોમાં મળેલા બે વારના પરાજય પછી એ પદે પહોંચેલા હાલના પ્રમુખ રિચાર્ડ નિક્સનના, સ્વસ્થ ને સમજદારીભર્યા અંગ્રેજી રેખાચિત્રનો નગીનદાસ સંઘવીએ કરેલો અનુવાદ. પૃ. ૨૭૨, પાકું, રૂ. ૩.

વિજ્ઞાનની નવી કેડીઓ: વિજ્ઞાનક્ષેત્રે નવી દિશા ખોલનારા, આર્કિમીડિસથી ગૉડાર્ડ સુધીના ૨૯ વૈજ્ઞાનિકોનાં સંશોધનકાર્યનો ખયાલ આપતા, આઇઝૅક ઍસિમોવના સચિત્ર પુસ્તકનો અનુવાદ; કરનાર મનુભાઈ મહેતા, પૃ. ૨૭૨, પાકું પૂઠું, રૂ. ૩.

માનવશાસ્ત્ર: 'વૉઇસ ઑવ અમેરિકા' પર પ્રસારિત થએલી માનવશાસ્ત્ર વિષેની વ્યાખ્યાનમાળામાંથી ચૂંટેલાં નવ વ્યાખ્યાનોનો, એ વિષયનાં અભ્યાસી નીરા દેસાઇએ કરેલો અનુવાદ; પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

કિશોર ડિટેક્ટિવ: એમિલ નામના એક નાનકડા કિશોરની એરિશ કાસ્તનરે જર્મનીમાં લખેલી સાહસકથાના અંગ્રેજી અનુવાદ પરથી કુન્દનિકા કાપડિયાએ કરેલો ગુજરાતી અનુવાદ; પૃ. ૧૫૬, કાચું પૂઠું, રૂ. ૨

માનવતાની સુવાસ: માણસાઈ ભરેલું જીવન જીવતા માણસોના જીવનપ્રસંગો પીરસતી, કિશોર વાચકોને ગમે એવી ૧૬ સાચી વાતો. લે૦ જ. એ. કાનુગા, પૃ. ૮૮, કાચું પૂઠું, રૂ. ૨.

લોકમાન્ય ટિળકના જીવનપ્રસંગો: 'સ્વરાજ્ય' શબ્દના ઉદ્‌ગાતા દેશભક્તની જીવન-ઝરમર અને પ્રેરક પ્રસંગોની મુકુલ કલાર્થીએ કરેલી ગૂંથણી; પૃ. ૭૮, કાચું પૂઠું, રૂ. ૧-૫૦

આભ રુવે એની નવલખ ધારે ભાગ ૧-૨: 'રવિ ઠાકુરના નિધનથી શરૂ થતી ને બાપુના નિર્વાણ સાથે અંત પામતી' શિવકુમાર જોષીની નવલકથાનું પુનર્મુદ્રણ પૃ. ૪૬૭ અને ૩૨૮, પાકાં પૂઠાં, કિં. અનુક્રમે રૂ. ૧૨ અને ૮.

અયનાંશુ: આજની વિદ્યાર્થી-પ્રવૃત્તિથી અનુભવાએલી અકળામણમાંથી સર્જાએલી શિવકુમાર જોષીની નવલકથા. પૃ. ૩૫૪, પાકું પૂઠું, રૂ. ૧૦.

કામિની: 'કોઇ પણ એક ફૂલનું નામ બોલો તો?' નામના પોતાના નાટકના વસ્તુ પરથી મધુ રાયે લખેલી રહસ્યકથા. પૃ. ૨૯૬, પાકું, રૂ. ૯.

દ્વીપાંતર: બંગાળના લબ્ધપ્રતિષ્ઠ કથાશિલ્પી 'જરાસંધ'ની મૂળ બંગાળીકથા 'પાડી' (જેના પરથી એ જ નામની બંગાળી ફિલ્મ પણ ઊતરી છે)નો અનુવાદ; કરનાર: ટોપણ દયાળજી ઘેલાણી, પૃ. ૧૬૪, પાકું પૂઠું, રૂ. ૪.

માધવ ક્યાંય નથી: 'જન્મભૂમિ' 'ફૂલછાબ' અને 'પ્રતાપ' એમ એકીસાથે ત્રણ પત્રોમાં પ્રકટ થઈ ચૂકેલી કૃષ્ણાવતારની કથા. લેખક: હરીન્દ્ર દવે. પૃ. ૨૫૭, પાકું પૂઠું, રૂ. ૭.

મારી દુનિયા: જીણાભાઈ દેસાઇ 'સ્નેહરશ્મિ'ની આત્મકથા. પૃ. ૨૫૬, પાકું, રૂ. ૬-૫૦.

આભને છેડે: હસિત બુચની નવી નવલકથા. પૃ. ૧૮૨, પાકું પૂઠું, રૂ. ૫.

અધૂરું સમણું: અનંત ગોપાળ શેવડેની નવલકથાનો અનુવાદ; કરનાર: નટવરલાલ જાની, પૃ. ૧૨૮, પાકું પૂઠું રૂ. ૩-૫૦.

કનૈયાલાલ મુનશીની કેટલીક મહત્ત્વની કૃતિઓ વિષે જુદેજુદે પ્રસંગે લખાએલા મનસુખલાલ ઝવેરીના સાત વિવેચન-લેખોનો સંગ્રહ; પૃ. ૯૭, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

થોડોક વ્યાકરણવિચાર: આપણા વિદ્વાન ભાષાશાસ્ત્રી હરિવલ્લભ ભાયાણીએ ગુજરાતી વ્યાકરણનાં કેટલાંક પાસાંની પુનર્વિચારણાની દિશામાં કરેલા થોડાક પ્રયાસો અને સૂચનો; પૃ. ૧૩૩, કાચું પૂઠું, રૂ. ૫.

ગાંધીકથા: ગાંધી જન્મ-શતાબ્દી નિમિત્તે આપણા કિશોર વાચકોને લક્ષમાં રાખીને કરેલું, ગાંધીજીના અનેક પ્રેરક જીવન-પ્રસંગો દ્વારા એમના વ્યક્તિત્વને ઉપસાવતું, વિવિધરંગ-ગંધભરી ફૂલમાળા જેવું સંકલન; વિશિષ્ટ રૂપરંગમાં; આવતી કાલનાં નાગરિકોને જન્મદિવસે ભેટ આપવું ગમે તેવું. લેખક: ઉમાશંકર જોષી, પૃ. ૧૪૨, કાચું પૂઠું, રૂ. ૫.

સર્ગ: આપણા વિદ્વાન અને પીઢ કવિ જયન્ત પાઠકનાં નવાં કાવ્યોનો કાવ્યસંગ્રહ પૃ. ૭૮, પાકું પૂઠું, રૂ. ૨-૫૦

યુગેયુગે: આઝાદી પછીના ભારતનું એક પાસું રજૂ કરતું હરીન્દ્ર દવેનું નાટક; પૃ. ૭૨, કાચું પૂઠું, રૂ. ૩.

ઘનરાતે: સ્વાતિ પ્રકાશને પ્રકટ કરેલી શિવકુમાર જોષીની નવલકથા- બે ભાગમાં; પૃ. ૪૧૪ અને ૩૯૦, પાકાં પૂઠાં, દરેકના રૂ. ૧૦

પગની હોડી, હાથ હલેસાં: સુરેશ દલાલનાં નવાં સુંદર સરળ રમતિયાળ બાલકાવ્યો; પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧-૫૦. (સ્વાતિ)

ઈટ્ટા-કિટ્ટા અને ધીંગામસ્તી: એ જ લેખકના બાળપ્રિય થઈ ચૂકેલા, બાળકાવ્યોના બે સંગ્રહોની અનુક્રમે ત્રીજી ને બીજી આવૃત્તિ. પૃ. બંનેનાં ૪૦, કાચાં પૂઠાં, દરેકના રૂ. ૧. (સ્વાતિ પ્રકાશન)

ગ્રંથલોક

ગૌતમ ચેમ્બર્સ • મૉડેલ સિનેમા પાસે

ગાંધીમાર્ગ • અમદાવાદ-૧

સચિત્ર ભૂમિતિઆસ્વાદ-માળા: કિશોરભોગ્ય ભાષા અને શૈલીમાં એનાક્ષી હોરાએ લખેલાં, બીજગણિત અને ભૂમિતિ વિષયક પાંચ પુસ્તકોનો સેટ. પાઠ્ય પુસ્તકો સિવાયની બાળકોની ગણિતશાસ્ત્રીય ભૂખ આ પુસ્તકો સંતોષીને ખૂબ મદદરૂપ થઈ શકશે: ૧) ભૂમિતિનો આનંદ, પૃ. ૧૦૮; ૨) ભૂમિતિની મઝા પૃ. ૧૧૨; ૩) ભૂમિતિની કેડીએ પૃ. ૧૦૦; ૪) ભૂમિતિનો આસ્વાદ પૃ. ૮૮; ૫) બીજગણિતનો આસ્વાદ પૃ. ૧૪૦; પ્રત્યેકની કિં. રૂ. ૨-૭૫; કાચા પૂંઠાનાં આ પાંચે પુસ્તકોના આખા સેટના રૂ. ૧૩.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

—[૮]— કરાવનાર·જલન માતરી



હઝલકાર
'બેકાર'

ઈસ્વીસન ૧૯૩૨ની વાત છે. ગુજરાતમાં ગઝલ નહિવત્ જાણીતી હતી. તે વખતે રાંદેર ખાતે 'મુસ્લિમ સાહિત્ય મંડળ' સ્થપાયું. પ્રમુખ તરીકે ચૂંટાયા જ. ઈબ્રાહીમ દાદાભાઈ પટેલ. મૂળ ગુજરાતી શાયર જીવ, એટલે ગુજરાતી મુશાયરાની રાંદેરથી જ પહેલ થઈ. પછી તો મુશાયરા યોજાયા એટલું જ નહિ પણ દરેક મુશાયરાની પુસ્તિકા પણ પ્રમુખના ભાષણ સાથે પ્રકટ થતી રહી.

એ પછી સૂરત ખાતે 'મહાગુજરાત ગઝલ મંડળ'ની સ્થાપના પણ જ૦ ઈબ્રાહીમ દાદાભાઈ પટેલે જ કરી અને આદિથી અંત સુધી એના પ્રમુખપદે પણ એ જ રહ્યા. ખાસ નોંધવાની વાત એ છે કે મહાગુજરાત ગઝલ મંડળ દ્વારા યોજવામાં આવતા પ્રત્યેક મુશાયરાના પ્રમુખસ્થાને કવિ ખબરદાર ને કવિ નાનાલાલ સિવાય એકેએક સાક્ષર આવી ગયા છે, ને એનો યશ મહાગુજરાત ગઝલ મંડળના પ્રમુખ જ૦ ઈબ્રાહીમ દાદાભાઈ પટેલને ઘટે છે.

પચ્ચીસ વર્ષ સુધી સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય રહ્યા બાદ આઠ વરસ સુધી આસિસ્ટંટ ડેપ્યુટી એડ્યુકેશનલ ઈન્સ્પેક્ટર તરીકે સેવા બજાવીને નિવૃત્ત થઈ છેલ્લાં ૧૭ વર્ષથી 'ઈન્સાન' માસિક ચલાવતા, પાકિસ્તાન બ્રહ્મદેશ, સિલોન, કીનિયા, ટાંગાનિકા, ઝાંબિયા, મલાવી, મોરીશિયસ, માડાગાસ્કર અને ઈંગ્લૅન્ડમાં પણ લગભગ ૧૦૦ ઉપરાંત કાવ્ય-વાચનો આપી ગુજરાતી ગઝલને વિદેશોમાં ય રોશન કરનારા જ૦ ઈબ્રાહીમ દાદાભાઈ પટેલને ગુજરાત 'બેકાર'ના તખલ્લુસથી જ ઓળખે છે. ('હડમત' અને 'અડવાજી'ના નામે પણ તેઓ લખે છે.)

ભરૂચ જિલ્લામાં આવેલા તાલુકે જંબુસરના ખાનપુર ગામે તા. ૨૪-૧૨-૧૮૯૯ના રોજ જન્મ. બાવન વીઘાં જમીન ધરાવતા આ શાયરે લગભગ ઘણીખરી જમીન કલમની તાકાત ઉપર જ ખરીદી છે. ઈ. ૧૯૬૦માં વિદ્વદ્વર્ય વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પ્રમુખસ્થાને એમની ષષ્ટિપૂર્તિ ઊજવાઈ હતી જેમાં ચાહકો તરફથી એક થેલી અર્પણ થઈ હતી.

હાસ્ય-કટાક્ષનાં એમનાં ગદ્ય પુસ્તકો (૧) પ્રેમકન્યા–ત્રિઅંકી નાટક (૨) રસનાં ચટકાં (૩) હાસ્યકુંજ (૪) જૂની આંખે નવા તમાશા (૫) અક્કલનો ઈજારદાર (૬) અક્કલના ખાં (૭) કલમચાબુક (૮) સનમની શોધમાં (૯) રમતા રામ (૧૦) હું રાજા હોઉં તો? (૧૧) રમૂજનો રાજા (૧૨) આનંદઘર (૧૩) હાસ્યમંઝિલ, ઉપરાંત (૧૪) ધરતીના ધબકારા (હઝલ-સંગ્રહ).

શ્રી 'બેકાર' ગઝલકાર નહિ પણ હઝલકાર (હાસ્યકવિ) છે. ગુજરાતી ગઝલના શાયરો ઘણા છે, પણ હઝલકારો આંગળીને વેઢે ગણાય એટલા જ છે. ઉર્દૂના હાસ્યકવિ મર્હુમ અકબર ઈલાહાબાદીને વાંચતાં વાચક ખડખડાટ હસી પડે તેમ 'બેકાર'ની હઝલ પણ હસાવ્યા વિના રહેતી નથી. મુશાયરો જામતો ન હોય અને શ્રોતાઓ બગાસાં ખાતા હોય એવામાં એકદમ હાસ્યના મોજા સાથે સભા સચેતન બની જાય તો જાણવું કે 'બેકાર' બોલવા ઊભા થયા છે.

તર્કની નહિ પણ લોકોના હૃદયની વાતોને જ હઝલમાં ગૂંથતા, 'પેલો દાળની સાથે બિસ્કુટ ખાય છે' એવી ટીકા કરતા માણસને 'એમાં તારા બાપનું શું જાય છે' એવી રીતે ઝાટકણી કાઢીને પૂર્વ-પશ્ચિમની એકતા સમજાવતા, શારદાના પુત્ર હોવા છતાંય હાથમાં લોટો નથી એવો એકરાર કરતા જ૦ બેકારની હઝલોમાંથી ચૂંટી કાઢેલા થોડાક શે'રની મોજ માણીએ:

અલ્પ છું સાહિત્યસેવક, હું કવિ મોટો નથી,
શારદાનો પુત્ર છું પણ હાથમાં લોટો નથી;
કો' કહે: "'બેકાર" વાણીમાં નથી રણકાર કાં?'
રૂપિયો નિક્કલનો છું પણ સાવ કંઈ ખોટો નથી!

∞

હિંદને સ્વરાજ્ય મળતાં ના થવાનું થઈ ગયું,
દોરવાનું જ્યાં હતું ત્યાં હાંકવાનું થઈ ગયું;
આમ જનતાનાં, જુઓને, સાફસૂપડાં થઈગયાં,
પણ ભલું કેવું પ્રધાનોનાં સગાંનું થઈ ગયું!

દાળની સાથે એ બિસ્કુટ ખાય છે,
એમાં તારા બાપનું શું જાય છે?
દૃષ્ટિમર્યાદાને તારી શું કહું?
પૂર્વ-પશ્ચિમ એકતા તો થાય છે!

∞

ના પાલવે કોઇની વાહવાથી રીઝવાનું,
ગઝલો તણી ટીકાથી ના હોય ખીજવાનું,
'બેકાર' વિશ્વમાં એ વિજ્ઞાનનો નિયમ છે,
ગરમીથી પીગળે તે શરદીથી થીજવાનું!

છું જૂનો, ખુદાની ય જૂની જ મે'રબાની છે,
તે જ બૂટ જૂનો છે, તે જ શેરવાની છે,
આજ કેમ મસ્જિદમાં આગમન છે 'બેકાર'?
આપની યે નૈયત શું બૂટ ચોરવાની છે?

∞

નગરમાં જીવતાંજીવત તો ભાડે ઘર નથી દેતા,
અને મૃત્યુ પછી કાં શ્હેરમાં તુરબત મને આપો!

∞

ઘરમાં રહ્યો ન લોટ, હવે થાય તે ખરું!
ગીરવી મૂક્યો છે કોટ, હવે થાય તે ખરું!
સદ્‌ભાગ્યથી સુકાની મળ્યા છે નવા છતાં,
જૂની છે આગબોટ, હવે થાય તે ખરું!

∞

નવાબી ગઈ હવે તલ્વાર લટકાવીને શું કરશો?
ગયું ખોવાઈ તાળું, સાચવી ચાવીને શું કરશો?
જનારા ચેતવી દેજે બીજા અહીં આવનારાને,
અમે કાઢ્યા નથી કાંદા, તમે આવીને શું કરશો?
બજારે, જઈ તમે ડી ડી ટી તો લાવી નથી શકતા,
પછી 'બેકાર' આ મચ્છરને ધમકાવીને શું કરશો?

∞

વાત શી કહું એમની કે આમની,
તંત્રીઓની જાત છે હજ્જામની;
પેટમાં રે'તાં ચડે છે આફરો,
વેંતની હો વાત, કરશે વામની!

∞

હોય કાગળ પર પતો ચોખ્ખો છતાં પહોંચે જ કેમ?
છોકરા રસ્તે ટિકિટો લાપતા કરતા રહ્યા!

∞

'હાજી' છે વિખ્યાત, એની રાખજો જુદી કબર;
કે કરી છે દાણચોરી એમણે તો ઉમ્રભર!
દર્દે-દિલની આખરે આ કેમ થઈ ઊલટી અસર?
લયલાને બદલે જુઓ આવી ત્યાં લયલાની મધર!

∞

હવે તો કાંસકી-દર્પણ યુવાનોને થયાં અર્પણ,
ફક્ત ચોળી અને ચણિયા તણા શણગાર બાકી છે;
યુવાનની ચાલ લટકાળી, ને શિર પર વાળનાં પટિયાં,
ફક્ત નાજુક પગે ઝાંઝર તણા ઝણકાર બાકી છે.

∞

લપસતાં જ પગ કેળના છોતરા પર,
ધરા જોઈ લીધી, ગગન જોઈ લીધું!

∞

કોમવાદી લીડરોનાં પૂછડાં હનુમાન સમ,
જ્યાં પછાડે ત્યાં બધે લંકાદહન થઈ જાય છે!

∞

ભલે કાયદા કોઈ થાપે-ઉથાપે,
ભણેલીને છાણાં થપાવે તો જાણું;
છુપાઇને ઈજ્જત બચાવે છતાં પણ
બચરવાલ પૈસા બચાવે તો જાણું.


∞

ઈરાદો નાનપણથી જેનો ગજવાં તાકવાનો છે,
ભવિષ્યે તે ખચિત ફીનાન્સ મિનિસ્ટર થવાનો છે!
પ્રણય પણ જેમનો જાહેર રસ્તામાં થવાનો છે,
તો એ વરઘોડો સમજી લ્યો કે કોરટમાં જવાનો છે.



પચ્ચીસ વર્ષ પહેલાં

ગુરુત્વાકર્ષણના લાભ-ગેરલાભ : દરેક વસ્તુને પોતાના તરફ ખેંચવાની પૃથ્વીની ગુરુત્વાકર્ષણશક્તિ આપણા જીવન ઉપર લાભકારી અને ગેરલાભકારક બંને પ્રકારની જે અસરો કરે છે તે ઉપરનાં ચિત્રોમાં બતાવ્યું છે. લોટો વાંકો કરતાં જ પાણી આપમેળે બહાર રેડાય છે ત્યાંથી માંડીને આપણને વજન કરી આપતા ત્રાજવાનાં પલ્લાં સુધી એના જ પ્રતાપે [illegible] સરળ બને છે તે ઉપલા વિભાગનાં ચિત્રો બતાવે છે. અને એ જ શક્તિ પાછી અમુક [illegible]માં જીવનપ્રવાહને રોધક પણ નીવડે છે તે નીચેનાં ચિત્રો બતાવે છે.



સંશોધનકાર્ય દરમિયાન અવકાશ મળતો ત્યારે તે સંસ્કૃત કૉલેજના વિશાળ ગ્રંથાગાર 'સરસ્વતી ભવન'માંનું રહસ્યવાદી સાહિત્ય વાંચતા. ઉપરાંત યુરોપીય, મધ્ય એશિયાઈ તથા ભારતીય રહસ્યવાદી તેમજ ગુહ્ય વિદ્યાઓના ગ્રંથોનું ગંભીર અનુશીલન કર્યું. આ બધા ગ્રંથોમાં તેમને ડૉ. ભગવાનદાસના બે ગ્રંથો (૧) સાયન્સ ઑવ પીસ તથા (૨) પ્રણવવાદ-માંથી ખૂબ પ્રેરણા મળી. અંદરથી આમ જીવનની દિશા ફંટાતી હતી તો બહારથી બીજી સુભગ પરિસ્થિતિ ઊભી થઈ. 'ક્વીન્સ કૉલેજ'ની સારીય વહીવટી વ્યવસ્થા બદલાઈ ગઈ, ને 'સરસ્વતી ભવન'ના અધ્યક્ષ તરીકે ગોપીનાથની નિમણૂક થઈ. કવિરાજની કારકિર્દીનો આ પ્રારંભ. ત્યાર પછી થોડા જ સમયે એમની વિદ્વત્તાથી આકર્ષાઈ અલ્લાહાબાદ વિશ્વવિદ્યાલયે એમને ક્વીન્સ કૉલેજમાં જ રીડર તરીકે નિમણૂક આપી.

એવામાં જ ડૉ. વેનિસનું નિધન થયું. મૃત્યુ વખતે એમણે ગોપી-નાથને પાસે બોલાવીને કહ્યું કે 'સરસ્વતી ભવન'માંના હસ્તલિખિત ગ્રંથોના અમૂલ્ય ભંડારની જગતને જાણ નથી. તમે જેમ બને તેમ જલદી એનું સંપાદન કરી પ્રસિદ્ધ કરજો. ગોપીનાથજીએ ગુરુની આ અંતિમ મહેચ્છા પાર પાડવા 'સરસ્વતી ભવન ગ્રંથમાલા'નો પ્રારંભ કર્યો, જેનું પ્રથમ પ્રકાશન હતું 'કિરણાવલિ ભાસ્કર'. અને ડૉ. ગોપીનાથ ત્યાંથી કાર્યનિવૃત્ત થયા ત્યારે તેમની રાહબરી નીચે સિત્તેર મહત્ત્વના ગ્રંથોનું સંપાદન થઈ ચૂક્યું હતું!

આ દરમિયાન ગોરખપંથ, વીર શૈવમત, તાંત્રિક દર્શન વગેરે એમ-ના પ્રિય અધ્યયન-વિષયો થઈ પડ્યા હતા અને એના પરિપાકરૂપ હિંદી, અંગ્રેજી, સંસ્કૃત તેમજ બંગાળીમાં એમના અનેક લેખો સામયિકોમાં પ્રગટ થવા માંડ્યા હતા. એમની પ્રતિભાથી આકર્ષાઈ કલકત્તા વિશ્વ-વિદ્યાલયના ઉપકુલપતિ ડૉ. આશુતોષ મુખરજી એમને વધુ પગાર તથા વિશેષ સગવડો સાથે કલકત્તે લઈ જવા ખાસ કાશી આવ્યા, પણ ગોપી-નાથે કાશીમાં જ રહેવાનું પસંદ કર્યું. ઈ. ૧૯૨૪માં કૉલેજના આચાર્યપદે-થી ડૉ. ગંગાનાથ ઝા નિવૃત્ત થયા ત્યારે એમને સ્થાને આચાર્યપદ પર ગોપીનાથ કવિરાજની નિમણૂક થઈ. ડૉ. દાસગુપ્તા જેવા સુપ્રસિદ્ધ દાર્શ-નિક વિદ્વાન એ પદના ઇચ્છુક હતા, પણ આચાર્ય આનંદશંકર ધ્રુવ તથા ડૉ. ગંગાનાથ ઝાએ ગોપીનાથની પ્રકાંડ વિદ્વત્તા તથા સંસ્કૃતનિષ્ઠા જોઈ ગોપીનાથની તરફેણમાં જ નિર્ણય કર્યો.

તેર વર્ષ સુધી એમણે એ સ્થાન શોભાવ્યું. પોતાના સમગ્ર પરિવારને તો તેઓ ઈ. ૧૯૧૪માં સરસ્વતી ભવનમાં નીમાયા ત્યારથી જ કાશી લાવ્યા હતા. હવે એમણે પોતાનું મકાન બાંધ્યું અને કાયમી વાસી થયા. દરમિયાનમાં એમનું સમગ્ર ચિત્ત આધ્યાત્મિક સાધનામાં લીન રહેવા લાગ્યું હતું. પ્રિન્સિપલ તરીકે એમનો ઘણો બધો સમય વહીવટ માગી લેતો હતો. આ વ્યવહાર એમની અંતર્મુખી પ્રકૃતિની વિરુદ્ધ હતો. તેમાં વળી એમને 'બેરીબેરી'ની ભયંકર બીમારી આવી અને ડૉક્ટરોએ સંપૂર્ણ આરામની સલાહ આપી. ગોપીનાથે તરત જ પોતાને મુક્ત કરવા સરકારને વિનંતી કરી. સરકારે એમને ચાલુ પગારે જોઈએ તેટલી રજા લેવા કહ્યું, પરંતુ ગોપીનાથજીનું મન માન્યું નહિ. આથી સરકારે અત્યંત આનાકાની સાથે ૧૩મી માર્ચ ૧૯૩૭ના રોજ અમને કાર્યમુક્ત કર્યા. ત્યારથી આજ સુધી એમનું જીવન આધ્યાત્મિક સાધનામાં જ વીતી રહ્યું છે.

ઈ. સ. ૧૯૧૪ થી ૧૯૩૭ દરમિયાન અધ્યાપકીય જીવનની સાથો-સાથ વ્યવહારજીવન પણ ચાલ્યું. સ્નેહમૂર્તિ ધર્મનાની વામાસુન્દરીનું અવસાન (ઈ. ૧૯૧૨) થતાં એમની પુત્રી (માસી) સ્વર્ણમયી તથા જમાઈ કૈલાસચંદ્ર નિયોગી કવિરાજને ત્યાં આવી રહેવા લાગ્યાં. ઈ. ૧૯૧૮માં કૈલાસચંદ્ર મૃત્યુ પામ્યા. માતા પણ પોતાના પુત્રને પૂર્ણ પ્રતિષ્ઠિત જોઈ ઈ. ૧૯૨૫માં અવસાન પામી. સ્વર્ણમયી કવિરાજની સેવા સ્વીકારતાં સ્વી-કારતાં ૧૯૪૫માં મૃત્યુ પામ્યાં. કવિરાજને બે સંતાન થયાં : પુત્ર જિતેન્દ્ર-નાથ તથા પુત્રી સુધારાણી. પુત્રીનો વિવાહ એમણે ઈ. ૧૯૨૫માં કરેલો. ૪૦ વર્ષના દામ્પત્યજીવન બાદ જમાઈનું ૧૯૬૫માં અવસાન થયું અને પુત્રી હાલ પોતાના બે બાળકો સાથે ડમડમમાં સમય વિતાવી રહી છે.

પુત્રને બી.એસસી., એલએલ.બી. કરી ઈ. ૧૯૩૩માં પરણાવ્યો. એનું પણ ઈ. ૧૯૫૦માં એક મધ્ય રાત્રિએ અકાળ અવસાન થયું. પણ કવિ-રાજની ચિત્તવૃત્તિ અધ્યાત્મ બાજુ વળેલી હોઈ આ આઘાતને પણ એઓ જીરવી ગયા. સંસારનું આ વિષપાન કરી એમનું શિવત્વ નીખરી ઊઠયું હતું. પુત્રના અવસાન પછી બે માસમાં જ પુત્રવધૂએ પણ પ્રાણ છોડયા. બે પૌત્રીઓ અને એક પૌત્રને કવિરાજે ઉછેર્યાં.

કવિરાજની પોતાની તબિયત ૧૯૬૧ સુધી ઠીકઠીક રહી. ત્યાં જ એમને મરડો થયો. ચિકિત્સા ચાલુ હોવા છતાં ય ફાયદો ન થયો. દર-મિયાનમાં મા આનંદમયી એમને જોવા આવ્યાં અને કૅન્સર હોવાની શકયતા જાહેર થતાં એમને લઇને તરત જ મુંબાઈના તાતા કૅન્સર ઇન્સ્ટિટયૂટમાં દાખલ કરાવવા લઈ ગયાં. મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રીપ્રકાશ તથા ગ્વાલિયરનાં મહારાણી વિજયરાજે સિંધિયાએ ખાસ મદદ કરી. ૧૪મી મે ૧૯૬૧ના રોજ વિશ્વવિખ્યાત ડૉ. બર્નેસે પાંચ કલાક ઑપ-રેશન કર્યું. એ વખતે મા આનંદમયીના મુંબાઈ તથા પૂનાના આશ્રમોમાં અખંડ નામસંકીર્તન થયાં અને ઑપરેશન સફળ થયું. પૂર્ણ નીરોગી બની કવિરાજ કાશી પાછા ફર્યા. પરંતુ હજુ અંતિમ દુઃખ બાકી હોય તેમ પુત્રશોકમાં રડીરડીને અંધ બનેલી પત્નીનું પણ ઈ. ૧૯૬૮માં અવસાન થયું અને એમનો અંતિમ સંસાર-સંદર્ભ પણ છૂટી ગયો.

એક બાજુ આવી સાંસારિક દુઃખ પરંપરાઓ છે, તો બીજી બાજુએ એમનું અપૂર્વ સન્માન પણ કાળેકાળે થયા જ કર્યું છે. ઈ. સ. ૧૯૩૪માં અંગ્રેજ સરકારે એમને મહામહોપાધ્યાય બનાવ્યા. અલ્લાહાબાદ, કાશી તથા કલકત્તા વિશ્વવિદ્યાલયે અનુક્રમે સન ૧૯૪૭, ૧૯૫૬ અને ૧૯૬૫માં ડી. લિટ્‌ની માનાર્હ ઉપાધિઓ આપી. બર્દવાન વિશ્વવિદ્યાલયે તથા કલ-કત્તાની રૉયલ એશિયાટિક સોસાએટીએ એમને ૧૯૬૪માં ફેલોશિપ આપી અને ૧૯૫૯માં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે એમને 'સર્ટિફિકેટ ઑવ ઑનર' આપ્યું. ઈ. ૧૯૬૪માં એઓ 'પદ્મવિભૂષણ'થી વિભૂષિત કરાયા. સાહિત્ય અકાદમીએ એમના 'તાંત્રિક વાઙ્મય મેં શાક્તદૃષ્ટિ' ગ્રંથ માટે ૧૯૬૫માં પુરસ્કાર આપ્યો, ને એ જ વર્ષે હિંદી સાહિત્ય સંમેલને એમને 'સાહિત્યવાચસ્પતિ' બનાવ્યા. કલકત્તાની ગવર્નમેન્ટ સંસ્કૃત કૉલેજે ૮મી એપ્રિલ ૧૯૬૭ના રોજ 'સર્વતંત્ર સાર્વભૌમ'નો ખિતાબ આપ્યો.

આ બધું તો બહાર ચાલી રહ્યું છે; પરંતુ કવિરાજ તો 'સ્વે મહિમ્નિ પ્રતિષ્ઠ:' જ છે. કોઈ વાર કોઈ પદવી લેવા તેઓ જતા નથી. 'વારાણ-સેય સંસ્કૃત વિશ્વવિદ્યાલય'ના ઉપકુલપતિપદ માટે બાબુ સંપૂર્ણાનન્દે કહેવડાવ્યું તો એમણે એ વાત નકારી, પણ ઉત્તર પ્રદેશના ત્યારના રાજ્ય-પાલ બાબુ વિશ્વનાથ દાસે તંત્રવિદ્યામાં અમુક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું કહ્યું ત્યારે એમણે એ તરત જ સ્વીકારી લીધું. આમ, આજન્મ અક્ષરસાધક તથા અધ્યાપકને ઉપકુલપતિપદની પ્રશાસનિક-સન્માનિત ઉપાધિ ન ગમી, પણ વિદ્યાર્થીને જોઈને તો વિદ્યાપુરુષ રોકાઈ ન જ શક્યો. ભારતભરમાંથી રોજરોજ વિદ્વાનો એમને મળતા જ રહે છે અને અનેકને એમણે સંશોધનક્ષેત્રમાં માર્ગદર્શન આપ્યું છે.

કવિરાજની વિદ્યાકીય ઉપાસના અસાધારણ છે. એમનું લેખન પણ એટલું વિપુલ છે કે એને અહીં સમાવવું મુશ્કેલ છે, છતાંય નીચે આપ-વામાં આવેલી કેટલીક વિગતો ઉપરથી એનો સહજ અંદાજ આવશે. એમના મૌલિક ગ્રંથો બંગાળીમાં દસ, હિંદીમાં સાત તથા અંગ્રેજીમાં ત્રણ છે. એમના સંપાદિત ગ્રંથો બંગાળીમાં એક, સંસ્કૃતમાં દસ તથા અંગ્રેજીમાં પણ દસ છે. સંશોધન-સામયિકોમાં પ્રકાશિત એમના મહત્ત્વ-

ના લેખો બંગાળીમાં બસો ત્રેસઠ, હિંદીમાં એક સો છેંતાલીસ, અંગ્રેજીમાં અડતાલીસ તથા સંસ્કૃતમાં પંદર છે. આ ઉપરાંત એમણે બંગાળીમાં સાડત્રીસ ગ્રંથોની, હિંદીમાં ત્રેવીસની, સંસ્કૃતમાં એક્તાલીસની અને અંગ્રેજીમાં ચૌદની વિદ્વત્તાપૂર્ણ ભૂમિકાઓ લખી છે. આ પ્રકાશિત સાહિત્ય ઉપરાંત અપ્રકાશિત સાહિત્ય તો ઘણું જ છે. પ્રો. સિદ્ધેશ્વર ભટ્ટાચાર્ય જેવા વિદ્વાન લખે છે: 'કેટલાક અપ્રકાશિત લેખો તો એવા છે કે એ પ્રત્યેક પર ડી. લિટ્‌ની પદવી મળે!' એમની અપ્રગટ મહત્ત્વની રોજનીશીમાં એમની સાધનાનાં ઘણાં ગૂઢ રહસ્યો પડયાં છે, પણ કવિરાજ એને છાપવાની સ્પષ્ટ ના પાડે છે. આજ પચાસ વર્ષથી તેઓ સતત વિરતિ-સાધના-માં છે. એ સાધનાની સાથેસાથે એમનું વિદ્યોપાર્જન હજુ ૮૩ વર્ષની વયે પણ સતત ચાલુ છે.

આ તો થઇ ગોપીનાથજીના બાહ્ય જીવનની વિગતો. કોઇ પણ વ્યક્તિના જીવનમાં આવે એવાં બધાં દુઃખો એમના જીવનમાં આવ્યાં છે: અનાથ શૈશવ, ઘોર ગરીબી, રોગ, પદે પદે થતું મૃત્યુનું દર્શન... જીવનમાં કોઇ 'રોમાન્સ' નથી. રોમાન્સમાં ગણવો હોય તો કેવળ વિદ્યાનો છંદ; અને આ જ જો ગોપીનાથજીનું જીવન હોય તો વિશ્વના અનેક બુદ્ધિજીવીઓનાં જીવન માંહેના એક તરીકે એને ઘટાવી શકાય. પણ ગોપીનાથ કવિરાજ નામનું આજે જે આકર્ષણ છે તે તો ભિન્ન કારણે જ. એ છે એમના બાહ્ય જીવનની ભીતરમાં સતત પ્રવહમાન ચૈતન્યમય જીવન.

બાહ્ય જીવનને વફાદાર છતાંય નાનપણથી જ એ પ્રાજ્ઞપુરુષ આંતરજીવનને વશ વર્ત્યા છે. જન્મભૂમિ ધામરાઈમાં માધવ-વાડીમાં હમેશાં ભજનકીર્તન થતાં. ધર્મમાસી સ્વર્ણમયીની આંગળી પકડી બટુક ગોપીનાથ ત્યાં જતા. વૈષ્ણવ ગોસ્વામીઓ દશમસ્કંધની કથા ભાવવિભોર થઇને કરતા. કોઇકોઈ વાર રામકથા તથા ભક્તિજ્ઞાન સંબંધી પદો પણ ગાતા. ગોપીનાથ એ તન્મય થઇને સાંભળતા. જનોઈ લીધા પછી તો મામા કાલાચન્દના ઘરે ગૃહદેવ રાધામાધવની નિયમિત પૂજા તેઓ જ કરતા. આ હતું એમનું બાળપણનું ધાર્મિક ભાતું.

થોડા મોટા થયા ત્યાં પિતાજીની લાયબ્રેરી ખૂંદી વળ્યા. એથી પિતા પ્રત્યે અસાધારણ માન જાગ્યું. હાઇસ્કૂલ કાળમાં જ પં. શશધર તર્કચૂડામણિનો 'ધર્મવ્યાખ્યા' ગ્રંથ વાંચી નાખ્યો. દરમિયાનમાં રામદયાલ મજમુદારનાં ગીતા પરનાં વિશદ વ્યાખ્યાનોની એમના પર ખૂબ અસર પડી. પણ એથી ય વધુ અસર તો પડી 'આર્યશાસ્ત્ર પ્રદીપ' ગ્રંથની. એઓ લખે છે: 'આ ગ્રંથ અધ્યાત્મવિદ્યાના વિશ્વકોશ જેવો હતો. એણે મારી માનસિક ક્ષિતિજોનો અત્યંત વિસ્તાર કર્યો.' ગોપીનાથે એ ગ્રંથના લેખકની શોધ કરી, પણ પૂઠું ફાટી ગએલું હોવાથી નામ ન મળ્યું.

કૉલેજકાળ દરમિયાન ઈન્દુભૂષણ સન્યાલનો પરિચય થયો. ખબર પડી કે એમના પિતા તે જ પેલા અમૂલ્ય ગ્રંથના કર્તા પંડિત શશિભૂષણ સન્યાલ ઊર્ફે શિવરામકિંકર! પછી તો મિત્ર ઇન્દુભૂષણ દ્વારા એમની મુલાકાત રોજની થઇ પડી. ભક્તિ, જ્ઞાન અને કર્મમાં એમની અનિરુદ્ધ ગતિની અસર આ કૉલેજિયન ગોપીનાથને સ્પર્શી ગઈ. ઇ. સ. ૧૯૧૧ થી ૧૯૧૮ સુધી એમના સંસર્ગમાં રહી ગોપીનાથ ઘણું શીખ્યા. એમના આંતરવિકાસમાં તો એઓ હમેશાં સહાયભૂત થતા જ, પણ આ મહાન રામભક્તની છાયામાં રહેવાથી ગોપીનાથજીને સૌથી મોટો લાભ તો એ થયો કે એમનો પરમાત્માની શરણાગત-વત્સલતામાં અથાગ વિશ્વાસ થઇ ગયો. ગોપીનાથજી એમને ગુરુ બનાવવા માગતા હતા, પરંતુ ગુરુયોગ બીજાને માટે નિર્માયો હતો.

ઈ. ૧૯૧૮માં એક વાર એમને હરદ્વારના ભોળાગિરિ મઠના એક બ્રહ્મચારી સાથે અચાનક ભેટો થઈ ગયો. તે તિબેટથી આવેલા એક યોગીના દર્શને જતો હતો. ગોપીનાથ પણ તેની સાથે થયા, જોયું તો એક વિશાળ ખંડમાં બનારસ હિંદુ યુનિવર્સિટીના અગ્રગણ્ય પ્રાધ્યાપકો તથા શહેરના સન્માનિત ગૃહસ્થો બેઠા હતા. સામે ઉત્તરે એક આસન પર મહાત્માજી બેઠા હતા. જોગિયા રંગનાં વસ્ત્રોમાં સાઠેક વર્ષની કાયા. મુખમંડલ પર કોઈ દિવ્ય પ્રભા પ્રગટેલી હતી. એમને જોતાં જ ગોપીનાથજીના મનમાં અપાર શ્રદ્ધા જાગી. એમને ખયાલ આવી ગયો કે આ જ મહાગુરુ છે. ધીમે ધીમે બન્નેનો સમાગમ વધતો ચાલ્યો.

જ્યારે સંબંધ પ્રગાઢ થયો ત્યારે ગોપીનાથને સમજાઇ ગયું કે મહાત્માજીમાં યોગની અનન્ત વિભૂતિઓ છે. એક વાર એમણે પૂછ્યું: 'સ્વામીજી, યોગની આ બધી વિભૂતિઓનો અધ્યાત્મ-સાધના સાથે શો સંબંધ છે? યોગ શું છે ને એથી આંતરિક વિકાસ શી રીતે થાય?' સ્વામીજીએ ઉત્તર આપ્યો: 'યોગ અત્યંત દુર્લભ અવસ્થા છે, જ્યાં પહોંચ્યા પછી મનુષ્ય ધારે તે કરી શકે છે. યોગીને માટે કશું અસંભવ છે જ નહિ. તે ઈશ્વરથી અભિન્ન છે. માયા જેમ ઈશ્વરની શક્તિ છે, તેમ યોગીની શક્તિ પણ છે. જ્યાં સુધી માયાને નિયન્ત્રિત કરતાં ન આવડે ત્યાં સુધી વ્યક્તિ સાધક છે, આવડી ગયા પછી તે સિદ્ધ બને છે.'

ગુરુ વિશુદ્ધાનંદજીના આ બોધથી ગોપીનાથની સર્વે શંકાઓનું સમાધાન થઇ ગયું.એમના આંતર જીવનમાં પણ ફેરફારો થવા લાગ્યા. પરિણામે 'આ જ મારા ગુરુ છે' એ વાત દૃઢ થતાં ગોપીનાથે દીક્ષા લેવાનું નક્કી કર્યું. સ્વામીજીએ દિવસ નક્કી કર્યો, અને તે અનુસાર ૧૯૧૮ની ૨૧મી જાન્યુઆરીએ વિધિવત્ મંત્રોપદેશ-સંસ્કાર થયા. ત્યારથી કવિરાજે રોજ ગુરુ પાસે જઈને એમના માર્ગદર્શન હેઠળ સાધના શરૂ કરી.

ગુરુએ દીક્ષા સાથે આપેલો નાનકડો મંત્ર કવિરાજ રોજ જપતા, પણ એના પ્રભાવમાં વિશ્વાસ નહોતો બેસતો. આથી એક વાર ગુરુ પાસે નિખાલસપણે શંકા વ્યક્ત કરી. ગુરુએ કહ્યું: 'હમણાં સમજાવીશ તો તું કંઇ સમજીશ નહિ. હવે સાત જ દિવસો બાકી છે. તું જપ કરતો રહે, પછી એનું વિવરણ તું પોતે જ કરીશ.' કવિરાજે સાત દિવસ મન્ત્રજપ કર્યો. છેલ્લે દિવસે આખું પૂજાગૃહ વિદ્યુત્-પ્રવાહથી ભરાઇ ગએલું! કવિરાજે આ વાત ગુરુને કરી. પ્રત્યુત્તર મળ્યો: 'એક નાનકડા મંત્રમાં એટલી શક્તિ છે કે તે સમસ્ત વિશ્વની પુંજીભૂત વિદ્યુત્-શક્તિથી પણ વિશેષ છે.' પછી તો સાધનાપથની ગહરાઇઓમાં ગોપીનાથનો રીતસર પ્રવેશ થયો.

ગોપીનાથજી આજે સાધકની કોટિને પાર કરી ગયા છે. એમને જે મંત્ર ગુરુ પાસેથી મળ્યો તે 'શ્રી'નો મંત્ર છે. 'શ્રી'ની ઉપાસનાવાળા દૃષ્ટિ ફેંકતાં જ જગતને વશ કરે છે. કવિરાજની આ સિદ્ધિના ઘણા સાક્ષી છે. પોતે તો કશું જ કહેતા નથી, પણ એમના સંપર્કમાં આવેલા સૌને એમની સાધનાનો પરચો થયા વિના રહેતો નથી. ઇ. ૧૯૩૭માં વિશુદ્ધાનંદજીના દેહવિલય પછી પણ તે ગોપીનાથજીને સાધનામાં સતત સહાય કરતા રહ્યા છે. આ અનુભૂતિએ ગોપીનાથને મૃત્યુથી પર કરી દીધા છે. એમના પૃથક્પૃથક્ ઉદ્‌ગારો, પત્રો, લેખો ને એમના સમાગમમાં આવેલા સજ્જનોના અનુભવો આદિ દ્વારા એમની આજની ઉચ્ચાવસ્થાના ઇશારા મળ્યા જ કરે છે. સ્વામી શિવરામકિંકર અને સ્વામી વિશુદ્ધાનંદજી ઉપરાંત ગોપીનાથજીના આધ્યાત્મિક જીવનવિકાસમાં અન્ય મહાન વ્યક્તિઓનો ફાળો પણ છે. આમાં મુખ્ય છે રામ ઠાકુર, પાગલ બાબા, સિદ્ધિમાતા, સતીશચંદ્ર મુખરજી તથા મા આનંદમયી.

બધી ઇચ્છાઓને મહેચ્છામાં વિલીન કરી બેઠેલા કવિરાજ આજ ઉત્ આસીન—ઉદાસીન—છે. હાલ પોતાનું ઘર છોડી મા આનંદમયીના કાશીમાંના આશ્રમમાં નિવાસ કરી રહ્યા છે. હવે તો એ ભવ્ય શરીર પણ વાર્ધક્ય-જર્જર થઈ ગયું છે, પણ એ આભા, એ પ્રસન્નતા, એ સરળતા ચાલુ જ છે. લોકોને મળે છે, પ્રશ્નોનાં સમાધાન કરે છે, ભારતભરમાંથી આવતા અનેક વિદ્વાનો ને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે, પૂજા કરે છે તથા રાત્રે સતત સાધનામાં રહે છે.



સાવાનાહ

ઈ. ૧૮૧૯માં વરાળયંત્રની સહાય સાથે પહેલી વાર આટલાંટિક સાગર પાર થયો. એ સાહસ કરનાર હતું 'સાવાનાહ'. ૩૫૦ ટનનું એ વહાણ ન્યૂયૉર્કમાં ક્રાંસિસ ફિકેટે બાંધ્યું ત્યારે તો સઢવાળું જ હતું પણ પછી તેમાં વરાળયંત્રો પણ મૂકવામાં આવ્યાં. એનાં પૈડાં એવાં હતાં કે વહાણ જ્યારે પવનના આધારે જતું હોય ત્યારે અંદર લઈ લેવાય તેવી રચના હતી. આટલાંટિક પાર કરતાં એને ઓગણત્રીસ દિવસ લાગેલા. જેમાં માત્ર ૮૦ કલાક જેટલા સમય જ વરાળયંત્રોનો ઉપયોગ થયો હતો, કારણ કે વહાણના કદના પ્રમાણમાં એ યંત્રો નાનાં હતાં ને વહાણ પર કોલસો પણ પૂરતા પ્રમાણમાં નહોતો. આ પછી ઈ. ૧૮૨૭માં ઇંગ્લંડમાં બંધાયેલા 'કુરાકોઆ' નામના એક ડચ જહાજે પૂર્ણતઃ વરાળયંત્રોની સહાયથી જ આટલાંટિક પાર કરેલો.



ઍસ્ટ્રોલૅબ

ખીજાઓ ઋતુ વ્યાપાર અને યુદ્ધ ઉપરાંત જહાજોનો એક અન્ય ઉપયોગ પણ વધ્યો. નેપોલિયનની હાર પછી યુરોપમાં પ્રસરેલી કંઇક નિરાંતમાં ઈ. ૧૮૨૬માં ડ્યુમૉન્ત દ ઉરવિલે 'ઍસ્ટ્રોલૅબ' નામે જહાજમાં પૅસિફિકની સફર ખેડી એમાં છેક ઇ. ૧૭૮૮થી જેનો પત્તો નહોતો એ વિખ્યાત ફ્રેંચ શોધ સફરી લા પેરૂઅના મોતનું કારણ બનેલા એમા વહાણને નડેલા અકસ્માતના કેટલાક પુરાવા એને મળ્યા, જેના પરથી નક્કી થયું કે એ વહાણ ભાંગી પડતાં મેલૅનેશિયામાં વૅનિકોરો ટાપુ પર તેઓ ઊતર્યા હશે અને ત્યાંના આદિવાસીઓએ એમને મારી નાખ્યા હશે. થોડાં વર્ષ પછી એવી જ એક બીજી શોધ સફર થઈ. એચ. એમ. એસ. બીગલની દક્ષિણ સાગરની એ સફર દરમિયાન કરેલાં નિરીક્ષણો પરથી ચાર્લ્સ ડાર્વિને પોતાના 'ઉત્ક્રાંતિવાદ'ના સિદ્ધાંતની તારવણી કરી.



લડ્યો ન, લડવા સમું ના મુજને ન કોઈ મળ્યું;
સદા કુદરતે, કલારસ વિશે જ હૈયું ઢળ્યું;
તપ્યો સતત તાપ, હાથ મુજ બેઉ હૂંફે ભર્યા,
શમ્યો, ઊપડ્યું, પ્રયાણ અવ પ્રાણ ઝંખે નર્યા.
(અનુ.: નિરંજન ભગત) —લૅન્ડૉર

કલામરમી કંચનભાઈ

સંગીતકલા (કંઠ્ય તેમજ વાદ્ય બંને)માં તો સંપૂર્ણ પારંગામી, પરંતુ અન્ય સર્વ કલાઓના પણ પરખંદા, મિત્રોમાં કંચનભાઈના વહાલસોયા નામથી જાણીતા, સૂરતના સંસ્કારધન શ્રી કંચનલાલ હીરાલાલ મામાવાળાનું ગઈ તા. ૨૩મી એપ્રિલે બપોરના બરોબર બાર વાગ્યે, તાજેતરમાં જ શરૂ થયેલા કૅન્સરના દર્દથી નહિ પણ હૃદયરોગ જેવા કોઈ ઓચિંતા આક્રમણથી, ૬૮ વર્ષની વયે થયેલા અવસાને સમગ્ર ગુજરાતને એક આકરો આઘાત પહોંચાડ્યો છે.

હજુ ગયા ઑગસ્ટમાં ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી તરફથી સંગીત માટેનો સૌપ્રથમ ગૌરવ પુરસ્કાર એમને અપાયો ત્યારે અંક ૫૪૯માં એમનો વિગતસભર પરિચય આપ્યો છે. હજી અવસાન પહેલાંના અઠવાડિયે તો પોતાના દર્દને હોમિયોપથી તેમજ માટીના ઉપચારથી કેવો ફાયદો થતો આવે છે તેની વાત કરી ગયા છે... અને એકાએક ચાલી નીકળ્યા.

લાખોની સંપત્તિ અને ક્રમે પહોંચેલાં નવ નવ સંતાનો અકાળે ચાલ્યાં જતાં બીજો માણસ તો તદ્દન ભાંગી જ પડે તેવે વખતે કલાની આરાધનામાં જ પોતાના મનોદુઃખને વાળી લઇને ખુમારીથી તેઓ ટકી રહ્યા હતા. એમનાં પત્ની શ્રી સુંદરમતીબહેનનો ફાળો પણ એમાં ઓછો નથી. એમણે જ પરિપૂર્ણ પ્રેમથી એમને છાઇને પડતા ટકાવી રાખ્યા અને આર્થિક ભીંસમાં યે પતિના કલાનાદને કશીય ફરિયાદ વિના પોષતાં રહ્યાં. અને સંસારનું એકે દુઃખ પડવું બાકી નહોતું રહ્યું ત્યારે યે કંચનભાઇએ પણ જીવનના ગરલને પેટમાં ઉતારી જઇ ગુજરાતની પ્રજાને તો પોતાના આભિજાત્યનાં અમૃત જ પાયાં છે. રાતોની રાતો કલાકાર મિત્રોની સાથે જાગીને એમણે તેમનાં કામ જાતે ઘસાઇને પણ લગનથી કરી આપ્યાં છે. સૂરત છોડવું પડ્યું ત્યાં સુધી, અને તે પછી પણ એવી કોઈ સંસ્કારપ્રવૃત્તિ નહોતી જેને કંચનભાઇની કલાસૂઝનો ઓપ મળ્યો ના હોય. સમારંભોમાં નિમંત્રણ પત્રિકાથી માંડીને જલસાનું છેલ્લું તોરણ છોડવા સુધી અવિશ્રાંતપણે તેઓ ઘૂમતા રહેતા. સૂરત જ નહિ, સમસ્ત ગુજરાતની તેઓ એક બહુમૂલી સંસ્કારસંપત્તિ હતા. ગુજરાતના બધા જ ખ્યાતનામ સંગીતકારો અને અન્ય કલાકારો એમના અભિપ્રાયને માન આપે એટલા એ કલાના મરમી હતા.



બચપણથી જ પુષ્ટિમાર્ગના રસસિક્ત વાતાવરણમાં ઉછેર અને તાનરસખાં ઘરાણાની સંગીત તાલીમ પામેલા કંચનભાઇએ સ્વપ્રયત્ને, સંગીતનું (ને અન્ય લલિતકલાઓનું પણ) જે જ્ઞાન તથા સમજ મેળવેલાં ને તેમાં આગવાં સંશોધનો ઉમેરી એ કલાનાં પરિપોષણ અને પ્રચારાર્થે જે લગન દાખવી હતી તેનાં ઊંડાણ તો એમના નિકટના પરિચયમાં આવનાર (ને કંઇક અંશે ઇ. ૧૯૬૭ના ગુજરાતી સાહિત્ય પરિષદના દિલ્હી અધિવેશનમાં કલાવિભાગના પ્રમુખસ્થાનેથી એમણે કરેલી મીમાંસા વાંચનાર) પામી શકે. અભિજાત રંગદારી સંગીત

જેટલી જ લોકસંગીતની એમની જાણકારી હતી. નરસિંહ મહેતાથી માંડી આજ સુધીના કવિઓની હજારેક જેટલી કાવ્યરચનાઓની બંદિશો એમણે બાંધી હતી અને એમાં મૌલિક રાગસંયોજન પણ કર્યાં હતાં. રચનાના ભાવને પૂર્ણપણે તેમજ અસરકારક રીતે પ્રકટ કરે તે પ્રકારે શબ્દની જોડણી અનુસાર, ઉચ્ચારણ અને વિરામસ્થાન સુઘટિત રીતે જળવાઈ રહે તે રીતનાં એમનાં એ સ્વરાંકનો મળે ત્યાંથી એકઠાં કરીને સંગ્રહિત કરવામાં આવે તો ગુજરાતની એ એક મહામૂલી સંપત્તિ બની રહેશે. એ જ રીતે સંગીત-નૃત્ય-નાટચ અકાદમીને એમણે ઘડી આપેલા સંગીતકલાના વિશદ અભ્યાસક્રમને અમલમાં મૂકી શકાય તો એ પણ આપણા સંગીતવિકાસના ક્ષેત્રે એક મહદ્ પગલું ગણાશે.

અલબત્ત, સંગીતમાં એમની સૂઝ અને જ્ઞાન સવિશેષ ઊંડાં હતાં એ ખરું, પંડિત વિષ્ણુ દિગંબરજી અને પં. ઓમકારનાથજી જેવા સંગીત-માર્તંડને સાથ આપવા જેટલું હાર્મોનિયમ પર એમનું પ્રભુત્વ હતું ને તેવો જ કાબૂ દિલરૂબા, સિતાર, વાયોલિન, જલતરંગ, તબલાં ને છેલ્લે વિચિત્ર વીણા પર પણ એમણે મેળવેલો એ યે સાચું, પરંતુ કલાના અન્ય ક્ષેત્રોની એમની સમજ પણ એટલી જ ઊંડી હતી. તેઓ ચિત્રો દોરી શકતા, શિલ્પમાં એમને સૂઝ હતી; નૃત્તની ગતના એવા જ્ઞાની કે બિરજૂ મહારાજ જેવા એમના મિત્રો હતા, નાટકની રચનાથી માંડીને દિગ્દર્શન સુધીમાં માર્ગદર્શક બની શકે એટલી એમની જાણકારી હતી, અને મુદ્રણ-કલા સુદ્ધાંમાં આકલ્પન અને ટાઇપોગ્રાફીથી માંડીને જોડણીશુદ્ધ પ્રુફ-રીડિંગની ઝીણવટ સુધી એ કાબૂ ધરાવતા.

પરંતુ સૌથી વિશેષ તો એમની આ બધી શક્તિઓને અજવાળતો એમના હૃદયના અભિજાત્યનો અનોખો ઓપ હતો. આપત્તિઓના પહાડ વચ્ચે યે એમની પ્રસન્નતાનું ઝરણું અસ્ખલિત વહેતું રહેતું. ઊગતા કે પીઢ કોઈ પણ કલાકારને માટે એમનાં દ્વાર સદા ખુલ્લાં રહેતાં. એમના અભિપ્રાયની સૌ સમજુ કલાકારો અવશ્ય આશા રાખતા, અને તેઓ પોતે પણ કદર કરવા સાથે નિર્ભીકપણે પોતાનો મત દર્શાવતા. ભૂલોને છાવરતા નહિ તેમ ભાંડતા પણ નહિ. ખરું કહેવામાં સંકોચાતા નહિ, તેમ સૌમ્યતા પણ ગુમાવતા નહિ. સૂરત છોડી થોડો સમય મુંબાઇમાં રહી અમદાવાદ આવી વસ્યા બાદ પૈસાડાહ્યા અમદાવાદ-ની મનોભૂમિમાં તેઓ સંસ્કાર સિંચી રહ્યા હતા. લલિતકળા અને મામાવાળા એ એકબીજાના પર્યાય બની રહ્યા હતા. તેમના પ્રગલ્ભ કળાજ્ઞાનનો લાભ ગુજરાતને પમરાવી રહ્યો હતો ત્યાં જ એકાએક એમનું અવસાન થતાં ગુજરાતના લલિતકળાક્ષેત્રે પડેલી આવી સર્વ-સ્પર્શી ખોટ કોણ પૂરી શકશે? એ મોંઘા મિત્ર ને ગુજરાતના મોંઘા રત્નને અમારી શ્રદ્ધાંજલિ છે.



મરમી સાધક મલ્લિકજી

પોતાની સદાપ્રસન્ન મુદ્રા અને પ્રેમનીતરતી વાણી વડે પરિચયમાં આવનાર સૌકોઈમાં માન પ્રેરતા. અને તેથી 'મલ્લિકદાદા' કે 'ચાચાજી'ના હુલામણા નામે જાણીતા ગુરુદયાલ મલ્લિકનું હમણાં કૅન્સરને કારણે ૭૩ વર્ષની વયે અવસાન થતાં દેશે એક ખરા સજ્જન સંતને ગુમાવ્યા. હેતુપૂર્ણ જીવનની ઝંખનાથી પ્રેરાઇ, આજીવન બ્રહ્મચારી રહી કવિવર રવીન્દ્રનાથ, દીનબંધુ ઍન્ડ્રુઝ અને ગાંધીજી જેવા દેશના મહાનુભાવોના તેઓ અંતેવાસી બની રહેલા. સ્ત્રી-પુરુષ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય ગ્રામિણ-નાગરિક સૌમાં સમાનતા આણવાના ઇચ્છુક તેઓ તદ્દન અપરિગ્રહી અને શાંતિના પરમ ચાહક હતા. માતૃભાષા પુસ્તુ અને અંગ્રેજી ઉપરાંત હિંદી, બંગાળી, ગુજરાતી ને મરાઠી પણ તેઓ સારી રીતે જાણતા. પણ એ શિક્ષક, ભક્તિ ને મરમી સાધકની મહાનતા એમના બાળક જેવા સરળ ને વિનોદી સ્વભાવ તળે ઢંકાઈ રહેતી. એમના જવાથી આપણે માનવતાના એક સાચા પ્રતીક અને પૂજારી ગુમાવ્યા છે.

←



સેવાભાવી ડૉ. સુબોધભાઈ

મુંબાઈમાં ઇન્સ્ટિટયૂટ ઑવ સાયન્સમાં મદદનીશ લેક્ચરર તરીકે જોડાયા પછી ઉત્તરોત્તર બઢતી પામી રસાયણશાસ્ત્ર વિભાગના વડા તરીકે નિવૃત્ત થવા દરમ્યાન હોમિયોપથીનો ઊંડો અભ્યાસ કરી ઘરઆંગણે રોજ સેંકડો દર્દીઓને દવા આપીને અને નિવૃત્તિ પછી બધો સમય એ સેવાયજ્ઞમાં જ ગાળીને ખ્યાતિ પામનાર ડૉ. સુબોધ મહેતાની મહેચ્છા તો એ સેવાયજ્ઞને ઉજ્જ્વલ બનાવે એવી એક હોમિયોપથીની હૅાસ્પિતાલ સ્થાપવાનો તથા એ ક્ષેત્રમાં નવાં સંશોધનો કરવાની હતી, પણ એ બર આવે તે પહેલાં દસેક દિવસની ન્યૂમોનિયાની બીમારીથી ગઈ ૨૯ માર્ચના રોજ એકાએક અવસાન થતાં એ સેવાભાવી સજ્જનની જલ્દી ન પુરાય તેવી ખોટ પડી છે.


←

કવિ 'પતીલ'

સ્વ૦ શ્રી બ૦ ક૦ ઠાકોરે એક વેળા ગુજરાતમાં કવિ કહેવડાવવા લાયક ગણાવેલી બે જ વ્યક્તિઓમાંના એક કવિ 'પતીલ'—મગનભાઈ ભૂદરભાઈ પટેલના ૧૮મી માર્ચે થએલા અવસાનની નોંધ તો લેવાઈ પણ તે અગાઉના ગાળામાં તેઓ તદ્દન વિસરાઈ ગયા હતા. બે-અઢી દાયકા પહેલાંના 'કુમાર'ના વાચકો એમના નામથી પરિચિત હશે. પોતાની ધૂન અનુસાર કાવ્યરચનાના બહિરંગ તેમજ અંતરંગ બંને રીતે એમણે કેટલાક જે ચિત્રવિચિત્ર પ્રયોગો કરેલા તેમાં એમની શક્તિ કુંઠિત થતી છતાં એમની મસ્તી વિલાઈ ન હતી. અંકલેશ્વરમાં પોતે સ્થાપેલા એક 'સ્વાધ્યાય સંઘ' દ્વારા અનેક સાહિત્ય પ્રકાશનો પ્રકટ કરવાની એમની નેમ પોતાના કાવ્યસંગ્રહ 'પ્રભાતનર્મદા'થી આગળ ચાલી શકી નહોતી. ગુજરાતી ઉપરાંત ફારસી અને અંગ્રેજીના પણ તેઓ જ્ઞાતા હતા અને ગઝલના બંધારણમાં એમણે અંગ્રેજીમાં કાવ્યો પણ રચેલાં. એમનું સમગ્ર જીવન લગભગ દુઃખમાં વીત્યું અને એક પ્રતિભા પૂરી ખીલ્યા વિના જ વિલાઈ ગઈ.

શ્યામ સુવર્ણની શોધના ક્ષેત્રે નવું સીમાચિહ્ન

ખંભાતના અખાતમાં ભરૂચથી નજીક અને ભાવનગરથી ૪૯ કિલોમીટર દૂર આવેલા અલિયા બેટમાં તેલ માટેના શારકામનો આરંભ ગઈ ઓગણીસમી માર્ચે થતાં તેલપ્રાપ્તિના ક્ષેત્રે એક સીમાચિહ્ન સ્થપાયું. અને સાગર તળે છુપાઈ રહેલા ખનિજ તેલની ભાળ મેળવવાની દિશાનો ઉઘાડ થયો. ટેકનિકલ કૌશલની સૂક્ષ્માતિસૂક્ષ્મ સમજ માગતા, આશારકામ અંગેની તમામ તૈયારી (આલેખ અંગેની થોડી રશિયન સહાય સિવાય) ભારતીય ઇજનેરોએ જ કરી છે એથી આપણું ટેકનિકલ કૌશલ સિદ્ધિનાં નવાં પરિમાણ પામ્યું છે.



બાર વર્ષ પહેલાં, ૧૯૫૮ની સાલમાં ગુજરાતમાં તેલપ્રાપ્તિ થઈ ત્યારે એક નવી આશાનો રોમાંચક ઉઘાડ થયો હતો. હવે એ ઉઘાડને ઉત્સાહ સાંપડયો છે. શ્યામ સુવર્ણ મનાએલા તેલના સહારે કુવૈત, ઈરાન જેવા દેશો આર્થિક સમૃદ્ધિથી છલકાયા છે. આ શારકામ પૂરું થયે તેલ નીકળશે તો પ્રાચીન ઇતિહાસમાં સમૃદ્ધિના પર્યાય શબ્દ સમા બની ગએલા સ્તંભતીર્થની ભૂમિ અને જલવિસ્તારો આવતી કાલના ઇતિહાસમાં વિગત ગૌરવને ફરીથી વરી રહેશે. (નિરીક્ષક)



ટેલિફોન દ્વારા મોકલાતી આંગળાંની છાપ

પશ્ચિમ જર્મનીએ હવે ટેલિફોન પરથી ગુનેગારના આંગળાની છાપ ને ફોટોગ્રાફ મોકલવા માંડ્યા છે. ગુનાના સ્થળેથી મળતી આવી છાપ કેન્દ્રીય દફતરમાં આવતાં તુરત તેની ઓળખ થઈ શકતાં ઘણા કિસ્સાઓમાં ગુનેગારને છટકવાની તક મળે એ પહેલાં ઝડપી લેવાની શક્યતા આથી વધી ગઈ છે. સાથે દર્શાવ્યા પ્રમાણે ફોન દ્વારા આવેલી છાપ પણ કેટલી સ્પષ્ટ હોય છે તે જણાશે. ('સ્કાલા')

એક સદ્પ્રવૃત્તિની શતાબ્દી

સોએક વર્ષ પહેલાં નવા અંગ્રેજી શાસનના આરંભમાં પશ્ચિમની સંસ્કૃતિના સંસર્ગથી ગુજરાતના સાંસ્કારિક ક્ષેત્રે એક નવો જુવાળ ઊઠી રહ્યો હતો. એ નવપ્રસ્થાનના અગ્રચારીઓમાં અમદાવાદના રાવબહાદુર સરદાર શ્રી ભોળાનાથ સારાભાઈ દિવેટિયાનું નામ મોખરાનું ગણાતું. સમાજસુધારણા અને શિક્ષણપ્રચાર ઉપરાંત ધર્મસુધારણાર્થે ગુજરાતમાં પ્રાર્થના સમાજની સ્થાપના એમણે જ કરેલી. એમના એક આશાસ્પદ પુત્ર આપારાવનું યુવાન વયમાં જ એકાએક અવસાન થતાં એમની સ્મૃતિમાં એક 'પુસ્તકશાળા' સ્થાપવાનો એમણે નિર્ધાર કર્યો. જ્યારે ગુજરાતની સામાન્ય પ્રજા શિક્ષણથી વંચિત હતી ત્યારે વિવિધ જ્ઞાનના પ્રસારણાર્થે એમણે લીધેલો આ અભિનવ નિર્ણય ત્યારના અગ્રગામીઓએ વધાવી લીધો ને મકાન તથા નિભાવ અર્થે ભોળાનાથભાઈએ આપેલા ૧૦૦૦૦ રૂપિયાના તથા અન્ય થોડા દાનથી ઈ. ૧૮૭૦ની ૧૨મી જાન્યુઆરીએ એક ભાડાના મકાનમાં આ 'પુસ્તકશાળા'નું અમદાવાદના ત્યારના કલેક્ટરે ઉદ્ઘાટન કર્યું. આમ, અમદાવાદના અગ્રગણ્ય દક્ષિણ વિસ્તારની વાચનભૂખને પોષતા આજના 'શ્રી આપારાવ ભોળાનાથ પુસ્તકાલય'નો આરંભ થયો આ વર્ષે એણે પોતાની શતાબ્દી ઊજવી.

અંગ્રેજી, ગુજરાતી, મરાઠી ને સંસ્કૃત ભાષાનાં ૬૧૫ જેટલાં પુસ્તકો અને વીસેક જેટલાં સામયિક પત્રો સાથે આરંભાએલું આ પુસ્તકાલય છેલ્લાં સિત્તેર વર્ષથી પોતાના જ મકાનમાં સમયની ચડતીપડતી જોતું ટકી રહ્યું છે. ઉચ્ચ અભ્યાસ ને સંશોધનમાં ઉપયોગી એવા ૭૫૭ જેટલા મૂલ્યવાન ગ્રંથો તો એણે ગુજરાત વિદ્યાસભાને સોંપ્યા છે. બાકીનો આજનો ગ્રંથસંગ્રહ કદાચ બહુ મોટો ન લાગે, પણ તેમાં અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, સંસ્કૃત, અરેબિક, ફારસી અને ઉર્દૂ ભાષાનાં ઘણાં ઉત્તમ ને કેટલાંક એવાં પુસ્તકો છે, જે સંશોધનના વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે. તેના વાચનાલયમાં ૧૬ દૈનિકો અને ૯૪ જેટલાં સામયિકો આવે છે.

ભોળાનાથભાઈના આ પુત્રસ્મૃતિના દાન જેવા જ દાનમાંથી સરજા-

પ્રાણશક્તિ

વેદો ફક્ત જ્ઞાનના ગ્રંથો નથી, કે નથી તે ગ્રંથો નીતિ કે સંપ્રદાયના. એ તો અમૃતત્વની વાત કરે છે, અતીન્દ્રિય અને મનોતીત સૃષ્ટિની વાતો રજૂ કરે છે, અને માનવને કહે છે કે તારી પાંચ ઇન્દ્રિયોની કોટડીની બહાર આવી નવું જગત અનુભવવા માટે જ તું આ પૃથ્વી ઉપર આવ્યો છે. જે જ્ઞાન આપણને અનુભવ ન કરાવી શકે તે જ્ઞાનની કશી કિંમત નહિ. વેદો અનુભવ કરવા પ્રેરનાર ગ્રંથો છે. એની અંદરનાં સત્યો ગુરુની કૃપાથી સમજાય છે. એ કંઈ ફક્ત વાચન કરવા માટેની ચોપડીઓ નથી.

'રસનંદા'ની પ્રસ્તાવનામાં આ વાત મેં જણાવી છે: 'દૃશ્ય જગતની પ્રતીતિ સાચી જ હોય છે એવું માની લેવાની જરૂર નથી. આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે કે અણુ-પરમાણુ જેવું આખરમાં કશું છે જ નહિ; છે માત્ર શક્તિ. અણુ-પરમાણુ આદિ કેવળ મનોવિલાસ છે, આભાસ છે, માયા છે. પ્રોફેસર મૅક્સ-પ્લૅંક પોતાની ક્વૉન્ટમ થીઅરીમાં આ સાબિત કરે છે.'


દૃશ્ય જગત અમુક મર્યાદામાં જ સાચું છે. તે મર્યાદા ઓળંગો, પછી જગતનું અસ્તિત્વ માત્ર કાલ્પનિક બની જાય છે. ચારે તરફ માત્ર શક્તિનાં સ્પંદનો જ છે અને તેનો કોઈ સંચાલક, નિયામક કે યોજક હોવો જોઈએ. એવો વિચાર કરીએ તો ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરવો પડે.

વેદો આને બ્રહ્મ કહે છે. એ સચરાચર વ્યાપેલી શક્તિ છે. એની ઇચ્છાથી જ આ વિશ્વની હસ્તી છે. તેના લય અને સર્જન તેની અંદર જ હોય છે. દરેક મનુષ્યમાં આ બ્રહ્મશક્તિ રહેલી છે. શરીરનાં અમુક કેન્દ્રોમાં અમુક પ્રકારે તે દેખાય છે. એનું નિયમન તથા વ્યવસ્થા પ્રાણ દ્વારા થાય છે. એટલા માટે પ્રાણોપાસનાને ઉપનિષદોમાં મહત્ત્વની ગણી છે. પ્રાણનું સ્થૂલ રૂપ અગ્નિ છે. પ્રાણ દ્વારા અગ્નિ પ્રગટાવી શકાય છે. પ્રાણ દ્વારા મનનું ને મન દ્વારા ઇન્દ્રિયોનું સંચલન થાય છે; પ્રાણ દ્વારા બ્રહ્મની ઝાંખી થાય છે; અને ઋષિઓ સ્પષ્ટ કહે કે પ્રાણ એ બ્રહ્મનું સ્વરૂપ છે. શરીરમાં બ્રહ્મની હસ્તીનો ખયાલ આપણને પ્રાણ દ્વારા જ થાય છે.

(અગમનિગમ) —યશોધર મહેતા

એવી મુંબઈની આજની માતબર, ગંજાવર ને મૂલ્યવાન એવી વિખ્યાત જે. એન. પિટિટ લાયબ્રેરીનું દૃષ્ટાંત આપીને શતાબ્દી-ઉત્સવના પ્રમુખ-સ્થાનેથી પ્રો. દાવરે કહ્યું કે "'એકનો આઘાત તે અનેકોનો આશીર્વાદ' એ કવિવચન સાર્થ થાય તે આ રીતે." એક સૈકા જેટલી લાંબી મુદત સુધી ટકી રહેવા માટે અભિનંદનને પાત્ર આ સંસ્થાની પ્રગતિ સો વર્ષને અંતે પણ આટલી જ હોય તો એ શહેરની પ્રગતિને માટે જવાબદાર મ્યુનિસિપાલિટીને માટે જરા ય શોભાસ્પદ ન ગણાય.

'એસ.બી.વી.'



માતજહાજથી છૂટું પડી દરિયામાં ઊંડે કંઈ પણ ભારે કામગીરી અથવા સંશોધનો કરવા માટેના કેન્દ્રીય મથક તરીકે કામ આપે એવું આ 'એસ.-બી.વી.' નામનું એક ખાસ આંતરજલીય વાહન બર્કનહેડની વહાણ બાંધનારી એક પેઢી 'કૅમેલ લાયર્ડે' તૈયાર કર્યું છે. પાણીની અંદર ભારે માલસામાનની હેરફેર કરવામાં તેમજ પ્રકાશ પૂરો પાડવામાં અનેક રીતે સહાયક આ વાહન સપાટી પરના જહાજ સાથે સતત સંપર્ક જાળવી રાખી ઘણા લાંબા સમય સુધી ઉપયોગમાં લઈ શકાય તેવું છે.

અકાલી પક્ષ

પોતાનું ધાર્યું કરાવવા માટે આમરણાંત ઉપવાસ અને બળી મરવા સુધીનાં રાજદ્વારી દબાણો લાવવા માટે ભારતના રાજકારણમાં શરૂથી જ જાણીતા પંજાબના એ રાજકીય પક્ષ વિષે થોડી માહિતી:

અકાલી એ શીખ પ્રજાનો કોઈ ચોક્કસ વર્ગ નથી. તેઓ પોતાનો ઉગમ ગુરુ ગોવિંદસિંહમાં જુએ છે; જ્યારે કેટલાક બંદા બહાદુરને અકાલી ચળવળના આદ્ય નેતા તરીકે ઓળખાવે છે. જોકે શીખોને પોતાની શ્રદ્ધા માટે સર્વસ્વનું બલિદાન આપવાનો અનુરોધ ગુરુ ગોવિંદસિંહે જ કર્યો હતો અને મુઘલોના જોરજુલમ સામે અકાલીઓ પડકાર ફેંકવામાં અગ્રેસર હતા. મહારાજા રણજિતસિંહના અમલમાં શીખ ધર્મ રાજ્યધર્મ બન્યો. ગુરુદ્વારાઓની ફરતે મોટી જમીનો લેવામાં આવી.

આ સદીના આરંભમાં તો અકાલીઓ મુખ્યત્વે સામાજિક સુધારણા-ક્ષેત્રમાં પડ્યા હતા, પણ જ્યારે રાષ્ટ્રીય ચળવળ શરૂ થઈ ત્યારે અકાલીઓની ચળવળ આ દેશવ્યાપી ચળવળનો એક ભાગ બની ગઈ. ૧૯૧૪માં

દશાબ્દી ઉત્સવ

ગુજરાત સરકારે કર્મચારીઓ માટે હમણાં વધુ મોંઘવારી ભથ્થાની જે જાહેરાત કરી તે સાથે અત્યાર સુધીમાં ૧૦ વખત અપાએલા કુલ મોંઘવારી ભથ્થાના નીચે જણાવ્યા મુજબના ક્રમવાર આંકડા પ્રકટ થયા છે:

પહેલી વાર	રૂપિયા	૯૧	લાખ
બીજી વાર	,,	૧૨૦	,,
ત્રીજી વાર	,,	૩૨૦	,,
ચોથી વાર	,,	૨૨૩	,,
પાંચમી વાર	,,	૨૦૩	,,
છઠ્ઠી વાર	,,	૨૨૦	,,
સાતમી વાર	,,	૨૦૦	,,
આઠમી વાર	,,	૧૪૭	,,
નવમી વાર	,,	૨૦૦	,,
દસમી વાર	,,	૧૯૩	,,


પ્રજાની પીઠ પર પડેલા આ દશાબ્દી-વધારાનાં સૌને ઘણાં ઘણાં અભિનંદન! પણ હવે કોઈ એવા આંકડા પણ બહાર પાડશે? કે કાર્ય-ક્ષમતા અને કામના નિકાલની ઝડપ કેટલી વધી? અથવા તો— એક યા બીજા નિમિત્તે બિનજરૂરી કર્મચારીની ભરતી દર વર્ષે કેટલા ટકા વધતી ગઈ? દરેક કર્મચારીના પોતાનું ટેબલ છોડીને રખડવામાં કેટલો ઘટાડો થયો? કચેરીમાં પહોંચાડવા માટે પટાવાળાને આપવાના મૂળાના પતીકા-માં કેટલો ઘટાડો થયો? તુમારને એક ટેબલ પરથી બીજા ટેબલ પર પહોંચાડવા માટેનાં ગોળ પૈડાંની સંખ્યા કેટલી ઘટી? સાહેબના ટેબલ પરથી કાગળ ઊડી ન જાય તે માટેના પેપરવેઈટનું વજન કેટલું ઘટ્યું?

બહાદુર શીખ કિસાનોએ 'ગદ્દાર પક્ષ'ની સ્થાપના કરી અને મૂળ અકાલીઓની ધાર્મિક સંસ્થા બ્રિટિશરોની વિરુદ્ધની લોકશાહી ચળવળ બની રહી. આથી બ્રિટિશ રાજ્યકર્તાઓએ ભંગાણ પાડીને એ ચળવળને દાબી દેવા પ્રયાસો આરંભ્યા, અને ૧૯૨૦ની અધવચમાં અકાલીઓમાં બે પ્રવાહો દેખાતા થયા: એક બ્રિટિશ તરફી જૂથ ધીરેધીરે માસ્ટર તારાસિંગના નિયંત્રણ હેઠળ આવતા ગયા ને માસ્ટરે એ જ પક્ષને કોમી રૂપ આપ્યું. બીજા વિશ્વયુદ્ધ વખતે તો માસ્ટર તારાસિંગે ખુલ્લી રીતે શીખોને લશ્કરમાં જોડાઈ જવાનો આદેશ આપ્યો; અને મુસ્લિમ લીગે જ્યારે અલગ 'પાકિસ્તાન'ની માગણી કરી ત્યારે કેટલાક અકાલી નેતાઓએ 'ત્રીજા રાષ્ટ્ર'ની માગણી પણ કરી. જોકે રાષ્ટ્રીય અને લોકશાહીવાદી શીખોના વગદાર જૂથે આ અલગ થવાની માગણીને નાકામયાબ બનાવી દીધી પણ સ્વાતંત્ર્ય પછી અલગ 'પંજાબી સુબા'ની એ માગણીએ જોર કર્યું અને ૧૯૫૨ની ચૂંટણી વખતે અકાલી દળ ૧૩૨માંથી ૧૩ જેટલી બેઠકો મેળવી શક્યું. પછી ૧૯૬૦–'૬૧ સુધીમાં આ દળ એક બળવાન રાજકીય પક્ષ તરીકે આગળ આવ્યું. આજે તો એ રાજકીય રીતે ખૂબ મહત્ત્વાકાંક્ષા ધરાવતો પક્ષ બની ગયો છે. છતાં ય આ તો સિક્કાની એક જ બાજુ છે. પંજાબમાં ગરીબકિસાનો અને મધ્યમવર્ગીય પ્રજાનો સંતોષ મહત્ત્વનો ભાગ ભજવશે. એનાં એંધાણો પણ રાજ્યમાંથી મળતાં જાય છે. એટલે અકાલી પક્ષનું ધ્રુવીકરણ પણ લગભગ નિશ્ચિત છે. એ ક્યારે સત્ય બને એ કદાચ તાત્કાલિક કહેવાય નહિ.

¶ હામ્બુર્ગ મુકામે દુનિયાના લાંબામાં લાંબા પુલના નકશા તૈયાર થયા છે. પશ્ચિમ જર્મની ને ડેન્માર્કને જોડતો સાગર પરનો આ પુલ ૨૦ કિ.મી.થી યે વધુ લાંબો હશે. રેલ અને મોટરમાર્ગ માટે એના પર ચાર લાઈનો રહેશે. અંદાજે પાંચ વર્ષમાં બની રહેનારા આ પુલ પર પ્રવાસીઓ માટે કર વિનાના માલની દુકાનો અને ઉપાહારગૃહો હશે.

શતરંજનો કોયડો-૫

B. Harley



White to play and mate in two moves

સ્થિતિ : 16/5p2/5R2/2pkp3/3p2 p1/1P1P2Np/3Q1B1K.

કોયડો : સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું અહીં set play (એટલે કે ચાવીની ચાલ વગરની રમત — જો પહેલી ચાલ કાળાની હોય તો શું શક્ય છે તે) બતાવવું આવશ્યક છે. તે ઉપરાંત ચાવીની ચાલ અને વિકલ્પો આપો. ઉકેલ મોકલવાનું સરનામું :

Suresh Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay-71 AS.

ઉકેલ મોકલવાની છેલ્લી તા. ૩૦-૬-'૭૦ પરદેશમાં વસતા વાચકો માટે ૩૧-૭-'૭૦.

કોયડા નં. ૨ (ફેબ્રુ. ૧૯૭૦)નો ઉકેલ

સ્થિતિ : 8/k2K4/24/2B5/2P5/5n2

કોયડો : સફેદે રમવાનું અને જીતવાનું.

ઉકેલ : 1 B–Q4ch. ૨ ગુણ.

આ સિવાય પ્યાદું આગળ વધી શકે નહિ તેથી આ ચાલ તુરત સૂઝે એવી છે.

1..., K–R1! ૧ ગુણ

આ સિવાયની કાળાની ચાલ નબળી છે અને સફેદ પ્યાદાને વજીર બનવામાં કોઈ રુકાવટ કરતી નથી. આપણે આગળ જોઈશું તેમ ફક્ત આ જ ચાલ (સફેદ જરા ભૂલ કરે તો) કાળાને ડ્રૉ મેળવવાની તક આપે છે.

2 P–B4, N–Q7; 3 P–B5, N–N6; 4 P–B6, N–R4; ૨ ગુણ.
5 P–B7, N–B3! ૧ ગુણ.

હવે સફેદ 6 K×N રમે તો Stalemateથી રમત ડ્રૉ થઈ ગણાય ૧ ગુણ.

6 P–B8(=R)! પછી સહેલાઈથી જીતી શકાય તેમ છે. ૧ ગુણ.

અહીં 6 P–B8(=Q)? પછી કાળો ડ્રૉ મેળવી શકે છે. 6..., N–N'ch; હવે જો રાજા ખસી જાય તો Stalemate અને 7 Q×N ch, K×Q; પછી સફેદ પાસે ફક્ત ઊંટ જ રહે જે જીતવા માટે પૂરતો નથી. ૨ ગુણ

આ કોયડામાં પ્યાદું પોતાની મૂળ સ્થિતિ ઉપરથી નીકળીને આઠમી હરોળે પહોંચે છે. આને Excelsior Theme કહે છે. Stalemateના બે પ્રયત્ન તેમજ under-pro motion (આઠમી હરોળે પહોંચેલા પ્યાદાને વજીર ન બનાવતાં ઓછી કિંમતનું મહોરું બનાવવું તે.) એ આ સુંદર કોયડાના વધારાનાં આકર્ષણો છે. આ કોયડાના સંયોજક H. L. Blandford-બ્રિટિશ ચેસ મૅગૅઝિનમાં End Game Studies વિષેના સંપાદક તરીકે સારી ખ્યાતિ ધરાવે છે. **—સુરેશ મોદી**

ઉકેલ મોકલનારનાં નામ તથા તેમણે મેળવેલા ગુણ : (કુલ ગુણ ૧૦)

૧) દિલીપ આહલપારા-ભાવનગર, ૨) નટવરલાલ સૌદેશિયા-અમદાવાદ, ૩) મહેન્દ્ર રાવળ-ભાવનગર, ૪) લક્ષ્મણ હરિરામ-અમદાવાદ, ૫) ડૉ. ઇન્દ્રવદન મોદી-ભાવનગર, ૬) બિપિન પટેલ-અમદાવાદ ને ૭) મહેન્દ્ર મહેતા-ભૂજ—દરેકના ૧૦ ગુણ. ૮) એસ.ટી. સોલંકી-અમદાવાદ—૯ ગુણ. ૯) અક્ષયકુમાર વૈદ્ય-ભૂજ—૭ ગુણ. ૧૦) સુધીરકુમાર ભટ્ટ-ભાવનગર—૩. ૧૧) કિશોર ગાંધી-કાલાવડ, ૧૨) મહેન્દ્ર ત્રિવેદી-કલોલ, ૧૩) ડૉ. એમ. બી. મોતીવાલા-અમદાવાદ, ૧૪) માણેકજી લોડાયા-મુંબાઈ, ૧૫) કિરણ શાહ-નડિયાદ, ૧૬) મહેન્દ્ર મહેતા-મુંબાઈ, ૧૭) હેમન્ત આચાર્ય-રાજકોટ, ૧૮) ભદ્રભાઈ ચાવડા-વિરમગામ, ૧૯) વિનેશકુમાર પંચમતિયા-રાજકોટ, ૨૦) કલ્યાણભાઈ મૂળિયા-વિરમગામ અને ૨૧) ચંદ્રશેખર ઉપાસની-વાઘોડિયા દરેકના—૨ ગુણ. ૨૨) મહેન્દ્રકુમાર તખાણિયા-ભાવનગર, ૨૩) હરિકૃષ્ણ સેવક-વિપલોદ અને ૨૪) ગિરીશ માંકડ-અમદાવાદ—દરેકના ૦ ગુણ.

અંતરગઠરી (અનુસંધાન પૃષ્ઠ ૧૭૯થી) તે ચોપડાં લઈ હાજર થવાના અને પૂછવાના : 'સાહેબ! આ પુસ્તક બરાબર છે? વાંચ્યું? અને યાદીમાં નથી તો નોંધ્યું?' એમ યાદી ટર્મ આખર સુધીમાં તો નવેસરથી વધારે મોટા સ્વરૂપમાં તૈયાર થવાની; ફરીથી જ્યારે એવો અભ્યાસક્રમ શરૂ થાય ત્યારે કાર્ડ ઇન્ડેક્સ—કક્કાવાર વિષયવાર, કર્તાવાર તૈયાર થઈ જવાની. સોમ સવારથી શુક્ર સાંજ સુધીના આ ખંતને ધન્ય છે.


તમે કહેશો 'અંતર-ગઠરી'માં આ શું? આમાં પ્રીતની રીત ક્યાં આવી? પણ આ પ્રીત ખરી કોની? પુસ્તક પ્રત્યેની પ્રીત, ભણતર પ્રત્યેની પ્રીત, એમ માનો. માંડવગઢની રૂપસુંદરીનો શરૂમાં ટાંકેલો દુહો યાદ છે ને?

'જો મૈં ઐસા જાનતી કે પ્રીત કિયે દુઃખ હોય,
નગર ઢંઢેરા પીટતી કે પ્રીત ન કિજ્યો કોય.'


બરાબર, રૂપસુંદરી બાજબહાદુરના પ્રેમમાં પડી. પણ એની પડોશણ મીરાંની માફક નટવરનાગરના પ્રેમમાં પડી હોત તો? પ્રીત કર્યે એને કશું દુઃખ ન હોત—ન થાત. અને 'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ' ગાત. એમ આ પણ ત્રીજા પ્રકારની પ્રીત છે : પુસ્તકપ્રીતિ જ્ઞાનપ્રીતિ. એમાં પ્રીત કિયે દુઃખ ત્યારે થાય કે જ્યારે માગ્યું પુસ્તક ન મળે, યા આડુ મુકાઈ ગયું હોય, યા બરાબર પાકી નોંધને અભાવે યાદ ન આવતું હોય! પણ એ વ્યથા કેટલો સમય? 'ભગવદ્ અજ્જુકીયમ' ઉપર મારે મિશિગનમાં કામ કરવું. મારે મૂળ સંસ્કૃત પાઠ જોઈએ. મેં લાઇપઝિક લાયબ્રેરીમાં જર્મન અનુવાદ સાથે મૂળ પાઠ જોયાનું યાદ. પણ અહીં મિશિગનમાં શું? ઓરીએન્ટલ સીરીઝના વૉલ્યુમમાં બેત્રણ સુંદર લેખો મળ્યા. એમાં ક્યાંક જાણવા મળ્યું કે લંડનમાં ઇન્ડિયા હાઉસ લાયબ્રેરીમાં શુદ્ધ પાઠ છે. સાંજે મડોરી, મારાં જાપાનીઝ પડોશણ, પૂછે છે કે 'ખિન્ન કેમ છો ડિયર કઝિન?' મેં કારણ જણાવ્યું. તો કહે : 'આજે તમે નિરાંતે ઊંઘો; તમારી વિગતો મને સવારે નોંધી આપજો અને કાલે સાંજે લાયબ્રેરીમાં મારા ટેબલ આગળ આવજો.' બીજે દિવસે સાંજે મડોરીબાઇ આગળ ઊભો થઈ ગયો. મને એ બાઈ કહે 'એક દિવસ વધારે તમે ધીરજ નહિ રાખી શકો?' મેં કહ્યું : 'મડોરી, ફિકર મત કરો, ભૂલ જાઓ.' બીજે દિવસે મડોરીનો મારી ઑફિસમાં ફોન : લંચ સાથે લઇશું યૂનિયન પર આવો.' સેલ્ફ સર્વિસમાં સૂપ, સલાડ અને ફ્રીટર્સ ખાધાં. લાયબ્રેરીમાં પહોંચ્યા. સામે જ લાયબ્રેરી. ચાલો પેલા ખંડમાં. અંધારો ઓરડો. ત્યાં પરદા ઉપર 'ભગવદ્ અજ્જુકીયમ્' હાજર! હું પૂછું છું : 'મડોરી! આ શો જાદુનો ખેલ છે!' તો મડોરી કહે છે : 'આ લાયબ્રેરી છે. અમારી ફરજ છે કે તમને જે પુસ્તક જોઇએ તે પહોંચતું કરવું. તમે મને કહ્યું, એટલે અમે લંડન ટેલિફોન કર્યો. બધી વિગત આપી. એ લોકોએ ત્રણ કલાકમાં જવાબ આપ્યો કે પુસ્તક છે. અમે સૂચના આપી તે પ્રમાણે એની માઇક્રો-ફોટો નકલ તૈયાર થઇને પ્લેનમાં લંડનથી ન્યૂ યૉર્ક ને ન્યૂ યૉર્કથી અહીં; અને હવે આ એનલાર્જર પર તમે વાંચ્યા કરો! અહીં ઠંડક પણ છે, શાંતિ પણ છે.'

લાયબ્રેરીની આવી સેવા આપણે ત્યાં ક્યાં મળશે? મળે, પણ આપણી પાસે સાધનો કેટલાં? એટલે આપણે આ કિસ્સા ઉપરથી એમ કહી શકીએ કે 'પુસ્તકપ્રીત' સારી; દુઃખ તો નહિ જ. થાય તો બે દિવસ માટે, અને પછી તરત ગમે ત્યાંથી મૂળ કે નકલ હાથ આવી જાય, એટલે જે આનંદ થાય તે અનેરો છે. અલબત્ત, એ મીરાંનો આનંદ નહિ. એ તો ભક્તિનો અનેરો આનંદ. પણ આપણાથી ક્યાં મીરાં કે નરસિંહ થઈ શકવાનું છે? તો આનંદનો આ મધ્યમ માર્ગ—જ્ઞાનમાર્ગ શો ખોટો? (ચાલુ)

આ માસ (મે) ઇતિહાસમાં



તા. ૨, ૧૪૫૨. જેની જોડ મેળવવી ખુદ કુદરતને પણ ભારે પડે એવી અદ્વિતીય પ્રતિભા ધરાવનાર લીઓનાર્દો દ વિન્ચીનો ઈટાલીના વિન્ચી ગામમાં જન્મ. 'મૉનાલિસા', 'લાસ્ટ સપર', 'ઍનન્સીએશન', 'ઍડોરેશન ઑવ ધ મૅગી', વર્જિન ઑવ ધ રૉક્સ' વગેરે જેવાં જગનામી ચિત્રો. કે ફ્રાન્સિસ્કો સ્ફૉર્ઝી જેવા શિલ્પનો સર્જક એ માત્ર કલાકાર જ નહોતો. મળી આવેલાં લગભગ ૫૦૦૦ પાનામાં સાહિત્ય, શરીરવિજ્ઞાન, પશુ-પક્ષીના જીવનવ્યવહાર, ભૂગોળ, ખગોળ, ભૂમિતિ, યંત્રવિદ્યા, વિમાન અને સબમરીન વગેરે વિષે પોતે કરેલા વિચારો અને અભ્યાસની સચિત્ર નોંધો તથા છાયા-પ્રકાશ કે શૂન્યાવકાશ જેવા વિષયો પરના નિબંધોમાં એની અદ્વિતીય મેધાનાં દર્શન થાય છે. પણ દુનિયા એ પ્રતિભાનો લાભ લઈ ન શકી ને તેની પાસે લડાઈઓ લડાવી, ઘોડાના તબેલા બંધાવ્યા કે અરીસાના તક્તા બનાવડાવ્યા. લગભગ ઉપેક્ષિત એવી પાછલી અવસ્થામાં ફ્રાંસમાં નહેરકામની દેખરેખ રાખતાં ૧૫૧૯માં એનું અવસાન થયું!'



મથાળે લીઓનાર્ડોએ કરેલી માનવદેહના પ્રમાણની એક નોંધ. બીજું આલેખન તેણે કલ્પેલા વિમાન વિષેનું છે. જેમાં આજના હેલિકૉપ્ટર જેવી રચના વિચારાઈ છે.

તા. ૬, ૧૫૪૨ હિંદમાં પહેલા ખ્રિસ્તી ધર્મ-પ્રચારક સંત ફ્રાન્સિસ ઝેવિયરનું ગોવા બંદરે આગમન. પોર્ટુગાલના રાજા જ્હૉન ત્રીજાને પોતાના હિંદી સંસ્થાનમાં એક ખ્રિસ્તી મિશન મોકલવાની ઇચ્છા થતાં સંત ઈગ્નેશિયસ લૉયૉલાના આદેશથી તેમના ઈસુ સેવક સમાજના એક અગ્રગણ્ય સભ્ય ઝેવિયર પોર્ટુગીઝ ગવર્નર ડેઝિગ્નેટ આલ્ફૉન્ઝો દ સોઝા સાથે અહીં આવ્યા. ગોવાથી આરંભી એમણે દક્ષિણ ભારત, સીલોન, મલક્કા, જાપાન, ને છેક ચીન સુધીનાં ગામડાંઓમાં ઉઘાડે પગે રખડીને અને ભિક્ષાન્નથી ચલાવીને ગરીબો, રોગીઓ ને અનાથોની સેવામાં સદા તત્પર રહી ખ્રિસ્તી ધર્મવિચારોનો ફેલાવો કર્યો. આવી જ એક યાત્રામાં




ચાંગ ચુએન શાન (સૅન્સિયન-સૅન્ટ જ્હૉન) ટાપુ પર ઈ. ૧૫૫૨માં એમનું અવસાન થયું. ગોવામાં એમના શબને હજી સાચવી રાખવામાં આવ્યું છે. અનેક ચમત્કારો કર્યાની વાતો એમના જીવન સાથે સંકળાએલી છે. ઉપેક્ષિત જાતિઓની અને પોતાને આશ્રયે આવેલા સર્વની શુશ્રૂષા તથા જ્ઞાન-સંસ્કારની ખેવના રાખવાની પ્રણાલી એમણે શરૂ કરી તેનું મૂલ્ય આપણા રાષ્ટ્રની અમુકાંશે પાયાની સેવા જેટલું મહત્ત્વનું છે.

તા. ૯, ૧૬૨૨ જહાંગીરની હયાતીમાં જ તેના શાહજાદા શાહજહાંએ પોતાને 'શહેનશાહ' જાહેર કરી દિલ્હી પર ચડાઈ કરી.

તા. ૧૧, ૧૮૮૬ ગુજરાતમાં પ્રાર્થના સમાજના સ્થાપક અને ભક્તિભર્યાં ઈશ્વર-ભજનોના કર્તા સરદાર ભોળાનાથ સારાભાઈ દિવેટિયાનું અવસાન.

તા. ૧૮, ૧૯૨૦ પૃથ્વી હેલીના ધૂમકેતુની પૂછડીમાંથી પસાર થઈ. સમગ્ર માનવજાતને એક ભયજનક હબક ખવડાવનારી એ ભૂ-ખગોળ-શાસ્ત્રીની એક અજબ અને મહત્ત્વભરી ઘટના હતી.

તા. ૨૯, ૧૬૬૦ ફૂલોના શણગાર અને ઘંટનાદો સાથે ઇંગ્લંડની પ્રજાએ ચાર્લ્સ બીજાનું ભવ્ય સ્વાગત કરી રાજાશાહી પાછી આણી. ક્રૉમવેલના લશ્કરી શાસનમાં તથા તેના પ્યુરિટન માર્ગી ચુસ્ત ધર્મવિચારો તળે બંધનો અનુભવતી પ્રજામાં રાજાશાહીના પક્ષપાતી પણ ઘણા લોકો હતા. ચાર્લ્સ બીજાએ તેમને ધર્મસહિષ્ણુતા દાખવવાનો, પ્રજા તરીકેના તેમના અધિકારો સ્વીકારવાનો ને પોતે રાજાના દૈવી હક્ક ભૂલી જવાનો કોલ આપ્યો હતો એટલે અગિયાર જ વર્ષ પહેલાં જે સ્ટુઅર્ટ રાજા ચાર્લ્સ પહેલાનો લોકોએ શિરચ્છેદ કરેલો તેના જ પુત્રને તેમણે પોતાના રાજા તરીકે સ્વીકારી લીધો. અલબત્ત, પાર્લમેન્ટે ચાર્લ્સ બીજા પર કેટલીક મર્યાદાઓ મૂકી જ હતી પણ ચાર્લ્સ પોતાના પિતરાઈ ફ્રાંસના લૂઈ ચૌદમા પાસેથી ખાનગી મદદ મેળવતો હતો. ઈંગ્લંડના ઇતિહાસમાં આ સમય કદાચ વધુમાં વધુ અનૈતિક મનાયો છે. એ કાળના ત્યાંના સાહિત્યમાં ત્યારની મોટા ભાગની પ્રજાની અને રાજની લાપરવાહી અને સ્વચ્છંદતા પ્રતિબિંબિત થાય છે. પ્યુરિટનકાળમાં ગાળવા પડેલા ગમગીન જીવનનો એ પ્રત્યાઘાત હતો.



ગઝલ

હોય ના દીવાલ એવું ઘર બને
આપણે એ કોશિશો કરવી રહી

'અહમદ' ચૌહાણ

માધવરાવ પેશ્વાના મુખ્ય ન્યાયાધીશ, મંત્રી ને ગુરુના મહાપદ પર હોવા છતાં સાદા જીવનના કડક આગ્રહી રામશાસ્ત્રીનાં પત્નીને એકવાર રાજમહેલમાં જવાનું થયું. રાણીએ પતિના આવા મહાન ગુરુનાં પત્નીના સામાન્ય દિદારથી ખિન્ન થઈ પ્રેમાગ્રહપૂર્વક તેમને ઉત્તમ વસ્ત્રો અને રત્નજડિત આભૂષણોથી સજ્જ કરી પાલખીમાં બેસાડી વિદાય કર્યાં.

ઘેર આવી પાલખીવાળાએ બારણું ઉઘાડવા હાક મારતાં, દૂરથી આ તાલ જોઈ લીધેલા રામશાસ્ત્રીએ અંદરથી જ જવાબ દીધો: 'મારી પત્ની તો સાદી હતી. તમે ભૂલથી બીજી કોઈને લઈ આવ્યા છો. પાલખી પાછી લઈ જાઓ.' પતિને પિછાનતી પત્નીએ તરત પાલખી રાજમહેલે પાછી લેવડાવી ને વસ્ત્રાભૂષણો ત્યાં ઉતારી પોતાના મૂળ પોશાકમાં પગે ચાલતી પાછી ફરી ત્યારે રામશાસ્ત્રીએ બારણું ઉઘાડતાં કહ્યું: કિંમતી વસ્ત્રાભૂષણો કાં રાજવીને શોભે, કાં મૂર્ખાઓને; સજ્જનોનું સાચું ભૂષણ તો સાદાઈ જ.'


ગણિતગમ્મત એક આંકડો લો. તેને પડખે થોડી જગ્યા રાખી તે જ આંકડો ફરીથી લખો; અને એ બીજા આંકડાના છેદમાં, તેમાંથી એક ઓછો એવો આંકડો લખો. આ રીતે બનેલી બે રકમોની વચ્ચે ગુણાકારનું કે વત્તાનું કોઈ પણ ચિહ્ન મૂકતાં બંનેનો જવાબ એકસરખો જ આવશે. દાખલા તરીકે: ૮ અને $\frac{૮}{૭}$. હવે $૮ \times \frac{૮}{૭} = ૮ + \frac{૮}{૭}$. (પોપટ જે.કે.)



અજબ પંખી છે આ ચિલોત્રો

માદા ઈંડાં સેવવા ઝાડની બખોલમાં બેસે ત્યારે માદાની માત્ર ચાંચ બહાર રહી શકે એટલું બાકોરું રાખી બાકીની બખોલ પૂરી દે છે, અને તેની ખડે પગે અખંડ ચોકી કરવામાં તથા જાતે તેને ખાવાનું લાવી આપવામાં એવો મંડ્યો રહે છે કે અત્યંત દુબળો થઈ જાય છે.

કહેવતોના અર્થ: 'ચારણીના ગુણ તજવા ને સૂપડાના ગુણ ભજવા.'–અનાજ સાફ કરવાનાં આ બે સાધનોનાં દૃષ્ટાંત પર રચાએલી પ્રબોધક કહેવત: ચારણીનો ગુણ કચરો સંઘરવાનો છે (ચાળતી વખતે કચરો અંદર રહે છે), સૂપડાનો ગુણ કચરો કાઢી નાખવાનો (ઝાપટતી વખતે કચરો ઊડી જાય છે). એમ દુનિયાનાં દુરિત સંઘરવાં નહિ, અપલક્ષણને પોષવાં નહિ પણ પરહરવાં, કોઈનું બૂરું જોવું બોલવું કે અનુસરવું નહિ આદિ શીખ આપતી કહેવત.



ન્યૂ યૉર્ક શહેરમાં અરધાથી યે વધુ વસતિ પરદેશીઓ કે એમના વંશજોની છે. ન્યૂ યૉર્કમાં ડબ્લિન કરતાં વધુ આઇરિશ લોકો અને રોમ કરતાં વધારે ઈટાલિયનો વસે છે.

જાણીતા અમેરિકન હાસ્યકલાકાર માર્ક ટ્વેન પ્રવાસ-વ્યાખ્યાનો આપતા ફરતા હતા ત્યારે એક ગામમાં ભાષણના સમય પહેલાં એ હજામત કરાવવા ગયા. હજામે તેને પૂછ્યું: 'તમે આ ગામમાં નવા આવેલા લાગો છો.'

'હું આજે પહેલી જ વાર અહીં આવ્યું છું.'

'કેવા ભાગ્યશાળી! આજે જ માર્ક ટ્વેનનું અહીં ભાષણ છે. તમે જવાના ને?'


'હા વિચાર તો છે.'


'તમે બેઠકની ટિકિટ લીધી છે?'

'ના, હજી નથી લીધી.'

'તો, ટિકિટો બધી વેચાઈ ગઈ છે. તમારે હવે ઊભા રહેવું પડશે.'

'કેવી કમબખ્તી!' માર્ક ટ્વેને નિશ્વાસ નાખીને ઠાવકે મોઢે કહ્યું: 'રોજ આમ જ બને છે. જ્યારેજ્યારે એ ભાષણ કરતો હોય છે ત્યારે ત્યારે મારે ઊભા જ રહેવાનું હોય છે!'





આ મે માસની ૨૨ તારીખે શેરશાહ સૂરીની યાદમાં બહાર પડનારી ભારતની ખાસ ટિકિટ.

← કલાકણિકા: આભૂષણોના કસબમાં જયપુરનું મીનાકામ સદા પ્રશસ્ય રહ્યું છે. એવું, મોર અને ફૂલવેલનું એક કંઠાભરણ.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૧૯૨થી

છે. 'મલ્ટિપલ એક્સ્પોઝર' કે સંખ્યાબંધ પ્રિન્ટ્સની ગોઠવણની આવી યુક્તિઓ ફોટોગ્રાફીના ક્ષેત્રમાં ઘણા સમયથી જાણીતી છે, પણ એની ગણના 'કલાપ્રકાર' કરતાં 'ચાતુરી' તરીકે વધુ થઈ છે. પીટર મૅક્સે એ ચાતુરી વાપરી, આજુબાજુ કેટલુંક સમતોલ ચીતરામણ ઉમેરી એની આગવી રજૂઆત કરી, ને 'સાઇકેડેલિક'-ના રસિયાઓએ એ વધાવી લીધી. પોસ્ટરોની દિશામાંથી આ પ્રકાર ફેલાયો હોઈ સ્વાભાવિક રીતે જ પોસ્ટરો માટે ફોટોગ્રાફી સાથે રંગ, સંયોજન, અક્ષરાલેખન, અતિશયોક્તિ કે અલ્પોક્તિ વગેરે ઉપરાંત વિવિધ આલેખનશૈલીની જે કંઈ ચાતુરી વપરાતી રહી છે તે બધાનો આમાં પણ ઉપયોગ થાય છે.]

∞

એપ્રિલ '૭૦ના કુમારમાં 'વાચકો લખે છે' વિભાગમાં ચીમનભાઇએ શિવ-પાર્વતીના લગ્ન વખતે ગણેશની હાજરી વિષે પૂછ્યું છે. આવો જ પ્રશ્ન મને મારા બાળપણમાં થએલો. રામચરિતમાનસમાં (બાલકાંડ-૯૧૯) તુલસીદાસે નીચે મુજબ તેનો ખુલાસો કર્યો છે:

मुनि अनुशासन गणपतिहिं,
पूजे शम्भु भवानी।
कोउ सुनि संशय करै जनि,
सुर अनादि जिय जानि॥

'શિવ-પાર્વતીએ મુનિની આજ્ઞાથી ગણપતિની પૂજા કરી. કોઈ આ વાતને સાંભળી સંદેહ ન કરે કે ગણેશ તો પાર્વતીના પુત્ર છે તેથી ગણપતિની પૂજા કેવી રીતે કરી? કેમકે દેવો અનાદિ છે તે વાત તેણે પોતાના મનમાં સમજી લેવી જોઇએ.'

ભોમિયાએ શિવ-પાર્વતીના વિવાહ વખતે ગણેશની હાજરીને ભૂલ દર્શાવી છે તે કદાચ ભોમિયાનું અજ્ઞાન છે.

(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

∞

ઈલુરાની ગુફામાં 'શિવ-પાર્વતી લગ્ન' શિલ્પમાં ગણપતિની હાજરી સૂચક છે. ગણેશ તો ગૌરીસુત છે, પાર્વતીના પુત્ર નથી. ગૌરી એટલે સતિ—દક્ષ પ્રજાપતિનાં દીકરી. અને પાર્વતી સાથેનું શંકરનું આ બીજું લગ્ન છે. વરદાન મળ્યા પછી ગણાધીશ હોવાના કારણે એ ઉપસ્થિત હોય જ. શિવે આપેલું વરદાન એ પોતે જ પોતાના લગ્નમાં કેમ ભૂલે! મહાત્મા તુલસીદાસજી પણ શિવ-પાર્વતી લગ્નમાં ગણપતિની હાજરી સ્વીકારે છે, તે એક આદિ ગણેશ સ્વરૂપે હર યુગમાં હાજર હોય છે તેમ માનીને.

(ઝરિયા) —ત્રિપુરાશંકર જટાશંકર ત્રિવેદી

∞

ખુલાસો

'કુમાર' એપ્રિલના અંકમાં શ્રી અત્રિકુમાર (કલકત્તા) જે મુકતક વિષે લખે છે, તે વિષે જણાવવાનું કે 'બીજ'ના ૧૯૬૮ના દીપોત્સવી અંકમાં પાન ૭૬-૭૭ ઉપર પ્રકટ થએલાં બે મુકતકો નીચે 'બીજ'ના સંપાદકે ભૂલથી મારું નામ છાપેલું. તે વિષે તેમણે 'બીજ'ના નવેમ્બર ૧૯૬૮ના અંકમાં પૃ. ૧૦૬ પર સુધારો પ્રકટ કર્યો હતો. આ બંને મુકતકો શ્રી સૈફ પાલનપુરીનાં છે.

(મુંબાઇ) —નૂર પોરબંદરી

∞

સુધારો

ગયા અંકમાં પ્રકટ થએલા સ્વ. ભાઈકાકા—ભાઈલાલભાઈ પટેલ—ના ચરિત્રમાં ૧) એમની જન્મતારીખ ૭ જૂન ઇ. ૧૮૮૮ જોઇએ; ૨) અવસાન તારીખ ૩૧ માર્ચ ૧૯૭૦ જોઇએ; અને ૩) ગુજરાતમાં આવતાં પહેલાં એમનું મોટામાં મોટું પરાક્રમ યંત્રસર્જનમાં હતું. ઈ. ૧૯૨૫માં માટી ખોદનારાં ચાર યંત્રોનાં સર્જન અને સંચાલનમાં એકથી વિશેષ વિશ્વવિક્રમ એમણે સ્થાપ્યા. જગતમાં બીજે કોઈ પણ સ્થળે થયાં હોય એના કરતાં ઓછા સમય તથા ખર્ચમાં એ યંત્રો તૈયાર કર્યાં. એમની પહેલાં અને એમના પછી કોઈ પણ આ વિક્રમને વટાવી શક્યું નથી. વધુ વિગતો 'સક્કર બરાજમાં મારાં આઠ વર્ષ' એ પુસ્તકના તેરમા પ્રકરણ(સિંધમાં સર્જાએલી ગુજરાતની યશગાથા)માં છે.

∞

૫૫૬ અંકની માધુકરીમાં ભગવતીકુમાર હ. શર્માનું કાવ્ય સ-રસ માણવા માટે ચોથી પંક્તિમાં 'દિવસ' નહિ પરંતુ 'દિવસે', ને છઠ્ઠી પંક્તિમાં તરલ પછી અર્ધવિરામ મૂકયા પછી જ કાવ્ય પૂરું રસમય બન્યું.

(કલકત્તા) —ભાનુરાય લીલાધર પીપલિયા

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૧૯૨થી

છે. 'મલ્ટિપલ એક્સ્પોઝર' કે સંખ્યાબંધ પ્રિન્ટ્સની ગોઠવણીની આવી યુક્તિઓ ફોટોગ્રાફીના ક્ષેત્રમાં ઘણા સમયથી જાણીતી છે, પણ એની ગણના 'કલાપ્રકાર' કરતાં 'ચાતુરી' તરીકે વધુ થઈ છે. પીટર મૅક્સે એ ચાતુરી વાપરી, આજુબાજુ કેટલુંક સમતોલ ચીતરામણ ઉમેરી એની આગવી રજૂઆત કરી, ને 'સાઇકેડેલિક'-ના રસિયાઓએ એ વધાવી લીધી. પોસ્ટરોની દિશામાંથી આ પ્રકાર ફેલાયો હોઈ સ્વાભાવિક રીતે જ પોસ્ટરો માટે ફોટોગ્રાફી સાથે રંગ, સંયોજન, અક્ષરાલેખન, અતિશયોક્તિ કે અલ્પોક્તિ વગેરે ઉપરાંત વિવિધ આલેખનશૈલીની જે કંઈ ચાતુરી વપરાતી રહી છે તે બધીનો આમાં પણ ઉપયોગ થાય છે.]

એપ્રિલ '૭૦ના કુમારમાં 'વાચકો લખે છે' વિભાગમાં ચીમનભાઇએ શિવ-પાર્વતીના લગ્ન વખતે ગણેશની હાજરી વિષે પૂછ્યું છે. આવો જ પ્રશ્ન મને મારા બાળપણમાં થએલો. રામચરિતમાનસમાં (બાલકાંડ-૯૧૯) તુલસીદાસે નીચે મુજબ તેનો ખુલાસો કર્યો છે:

मुनि अनुशासन गणपतिहिं,
पूजे शम्भु भवानी।
कोउ सुनि संशय करै जनि,
सुर अनादि जिय जानि॥

'શિવ-પાર્વતીએ મુનિની આજ્ઞાથી ગણપતિની પૂજા કરી. કોઈ આ વાતને સાંભળી સંદેહ ન કરે કે ગણેશ તો પાર્વતીના પુત્ર છે તેથી ગણપતિની પૂજા કેવી રીતે કરી? કેમકે દેવો અનાદિ છે તે વાત તેણે પોતાના મનમાં સમજી લેવી જોઇએ.'

ભ્રમિયાએ શિવ-પાર્વતીના વિવાહ વખતે ગણેશની હાજરીને ભૂલ દર્શાવી છે તે કદાચ ભ્રમિયાનું અજ્ઞાન છે.

(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

ઈલુરાની ગુફામાં 'શિવ-પાર્વતી લગ્ન' શિલ્પમાં ગણપતિની હાજરી સૂચક છે. ગણેશ તો ગૌરીસુત છે, પાર્વતીના પુત્ર નથી. ગૌરી એટલે સતિ—દક્ષ પ્રજાપતિની દીકરી. અને પાર્વતી સાથેનું શંકરનું આ બીજું લગ્ન છે. વરદાન મળ્યા પછી ગણાધીશ હોવાના કારણેએ ઉપસ્થિત હોય જ. ગિરિએ આપેલું વરદાન એ પોતે જ પોતાના લગ્નમાં કેમ ભૂલે! મહાત્મા તુલસીદાસજી પણ શિવ-પાર્વતી લગ્નમાં ગણપતિની હાજરી સ્વીકારે છે, તે એક આદિ ગણેશ સ્વરૂપે હર યુગમાં હાજર હોય છે તેમ માનીને.

(ઝરિયા) —ત્રિપુરાશંકર જટાશંકર ત્રિવેદી

ખુલાસો

'કુમાર' એપ્રિલના અંકમાં શ્રી અત્રિકુમાર (કલકત્તા) જે મુક્તક વિષે લખે છે, તે વિષે જણાવવાનું કે 'બીજ'ના ૧૯૬૮ના દીપોત્સવી અંકમાં પાન ૭૬-૭૭ ઉપર પ્રકટ થએલાં બે મુક્તકો નીચે 'બીજ'ના સંપાદકે ભૂલથી મારું નામ છાપેલું. તે વિષે તેમણે 'બીજ'ના નવેમ્બર ૧૯૬૮ના અંકમાં પૃ. ૧૦૬ પર સુધારો પ્રકટ કર્યો હતો. આ બંને મુક્તકો શ્રી સૈફ પાલનપુરીનાં છે.


(મુંબાઇ) —નૂર પોરબંદરી

સુધારો

ગયા અંકમાં પ્રકટ થએલા સ્વ. ભાઈકાકા—ભાઈલાલભાઈ પટેલ—ના ચરિત્રમાં ૧) એમની જન્મતારીખ ૭ જૂન ઇ. ૧૮૮૮ જોઇએ; ૨) અવસાન તારીખ ૩૧ માર્ચ ૧૯૭૦ જોઇએ; અને ૩) ગુજરાતમાં આવતાં પહેલાં એમનું મોટામાં મોટું પરાક્રમ યંત્રસર્જનમાં હતું. ઈ. ૧૯૨૫માં માટી ખોદનારાં ચાર યંત્રોનાં સર્જન અને સંચાલનમાં એકથી વિશેષ વિશ્વવિક્રમ એમણે સ્થાપ્યા. જગતમાં બીજે કોઈ પણ સ્થળે થયાં હોય એના કરતાં ઓછા સમય તથા ખર્ચમાં એ યંત્રો તૈયાર કર્યાં. એમની પહેલાં અને એમના પછી કોઈ પણ આ વિક્રમને વટાવી શક્યું નથી. વધુ વિગતો 'સક્કર બરાજમાં મારાં આઠ વર્ષ' એ પુસ્તકના તેરમા પ્રકરણ(સિંધમાં સર્જાએલી ગુજરાતની યશગાથા)માં છે.

૫૫૯ અંકની માધુકરીમાં ભગવતીકુમાર હ. શર્માનું કાવ્ય સ-રસ માણવા માટે ચોથી પંક્તિમાં 'દિવસ' નહિ પરંતુ 'દિવસે', ને છઠ્ઠી પંક્તિમાં તરલ પછી અર્ધવિરામ મૂક્યા પછી જ કાવ્ય પૂર્ણ રસમય બન્યું.


(કલકત્તા) —ભાનુરાય લીલાધર પીપલિયા



દૂર દૂર ટેકરીઓ સુધી સરોવરનાં શાંત અને અરીસા જેવાં પાણી ફેલાયાં હતાં ને તેની વચ્ચે હતો એક નાનો બેટ. ત્યાં એકલપરી રહેતી કે રિસાયેલો રાજકુંવર રહેતો કે અણમાનીતી રાણી, એ તો ખબર નથી; પણ એક માણસે આ કાંઠેથી એ બેટ જોયો હતો.



સાગરકાંઠાની સૃષ્ટિ: દરિયાનું મોજું સરી ગયા પછી તેનાં [illegible]



આતશબાજી: શહેનશાહ શાહજહાંના અંગત કલાસંગ્રહમાંનું એક ચિત્ર



ટિપૂ સુલતાનની પાઘ, તલવાર અને હાથીદાંતની બે ખુરશીઓ

નીચે : આડશ-પર્દા (સ્ક્રીન) પર 'નિર્મલ'ની સુંદર ભાત. 'નિર્મલ' એ સોનેરી ઓપવાળી, હૈદરાબાદ તરફની એક સુંદર ને ગોપિત કલા છે.





બિદરીના સુંદર શોભનવાળી હોકાની એક જુરજુરી. બિદરી એટલે ધાતુના પાત્ર પર સોના-ચાંદીના કલામય જડતરની કારીગરી.